# મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતા સંચય

(લોક ભજનિકોની કંઠસ્થ પરંપરામાં જળવાયેલી સામગ્રીના ધ્વનિમુદ્રણના આધારે)

સંપાદક : ડૉ. નિરંજન રાજ્યગુરુ
સંત સાહિત્ય સંશોધન–અધ્યયન ભવન,સંદર્ભ ગ્રંથાલય
આનંદ આશ્રમ, ઘોઘાવદર.
તા.ગોંડલ, જિ. રાજકોટ.૩૬૦ ૩૧૧
(૦૨૮૨૫ –૨૭૧ ૫૮૨ , ૨૭૧ ૪૦૯ .મો. ૯૮૨૪૩ ૭૧૯૦૪
www.anand-ashram.com , www.ramsagar.org

સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી

આ. ૧ ઈ.સ. ૨૦૧૦ જાન્યુઆરી

# મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતા સંચય

(લોક ભજનિકોની કંઠસ્થ પરંપરામાં  જળવાયેલી સામગ્રીના ધ્વનિમુદ્રણના આધારે)

સંપાદક : ડૉ. નિરંજન રાજ્યગુરુ
સંત સાહિત્ય સંશોધન–અધ્યયન ભવન,સંદર્ભ ગ્રંથાલય
આનંદ આશ્રમ, ઘોઘાવદર.
તા.ગોંડલ, જિ. રાજકોટ.૩૬૦ ૩૧૧
(૦૨૮૨૫ –૨૭૧ ૫૮૨ , ૨૭૧ ૪૦૯ .મો. ૯૮૨૪૩ ૭૧૯૦૪
www.anand-ashram.com ,  www.ramsagar.org

સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી

આ. ૧ ઈ.સ. ૨૦૧૦ જાન્યુઆરી

# મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતા સંચય
(લોક ભજનિકોની કંઠસ્થ પરંપરામાં જળવાયેલી સામગ્રીના ધ્વનિમુદ્રણના આધારે)

અનુક્રમ


(૧) પ્રકાશકીય – સાહિત્ય અકાદેમી નવી દિલ્હી. પૃ.

(૨) પદ–ભજન અનુક્રમ પૃ.

(૩) પ્રવેશક –પ્રસ્તાવના : ડૉ. નિરંજન રાજ્યગુરુ પૃ.

(૪) ભજન સંપાદન : પૃ.

(૫) પરિશિષ્ટ :૧ (પદ–ભજનોના રચયિતા સંત–ભક્ત કવિઓનો સંક્ષિપ્ત પ્રમાણભૂત પરિચય.) પૃ.

(૬) પરિશિષ્ટ : ૨ ( સંદર્ભ ગ્રંથ સૂચિ ) પૃ.

**મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતા સંચય**
(લોક ભજનિકોની કંઠસ્થ પરંપરામાં જળવાયેલી સામગ્રીના ધ્વનિમુદ્રણના આધારે)

# પદ–ભજન અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧ | અક્કલદાસ (ઈ.સ.૧૭૫૦માં હયાત) | ૧ | મારા પ્રેમી પ્રાણિયા રે તારો શેઠ નગરમાં છે.. |
| | | ૨ | અમને ગુરુજી વાલા અંતરમાં જોગણ થઈ લડાવું રે મારા જંતરમાં... |
| ૨ | અખો(ઈ.સ.૧૬૧૫ થી ૧૬૭૫) | ૩ | અબ મોહે અદ્‌ભુત આનંદ આયા.. |
| | | ૪ | શાં શાં રૂપ વખાણું ?... |
| | | ૫ | સઘરો સૌ મળ્યો રે, નઘરો એક નિરંજન નાથ જી... |
| | | ૬ | સમજણ વિના સુખ નહિ જંતને.. |
| | | ૭ | સંતો રે અચવ્યો રસ ચાખો... |
| | | ૮ | સંતો ! સમજીને રહીએ... |
| ૩ | અખૈયો (ઈ.સ.૧૭૬૨માં હયાત) | ૯ | કાં નીદરમાં સુવો ? અરે તમે જરા વિચારી જુવો.. |
| | | ૧૦ | જિયાં રે જોઉં ત્યાં નર જીવતા.. |
| | | ૧૧ | હરિ ને હરિજન બેઉ એક છે.. |
| | | ૧૨ | હરિ મંદિરમાં હોય થાળી.. |
| ૪ | અત્તરશાહ (ઈ.સ.૧૭૫૦માં હયાત) | ૧૩ | નામ રૂપ ગુણ ગાઈ અલખ મારી જંતરી ખૂબ બજાઈ રે. |
| ૫ | અમરબાઈ (ઈ.સ.૧૭૨૫–૧૮૦૦માં હયાત) | ૧૪ | કોણ રે જાણે બીજું કોણ રે જાણે ,મારી હાલ રે ફકીરી.. |
| ૬ | અમરસંગ રાજા(ઈ.સ.૧૮૪૩ સુધી હયાત) | ૧૫ | જાવું છે નીરવાણી આતમાની કરી લે ઓળખાણી.. |
| | | ૧૬ | દયા દિલમાં ધાર, તારી બેડલી ઉતરે પાર,એ મન દયા દિલમાં ધાર જી... |
| ૭ | અરજણ(દાસી જીવણ શિષ્ય ઈ.સ.૧૮૨૫) | ૧૭ | ગુરૂ મેરી નજરે મોતી આયા,ભેદ બ્રહ્મકા પાયા.. |
| ૮ | આનંદઘન (ઈ.સ.૧૬૫૦માં હયાત) | ૧૮ | નિશાની કહાં બતાવું રે, તેરો અગમ અગોચર રૂપ.. |
| ૯ | આંબેવ (અવ. ઈ.સ. ૧૮૭૪) | ૧૯ | બહુનામીનું બાનું બેની! મારે.. |
| ૧૦ | કચરો–મેઘ કચરો | ૨૦ | આ સમે ભાઈ જાગો રે... |
| ૧૧ | કતીબશા (ઈ.સ.૧૪૦૦ આસપાસ) | ૨૧ | આ પંથ કોણે રે બતાવ્યો એ રાહોળ માલા.. |
| ૧૨ | કનડપરી (ઈ.સ.૧૮૫૦ આસપાસ) | ૨૨ | હરિગુણ ગાયો સદા સુખ પાયો.. |
| ૧૩ | કબીર (ઈ.સ. ૧૩૯૮–૧૫૧૮) | ૨૩ | અખંડ સાહેબજી કો નામ.. |
| | | ૨૪ | અગમ ભુમિ દરશાયા.. |
| | | ૨૫ | આજ આનંદ લેર લાગી કબીરા.. |
| | | ૨૬ | આંબો મોર્યો રે સદગુરૂ નેં દરબાર રે.. |
| | | ૨૭ | ઈતના તો ભેદ ગુરૂ હમકો બતાદો સમજ પકડ ગુરુ મોરી બૈયાં રે.. |
| | | ૨૮ | ખાખ મેં ખપી જાના બંદા માટી મેં મીલ જાના.. |
| | | ૨૯ | ગરવ કીયો સોઈ નર હાર્યો સીયારામજીસે .. |
| | | ૩૦ | જોતાં રે જોતાં રે અમને જડિયાં રે સાચાં સાગરનાં મોતી.. |
| | | ૩૧ | ડર તો લાગ્યો રે સોઈ દનકો સાંયાજી , અમને ડર રે લાગ્યો.. |
| | | ૩૨ | તુમ દેખો દરિયા કી લહેરી, સદગુરૂ શબદ લ્યો હેરી.. |
| | | ૩૩ | દુઃખડાં અમારાં રે હાં..હાં.એસો કોઈ બ્રહ્મજ્ઞાની અમને મારગ તો બતાવો રે.. |
| | | ૩૪ | પાણીડા શેની મશે જાવું મોરી મૈયા, કુવે પર આસન જોગીયા.. |
| | | ૩૫ | ભાઈ ! મારો સાથીડો રીસાણો એને કોણ મનાવા જાય.. |
| | | ૩૬ | મન ના રંગાએ, રંગાએ જોગી કપડા.. |
| | | ૩૭ | રામ રસ પ્યાલા હે ભરપુર પીયો રે કોઈ ઘટક ઘટક ઘટક.. |
| | | ૩૮ | લાગ્યાં શબદનાંબાણ રે,જેનાં પ્રેમે વીંધાણા પ્રાણ,ભજનમેં ઘુમત રેનાં રે.. |
| | | ૩૯ | વા પંખી મોહે કોણ બતાવે .. |
| | | ૪૦ | જ્ઞાન ગરીબી સાચી સંતો... |
| ૧૪ | કરમણ (ઈ.સ.૧૮૨૫માં હયાત) | ૪૧ | નાઈ ધોઈને કરે અસનાના.. |
| ૧૫ | કલ્યાણ (ઈ.સ.૧૮૨૭માં હયાત) | ૪૨ | આ પલ જાવે રે, કરી લેને બંદગી.. (લાલદાસના નામે પણ ગવાય છે.) |
| ૧૬ | કાજી મામદશા(જન્મ ઈ.સ.૧૪૬૮) | ૪૩ | જોબનીયા કોણ વાટે ગિયા દેખોને તમે પગંપગા( તાનસેનના નામે પણ ગવાય છે) |
| | | ૪૪ | મારી મમતા મરે નહીં એનું મારે શું કરવું .. |
| | | ૪૫ | મેલી મત જાવ મનેં એકલી રે વણજારા .. |
| ૧૭ | કાપડી બાવો | ૪૬ | મારી જરા–મરણ ભે ભાંગે.. |
| ૧૮ | કાળાભગત(જન્મ :ઈ.સ.૧૮૫૪) | ૪૭ | અનહદ ભાતનાં ઝીણાં જંતર વાગે.. |
| ૧૯ | કાળુભગત ( ઈ.સ. ૧૮૭૧– ૧૯૪૧) | ૪૮ | દેખો ભાઈ અખંડ આરતી વાગી આપ ખોજયા ને હૂવા અજવાળા.. |
| ૨૦ | કાયમદીન (અવ. ઈ.સ.૧૭૭૩) | ૪૯ | વિવાહ માંડયો રે સ્વામી અલખ શું.. |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | કેશવ (ઈ.સ.૧૮૯૫–૧૯૭૨) | ૫૦ | ગરવા પાટે પધારો ગુણપતિ.. |
| | | ૫૧ | જય જય પીર રામા, પ્રભુ જય જય.. (આરતી) |
| | | ૫૨ | મનડું હર્યું રે મારું મનડું હર્યું રણુંજાના રાયે મારું.. |
| ૨૨ | ખીમરો કોટવાળ (ઈ.સ.૧૪૫૦ આસપાસ) | ૫૩ | કેસો કેસો નુગરા સે નેડલો ,નુગરે ઝાલ્યો રે સતીનો છેડલો રે જી.. |
| | | ૫૪ | ગળતી માજમ રાત જાડેજા . |
| ૨૩ | ખીમસાહેબ (ઈ.સ.૧૭૩૪–૧૮૦૧ ) | ૫૫ | ગુરુગમ ખોજો રે આ ઘટમાં વો ઘટમાં... |
| | | ૫૬ | જા મુખ સેં સિયારામ ન સમર્યા.. |
| | | ૫૭ | જુઓ ને ગગના હેરી ત્યાં બંસરી બાજે ઘેરી ઘેરી ... |
| | | ૫૮ | સંતો ! ફેરો નામની માળા,હે જી તેરા કટે જનમ જંજાળા... સંતો... |
| | | ૫૯ | હો રામૈયા તો જો રંગ ઘણા, વારી વારી કુરબાન ... |
| ૨૪ | ગણપતરામ (ઈ.સ.૧૮૫૦ આસપાસ) | ૬૦ | જૂના ધરમ લ્યો જાણી... |
| ૨૫ | ગંગાદાસ(ઈ.સ.૧૭૭૫ આસપાસ) | ૬૧ | મન કરી લે ને વિચાર.. |
| | | ૬૨ | મળ્યો મનુષ જનમ અવતાર માંડ કરીને.. |
| ૨૬ | ગંગાબાઈ (અવ. ઈ.સ.૧૯૫૬) | ૬૩ | પરબે જાઉં તો પીર શાદલ મળિયા રે.. |
| ૨૭ | ગંગાસતી (સમાધિ ઈ.સ.૧૮૯૪) | ૬૪ | કુપાત્રની આગળ વસ્તુ નવાવીએ પાનબાઈ .. |
| | | ૬૫ | મેરૂ તો ડગે પણ જેનાં મનડા ડગે નેં ને.. |
| | | ૬૬ | વચન વિવેકી જે નર નારી પાનબાઈ .. |
| | | ૬૭ | વીજળીને ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ.. |
| | | ૬૮ | શીલવંત સાધુને વારેવારે નમીએ પાનબાઈ .. |
| | | ૬૯ | સતગુરુ વચનના થાવ અધિકારી પાનબાઈ .. |
| ૨૮ | ગંગેવ ( કંથડનાથ શિષ્ય) | ૭૦ | દિલ કેરા દાગ મિટા દે મેરે ભાઈ.. |
| ૨૯ | ગંગેવ(મા હુરાંના શિષ્ય ઈ.સ.૧૮૨૫ આસપાસ) | ૭૧ | ધૂન ધણી મૈંતો ધાર્યો, વાલીડાનો પરગટ પરચો ભાળ્યો.. |
| ૩૦ | ગેમલદાસ (ઈ.સ.૧૮૩૯માં હયાત) | ૭૨ | હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે .. |
| ૩૧ | ગોરખ (ઈ.સ.નવમી સદી) | ૭૩ | કોઈ રે બતાવો અમને જોગીડો રે.. |
| | | ૭૪ | તેરો મિટયો નહીં અભિમાન, ફકીરી મરજીવાનાં કામ. |
| | | ૭૫ | પાની પવનકા મેહેલ બનાયા,અધવચ બંગલા બનાયા સમરથ દાતા જી.. |
| | | ૭૬ | રમતા જોગી આયા નગરમાં.. |
| | | ૭૭ | સાધુ તેરો સંગડો ન છોડું મેરે લાલ, જોયું મેં તો જાગી હો જી.. |
| | | ૭૮ | સેવા મારી માની લેજો , સ્વામી રે સુંઢાળા રે ,ગુણપતિ દેવા રે.. |
| | | ૭૯ | સોઈ માણેક મેરી નજરુંમેં આયા.. |
| | | ૮૦ | હરભજ હરભજ હીરા પારખલે.. |
| ૩૨ | ગોવિંદ (ઈ.સ.૧૯૦૦માં હયાત) | ૮૧ | ગાંડાની વણજાર, એનો ગણતાં ના’વે પાર.. |
| ૩૩ | ગૌરીબાઈ (અવ. ઈ.સ.૧૮૦૯) | ૮૨ | બ્રહ્મનો ભેદ... |
| ૩૪ | છોટમ (ઈ.સ.૧૮૧૨–૧૮૮૫) | ૮૩ | પૃથ્વી પાખંડે ખાધી રે સત્યની શોધ નથી લાધી.. |
| ૩૫ | જેઠીરામ (ઈ.સ.૧૭૬૧માં હયાત) | ૮૪ | અમને અમારી કાયા તણો નહીં વિસવાસ.. |
| | | ૮૫ | મન માંયલાની ખબરૂં લાવે રે કોઈ કામ ક્રોધને હટાવે એવા નૂરીજન નજરે આવે. |
| | | ૮૬ | ભગતીનો મારગ રે ફૂલડાં કેરી પાંખડી.. |
| ૩૬ | જેમલ ભારથી | ૮૭ | બાવા મેં તો બન ગયા ફકીર, ગુરુ તારા નામની જંજીર.. |
| ૩૭ | જેસલ(ઈ.સ.૧૩૮૦માં હયાત) | ૮૮ | પાપ તારૂં પરકાસ જાડેજા ધરમ તારો સંભાળ રે.. |
| | | ૮૯ | રોઈ રોઈ કોને સંભળાવું આવાં દુઃખ કોની આગળ ગાઉ.. |
| ૩૮ | ડુંગરપુરી (ઈ.સ.૧૭૯૪માં હયાત) | ૯૦ | દલ દરિયામાં ડૂબકી દેના.. |
| | | ૯૧ | સદગુરુ તમે મારા તારણહાર.. |
| | | ૯૨ | વરતન જોઈ વસ્તુ વોરીએં એમાં અવગુણ ના'વે નાથજી. |
| ૩૯ | તિલકદાસ(ઈ.સ. ૧૮૫૯–૧૯૩૨) | ૯૩ | હીરો ખો મા તું હાથથી રે આવો અવસર પાછો નહીં મળે. |
| ૪૦ | તુલસીદાસ | ૯૪ | અપરંપાર પ્રભુ અવગુણ મોરા માફ કરોને મોરારી રે.. |
| | | ૯૫ | જાગીએ રઘુનાથ કુંવર પંછી બન બોલે.. |
| ૪૧ | તોરલ (ઈ.સ.૧૩૮૦માં હયાત) | ૯૬ | એ જી તમે વિસવાસી નરને કાં રે વેડો...નર રે નુગરાની સાથે .. |
| | | ૯૭ | જેસલ કરી લે વિચાર, માથે જમ કેરો માર.. |
| | | ૯૮ | પાદરની પનીહારી પુછું મારી બેન. |
| | | ૯૯ | સતી ! તારો સાયબો બતાવ.. |
| | | ૧૦૦ | હકે હાલો તમે હેતે હૂઈ મળો રે જી.. |
| | | ૧૦૧ | હે વીરા મારા ! નર સચિયારા તમે સાચું વ્હોરો રે.. |
| | | ૧૦૨ | હેડા હાલો ને અંજાર મુંજા બેલીડા.. |

| | | | |
|---|---|---|---|
| ૪૨ | તોરલપરી રૂખડિયો | **૧૦૩** | ચડી ધુનમેં રેના જોગેશ્વર, દિલકા ભેદ ન દેના... |
| | | **૧૦૪** | મૂળ મહેલમાં વસે ગુણેશા.. તમે ભાંગો મારા દલડાની ભ્રાંતા.. |
| ૪૩ | ત્રિકમસાહેબ (ઈ.સ.૧૭૨૬–૧૮૦૧) | **૧૦૫** | આવી આવી અલખ જગાયો બેની અમારે મોલે, ઓતર દિશાથી... |
| | | **૧૦૬** | તારો રે ભરોસો મું ને ભારી , એવો ગરવો દાતાર, ગીરનારી રે .. |
| | | **૧૦૭** | ત્રિવેણીના તીરમાં મોતીડાંની હાર.. |
| | | **૧૦૮** | હે જી મારા ગુરુજીએ પાયો રે અગાધ, પ્યાલો દૂજો કોણ પીવે.. |
| ૪૪ | દયાનંદ (ઈ.સ. ૧૮૫૨–૧૯૨૯) | **૧૦૯** | એ જી રે એનો વણનારો વીશંભર નાથ, પટોળી આ પ્રેમની.. |
| | | **૧૧૦** | બેલીડા ઉઠો ઉતાવળા થઈ વાવણીયા જોડો ખેતરમાં જઈ.. |
| | | **૧૧૧** | મેં અલેકીયા પીર પછમરા, સતની ઝોળી મેરે કાંધે ધરી.. |
| | | **૧૧૨** | રામ શબદની માળા જપો તો છૂટે જનમ જંજાળા.. |
| ૪૫ | દયારામ (ઈ.સ.૧૭૭૭–૧૮૫૩) | **૧૧૩** | ચિત્ત ! તું શીદને ચિંતા ધરે ?... |
| ૪૬ | દલુ વાણિયો | **૧૧૪** | હેલો મારો સાંભળો રણુજાના રાય.. |
| ૪૭ | દાસી જીવણ ( ઈ.સ.૧૭૫૦–૧૮૨૫) | **૧૧૫** | અજવાળું રે મારે અજવાળું ગુરુજી તમ આવે મારે અજવાળું.. |
| | | **૧૧૬** | અમારા અવગુણ રે ગુરુજીમાં ગુણ તો ઘણા.. |
| | | **૧૧૭** | એવા દોરંગા ભેળા રે નવ બેસીએ .. |
| | | **૧૧૮** | એવાં હેત રાખો તમે રામસે.. |
| | | **૧૧૯** | કલેજા કટારી રે, વ્રેહ ની કટારી રે.. |
| | | **૧૨૦** | જશોદા જીવણને રે , માતાજી મોહનને રે કેજે તારા કાનને.. |
| | | **૧૨૧** | જા સોહાગણ જા ગગનીયામાં જયોત જલત હે જા.. |
| | | **૧૨૨** | તેરી કરામત જાણી મેરે સાંયા તેરી અકળ કળા ન ઓળખાણી રે.. |
| | | **૧૨૩** | દયા કરીને મુને પ્રેમે પાયો , મારી નેણુંમાં આયા નૂર પ્યાલો મેં.. |
| | | **૧૨૪** | દેખંદા રે કોઈ આ દલ માં ય ઝણણણણ.. |
| | | **૧૨૫** | દેખ્યા હોય તો કહી બતલાવો મોતી કેસા રંગા.. |
| | | **૧૨૬** | પ્રેમ કટારી આરંપાર, નીકસી મેરે નાથકી.. |
| | | **૧૨૭** | પ્રેમ ચંદનનાં ઝાડવાં મારી દેયમાં રોપ્યાં રે.. |
| | | **૧૨૮** | મારા નાથનાં નેણા ઉપર હું તો ઘડીએ.. |
| | | **૧૨૯** | મીઠાજી જાણી લીધો તારો મરમ, મારે મોલે માવા પધારો.. |
| | | **૧૩૦** | મૈં મસ્તાના મસ્તી ખેલું , મેં દીવાના દરશનકા.. |
| | | **૧૩૧** | મોર તું આવડાં તે રૂપ ક્યાંથી લાયો..મોરલો મરતલોકમાં આયો રે.. |
| | | **૧૩૨** | મોરલો ! જીવણની રે નજરૂંમાં આયો, રે આ મોરલો ! ગગન મંડળ ઘર આયો , |
| | | **૧૩૩** | રંગમા રમાડી, રમાડી મું ને , હેતમાં હુલાવી રે.. |
| | | **૧૩૪** | રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ .. |
| | | **૧૩૫** | રામ ભજ મન ! રામ ભજી લે , પ્રભુ ભજી લે પ્રાણિયા .. |
| | | **૧૩૬** | રામ ભજવાની રીતું ,મારે પૂરવ જનમની છે પ્રીતું રે.. |
| | | **૧૩૭** | રામ સમર મન ! રામ સમર લે,જાગ જાગ મન ! કયું સોતા ? |
| | | **૧૩૮** | લોચનિયે લોભાણી , હું તો તારી વાતડીએ વેચાણી ... |
| | | **૧૩૯** | શામળિયે કરી છે ચકચૂર... |
| | | **૧૪૦** | સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી... |
| | | **૧૪૧** | સાયાંજીને કે'જો રે ,આટલી મારી વિનતી રે જી,... |
| | | **૧૪૨** | હાટડિયે કેમ રે'વાશે ભઈ ! મારા રામની રજા નંઈ.. |
| ૪૮ | દેવળદે (ઈ.સ.૧૬૧૨માં હયાત.) | **૧૪૩** | જી રે હંસારાજા અબ મત છોડો અમને એકલાં... |
| ૪૯ | દેવાયત પંડિત (ઈ.સ.૧૬૧૨માં હયાત.) | **૧૪૪** | ગુરુ તારો પાર ન પાયો .. |
| | | **૧૪૫** | દેવાયત પંડિત દાડા દાખવે, સુણો તમે દેવળદે નાર.. |
| | | **૧૪૬** | નૂરિજન સતવાદી મારા ભાઈલા આરાધો રે.... |
| | | **૧૪૭** | લોભી આતમને રે સમજાવો, મારા ગુરુજીને પૂછો રૂડાં જ્ઞાન બતાવે.. |
| | | **૧૪૮** | હે જી રે વીરા પાત્ર પારખ્યા વિના સંગડો ના કરીએ.. |
| ૫૦ | દેવારામ (અવ. ઈ.સ.૧૯૪૩) | **૧૪૯** | આઠેપહોર ને રેનદિવસ તમે રટણા રટજો ઘડીઘડી,મનવા જપી લે |
| | | **૧૫૦** | રામ રણુંજાવાળો , અલેખ ધણી સમરૂં દ્વારકાવાળો.. .. |
| ૫૧ | દેવીદાસ (ઈ.સ. ૧૭૨૫–૧૮૦૦) | **૧૫૧** | ઊઠ રે ખડા મન ચેતી લે ને પ્યારા.. |
| ૫૨ | ધના ભગત (અવ. ઈ.સ.૧૭૭૫) | **૧૫૨** | રામબાણ વાગ્યાં રે હોય તે જાણે.. |
| ૫૩ | ધીરોભગત (ઈ.સ.૧૭૫૩–૧૮૨૫) | **૧૫૩** | એવા સંત મળે સાચા રે, અગમની તે ખબર કરે.. |
| | | **૧૫૪** | કળ જુગ તો આવ્યો રે દુનિયામાં થી ઘટી રે દયા.. |
| | | **૧૫૫** | મન 'તું હી' 'તું હી' બોલે રે : આ સપના જેવું તન તારું .. |

| | | | |
|---|---|---|---|
| | | ૧૫૬ | જેને રામ રાખે રે ,એને કોણ મારી શકે .. |
| ૫૪ | નથુરામ (અવ. ઈ.સ.૧૮૫૨) | ૧૫૭ | જૂઠડી કાયા રાણી જૂઠાં ન બોલો.. |
| ૫૫ | નરભેરામ (ઈ.સ.૧૭૬૮–૧૮૫૨) | ૧૫૮ | ઓધા શું રે થયું છે વ્રજનારને રે... |
| ૫૬ | નરસિંહ (ઈ.સ.૧૪૧૦–૧૪૮૦) | ૧૫૯ | અખંડ રોજી હરિના હાથમાં .. |
| | | ૧૬૦ | અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ .. |
| | | ૧૬૧ | કાનજી તારી મા કે' શે પણ અમે કાનુડો કે'શું રે.. |
| | | ૧૬૨ | ગાવડી દ્યો ગોપાળ લાલ.. |
| | | ૧૬૩ | જલકમળ છાંડી જાને બાળા સ્વામી .. |
| | | ૧૬૪ | જશોદા તારા કાન કુંવરને સાદ કરીને વાર રે.. |
| | | ૧૬૫ | જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા તુજ વિના ધેનમાં કોણ જાશે.. |
| | | ૧૬૬ | જાગો ને જસોદાના જાયા વેણલા રે વાયા .. |
| | | ૧૬૭ | જા જા નીંદરા હું તને વારું , તું છો નાર ધુતારી રે.. |
| | | ૧૬૮ | તમે મારી પ્રીતું ના તોડો દ્વારકાવાળા .. |
| | | ૧૬૯ | નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીએ રે.. |
| | | ૧૭૦ | પઢો રે પોપટ રાજા રામના, સતી સીતાજી પઢાવે.. |
| | | ૧૭૧ | પ્રાણ થકી રે મું ને વૈષ્ણવ વ્હાલા રે.. |
| | | ૧૭૨ | ભૂતળ ભગતી પદારથ મોટું બ્રહ્મલોકમાં નાંહી રે.. |
| | | ૧૭૩ | ભોળી રે ભરવાડણ હરિ ને વેંચવાને ચાલી રે.. |
| | | ૧૭૪ | મારૂં રે મહીયરીયું રે, બાદલપુરમાં ,મન મથુરાનગરમાં .. |
| | | ૧૭૫ | મેં તો વારી રે ગિરધરલાલ તમારાં લટકાંને. |
| | | ૧૭૬ | વૈષ્ણવજન તો તેને રે કહીએ... |
| | | ૧૭૭ | સુખ દુઃખ મનમાં ન આણીએ.. |
| | | ૧૭૮ | હે જી વ્હાલા ,હારને કાજે નવ મારીએ.. |
| ૫૭ | નાનકદાસ (ઈ.સ.૧૮૨૫માં હયાત) | ૧૭૯ | અગમ સે આયો જોગીડો.. |
| ૫૮ | નારણદાસ (ઈ.સ. ૧૮૨૬–૧૯૦૧) | ૧૮૦ | મોર તું આવડું રે રૂપ ક્યાંથી લાવ્યો, મોરલો મરતલોકમાં આયો.. |
| ૫૯ | નિરાંત (ઈ.સ.૧૭૪૭–૧૮૫૨) | ૧૮૧ | સખી ! મું ને વહાલો સુંદર શ્યામળો... |
| | | ૧૮૨ | સાસ–ઉસાસે સમરણ કરલે, તું હી તં હી કર તનમાં રે, |
| ૬૦ | નિષ્કુળાનંદ (ઈ.સ. ૧૭૬૬–૧૮૪૮) | ૧૮૩ | જનની જીવો રે ગોપી ચંદની,પુત્રને પ્રેર્યો વૈરાગ.. |
| | | ૧૮૪ | ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના... |
| ૬૧ | નૂર સતાગર | ૧૮૫ | જી રે વીરા ! ક્રોડી નવાણું ને છપ્પન બત્રીશાં.. |
| ૬૨ | પદમપરી | ૧૮૬ | હો જા હુશીયાર અલેક ધણી આગે,દિલ સાબુત ફિર ડરના ક્યા.. |
| ૬૩ | પાલણશી | ૧૮૭ | રૂઠડા રામને મનાવો ,ગુણપતિ ગરવા દેવને મનાવો રે.. |
| ૬૪ | પુરુષોત્તમ | ૧૮૮ | કંસ તારો વેરી સાચા સંતનો ઝવેરી રે જેલમાં જનમિયો.. |
| | | ૧૮૯ | ઘોડલીયાના જોવા છે મારે રે ઘમસાણ.. |
| | | ૧૯૦ | સગપણ આડાં આવે ,યુદ્ધમાં અરજુનને રે |
| ૬૫ | પૂનાદે | ૧૯૧ | ભણતી સાં કાનજી કાળા રે.. |
| ૬૬ | પીઠો (ઈ.સ.૧૮૪૦–૧૮૮૯) | ૧૯૨ | રામ સુમર તારે કાંઈ ફીકર નહીં, તારાં સબ દુઃખડાં મટી જાવે રે.. |
| ૬૭ | પ્રાચીન | ૧૯૩ | અજરા કાંઈ જરિયા ન જાય , સંતો ભાઈ . |
| | | ૧૯૪ | એક મઢી રે બનાવું રાજા રંગ મોલ માં .. |
| | | ૧૯૫ | પેલા પેલા જુગમાં રાણી તું હતી પોપટી ને અમે પોપટ રાજા રામના.. |
| | | ૧૯૬ | ભૂલ્યો રે ભૂલ્યો રાજા સત રે ગોપીચંદ, પિયુ પરદેશ મત જાના જી.. |
| | | ૧૯૭ | સોનલા બાજોઠ ઢાળિયાને.. |
| ૬૮ | પ્રાણનાથ સ્વામી (ઈ.સ.૧૬૧૯ – ૧૬૯૫) | ૧૯૮ | કારી કામરી રે, મો કો પ્યારી લાગી તૂં |
| ૬૯ | પ્રીતમ (ઈ.સ.૧૭૧૮–૧૭૯૮) | ૧૯૯ | આનંદ મંગલ કરૂં આરતી , હરિ ગુરુ સંતની સેવા.. |
| | | ૨૦૦ | વનમાં ભૂલી પડી રે,ઓલ્યો ક્યાં ગિયો કાનુડો... |
| | | ૨૦૧ | હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને... |
| ૭૦ | પ્રેમસખી પ્રેમાનંદ (ઈ.સ.૧૭૮૪–૧૮૫૫ ) | ૨૦૨ | આજ છબી નૌતમ લાગત પ્યારી... |
| ૭૧ | પ્રેમસાહેબ (ઈ.સ. ૧૭૯૨–૧૮૬૩) | ૨૦૩ | મેં ગભરૂ સતગુરુકા.. |
| ૭૨ | બાપુસાહેબ ગાયકવાડ (ઈ.સ.૧૭૭૭–૧૮૯૯) | ૨૦૪ | શાંતિ પમાડે તેને સંત કહીએ, |
| ૭૩ | બ્રહ્માનંદ સ્વામી (ઈ.સ.૧૭૭૨–૧૮૩૨) | ૨૦૫ | રે શિર સાટે નટવરને વરીએ... |
| ૭૪ | ભવાનીદાસ (ઈ.સ.૧૭૭૫ આસપાસ) | ૨૦૬ | ગુણપતિ આવો રિધ્ધિ સિધ્ધિ લાવો... |
| | | ૨૦૭ | વારે વારે મનખો નહીં આવે તમે ભજન સવાયાં કરજો.. |
| | | ૨૦૮ | ગોરાં રેપીરાંની તમને આણ્યરે સુડલા સત બોલોરે નહીંતર મત બોલો.. |

| | | | |
|---|---|---|---|
| ૭૫ | ભાખર | ૨૦૯ | કમાડે કિરતાલ વગાડે , કોણ છે માઝમ રાત રે.. |
| | | ૨૧૦ | મેં કાનુડા તોરી રે ગોવાલણ, મોરલીએ લલચાણી રે ... |
| ૭૬ | ભાણદાસ (જન્મ. ઈ.સ.૧૬૫૦ ) | ૨૧૧ | ગગન મંડળની ગાગરડી, ગુણ ગરબી રે, |
| ૭૭ | ભાણસાહેબ (ઈ.સ.૧૬૯૮–૧૭૫૫) | ૨૧૨ | મન ! તું રામ ભજી લે – ને રાણા, |
| | | ૨૧૩ | સદ્ગુરુ સાહેબ સહી કર્યા, જેણે પ્રેમ જ્યોતિ પરકાશી રે, |
| | | ૨૧૪ | સદ્ગુરુ સાહેબ સોઈ મળ્યા જેણે, અમ્મર નામ ઓળખાયો રે... |
| ૭૮ | ભાલણ (ઈ.સ.૧૪૩૪–૧૫૧૪ આશરે ) | ૨૧૫ | છબીલા નંદના રે ! તારી ચાલનો ચટકો જો ; |
| ૭૯ | ભીમસાહેબ (ઈ.સ.૧૭૧૮–૧૮૮૧) | ૨૧૬ | જીવણ જીવને જ્યાં રાખીએ રે.. |
| | | ૨૧૭ | વેણુ વગાડે વિઠલો જી, અણી અગર પર આપ રે, |
| | | ૨૧૮ | સુન લે સુખમણા નારી ,મેં તો અજબ નામ પે વારી.. |
| ૮૦ | ભોજલરામ (ઈ.સ.૧૭૮૫–૧૮૫૦ ) | ૨૧૯ | મનવા ! રે'ની ભજનમાં ભળી.. |
| | | ૨૨૦ | ભરમાવી દુનીયા ભોળી રે બાવો ચાલ્યો ભભૂતિ ચોળી.. |
| ૮૧ | ભૈરવપરી | ૨૨૧ | ગુણપતિ ગાઈ લે, સદા સુખ પાઈ લે ,ગુરુ મળ્યા છે બ્રહ્મજ્ઞાની.. |
| ૮૨ | મછંદરનાથ (ઈ.સ.આઠમી–નવમી સદી) | ૨૨૨ | એસી અલખ નિશાની.. |
| | | ૨૨૩ | જુગત સે નર જીવે જોગી.. |
| ૮૩ | મામદશાનો બાલકો | ૨૨૪ | છોડ દિલ મમતા, મમતાને વારો . |
| ૮૪ | મામંદ (ઈ.સ.૧૮૮૧) | ૨૨૫ | મન રૂપી મૃગને તમે મારો.. |
| ૮૫ | મીઠો ઢાઢી (ઈ.સ.૧૭૯૪–૧૮૭૨ ) | ૨૨૬ | એ ઓધાજી એમ મારા વા'લાને વઢીને કે જો રે... |
| | | ૨૨૭ | કીધી મુને ઘેલી રે ઓધા કીધી મુને ઘેલી રે કાનુડે કામણગારે.. |
| | | ૨૨૮ | જાય છે જુવાની તારી જાય છે જુવાની રે હરિના ભજન વિના.. |
| ૮૬ | મીરાંબાઈ (ઈ.સ.૧૪૯૮–૧૫૬૫ આશરે) | ૨૨૯ | આતમાને ઓળખ્યાં વિનાં રે લખ ચોરાશી નહીં તો મટે.. |
| | | ૨૩૦ | કાનુડા તારી મોરલી રે, અમને દુઃખડાં દીએ છે દાડી દાડી. |
| | | ૨૩૧ | કાનુડાને કોઈએ ભાળેલ રે બાયું ,ગોકુળ ગામડાંનો રે ગારુડી.. |
| | | ૨૩૨ | કાનુડે નજાણી મારી પીડ બાયું અમે બાળ કુંવારાં રે.. |
| | | ૨૩૩ | કેના રે મલાજા અમે કરીએ, રાણાજી અમે.. |
| | | ૨૩૪ | ગોકુળીયામાં આવે કાનો ગોકુળીયામાં આવે, કાનુડાને કેજો એકવાર.. |
| | | ૨૩૫ | ગોવિંદો પ્રાણ અમારો રે મુંને જગ લાગ્યો ખારો.. |
| | | ૨૩૬ | જાગો ને અલબેલા કાના, મોટા મુગટધારી રે.. |
| | | ૨૩૭ | જોષીડા જોષ તો જુવાને કેદાડે મળશે મુંને કાન.. |
| | | ૨૩૮ | નહીં રે વીસારૂં હરિ અંતરમાંથી.. |
| | | ૨૩૯ | રાધે તારા ડુંગરીયામાં બોલે ઝીણા મોર.. |
| | | ૨૪૦ | રામ રાખે તેમ રહીએ ઓધવજી.. |
| | | ૨૪૧ | વાગે છે રે વાગે છે વૃંદાવન મોરલી વાગે છે... |
| | | ૨૪૨ | સાયાં ! મેં તો પકડી આંબલિયાની ડાળી રે... |
| ૮૭ | મુક્તાનંદ સ્વામી (ઈ.સ.૧૭૫૮–૧૮૩૦) | ૨૪૩ | સંત જન સોઈ સદા માહે ભાવે... |
| ૮૮ | મૂળદાસ (ઈ.સ.૧૬૫૫–૧૭૭૯) | ૨૪૪ | અનુભવીને એટલું કે આનંદમાં રેવું રે.. |
| | | ૨૪૫ | જાગજો નર ચેતજો આ છે છેલ્લી સનદનો પોકાર રે.. |
| | | ૨૪૬ | જી રે તારો જનમ પદારથ જાય, વટાવડા વીરા વાટના રે. . |
| | | ૨૪૭ | પ્રીતમ વરની ચૂંદડી રે મહાસંતો વોરવાને મળિયા રે. |
| | | ૨૪૮ | મનવો જાણે કે અમે સારા કામ કરશું ને, ઉલટો પડયો રે સંતાપ .. |
| | | ૨૪૯ | બેની મારા રૂદિયામાં લાગી રે , મેરમની ચોધારી મારે કાળજે કટારી.. |
| | | ૨૫૦ | લેતો લેજે નામ રામનું કહે તો કૃષ્ણજી કહેજે.. |
| | | ૨૫૧ | વૈરાગ્યના પદને વીઘન આડા ઘણાં .. |
| | | ૨૫૨ | હરિ વેણ વાય છે રે હો વનમાં... |
| ૮૯ | મેકરણ ડાડા (ઈ.સ. ૧૬૩૯–૧૭૩૦) | ૨૫૩ | આગળના જુગ તો એવા હતા ,કોઈ સંત વીરલા જાણતા.. |
| | | ૨૫૪ | મારી મેના રે બોલે રે ગઢને કાંગરે.. |
| ૯૦ | મોરારસાહેબ (ઈ.સ.૧૭૫૮–૧૮૪૯) | ૨૫૫ | આંબો અમર છે રે સાધુ કોક ભોમને ભાવે.. |
| | | ૨૫૬ | કહો ને ઓધાજી અમે કેમ કરીએ, મનડાં હેરાણાં મારાં મોરલીએ.. |
| | | ૨૫૭ | કે જો રે સંદેશો ઓધા શ્યામ ને.. |
| | | ૨૫૮ | ગુરુજી ! નાવ્યા મારા દીનનો નાથ આશાયું અમને દઈને રે. .. |
| | | ૨૫૯ | મારી લેહ તો ભજનમાં લાગી, મૈયા મારો મનવો ભયો હે વેરાગી.. .. |
| | | ૨૬૦ | મારૂં ચીતડું ચોરાયેલ રે મારૂં મનડું વિંધાયલ રે ,કોડીલા વર કાનસે. .. |
| | | ૨૬૧ | લાવો લાવો કાગળિયો ને દોત... |

| | | | |
|---|---|---|---|
| ૯૧ | રતનદાસ (ઈ.સ.૧૮૦૪માં હયાત) | **૨૬૨** | બેલીડા બેદલનો સંગ ના કરીએ... |
| ૯૨ | રતનબાઈ (અવ. ઈ.સ.૧૯૨૦) | **૨૬૩** | મારી કાયાના ઘડનારા, કાચી રામ કેમ ઘડી મારી કાયા... |
| ૯૩ | રણછોડ (જન્મ ઈ.સ.૧૮૦૪) | **૨૬૪** | દિલમાં દીવો કરો... |
| ૯૪ | રવિસાહેબ (ઈ.સ.૧૭૨૭–૧૮૦૪) | **૨૬૫** | અમર પિયાલો મારા ગુરુજીએ પાયો.. |
| | | **૨૬૬** | આનંદ ઘડી હેતે ભજવા હરિ મારા સંતો, સાયબો સુહાગી મળિયા.. |
| | | **૨૬૭** | એ જી એના ઘડનારાને તમે પરખો, કોણે બનાયો પવન ચરખો .. |
| | | **૨૬૮** | એવો પ્યાલો મું ને પાયો.. |
| | | **૨૬૯** | રૂડા રામને સંભારો તારો મટી જાય ઘોર અંધારો .. |
| | | **૨૭૦** | તન બંગલે કા કીયા કમઠાણા .. |
| | | **૨૭૧** | દલ દરિયામાં અખંડ દીવો, દેખ્યા વિના મારું મન ડોલે.. |
| | | **૨૭૨** | ધર રે અધર સે અવાજ કૈસે હોતા જી .. |
| | | **૨૭૩** | મત કર નિંદરા જીવ અભાગી .. |
| | | **૨૭૪** | મૂળ રે વિનાનું કાયા ઝાડવું.. |
| | | **૨૭૫** | મેં સિપાહી સદગુરૂ સાહેબકા, લડું ટોપ બખ્તર પહેરી .. |
| | | **૨૭૬** | રવિએ રમતાં દીઠો રે બાવો છે ઝીણો.. |
| | | **૨૭૭** | લગા કલેજે છેદ ગુરૂકા , વેદ ન જાણે ઈ વાતું.. |
| | | **૨૭૮** | સંતો ! બૂઝે બાવન બારા,જાકે હરદે ગુરુગમ પ્રગટે, સો ખેલે ચોધારા... સંતો... |
| | | **૨૭૯** | સંતો માયા મુળે નાંહી, વિના વીચાર સકળ જગ ભૂલે . |
| ૯૫ | રાજે (ઈ.સ.૧૬૫૦–૧૭૨૦) | **૨૮૦** | મોહનજી ! તમે મોરલા, હું વારી રે, |
| ૯૬ | રાઠો ભગત | **૨૮૧** | ભજનની વાતું છે રે ઝીણીયું... |
| ૯૭ | રામદે પીર (ઈ.સ.૧૩૫૧–૧૪૫૯) | **૨૮૨** | ભગતી કરો તો હરજી અગમ ભેદ જાણો..રામદેવ પીર |
| ૯૮ | રાવત રણશી (ઈ.સ.૧૪૫૦ આસપાસ) | **૨૮૩** | કર મન ભજનનો વેપાર જી.. |
| | | **૨૮૪** | પરથમ પહેલાં સમરીયે રે સ્વામી તમને સૂંઢાળા.. |
| ૯૯ | રૂખડિયો– | **૨૮૫** | તમે ભાંગો મારા મનડાની ભ્રાંતા, ગુણપતિ દાતા રે.. |
| | | **૨૮૬** | ધન ગુરુ દાતા ને ધન ગુરુ દેવા ..રૂખડિયો બાવો–વેલનાથ |
| ૧૦૦ | રૂપાંદે (ઈ.સ.૧૩૮૦માં હયાત) | **૨૮૭** | આ રે કાયાનો હીંડોળો રચીયો ,ઝગમગ ઝોલાં ખાય રે માયલા... |
| ૧૦૧ | લખમો માળી (ઈ.સ.૧૮૦૦માં હયાત) | **૨૮૮** | કોઈ કામ ક્રોધને હટાવે રે,મન માંયલાની ખબરું લાવે રે.. |
| | | **૨૮૯** | ખલકા ખૂબ બનાયા, માંહી અમર પુરુષ પધરાયા.. |
| | | **૨૯૦** | જેને દીઠે મારાં નેણાં ઠરે ,બાયું અમને એડા એડા સંત મળે.. |
| ૧૦૨ | લખીરામ(ઈ.સ.૧૮૦૦માં હયાત) | **૨૯૧** | પિયાલો અમને પાયો રે , ગુરુએ મારે પ્રેમ કરી.. |
| | | **૨૯૨** | બેની ! મું ને ભીતર સતગુરુ મળિયા રે.. |
| ૧૦૩ | લીળલબાઈ(મજેવડી) (ઈ.સ.૧૬૦૦) | **૨૯૩** | ચુંદલડીનું ચટકું દાડા ચાર રે , રંગાવો રામા ચૂંદલડી.. |
| | | **૨૯૪** | જી રે વીરા ! ઘાટ રે લુહારી તમે.. |
| ૧૦૪ | લીરલબાઈ (ઈ.સ.૧૭૫૦ આસપાસ) | **૨૯૫** | આવો મારા શબદુંના સોદાગર.. |
| | | **૨૯૬** | એવા અધુરિયાંસે નો હોય દિલડાંની વાતું મારી બાયું રે,નર પૂરા રે મળે.. |
| | | **૨૯૭** | ગુરુ મારા સતની વેલડિયે રે.. |
| | | **૨૯૮** | રમતો જોગી રે, ક્યાંથી આવ્યો ,આવી મારી નગરીમાં અલેખ જગાયો રે. |
| | | **૨૯૯** | હાં હાં રે ગુરુજી કહો ભજન કેમ કરીએ.. |
| ૧૦૫ | લોયણ (ઈ.સ.૧૭૫૦ આસપાસ) | **૩૦૦** | ગુરુજી આવે તો તાળાં ઉઘડે , કુંચી મારા મેરમ ગુરુજીને હાથ.. |
| | | **૩૦૧** | જી રે લાખા ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો.. |
| | | **૩૦૨** | જી રે લાખા બ્રહ્મમાં ભળવું રે હોય તો હેત વધારો.. |
| | | **૩૦૩** | જી રે લાખા મૂળ રે વચનનો મહિમા છે મોટો.. |
| | | **૩૦૪** | જી રે લાખા હરિ ગુરુ સંતને તમે એક રૂપ જાણો.. |
| ૧૦૬ | વિશ્રામસાહેબ ( ઈ.સ.૧૮૨૬ –૧૮૭૭) | **૩૦૫** | દેખ અધર ઝણકારા જા કા ભેદ વેદસે ન્યારા... |
| ૧૦૭ | શાદુળપીર (ઈ.સ.૧૭૫૦–૧૮૨૦) | **૩૦૬** | જો જો રે દેવંગી માની ચૂંદડી રે.. |
| ૧૦૮ | શીલદાસ (ઈ.સ.૧૬૮૦–૧૭૭૦) | **૩૦૭** | જી રે સંતો આજ મંડપમાં આનંદ વાધ્યો રે.. |
| ૧૦૯ | સદરદીન પીર(ઈ.સ.૧૪૩૦હયાત) | **૩૦૮** | સખી મહાપદ કેરી વાત.. |
| | | **૩૦૯** | જાગો રિખિસર મ સુમિયો.. |
| ૧૧૦ | સવા ભગત (અવ. ઈ.સ.૧૯૬૧) | **૩૧૦** | જેણે સેવ્યા સાચા સંત રે.. |
| | | **૩૧૧** | જેને વાલાંથી વિયોગ રે જેને હરિથી વિજોગ રે.. |
| | | **૩૧૨** | પૂરણ હારો પીર રામો, સંતોનો સમરથ ધણી.. |
| ૧૧૧ | સાંઈ વલી (ઈ.સ.૧૮૫૦ હયાત) | **૩૧૩** | એવી પ્રેમ કટારી લાગી... |
| ૧૧૨ | સુખરામ(ઈ.સ.૧૮૭૦–૧૯૪૧) | **૩૧૪** | ભાલા વાળા રે માહી ભેરે રેજો... |

| | | | |
|---|---|---|---|
| ૧૧૩ | સામત બારોટ | **૩૧૫** | એકલડાના બેલી રામો પીર વારું કરજો વેલી, આ ઘડીએ રે.. |
| ૧૧૪ | હમીરો | **૩૧૬** | મારો હંસલો ગંગાજી નાય,ગુરુજી મારા ભૂલ્યા નર ભીંતુંમાં ભટકાવે.. |
| ૧૧૫ | હરજી ભાટી(ઈ.સ.૧૭૦૧–૧૭૮૧) | **૩૧૭** | અરજી મારી સાંભળો ને રણુંજાના રાય.. |
| | | **૩૧૮** | આજ રામાપીર પાટે પધારો.. |
| | | **૩૧૯** | એવા ધુપ ને રે ધુવાડે વેલા આવજો.. |
| | | **૩૨૦** | તમને ઘણી ખમ્મા પીર રામા, તમને ઝાઝી રે ખમ્મા.. |
| | | **૩૨૧** | ધન ધન રામા પીર, લજીયા રાખજો... |
| | | **૩૨૨** | માતા રે મીનળદેના જાયા પીર રામ દે.. |
| | | **૩૨૩** | રમો રમો રામદે ખેલો કુંવર મારી પત રાખો.. |
| | | **૩૨૪** | રામા પીરની સમાધ્યું ગળાય, કોઈ રોકી લ્યો રોકી લ્યો.. |
| | | **૩૨૫** | વાગે ભડાકા ભારી ભજનના.. |
| | | **૩૨૬** | હરભુજીને હેડે હરખ ન માય રે હાં.. |
| ૧૧૬ | હીરદાસ(ઈ.સ.૧૭૭૪ હયાત) | **૩૨૭** | લખિયા નહીં તો મટે... |
| ૧૧૭ | હોથી (અવ.ઈ.સ.૧૮૪૯) | **૩૨૮** | આ તે રંગ શેનો રે, બીબે બીજી ભાત પડી.. |
| | | **૩૨૯** | એવા સતધરમે સહુ ચાલો ... |
| | | **૩૩૦** | વૈરાગ્ય તો લાગ્યો રે ગુરુજીની વાતડીયે,હાલો મારા હરિજનની હાટડિયે.. |
| | | **૩૩૧** | સમરૂં તો સુધરે મનખા મેરા, અલ્લા હો નબીજી.. |

**મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતા સંચય**
(લોક ભજનિકોની કંઠસ્થ પરંપરામાં જળવાયેલી સામગ્રીના ધ્વનિમુદ્રણના આધારે)
**સંપાદન : ડૉ. નિરંજન રાજ્યગુરુ**

# મધ્યકાલીન ભક્તિ કવિતા સંચય

**ભુમિકા**

ગુજરાતી ભાષાને પોતાની કાવ્ય રચનાઓથી ભવ્યતા અર્પનારા સંત–ભક્ત કવિ નરસિંહ મહેતાએ ગાયું છે :'ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાંહી રે...'આ ધરતી ,આ પૃથ્વી,આ ભૂતલ ઉપરનો સૌથી મોટો છતાં સૌને સુલભ એવો પદાર્થ એ માત્ર ભક્તિતત્ત્વ છે, જેની પ્રાપ્તિ બ્રહ્મલોકમાં થઈ શકતી નથી. જીવમાત્રને પરમાત્મા કે પરમચેતાના પ્રત્યે દોરી જનાર ખેંચી જનાર સાધન તે અધ્યાત્મવિદ્યા કે ભક્તિ છે. ભક્તિ શબ્દ અહીં માત્ર સગુણ–સાકારની ઉપાસના, પૂજન, કીર્તન, વંદન, સ્મરણ એ નવધા ભક્તિના સંકુચિત અર્થમાં નથી પણ ભક્તિચિંતન, સૂફી પ્રેમસાધના કે સહજયોગ, ક્રિયાયોગ, કર્મયોગ વૈરાગ્યનો બોધ કે ઉપદેશ અને પૂર્વે થયેલી સંતો–ભક્તોના ગુણ સંકીર્તન સાથે ગુરુ શરણભાવ કે લોક સેવા સુધી ફેલાયેલો છે.દરેક સાધનાપથને એની પોતીકી આગવી કેડી હોય છે પરંતુ એ વાટ– રસ્તો પહોંચાડે છે પરમચેતના પ્રત્યેની સંપૂર્ણ શરણાગતિભરી ભક્તિ તરફ..

ભક્તિને શ્રવણ, કીર્તન. સ્મરણ, પાદ સેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એવા નવ ભેદોમાં કે સાત્વિક, રાજસી, તામસી કે ગુણાતીત એવા ચાર પ્રભેદોમાં અથવા તો સાધન ભક્તિ, ભાવાત્મિકા ભક્તિ, પ્રેમસ્વરૂપા ભક્તિ એમ ત્રણ ભેદોમાં વહેંચવામાં આવે છે.આ કોઈપણ પ્રકારની ભક્તિ હોય એમાં પ્રવેશની પ્રથમ શરત છે શ્રદ્ધા અને સમર્પણ.

**પ્રકૃતિનાં તમામ તત્ત્વો પ્રત્યે માનવ સમુદાયની ભક્તિભાવના**

આપણે ત્યાં બે પરંપરાઓ યુગોથી ચાલી આવી છે. એક છે આર્યધારા. જે બ્રાહ્મણ સંસ્કૃતિ સાથે જોડાયેલી છે, તેનાં વિધિ–વિધાનો–પૂજા, ઉપાસના, કર્મકાંડ ; એની સાથે જોડાયેલું સંસ્કૃત સાહિત્ય. એના મંત્રો, ઋચાઓ, શ્લોક, સ્તુતિઓ, કથાઓ, આખ્યાયિકાઓ...

તો બીજી પરંપરા–બ્રાહ્મણેતર જાતિઓમાં, સમાજના નીચલા ગણાતા થરમાં અને આદિવાસી–વનવાસી જાતિઓમાં–વિવિધ લોકસમુદાયોમાં સચવાયેલી ભક્તિ–ઉપાસનાની ધારા તરીકે વહેતી આવી છે. જેમાં પોતાની ભક્તિ, પોતાની શ્રદ્ધા, પોતાનું અધ્યાત્મ, પોતાની સાધનાનું સમગ્ર વિધાન સ્વતંત્ર છે. પોતાના જ હાથમાં છે, પોતાની જ બોલી કે ભાષામાં, પરંપરાથી કંઠસ્થરૂપે જળવાતી ને જીવતી રહેલી આ વિદ્યા–સામગ્રી કે જે ગીત, સંગીત, કથા, નૃત્ય, સંવાદ, ભજનો, મહાકાવ્યો, લોકાખ્યાનો, પુરાકથાઓ, કથાગીતો વગેરેની પદ્ય–ગદ્ય મય મિશ્ર સ્વરૂપ ધરાવતી 'વાણી' વિવિધ સ્વરૂપો ને પ્રકારોમાં વહેંચાયેલી છે, એમાં કોઈ આરભૂત તત્ત્વ હોય તો તે છે 'ભક્તિ'. જન્મથી માંડીને મૃત્યુ સુધીનો પ્રત્યેક ક્ષણે લોકસમુદાય આ ભક્તિની છાયા તળે જ વિશ્રામ મેળવે છે.

આજે જેને સભ્યતા,સાક્ષરતા કે સંસ્કૃતિ કહીએ છીએ તેનાથી તદ્ન અપરિચિત એવો આ માનવ સમુદાય દિવ્ય કે અલૌકિક પ્રાકૃતિક ઘટનાઓ અને આકારોથી ડરીને, એની પ્રસન્નતા માટે પોતાની મેળે ઉપાસના કરતો થયો. જે પોતાના વશમાં નથી એને પ્રાર્થનાથી, પૂજાથી, ઉપાસનાથી કે આરાધનાથી રીઝવવા અને એના ભયમાંથી મુક્ત થઈ નિર્ભય બનવા એણે વેદકાલીન આર્યધારાની સમાંતરે પોતાના આગવા દેવી–દેવતા, વીર–પીર, દાનવ, ડાકણ, ભૂત–પ્રેત, ભૈરવ ને પ્રકૃતિનાં જળ–સ્થળ–પત્થર–ડુંગર–વૃક્ષ–અગ્નિ–સૂર્ય–વાયુ–આકાશ જેવા પૂજનકેન્દ્રો ઊભા કર્યા. આદિમ માનવનું સમગ્ર જીવન પ્રકૃતિને ખોળે જ હતું. એનો નાતો જોડાયેલો વિવિધ સંવેદનાઓ સાથે. ને સંવેદનાને

કાયમનો નાતો છે શબ્દ સાથે, અભિવ્યક્તિ સાથે. અનાયાસ, સહજ પોતાના અને જન સમસ્તના હૈયાના ભાવો કોઈક સિદ્ધહસ્ત અનામી લોકસર્જક–ગાયક–ભજનિક દ્વારા શબ્દબદ્ધ થતા રહે, એને સમસ્ત લોકસમુદાય પોતાના કંઠમાં ધારણ કરે ને નિત્યનૂતન પરિવર્તન પામવા છતાં પોતાનું મૂળ સત્ત્વ જાળવી રાખતા લોકવાઙ્મય તરીકે એ ભક્તિસાહિત્ય આજ સુધી વહેતું આવે. આ લોકવાઙ્મયના સર્જન પાછળનું મહત્ત્વનું પરિબળ તો એક જ. તે ભક્તિતત્ત્વ. પછી એ ભક્તિ પ્રકૃતિનાં ઉપર ગણાવ્યાં એ વિવિધ તત્ત્વો પ્રત્યેની હોય કે લૌકિક દેવી– દેવતા, કુળદેવી–કુળદેવતા, શુરાપુરા, મંદિર, મેળા, સમાધિ, મંડપ, પોતાના પૂર્વજો–પિતૃઓ, વિધિ–વિધાનો, અનુષ્ઠાનો, લૌકિક ક્રિયાકાંડો, સંતો, ભક્તો, સંતસ્થાનો, ભૂત–પ્રેત–ડાકણ, વીર, મેલડી, ચૂડેલ, ભૈરવ કે ભૂવા–ભગત પ્રત્યેની હોય.

**ભક્તિ એટલે સંપૂર્ણ શરણાગતિ, પૂર્ણ આત્મ સમર્પણ.**

લોકકંઠે સચવાયેલી ભજનવાણીના આ સમગ્ર સાહિત્યરાશિમાં અનેક ધર્મ–સંપ્રદાયોના પ્રવાહો, અનેક સાધનામાર્ગોના કે તંત્ર સાધનાના ગૂઢ–ગુપ્ત પ્રવાહો અનેક પંથો અને તેની અપરંપાર શાખાઓની ભક્તિપરંપરાઓ એકબીજામાં સંમિલિત થઈ–ગૂંથાઈને એક વિશિષ્ટ લોકધર્મનું અને ભક્તિ સાહિત્યનું સ્વરૂપ ખડું કરે છે. આ સામગ્રી જળવાતી અને જીવતી આવી છે લોકસમાજના નિત્યના જીવન સાથે. એના સામાજિક–ધાર્મિક–સાંસ્કૃતિક લોકઉત્સવો, મેળા, મંડપ, પાટ, જન્મથી માંડીને મૃત્યુ સુધીના વિવિધ સંસ્કારો, રીત રીસમો, જાણીતી અને ગુપ્ત વિદ્યાઓ, મંત્ર, તંત્ર, રૂઢી–વહેમ, શ્રદ્ધા–માન્યતાઓ, પાપ–પૂણ્ય, બાધા–આખડી, સાચ–ખોટ, સતયુગ–કળિયુગ, નુગરા–સુગરા, દેવ–દાનવ, મેલાં ને ચોક્ખાં દેવી–દેવતાઓ, મૂઠ–ચોટ, મારણ, વશીકરણ, ને એમનું પોતાનું આગવું ભક્તિ વિષયક અધ્યાત્મ... આ બધું જ ભેળું થાય અને એ તમામ બાબતો સાથે અનિવાર્ય પણે જોડાયેલો શબ્દ (શરીર સાથે વસ્ત્રની જેમ નહીં ચામડીની માફક જે કદી જ અળગી ન કરી શકાય.).. એ શબ્દને આપણે સાહિત્યના માપદંડોથી ભાવપક્ષ અને કલાપક્ષના ખોખાં કે કાટલાંથી જ્યારે મૂલવવાનો પ્રયાસ કરીએ ત્યારે એની સાથે માત્ર ગાયક કે કથકની જ નહીં સમસ્ત લોકસમુદાયની જે ભક્તિભાવના–શરણાગતિ– અતૂટ આસ્થા જોડાયેલી છે એ તંતુ વિખેરાઈ જાય છે.

જે લોકસમુદાય પોતાના વાંઙ્મયમાં આવતાં પાત્રોના દુઃખથી દુઃખી થાય, એનાં દુઃખ જોઈ ન શકે કે સહન ન કરી શકે, સાંભળનારા પણ પોતાની અતૂટ આસ્થા જેમની સાથે જોડાયેલી છે એવા દેવી–દેવતા, પૂર્વજો–શૂરાપુરા, સંત ભક્તો કે ઐતિહાસિક અર્ધ ઐતિહાસિક પાત્રોના દુઃખનો અનુભવ કરી આંખમાંથી આસું સારવા જેટલું ભાવ સાદશ્ય અનુભવતા હોય એના અંતરમાં ભક્તિ અને શ્રદ્ધા ભાવ સિવાય ક્યું તત્ત્વ મહત્ત્વનું સ્થાન ધરાવતું હોય ?

**ભક્તિસાહિત્ય એટલે શું ?**

જે સાહિત્યમાં કેન્દ્રમાં જ ભક્તિનું તત્ત્વ હોય, પછી એ સાકાર–નિરાકાર, સગુણ–નિર્ગુણ, મૂર્તિ કે પ્રતીક, દૈવી કે માનુષી કોઈપણ પ્રકારની ભક્તિ હોય, ઈંડારૂપી પરમેશ્વરની આરાધનાથી માંડી રામદેવપીર સુધીના સિદ્ધ–સંત ભક્તો કે અવતારો પ્રત્યેની આસ્થા હોય... આત્માનું અનિર્વચનિય સ્વરૂપ દાખવીને આત્મા સાથે જોડાયેલ સત્ય કે આંતરિક સત્વશીલતા–પૂર્ણ સાત્ત્વિકતાને જાણવાની મથામણ કરતું ગૂઢ અધ્યાત્મદર્શન હોય તેવા સાહિત્યને આપણે ત્યાં ભક્તિસાહિત્ય તરીકે ઓળખવવામાં આવ્યું છે. આ સાહિત્યનો સંબંધ નૈતિક આચારો, ધર્મ અને ક્રિયાકાંડ સાથે–સમગ્ર સમાજની જીવનવ્યવસ્થા સાથે અવિનાભાવે જોડાયેલો છે. જેમાં પ્રગાઢ આસ્થા જ ભાગ ભજવે છે. જે સમાજમાં 'ભગત' થનાર પણ પૂજનિય ગણાય, જેનો બોલ ઉથાપી શકાય નહીં, ભોપા કે ભૂવા પણ દેવ કે દેવી જેટલા જ માનના અધિકારી હોય એ સમાજનું સાહિત્ય ભક્તિના રંગથી રંગાયેલું ન હોય તો જ નવાઈ લાગે. 'ભક્તિ તો ખાંડાની ધાર', 'ભક્તિ વસમું કામ', 'સૂકી જમીનમાં વેલ સૂકાય એમ ભક્તિ સૂકવી નાંખે', 'ભક્તિ ઉલટ મારે તો ખરાબ થાય ગૃહસ્થીનું ઘર ભંગાવે, મોભી દીકરો મારે કે વિજોગ કરાવે', 'ભક્તિની જેલમાં પડેલા નરને ભક્તિ ગળી જાય પણ ભક્તિનો મારગ ઈ વૈકુંઠનો મારગ' વારંવાર... કંઠસ્થ વાંઙ્મયમાંથી આવી

ઉક્તિઓ મળી આવે. કથા કોઈપણ હોય, દેવની હોય કે માનવની, સિદ્ધની હોય કે શૂરવીરની, સંતની હોય કે સતીની... સુગરાની હોય કે નુગરાની... પણ એમાં ભગવાન અને એની ભક્તિની વાત સતત ઘુંટાતી જ રહે. અંતે સત્યનો જ જય થાય. ઈશ્વરની અપાર લીલાનું ગાન વારંવાર ગવાતું રહે. વૈકુંઠનો સ્વામી, કોઈ દેવી કે કોઈ સિદ્ધ ગુરુ સહાય કરે જ. અધર્મીનો અંતે નાશ જ થાય. આ કથાઓ, ભજનવારતાઓ, લોક મહાકાવ્યો, લોકાખ્યાનો, કથાગીતો, ભજનો ગાનારા કથનારા અને સાંભળનારા આસ્થાવાન ભગત–ભગતાણીઓ જ છે. આટલું તાદાત્મ્ય જીવન અને સાહિત્ય વચ્ચે હોય એવા સાહિત્યને ‘ ભક્તિસાહિત્ય’ સિવાય બીજું ક્યું બિરુદ આપી શકાય ?

પૃથ્વીની ઉત્પત્તિકથા, સૃષ્ટિના સર્જનની કથા અને કર્મ મુજબ જીવની વિવિધ ગતિને સમજાવતાં ભજનો, ગીતો, વારતાઓ દ્વારા લોક કે આદિવાસી સમાજના માનવીઓ ધર્મના પંથે ચાલે અને પાપનો ત્યાગ કરે એવો ઉપદેશ અપાતો રહે છે. પૂણ્ય કર્યું હોય તો મૃત્યુ પછી આત્માને કેવું સ્વર્ગનું સુખ મળે છે, પાપ કર્યાં હોય તો આત્માને કેવી કેવી કસોટીઓમાંથી પસાર થઈને નર્કમાં જવું પડે છે, અને ભક્તિ કરી હોય તો આત્માને ભગવાન કેવી રીતે વૈકુંઠમાં લઈ જાય છે, સ્વર્ગ દાનવીર, શૂરવીર કે પૂણ્યશાળીને મળે પણ વૈકુંઠ નહીં. વૈકુંઠ તો માત્ર ને માત્ર ભક્તને જ મળે આવી અતૂટ માન્યતા ધરાવનારો આ સમાજ પોતાના વાંડ્મયમાં નાથપંથીની હઠયોગની સાધના ક્રિયાઓ અને સાધનાત્મક પારિભાષિક શબ્દાવલીનો વારંવાર પ્રયોગ કરે છે. આજે કદાચ જીવનમાંથી એ સાધનાત્મક અંશો કે લૂપ્ત થયા હશે પણ આ ભજનો અને તેની સાથે જોડાયેલી કથાઓમાં આવતા કેટલાક વિધિવિધાનો, કર્મકાંડો, મૂળભૂત માન્યતાઓ અને સાધનાત્મક શબ્દાવલિઓ કે કથા ઘટકો એના મૂળમાં આપણા લોક સમાજમાં જૂના સમયમાં જીવતી પરંપરા રૂપે સચવાયેલી ભક્તિ સાધનાઓના નિર્દેશો જરૂર કરે છે. ભજનો સાથે જોડાયેલી કેટલીક કથાઓ તો સાંકેતિક અર્થો જ આપે છે. આપણા સંતોની વાણીમાં, યોગી સાધકોના અનુભવોમાં આત્મસાક્ષાત્કારની યાત્રામાં સુરતિની યાત્રામાં જે જે સ્થાનકો, ષટ્ચક્રો, ચક્રભેદન, કુંડલિની જાગૃતિ, સિદ્ધિઓ, વિવિધ નાદના અનુભવો અને સાધકોની કસોટીઓની વાત આવે છે તે રહસ્યગર્ભીત સંકેતોમાંથી આપણને પ્રાચીનકાલીન ભક્તિસાધનાના અંશો કે અણસારો પ્રાપ્ત થતા રહે છે.

આપણા ભજનોમાં ધૂનો ધરમ, ધૂન ધણી વગેરે શબ્દો પ્રાચીન કે સનાતનના અર્થમાં વપરાતા રહ્યા છે, અધૂના / આધુનિક શબ્દ અર્વાચીન અર્થમાં ધૂનાનગર એટલે એવું સનાતન નગર જેનો કદીયે અંત નથી આવતો. નુગરાને જપ, તપ, દાન–પૂણ્ય કે ભક્તિસાધના સાથે સંબંધ ન હોય તેથી એતો કામણિયા કામરૂ દેશની માયાઝાળમાં હરિનો મારગ ભૂલીને અટવાઈ જાય.સમગ્ર ભજનસાહિત્યના ભાવ વિશ્વમાં ‘ પરમાત્માની અકળ લીલા અને પૂરોગામી ભક્તોને ભગવાને કરેલી સહાયનું વર્ણન’ ખૂબ જ અગત્યનું પાસું છે. પોતાના પ્રાણ પ્યારા ઈશ્વરની અકળલીલાનું ગાન અને પોતાની ભગવાન પ્રત્યેની અનન્ય ભક્તિ, ભાવપૂર્ણ શબ્દોમાં ભજન કે કથા–વારતા રૂપે, તદ્ન નિરાડંબરી શૈલીમાં–સાધારણ બોલચાલની સંક્ષિપ્ત છતાં વિસ્તૃત અર્થ સમાવતી બળકટ લોક બોલીમાં, કલાત્મક રીતે શબ્દદેહ ધારણ કરે છે. દીનતાથી આત્મસમર્પણ કરનાર ભક્તને પરમાત્મા અવશ્ય સહાય કરશે જ એવી અતૂટ આસ્થા પુરાખ્યાનો અને પુરોગામી સંત, ભક્ત, યોગી, સિદ્ધ સાધકોના દ્રષ્ટાંતો દ્વારા વારંવાર ગાઈને લોકસમાજ પોતાની ભક્તિભાવનાને દઢાવતો–પૂષ્ટ કરતો રહે છે. ભગવાનની ભક્તવત્સલતાના અનેક પરચાઓ આવી કથાઓ કે ભજનોમાં આવ્યા જ કરે.ભગવાનમાં પૂર્ણ શ્રદ્ધા, કર્મ મુજબ સારું–નરસું ફળ મળે જ એવો અતૂટ વિશ્વાસ ને દરેકના પ્રારબ્ધ મુજબ ઈશ્વર સહાય કરે એવો દઢ ભરોંસો. આ ત્રણ વાનાં સમસ્ત લોકજાતિઓની પ્રજાના લોહીમાં વણાયેલું મૂળભુત વિચારબીજ છે.

**ભકિત : શબ્દ વિચાર**

' ભકિત ' શબ્દના મૂળ પર વિચાર કરતી વખતે સાહિત્ય વિચારકોએ– વિવેચકોએ ' ભજ' ધાતુ પરથી એની વ્યુત્પત્તિ થઈ હશે એવું અનુમાન કર્યું છે. ' ભજ સેવાયામ' અથવા 'ભજ પૂજાયામ' ના અર્થમાં પ્રયુકત ધાતુથી 'ભકિત' શબ્દની નિષ્પત્તિ મનાય છે.' ભકિત ' શબ્દ વ્યવહારમાં તો ભગવાનની સેવા કરવી '

કે ભગવાનની પૂજા કરવી' ના અર્થમાં વપરાતો આવ્યો છે. ' ભકિત ' શબ્દના જે વિવિધ અર્થો અપાયા છે એમાં ભારતીય સંસ્કૃતિમાં વ્યાપી રહેલી પરમતત્વ પ્રત્યેની ઉત્કટ ઝંખના અને ઉપાસના પ્રણાલીનું નિદર્શન થયું છે. 'ભકિત' શબ્દના વિવિધ અર્થોમાં પરમ તત્વ પ્રત્યેનો આદરભાવ, અતૂટ શ્રધ્ધા, પૂર્ણ વિશ્વાસ,પૂજા, અર્ચના, સેવા, સુશ્રુષા, પ્રેમ અને લાગણી, સ્મરણ સ્તુતિ, પ્રાર્થના અને વિશિષ્ટ પ્રકારની ભાવનાનો સમાવેશ થાય છે. પવિત્ર ભાવથી પરમેશ્વર,ગુરુ,વડીલ વગેરેની સેવા કરવી, ભકિત ભાવનાસભર ગુણો ગાવા અને એમાં જ પરાયણ રહેવુ. દેવતાને આધીન અનુકૂળ રહીને દરેક રીતે તેની ઉપાસના– આરાધના કરવી એનું નામ ભકિત. એમ વિવિધ સ્થળોએ કહેવાયું છે.

ભકિત અને ધર્મ એ આપણા ભારતીય જનજીવનનું એક અભિન્ન અંગ છે, જે સામાન્ય લોકસમાજમાં પણ પોતપોતાની આગવી ભકિત વિષયક માન્યતાઓ હોય છે. જયારે માનવીએ એવો અનુભવ કર્યો કે હું કોઈ શકિતશાળી ,સૌંદર્યમય, કૃપાળુ અને પરમ તેજોમય ચેતના કે ઈશ્વરીય તત્વની આણ નીચે ફરી રહયો છું. એના પ્રભાવ નીચે જ જીવું છું અને એના ઈશારા પર નાચું છું. ત્યારે એને પોતાની શકિતની મર્યાદાની જાણ થઈ, પોતે આ સમગ્ર સૃષ્ટિમાં કેવું અલ્પ, સાવ નાનકડું અસ્તિત્વ ધરાવે છે. ટચકડું સ્થાન મેળવી શકયો છે..... અને એ અકલ્પનિય શકિત કેવી વિરાટ સ્વરૂપની છે એ જાણતાં જ એ શકિતની ઉપાસના અર્થે માનવ આતુર બન્યો. એ શકિત– ચેતના પ્રત્યે એને શ્રધ્ધા, કુતુહલ, ઉત્કંઠા વગેરે ભાવના જાગૃત થઈ અને પોતે પરમતત્વની ઉપાસના કરવા માટે તત્પર થયો....ભકિતભાવનાનો જન્મ આ રીતે માનવીના કુતુહલ અને કઈક નવું જાણવાની જિજ્ઞાસા સાથે સંકળાયેલો છે. માનવ હૃદયમાં કેટલીક એવી શંકાઓનું તોફાન એ સમયે ઉઠતું હશે, અને પ્રશ્નો અણઉકેલ રહેતા હશે, આ વિશ્વ કેવી રીતે પ્રકટ થયું હશે ? તેનું સંચાલન કોણ કરતું હશે ? સૂર્ય,ચન્દ્ર,ગ્રહો વગેરેને નિયમિત રીતે પોતાનું કાર્ય કરવાનો આદેશ કોણ આપતું હશે ? વગેરે પ્રશ્નોની ફલશ્રુતિ રૂપે માનવીને કોઈ અગોચર, અગમ્ય, નિર્વિકલ્પ સકળ તત્વની ઝાંખી થઈ હશે, ને એ તત્વની ઉપાસના કરવાની માનવ સહજ વૃત્તિએ ભકિતને જન્મ આપ્યો એમ કહી શકાય.

પરમાત્માની ભકિતનું સાંગોપાંગ વિવેચન કરનારા આપણે ત્યાં ચાર મુખ્ય આચાર્યોના ગ્રંથોના આધારે જ વિવિધ વિદ્વાનોએ ભકિત વિશે તાત્વિક વિચારણા કરી છે. નારદનું ભકિતસૂત્ર, શાંડિલ્યનું ભકિતસૂત્ર, રૂપગોસ્વામીના ઉજજવલનીલમણી તથા ભકિત રસામૃત સિંધુ અને મધુસુદન સરસ્વતીના ભકિતરસાયન જેવા ગ્રથોના આધારસ્થભો ઉપર જ સંપૂર્ણ વૈષ્ણવ ભકિતમાર્ગના વિચારકોએ પોતાના તત્વદર્શનની માંડણી કરી છે.આપણા વિદ્વાનો ભકિતમાર્ગનો ઉદ્ભવ વેદોમાંથી થયેલો માને છે તે સાચું લાગે છે. વેદોમાં થયેલી દેવતાઓની સ્તુતિઓમાં આપણને પ્રભુ પ્રત્યે સ્નેહભાવના અને પ્રેમલક્ષણા ભકિતના બીજાંકૂરો પ્રગટ થતા દેખાય છે.ઋગ્વેદમાં દાસ્યભાવ, સખાભાવ, વાત્સલ્યભાવ અને દામ્પત્યભાવ , સ્નેહભાવ, વગેરે વિવિધ સંવેદનો આવિષ્કાર પામેલા જોવા મળે છે. '' પરમાત્મા મારા સ્વામી છે. હું એનો દાસ છું , મારું જે કઈ છે તે એમનું જ છે. એવી ભાવનાથી થયેલી પ્રાર્થનાઓ આપણને ઋગ્વેદમાં જોવા મળે છે તેમાં આપણને વેદકાલીન ભકિતભાવનાનું સ્વરુપ પ્રગટ સ્પષ્ટ થતું દેખાય છે.વેદોમાં ભકિતના જે બીજ વંવાયા છે તે અંકુરિત અને સ્ફુરિત થાય છે ઉપનિષદો અને આરણ્યકો .... ઉપનિષદ કાળમાં ભકિતની લલિત કોમળ લાગણીઓમાં જ્ઞાન મહિમાનો ઉમેરો થયો છે. નારાયણ, પુરૂષોતમ , પરમાત્માં વાસુદેવ વગેરે અનેક નામોથી વિષ્ણુપુજા વ્યાપક રૂપ ધારણ કરી લે છે.વૈદિક વાંઙ્મયમાં ઉપનિષદોનું સ્થાન અતીવ મહત્વપૂર્ણ છે. વેદનો અંતિમ ભાગ હોવાથી તેને વેદાન્ત એવું નામ અપાયું છે. વેદના સારભૂત સિધ્ધાંતોનું પ્રતિપાદન ઉપનિષદોમાં કરવામાં આવ્યુ છે.ઉપનિષદોની સંખ્યા ૧૦૮ ની માનવામાં આવે છે. પણ એથી ય વધુ સંખ્યામાં ઉપનિષદો મળે છે. જેમાં કેન, ઈશ, કંઠ, પ્રશ્ન,મુંડક,માંડુકય, તૈતરીય,છાંદોગ્ય,શ્વેતાશ્વેતર,બૃહદારણ્યક વગેરે ઉપનિષદો મુખ્ય છે. ઉપનિષદોનો શાબ્દિક અર્થ સમીપમાં જેવું , સામીપ્ય મેળવવું એવો છે. બ્રહ્મના સ્વરૂપને સમજવા માટે પુરાતન ઋષિઓ આસન લગાડીને લાંબાકાળ સુધી ચિંતન કરતા અને બ્રહ્મ સત્યનો અનુભવ કર્યા કરતા હતા. આવી દિવ્ય

અનુભુતિના સત્યોનું સંકલન ઉપનિષદોમાં છે. સગુણ– નિગુર્ણ બ્રહ્મનું સ્વરૂપ સમજાવીને એનો સાક્ષાત્કાર કરવાના ઉપાયો અહી મળે છે. વેદકાલીન પુજા પદ્ધતિ અને કર્મકાંડને સ્થાને હવે સગુણ નિર્ગુણ બ્રહ્મ વિશે ચિંતન અને ભકિત પ્રવેશે છે. એ રીતે શ્રધ્ધા અને સમજણને મહત્વનું સ્થાન મળે છે. અહી ભકિતપ્રવૃત્તિનો વિકાસ થતો જોવા મળે છે. ઉપનિષદોમાં પૃથ્વી,પાણી, તેજ, વાયુ,આકાશ, પ્રાણ, મન,વગેરેના સંચાલક બળ તરીકે પ્રભુનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે, એમાં જ્ઞાનદષ્ટિની ભાવના સાથે ઉંડી ભકિતવૃત્તિ હોય એવું લાગે છે. એ પછી તો ઉત્તરોત્તર વિષ્ણુપુજાનો વિકાસ થયો ગયો, ભગવતભકિતનો પ્રચાર કરતાં કરતાં ઋષિમુનિઓએ પુરાણોની રચના કરી. ભકિતનું સર્વોત્કૃષ્ટ સરસ, મધુર અને સરળ રુપ આપણને પુરાણોમાંથી પ્રાપ્ત થાય છે. હરિવંશ,ભાગવત, વિષ્ણુપુરાણ ,ગર્ગસહિંતા , મધ્યપુરાણ, બ્રહ્મપુરાણ, બ્રહ્મવેવર્તપુરાણ વગેરે પુરાણોમાં ભગવાનની લીલાઓનું ગાન ગાતાં ભગવાન શ્રી કૃષ્ણ પ્રત્યેની ભકિતભાવનાને પૃષ્ટિ આપતા આપતા આપણા પુરાણકારોએ ભકિતમાર્ગને વધુને વધુ સુદઢ અને પુષ્ટ બનાવ્યો.પુરાણોની સંખ્યા ૧૮ છે. જેમાનાં લગભગ અરધા તો વૈષ્ણવ ધર્મ સાથે જ સંબંધ ધરાવે છે. આ બધાં પુરાણોમાં ભગવતપુરાણ શ્રીમદ્ ભાગવત ભકિતની દષ્ટિએ અત્યંત મહત્વનું છે. સામાન્ય જનસમાજમાં નવધાભકિતનો સહજ આદર્શ રજા કરીને અને પરમાત્મા પ્રત્યે અભિમુખ બનાવવાના આશયથી વિષ્ણુના અવતારોની ચાલી આવતી કથાઓને વિસ્તારી,સરળ અને સહજ પ્રવાહી શૈલીમાં આકર્ષક વાણીમાં ઉતારી,પરમાત્માની અકળ લીલાઓનું ગાન કરી ભાગવતકારે અપૂર્વ સિધ્ધી મેળવી છે.

એ પછી પ્રેમલક્ષણા ભકિતનો સ્વીકાર કરીને બાર આલ્વાર ભકતોએ સગુણ બ્રહ્મની ઉપાસના કરી છે. આમ પ્રેમલક્ષણા ભકિતપ્રણાલિનો સાંપ્રદાયિક વિકાસ નિમ્બાર્કાચાર્યના પહેલાંથી જ શરૂ થઈ ગયો છે. તામિલ ભાષામાં હૃદયસ્પર્શી સ્તોત્રો અને ભકિતપ્રધાન કાવ્યો રચીને આલ્વાર ભકતોએ પ્રેમલક્ષણા ભકિતને પુષ્ટિ આપી હતી.

શંકરાચાર્ય અને રામાનુજાચાર્ય એ બે વેદાન્ત પરંપરાના પ્રતિનિધિ આચાર્યો છે. પરંતુ એ બંનેના સિધ્ધાંતોમાં મૌલિક અંતર છે. શંકરાચાર્યની વેદાન્ત સુત્રોની વ્યાખ્યાઓ ઉપનિષદકાળની વિચારધારા સાથે ઘણું સામ્ય ધરાવે છે. જયારે રામાનુજચાર્યે પોતાના વિશિષ્ટ કે દ્વૈતમતને પુષ્ટિ આપવા સમકાલીન પુરાણોનો આશ્રય લીધો છે.' શ્રી સંપ્રદાય' ના નામથી જાણીતા બનેલા રામાનુજના સંપ્રદાયમાં સહેલી અને સરળ ભકિત – ધ્યાન– ઉપાસના પ્રધાન જ્ઞાનમાર્ગી ઉપાસના પ્રણાલીનું પ્રચલન કરે છે. અને નારાયણ તથા લક્ષ્મી નામને પ્રાધાન્ય આપે છે.વૈષ્ણવ પ્રેમલક્ષણા ભકિતમાર્ગના એક બીજા આચાર્ય તે નિમ્બાર્કાચાર્ય ..એમની વિશિષ્ટતા એ છે કે એમનો કોઈના મંતોનું ખંડન કર્યા વિના પોતાના મૌલિક સ્વંતત્ર સંપ્રદાય સ્થાપ્યો છે. જે નિમ્બાર્ક સંપ્રદાય, હંસ સંપ્રદાય, સનકાદિસંપ્રદાય, સનાતન સંપ્રદાય, દેવાષિસસંપ્રદાય અને દ્વૈતાદ્વૈત સંપ્રદાય વગેરે વિવિધ નામે ઓળખાય છે.નિમ્બાર્ક સંપ્રદાય મુજબ બ્રહ્મનો ગુણ અને નિર્ગુણ બન્ને રુપે વિચાર કરવામાં આવે છે અને ભકિત જ સાધકને ભગવાન પ્રાપ્તિ કરાવી મોક્ષનું પદ મેળવી આપે છે. નિમ્બાર્કાચાર્યથી વેગમાં આવેલી રાધાકૃષ્ણની પ્રેમલક્ષણા રસિકભકિત આગળ ઉપર વલ્લભાચાર્યજી અને ગૌરાંગ ચૈતન્યદેવના સમયમાં ખૂબ પ્રચાર પામે છે.

ભકિતમાર્ગ અહીં આપણને બે ફાટામાં વિભાજીત થતો દેખાય છે. શ્રી રામાનુજાચાર્ય અને એમના મધ્યાચાર્યજીની ભકિત જ્ઞાન પ્રધાન અને ઉપાસના પ્રધાન છે. જયારે નિમ્બાર્કાચાર્ય અને વલ્લભાચાર્યની ભકિતભાવના પ્રેમલક્ષણા સ્વરુપની છે એક કહી શકાય.શ્રી મધ્વાચાર્ય પણ ભકિતમાર્ગના સંવર્ધક આચાર્ય મનાય છે. તેઓ પ્રાચીન વેદસાહિત્યના સારા અભ્યાસી હતા. એમનો સંપ્રદાય સ્પષ્ટ રુપે દ્વૈતવાદી છે. એમની માન્યતા મુજબ બ્રહ્મ,જીવ અને જગત એ ત્રણે સ્વંતત્ર અને સાવ જુદી જ વસ્તુઓ છે. પોતાની વિશિષ્ટ પ્રકારની વિચારસરણી દ્વારા તેઓ ભકિતપ્રવાહને વધુ ગાઢ અને પુષ્ટ બનાવે છે. વિષ્ણુ અને લક્ષ્મીને ,પરમાત્મા અને શકિત તરીકે સ્વીકારી તેમનું પૂજન કરવામા માનતા શ્રી મધ્વાચાર્યજી ભકિતમાં પ્રેમાર્દ્ર ભાવને વધુ મહત્વ આપે છે.ગોપી વલ્લભ શ્રી કૃષ્ણની ઉપાસનામાં આત્મનિવેદન અને શરણાગતી ભાવ લઈને શ્રી વલ્લભાચાર્યજી પૃષ્ટિમાર્ગની સ્થાપના કરે છે. પંદરમાં શતકમાં થયેલા આ આચાર્ય

'અણુભાષ્ય' વગેરે ગ્રથોમાં શુદ્ધાદ્વૈત મતનું પ્રતિપાદન કરે છે. એમની વિચારસરણી મુજબ સચ્ચિદાનંદ બ્રહ્મ જ પરમતત્વ છે. બ્રહ્મ રસાત્મક છે. સાકાર, આનંદકાર અને વ્યાપક છે. સર્વધર્મયુકત, સર્વજ્ઞ, વિરુદ્ધ ધર્મ યુકત અને પ્રાકૃતગુણ રહિત છે.ભગવાનનો અનુગ્રહ મેળવવા મોક્ષની સાધના માટે ભકિત પર ભાર મુકી નવધા ઉપરાંત પુષ્ટિભકિતને પ્રાધાન્ય આપતાં પુષ્ટિનો અર્થ સમજાવે છે કે પુષ્ટિ એટલે પોષણ અને પોષણનો અર્થ થાય ઈશ્વરનો અનુગ્રહ, પરમાત્માનો અનુગ્રહ મેળવવા ત્રણ માર્ગો છે. પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ, અને પ્રવાહમાર્ગ. શ્રી વલ્લભાચાર્યજીના સમકાલીન ગણાતા શ્રી ચૈતન્ય મહાપ્રભુજી પ્રેમલક્ષણા ભકિતના સાક્ષાત પુત્ર સ્વરુપે તરીકે ઓળખાય છે. રાધાકૃષ્ણની વ્યકિતનો અને વિશેષ કરીને સંકીર્તનનો મહિમા તેમણે ગાયો છે. પ્રભુના પ્રેમમાં મસ્ત બનીને, વિહ્વળ બનીને પોતાની દેહદશા સુધ્ધાં ભૂલી જતા આ ભકત – સંતને લોકો ગાંડા જ સમજતા. રાગાનૂગા ભકિત દ્વારા શ્રીકૃષ્ણનું માધુર્યભાવે પૂજન કરનારા શ્રી ચૈતન્ય મહાપ્રભુજીએ પ્રેમલક્ષણા ભકિતમાર્ગના વિકાસમાં સંકીર્તન દ્વારા અજબનો પ્રભાવ લોકસમુદાય પર પાથરેલો.સ–ગાન વૈષ્ણવ ભકિતમાં માધુર્યભાવનું પ્રચલન– પ્રસારણ એ એમની આગવી દેન છે.પુરાણોમાંથી પ્રેરણાલઈને શૃંગારભકિતનું સાહિત્ય રચવાની શરૂઆત તો છેક ઈ.સ.ના અગિયારમા – બારમા શતકથી થઈ હતી. બંગાળના કવિ જયદેવ 'ગીત ગોવિંદ ' દ્વારા શ્રી કૃષ્ણ –ગોપીઓના સંયોગ–વિયોગ શૃંગારનું આલેખન કરે છે. અને તેને 'હરિસ્મરણ' તરીકે ઓળખાવે છે. જયદેવની આ ભકિતભાવનાની વ્યાપક અસર સ્પષ્ટપણે મહાપ્રભુજી પર પડી છે.ઈશ્વરને પરમ પ્રિયતમ રુપે કલ્પીને એને સ્ત્રીભાવે સંપુર્ણ આત્મસમર્પણ કરવાની ભાવના સાથે આ પ્રેમલક્ષણા ભકિતમાર્ગ શૃંગારનું રુપ ધીરેધીરે ધારણ કરે છે. ઈ.સ. નવમા–દશમાં સૈકાથી ભકિતમાર્ગ અસાધારણ વેગ પકડે છે. આપણું ભાગવત પુરાણ પ્રેમલક્ષણા ભકિતમાર્ગનો આદિ સ્તોત્ર ગણાય છે. તેની અસર નીચે આવેલા વૈષ્ણવ આચાર્યાએ આ પ્રેમલક્ષણા ભકિત તત્વનું કાઠું બાંધવામાં ઓછી મહેનત નથી કરી. તો રુપ ગોસ્વામી ,સુરદાસ, જીવગોસ્વામી, અને સનાતન ગોસ્વામીએ વૃંદાવનીય ભકિતને આગવું રૂપ અને સ્થાન અપાવ્યું છે. આમ નવમા– દશમા શતકમાં અંકુરિત થયેલા પ્રેમ લક્ષણા ભકિતમાર્ગને તેરમા– ચોદમાં શતકમાં પીઠિકા પ્રાપ્ત થાય છે અને પંદરમા સૈકા સુધીમાં તો પ્રેમલક્ષણા ભકિતમાર્ગનું મોજું આખા ભારતવર્ષને વ્યાપી વળે છે.

**ગુજરાતમાં ગણેશ બેસારે છે નરસિંહ....**

પંદરમી સદીમાં નરસિહ મહેતાનો જન્મ થયો. એમણે પ્રેમલક્ષણા ભકિતના આદ્યકવિ તરીકે ગૌરવભર્યુ બીરુદ પ્રાપ્ત કર્યુ છે. નરસિંહ મહેતા પહેલાં પ્રેમલક્ષણા ભક્તિને ગાનારો કોઈ મોટો કે સમર્થ કવિ થયો હોય એવું દેખાતું નથી. અલબત આજે સંખ્યાંબધ જૈન–જૈનેતર કવિઓ વિશે અવનવા સંશોધનો થતા રહે છે. અને ઘણા અણજાણ કવિઓની ભાળ મળી છે. પણ ઉત્તમ કોટિના, કાવ્યકલાના સર્જક તરીકે અને યુગ–પ્રવર્તક કવિ તરીકે નરસિંહ મહેતાનું આદિકવિનું સ્થાન કોઈ ઝુંટવી શકે તેમ લાગતું નથી . ગુજરાતમાં કૃષ્ણ ભકિતનું પ્રચલન તો નરસિંહના સમયગાળા પહેલાંથી જ અસ્તિત્વમાં હતું. પણ ગુજરાતી ભાષામાં કૃષ્ણ ભકિતની રચનાઓ ૧૫ મા શતકથી બહુ વહેલી મળતી નથી. કેટલીક ' ફાગુ' રચનાઓ કે જેમાં શ્રીકૃષ્ણનો ગોપીઓ સાથેનો વિહાર આલેખાયો હોય, એને બાદ કરતાં કોઈ તેજસ્વી કવિ નરસિંહની આગળ નીકળ્યો નથી કૃષ્ણ ભકિતની રચનાઓમાં...નરસિહ મહેતાએ કૃષ્ણની બાળલીલા તેમજ શૃંગારલીલા બંને ગાઈ છે. પરબ્રહ્મ પરમાત્માના અવતારી અંશ તરીકે શ્રી કૃષ્ણનુ ચરિત્ર એમણે પોતાનાં પદોમાં અલૌકિક રીતે આલેખ્યું છે. ને નરસિંહ પોતે જ રાસલીલામાં ગોપી સ્વરુપે હાજર હોય એટલી સાહજીકતાથી ગોપીઓના વિવિધ મનોભાવાનું નિરુપણ કરીને નરસિંહે ઉત્કટ રસિકતાથી પોતાની ઉર્મિઓને લાલિત્યસભર શબ્દદેહ આપ્યો છે.માધવની મોરલી સાંભળીને ઘેલી બની જતી મહિયારણ અવળાં અંબર ઓઢીને, આંખનું કાજળ ગાલે ઘસીને કે પગનું ઝાંઝર ગળામાં પહેરીને બહાવરી બની દોડવા લાગે છે ત્યારે દેહભાન પણ વીસરી જાય છે. નરસિંહની સૂક્ષ્મ પ્રણય સંવેદના અહી પદો રુપે આવિષ્કાર પામી છે.શ્રી કૃષ્ણની બાળલીલા, દાણલીલા, રાસલીલા અને વિપ્રલભ શૃંગારની સાથે સાથે

સંભોગ શૃંગારનું આલેખન પણ નરસિંહે કર્યુ છે. એમાં પ્રભુ મિલન અને પ્રભુ વિરહના પદોમાં પ્રેમલક્ષણા ભકિતનાં ઉત્કટ ઉન્મેષો પ્રગટ થયા છે. પ્રેમ ધરીને પ્રભુ સામે નાચતો નરસૈયો જન્મો જન્મ ભગવાન પાસે માનવદેહ માગી '' પ્રેમરસ પાને તુ મોરના પિચ્છધર '' કહી નિઃસ્વાર્થ ભાવે પ્રેમરસની જ ઈચ્છા રાખે છે. પોતાનું પુરુષાતન લીન કરીને , સખી રુપે દેહદશા ટાળીને નરસિંહ ગોપીઓ સાથે ભળી ગયો છે.

**મીરાં મતવાલી**

જનમ જોગણ મીરાં તો પ્રેમલક્ષણા ભકિતધારામાં અદ્વિતીય આરત અને ઝંખના લઈ આવે છે. સમસ્ત ભારતીય પ્રેમલક્ષણા ભકિતમાર્ગમાં મીરાનાં પદોનું સ્થાન પ્રથમ પંકિતનું છે. કૃષ્ણ અને ગોપીના અનેકવિધ ભાવોનું હૃદયસ્પર્શી આલેખન એમાં જોવા મળે છે.' મુખડાની માયા લાગી રે મોહન પ્યારા ...' એમ ગાંતા અનુભવ કરતાં 'દરદ દીવાની ' બની જતી મીરાએ ઉત્કટ પ્રભુ વિરહની વેદનાનાં આસું પોતાની યાદીમાં વહાવ્યાં છે. કૃષ્ણ ભગવાનની તાલાવેલી લાગતાં તેની નીંદર હરામ થઈ જાય. રડી રડીને આંખો રાતો ચોળ ચણોઠડી જેવી થઈ જાય ને ઝંખનામાં ને ઝંખનામાં ' હૈયા ભીતર દવ જલે ખન ખન ઝરે અંગાર' જેવી અસહય પરિસ્થિતિનો એમણે અનુભવ કર્યો છે.મીરાએ વિશેષ કરીને વિપ્રંલભ શૃંગાર ગાયા છે. જો કે પ્રભુ મિલનમાં, આનંદના પદો પણ રચ્યા છે ખરાં પણ મીરાની તડપનને કોઈ કવિ ન આંબે.

સ્ત્રી સહજ લજ્જા અને આર્જવ હોવાને કારણે એનો શૃંગાર મર્યાદા ઓળંગતો નથી. કૃષ્ણને પતિ તરીકે સ્વીકારી એણે પોતાના હૈયામાં સ્થાપ્યા છે. ગુજરાતી સાહિત્યમાં જેણે ચિંરજીવ ઉર્મિકાવ્યો કહી શકાય એવું સાહિત્ય સર્જન વિપુલ પ્રમાણમાં કર્યુ હોય તો એ માટે મીરાનું નામ તરત જ બેઠે ચડી જાય. પ્રેમલક્ષણા ભકિતને ગુજરાતમાં પોતાનો કાવ્યો દ્વારા પુષ્ટ કરી એક નવું ને આગવું સ્વરૂપ આમ તો મીરાએ બાંધી આપ્યું છે.

નરસિંહ–મીરાં પછીના સમયગાળામાં જ્ઞાન, વૈરાગ્ય,યોગ અને ભકિતના પ્રવાહો મિશ્રિત થતા જણાય છે. પદમાળાઓ, પધવાર્તા, આખ્યાન ,જ્ઞાનમાર્ગી કવિતા, સાથે પ્રેમલક્ષણા ભકિતનો પ્રવાહ પણ વહયો આવે છે. પાટણના વિશ્વનાથ જાની ,નરહરિ , ગોપાલ જેવા જ્ઞાનમાર્ગી કવિઓએ પણ કૃષ્ણલીલા અને કૃષ્ણભકિતની કવિઓ કરી છે.સાથોસાથ તિથિ, મહિમા,ગરબી, પદ એમ વિવિધ રુપે ગોપીભાવ અને કૃષ્ણલીલાનું સાહિત્ય રચાતું રહયું છે. રાજે, રણછોડ, રત્નો, રઘુનાથદાસ, થોભણ, મીઠો, શાંતિદાસ અને પ્રીતમ ,ધીરો, ભોજો, પ્રીતમ, નિરાંત, મોતીરામ, હરિભટ્ટ , કવિ ગિરધર, સ્વામિનારાયણ સંપ્રદાયના બ્રહ્માનંદ, મુકતાનંદ, નિષ્કુલાનંદ, પ્રેમસખી પ્રેમાનંદ અને દેવાનંદ જેવા કવિઓઓ પોતાની આગવી વૈરાગ્ય પ્રેરક ઉપદેશક વૃતિ સાથે પ્રેમ–શૃંગાર ભકિતનું ગાન પણ ગાયું છે.મુકતાનંદ સ્વામીએ ' ઉધ્ધવ ગીતા ' માં ગોપીઓના કૃષ્ણ વીરહની કથાનું આલેખન કર્યુ છે. તો બ્રહ્માનંદના પદોમાં '' લટકાવાળા તારે લટકે રે લેરખડા હું લોભાણી.....' ' લટકાળા હો લાલ મન મારું લીધું રે લટકે તારે... અને '' છેલા તારું છોગું ભાળી ભાળી મોહી છું વનમાળી રે'' જેવાં અનેક પદો પ્રેમલક્ષણા ભકિતધારાનું લાલિત્ય વધારતા રહયા છે.' પ્રેમસંખી ' પ્રેમાનંદ તો જાણે ગોપીનો જ અવતાર.. એના પદોમાં પ્રેમ ભકિતમય ભાવ ચિત્રોનું આલેખન થયું છે, રવિસાહેબ, મોરારસાહેબ, ખીમસાહેબ, ભીમસાહેબ અને ત્રિકમસાહેબ પાસેથી ગુજરાતી સાહિત્યને પ્રેમલક્ષણા ભકિતને પુષ્ટિ આપે તેવી કવિતાધારા મળતી રહી છે. અને એ પછી આવે છે. મધ્યકાલીન ગુજરાતી કવિતા ધારાનો છેલ્લો પણ તેજસ્વી તારક સમો બંસી બોલનો કવિ દયારામ... પરમ તત્વ પરબ્રહ્મ પ્રત્યેની ભકત હૃદયની ઝંખનાઓ આ કવિઓની કવિતા રુપે સાકાર થઈ છે. પ્રેમ–ભકિતમાં કવિએ કવિએ જાુદી જાુદી કક્ષાનો ખ્યાલ આવે છે. કોઈ કવિએ શૃંગાર રસને પ્રાધાન્ય આપીને મધુરા ભકિતનું પ્રાબલ્ય પોતાની રચનાઓમાં બનાવ્યું છે તો કોઈ ભકતોએ સખીભાવ, સખાભાવ કે દાસ્યભાવથી પ્રેમલક્ષણા ભકિતમાં ઝપલાવ્યું છે.

આપણા સંત– ભકતો – વિચારકોને બ્રહ્મ સાક્ષાત્કાર માટે અભ્યાસ, વૈરાગ્ય, જ્ઞાન અને ભકિત એમ ચાર રસ્તાઓ દ્વારા ચિત્તવૃતિઓનો નિરોધ કરવો એવો ઉપદેશ પ્રાચીન કાળથી જ આવ્યો છે. ને એ પંરપરા મુજબ સગુણ અને નિર્ગુણની ઉપાસના સદીઓથી થતી આવી છે.સગુણોપાસક ભકત જે પરમ

તત્વને બહારના જગતમાં સાકાર સ્વરુપે જુએ છે. એનાં દર્શન કરે છે. એ જ તત્વને પોતાના અંતરમાં કોઈ અકળ, અનિર્વચનિય, નિરંજન જયોત સ્વરુપે જોનાર સંત નિર્ગુણ બ્રહ્મનો ઉપાસક ગણાય છે. હિન્દી વિવેચનામાં નિર્ગુણ ભકિતના ઉપાસકોને ' સંત' અને સમગ્ર ભકિતમાર્ગના આરાધકોને ' ભકત ' કહેવાની એક પરિપાટી ચાલે છે. આદિ સંત કબીર, કબીરના કોઈ અનુયાયી કે કબીર જેવા જ સિધ્ધાંતો સ્વીકારીને ચાલનારા કોઈ સંતને પોતાના ગુરુ માનીને એમના મત, નીતિ રીતિ, આચાર– વ્યવહાર અને સાધનાની સીધી પંરપરામાં આવે તેને જ 'સંત' કહી શકાય એવું પણ પ્રચલિત થયું છે.પરંતુ એક રીતે જોઈએ તો ઉદ્દેશની દ્રષ્ટિએ આ બને પ્રકારની ઉપાસના એક જ બીજમાંથી જન્મ પામી છે એમ કહી શકીએ. અલબત સાધનાની દષ્ટિએ થોડો ઘણો તફાવત લાગે પણ જે પરમ તત્વનો અનુભવ સાકાર સ્વરુપે ' ભકતો ' રજૂ કરે છે એજ અનુભવને નિગુણ કે અવ્યકત જેવા પ્રતીકો દ્વારા રજુ કરવાની મથામણ ' સંતો ' કરતા હોય છે. પરબ્રહ્મ તો એક જ છે. જેને શ્રુતિએ ' નેતિ નેતિ ' કહી ઓળખાવ્યા છે. આપણી ચિંતન પ્રણાલીમાં – સગુણ અને નિર્ગુણ સાકાર અને નિરાકાર ઉપાસના વિશે ઘણી ચર્ચા– વિચારણા થઈ છે.

સાકાર અને નિરાકાર બ્રહ્મની ઉપાસના વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે સાકાર બ્રહ્મની ઉપાસના – આરાધના કરનાર ભકતની સામે પોતાના આરાધ્ય દેવતા કોઈ ચોકકસ સ્વરુપે પ્રત્યક્ષ મુર્તિમાન હોય છે. એનું જે કંઈ વર્ણન કરવામાં આવે છે એને સમજવામાં સામાન્ય માનવીને મુશ્કેલી પડતી નથી. જયારે નિર્ગુણ ધારાના કાવ્યોમાં ભજનોમાં નિર્ગુણ – નિરાકાર અલખ નિરંજનની સાધના થતી હોવાથી એમાં જે કંઈકરવામાં આવે છે એ પ્રતીકો દ્વારા અને કેટલીક વાર દુર્બોધ રીતે કહેવામાં આવે છે. એ સમજવું સામાન્ય માનવીને માટે સહેલું નથી. માત્ર એ આરાધના સાધનામાં પડેલા સાધકો જ સમજી શકે એવું રહસ્યમય વર્ણન એમાં થયેલું હોય છે.

સંતોની વાણીમાંથી આપણને યોગના જાુદા જાુદા પ્રકારોની વિભિન્ન સાધનાઓ વિષે માહિતી મળે છે. આમ તો યોગમાર્ગમાં મંત્રયોગ, હઠયોગ, લયયોગ, રાજયોગ, શબ્દયોગ, સમાધિયોગ, કર્મયોગ, અષ્ટાંગયોગ, સૂરત– શબ્દયોગ, સિધ્ધયોગ, ભકિતયોગ,જ્ઞાનયોગ, નાદયોગ, કુંડલીની શકિત યોગ, શિવયોગ, તારકયોગ અને ધ્યાનયોગ, વગેરે શબ્દો વિવિધ પ્રકારો માટે વપરાયા છે. એ જ રીતે અનેક વિધ માર્ગોના પણ ઉલ્લેખ કરે છે. પિપિલીકામાર્ગ , વિહંગમ માર્ગ, મીન માર્ગ અને મર્કટ માર્ગ વગેરે જાુદા જાુદા રસ્તાઓ દ્વારા પરબ્રહ્મની પ્રાપ્તિ એ જ મુખ્ય લશ્ય સિધ્ધ કરવાનું ધ્યેય આપણા સંતોએ રાખ્યું છે. સમસ્ત યોગો અને માર્ગો પરસ્પર એકાન્વિત છે. વસ્તુત : જ્ઞાન, ભકિત અને યોગ દ્વારા આત્મ સાક્ષાત્કાર અને અનુંસધાનની ભાવના જ એમાં કામ કરે છે. સંતો કર્મયોગને માને છે. મંત્રયોગને પણ માને છે. લક્ષયોગ દ્વારા નાદ બ્રહ્મની ઉપાસના અને એ દ્વારા કુંડલીની શકિતની જાગૃતિનું જ લક્ષ્ય નજર સામે રાખીને સંતોએ યોગમાર્ગમાં ડગલાં ભર્યા છે. એ જ રસ્તે ચાલીને ભકિતયોગમાં નવધાની આરાધના કરી, હઠયોગમાં અષ્ટાંગ યોગ સાધીને, યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ દ્વારા ગુરુ આજ્ઞા મુજબ સાધનાક્ષેત્રમાં પ્રવેશ કરીને પરંપરાથી ચાલી આવતી વિશિષ્ટ સંત સાધનાની જયોત જલતી રાખી છે. યોગવિધાના સાધકો માને છે કે માનવીના શરીરમાં મેરુદંડ અથવા કરોડના હાડકામાં જાુદી જાુદી ગ્રંથિઆના રુપમાં નીચેથી ઉપર સુધી ક્રમાશ : મૂલાધાર, સ્વાધિષ્ઠાન ,મણિપૂર, અનાહત, વિશુધ્ધ અને આજ્ઞા નામના છ ચક્રો ગોઠવાયાં હોય છે. જેની બનાવટ જાુદી જાુદી સંખ્યાની પાંખડીઓવાળા કમળપુષ્પો માફક થાય છે. એ બધા ચક્રોની ઉપર એટલે કે આપણા મસ્તકના સર્વોચ્ચ ભાગમાં એક સાતમું ચક્ર પણ ગોઠવાયું છે. જે એની પાંખડીઓની અધિકતાના કારણે સહસ્રાર ચક્ર કહેવાય છે.સાધક જયારે જાુદા જાુદા પ્રકારની સાધના દ્વારા કુંડલીની શકિતને ઉર્ધ્વમુખ કરીને ઉદીપ્ત કરે છે. ત્યારે જાગૃત થયેલી આ શકિત મેરુદંડમાં આવેલા છયે ચક્રોને ક્રમશ વીંધીને ઉપર તરફ પ્રયાણ કરે છે. અંતમાં સહસ્રાર ગ્રક સુધી પહોચે છે. અને તેમાં લીન થઈ જાય છે.પ્રાણાયામની સાધના દ્વારા આ રીતે કુંડલીની શકિત જાગૃત થાય છે. ત્યારે માનવીની વિખરાયેલી વૃત્તિઓ સ્થિર બનીને કોઈ નવી જ દિવ્ય ચેતના પ્રગટાવે છે. અને સાધકને દિવ્ય અંખડ આનંદનો અનુભવ કરાવે છે. કુંડલીની શકિત જે માર્ગે થઈને ઉપર તરફ પ્રયાસ કરે છે રસ્તાને '

સુષુમણા' નાડી કહેવામાં આવે છે તેને ડાબી અને જમણી તરફ ઈડા અને પિંગલા નામની બે નાડીઓ પણ તેની સાથે જોડાયેલી છે. આ ત્રણે નાડીઓનું મિલન સ્થાન આજ્ઞાચક્રની પાસે છે. જેને આપણા ભજનિક સંતો ' ત્રિકુટી' કે ત્રિવેણી' ના નામે પોતાના ભજનોમાં ઓળખાવે છે.કયારેક કયારેક કુંડલીની શકિત જાગૃત થવાની સ્થિતિનું વર્ણન સૂર્ય અને ચન્દ્રના સંયોગથી ઉત્પન્ન થતી કેન્દ્રીય શકિતઓને બ્રહ્માગ્નિ સાથે સરખાવવામાં આવે છે.અને શૂન્યમાં અનાહત ધ્વનિ સંભળાય છે.એવા વર્ણનો ભજનોમાં ઠેક ઠેકાણે થયાં છે.અખો જેને ' બાવન થી બારો ' કહે છે તેને બાવન અક્ષરોની બાંધેલી મર્યાદામાં કેમ ઉતારી શકાય ? એ મૂંઝવણના સંતોએ સારો ઉકેલ કાઢયો છે. " દેખંદા કોઈ આ દિલમાંય ઝણણ ઝાલર વાગે.... " ગગન મંડળમાં ગડમડ અનહદ લાગે ... કે " આ જોને ગગનમાં ગોટકા ખેલે છે જ્ઞાની " જેવી પ્રતીકાત્મક ઉકિતઓ દ્વારા સંત કવિઓ પોતાના અનુભવો વર્ણવવા મથે છે.

**સંત સાહિત્ય : ભક્તિપ્રધાન સંત કવિતા ધારા**

ગુજરાતની સંત કવિતા ધારા વિશે વિસ્તારથી વાત કરીએ તો અનેક ગ્રંથો તૈયાર થાય. સગુણભક્તિ અને નિર્ગુણ–નિરાકારની ઉપાસનાનો સમન્વય એ ગુજરાતી સંત સાહિત્યની પ્રધાન લાક્ષણિકતા છે.

ભારતીય સંતસાહિત્યના પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો કબીરને આદિ સંત તરીકે ઓળખાવીને હિન્દી ભાષામાં થયેલાં સંશોધનો પ્રમાણે કબીર સાહેબ(અવ.ઈ.સ.૧૪૯૭), કમાલ(ઈ.સ.૧૪૪૮ આસપાસ), ધરમદાસ(ઈ.સ.૧૪૫૦ આસપાસ), સિંગાજી(ઈ.સ. ૧૫૧૯–૧૫૫૯), દાદુ(ઈ.સ.૧૫૪૪–૧૬૦૩), બખના(ઈ.સ.૧૫૫૩–૧૬૪૩), રજ્જબ (ઈ.સ.૧૫૬૭–૧૬૮૩), મલૂકદાસ(ઈ.સ.૧૫૭૪–૧૬૮૨), સુંદરદાસ(ઈ.સ.૧૫૯૬– ૧૬૮૯), પ્રાણનાથ સ્વામી(ઈ.સ.૧૬૧૮–૧૬૯૪), ધરનીદાસ(ઈ.સ.૧૬૫૩), યારીસાહેબ (ઈ.સ.૧૬૬૮–૧૭૧૩), કેશવદાસ(ઈ.સ.૧૬૯૩–૧૭૬૮), બુલ્લાસાહેબ(ઈ.સ.૧૬૩૨– ૧૭૦૯), દરિયાસાહેબ(બિહારના ઈ.સ.૧૬૭૪–૧૭૮૦), દરિયાસાહેબ(મારવાડના ઈ.સ. ૧૬૭૬–૧૭૫૮), જગજીવનસાહેબ(ઈ.સ.૧૬૮૨–૧૭૬૧), દૂલનદાસ(ઈ.સ.૧૬૬૦– ૧૭૭૮), ચરણદાસ(ઈ.સ.૧૭૦૩–૧૭૮૨), સહજોબાઈ(ઈ.સ.૧૬૮૩–૧૭૬૩), દયાબાઈ(ઈ.સ.૧૬૯૨–૧૭૯૩), ગુલાલસાહેબ(ઈ.સ.૧૬૯૩–૧૭૯૩), ગરીબદાસ(ઈ.સ ૧૭૧૭–૧૭૭૮), પલટૂસાહેબ(ઈ.સ.૧૭૯૩ આસપાસ), ભીખાસાહેબ(ઈ.સ.૧૭૯૧) અને તુલસીસાહેબ(ઈ.સ.૧૭૯૩–૧૮૪૩) વગેરે સંતો આ પરંપરાના વિશિષ્ટ સંત કવિઓ છે. જેમાંના કેટલાયના નામ ઉપર પંથોની સ્થાપના થઈ છે અને પોતપોતાની આગવી સાધના પરંપરા શરૂ થઈને આજ સુધી જીવંત રહી છે.

ગુજરાતી સંતસાહિત્ય ઉપર્યુક્ત ભારતીય સંતકવિઓ તથા જયદેવ, સૂરદાસ, તુલસીદાસ, નામદેવ, તુકારામ, જ્ઞાનદેવ વગેરે નાભાદાસની ભક્તમાળમાં વર્ણવાયેલા સંત–ભક્તોની ભક્તિ–સાધનાની અસર નીચે ઘડાતું આવ્યું છે.

**મધ્યકાલીન સંતસાહિત્ય – ધર્મ સાધનાની ભાતીગળ ચૂંદડી**

મધ્યકાળના ગુજરાતી સાહિત્યમાં કંઠસ્થ પરંપરાથી જળવાતા આવેલો અધ્યાત્મ સાધના સાથે જોડાયેલી સંત કવિતા–ભજનવાણીનું ઘડતર અનેક પ્રકારના એકબીજાથી ક્યારેક તદ્ન જુદી જ વિચારધારા અને સાધના પરંપરા ધરાવતા ધર્મ–પંથ–સંપ્રદાયોના અનુયાયી સંત, ભક્ત, વેદાન્તી, જ્ઞાની, યોગી, બ્રહ્મચારી, સન્યાસી, સિદ્ધ, સૂફી, ઉપદેશક અને કવિઓ દ્વારા થતું રહ્યું છે.

વૈષ્ણવ, શૈવ, શાક્ત, સંતમત, ઈસ્લામ(પીરાણા–સૂફી) વગેરે પાંચ મુખ્ય શાખા– ઓમાંથી અગણિત ધર્મ–પંથ–સંપ્રદાયોનો ઉદ્ભવ અને વિકાસ થતો રહ્યો છે. એકના એક ધર્મ કે સંપ્રદાયમાંથી સમયભેદે, સ્થળભેદે અને જાતિભેદે અનેકવિધિ ફાંટાઓ ઉદ્ભવે અને એક વિશાળ વડની જેમ એમાંથી અનેકાનકે શાખાઓ ફૂટતી રહે. ક્યારેક તો એના મૂળ સુધી કે પ્રથમના થડ સુધી પ્રત્યક્ષ અનુસંધાન પણ ન રહ્યું હોય એટલી હદે પરિવર્તન જોવા મળે.

અઘોરી, આર્યસમાજી, ઉગાપંથી, ઉજાગરી, ઓલિયા, કબીરપંથી(રામકબીર અને સતી કબીરની અનેક શાખાઓ), કાપડી, કાયાલિક, કેવળ, ખાખી, ગેબીપંથી, ગોદડિયા, જતિ, જંગમ, જોગી, ટાટંબરી, ટેલવા, તાપડિયા, દશનામી(ગિરિ, સાગર, વન, અરણ્ય, પૂરી, પર્વત, ભારતી, સરસ્વતી, તીર્થ કે આશ્રમ શબ્દ જેમના નામ પાછળ લાગતો હોય તેવા શંકરાચાર્યના અનુયાયી, શૈવ સંપ્રદાયના), દરિયાપંથી, દંડી, દિગમ્બરી, દાદુપંથી, દાસાપંથી, દૂધાધારી, નાથપંથી, નાગા, નિર્વાણ, નિરાલંબી, નિર્મોહી, નિમાધારી, પીરાણા, પંચરાત્ર શૈવ, પાશુપત, પ્રણામી, પૂષ્ટિમાર્ગી, ફક્કડ, ફકીર, બ્રહ્મચારી, ભૈરવ, ભભૂતિયા, ભરથરી, મહાપંથી (બીજમાર્ગી, દશા, વીસા, કાંચડિયા, કૂંડાપંથી, નિજારી, નિજિયાપંથી, મારગી, વામમાર્ગી, રામદેવપીરના પંથી) મુંડિયા, મેકાપંથી, રવિભાણ પંથી, રાધાસ્વામી, રામાનંદી(જેની બાવન જેટલી શાખાઓ–મઢીઓ જે બાવન દુવારા તરીકે ઓળખાય છે તે માંહેનાં રામાવત, નિમાવત, કૂબાવત વગેરે...) રામસનેહી, રૂખડિયા, લિંગાયત, લીરબાઈપંથી, વૈરાગી, વાડીના સાધુ, વડવાળાના અનુયાયી, સૂફી, સ્વામિનારાયણ, સન્યાસી, સરભંગી અને સાંઈ જેવી અનેકાનેક પરંપરાઓની ભક્તિ, જ્ઞાન–વેદાન્ત, યોગ, સહજસાધના અને તાંત્રિક ગૂઢ–ગુપ્ત સાધના વિધાનોની અસર નીચે આપણું સંત સાહિત્ય ઉદ્‌ભવતું–વિકસતું રહ્યું છે. એમાં પણ કેટલાક ભક્ત / સંત કવિઓ પોતાના સંપ્રદાયના જ ચૂસ્ત કંઠીબંધ અનુયાયી હોય તો કેટલાક અનેક જાતની ધર્મ–પંથ સંપ્રદાયની સાધનાનો પોતાના જીવન / કવનમાં સમન્વય કરનારા હોય. કેટલાક સ્વયં અનુભવસિદ્ધ હોય તો કેટલાક માત્ર પોતાની ગુરુ પરંપરાની વાણીનું આંધળું અનુકરણ કે અનુસરણ કરનારા પરંપરાના વાહકો જ હોય.

ધાર્મિક, આધ્યાત્મિક, સાંપ્રદાયિક અને સાધનાત્મક એમ ચાર વિભિન્ન પ્રવાહોમા આ કવિઓ દ્વારા સર્જન થતું રહ્યું છે. શાસ્ત્ર–પુરાણોની કથાઓ કે વેદાન્તી તત્ત્વચિંતન ધાર્મિક અને આધ્યાત્મિક ધારાની કવિતામાં દેખાય તો પોતાના સંપ્રદાયની વિચારધારા–આચાર અને સાધના પ્રણાલીના પ્રચાર–પ્રસાર માટે પોતાના પંથ–સંપ્રદાયના ઈતિહાસ કે પૂરોગામી ગુરુ પરંપરાનો પરિચય આપતી 'પરચરિ' પ્રકારની રચનાઓ સાંપ્રદાયિક સંત સાહિત્યમાં આવે, સૌથી વિશેષ પ્રમાણમાં પોતાની રહસ્યવાદી સાધનાકીય અનુભૂતિઓનું બયાન કરતી સાધનાત્મક સંતવાણી સાંભળવા મળે.

મધ્યકાલીન ગુજરાતી સંતકવિતામાં પદ કે ભજન પ્રકારની ટૂંકી ઊર્મિકાવ્ય સ્વરૂપની રચનાઓ, અંગ, કક્કો, બારમાસી, વાર, તિથિ, મહિના જેવી દશથી પચીસ–પચાસ કડી સુધી વિસ્તરતી દીર્ઘ રચનાઓ, 'ગુરુ મહિમા', 'ચિંતામણી', 'ગીતા'ના નામથી ઓળખાતી સાખી–દોહરા–છપ્પા–ચોપાઈ–કડવાબંધની ઓખ્યાન જેવી લાંબી રચનાઓ, ગુરુવંશાળી કે ગુરુપંરપરા દર્શાવતી સાંપ્રદાયિક રચનાઓ ગોષ્ઠિ, સંવાદ, પ્રશ્નોતરી રૂપે જ્ઞાન, વેદાન્ત, અધ્યાત્મ, સાધનાના સિદ્ધાંતોના સવાલ જવાબરૂપે માર્ગદર્શન આપતી રચનાઓ અને અન્યભાષી ભારતના અન્ય પ્રાંતના સંત કવિઓએ પોત પોતાની ભાષામાં રચેલી સંતવાણીનું અનુસરણ કે અનુવાદ રૂપે રૂપાંતરીત થયેલી ગુજરાતી રચનાઓમાં સગુણ–સાકાર કે નિર્ગુણ નિરાકારની સ્તુતિ–પ્રાર્થના, ગુરુ મહિમા, યોગમહિમા, યોગમાર્ગની જુદી જુદી સાધનાઓ અંગે માર્ગદર્શન, વૈરાગ્યનો ઉપદેશ, પોતાના મનની મૂંઝવણ અને ગૂઢ રહસ્યવાદી અવળવાણી જેવું પ્રકાર અને વિષય વસ્તુનું વૈવિધ્ય આપણને જોવા મળે છે.

મધ્યયુગમાં ગુજરાતમાં અનેક પંથ–સંપ્રદાયોનો ઉદ્‌ભવ થયો, કેટલાક પંથ–સંપ્રદાયો ભારતના અન્ય પ્રાંતોમાંથી પણ ગુજરાતમાં આવ્યા અને વિકસ્યા. એના પણ અનેક ફાંટા– પ્રવાહો વહેતા રહ્યા. સાહિત્યિક, સાંસ્કૃતિક કે વિચારસરણીની દષ્ટિએ સાધનાત્મક પ્રવાહો મુજબ જેમનું પ્રદાન અતિ અગત્યનું છે તેવા પંથ–સંપ્રદાયોમાં શૈવ, શાક્ત, વૈષ્ણવ, બૌદ્ધ, જૈન, સૂફી, નાથપંથ, કબીરપંથ અને પીરાણા પંથની સાથોસાથ દરેક પંથ સંપ્રદાયની ગૂઢ ગુપ્ત અને રહસ્યમય તાંત્રિક જીવનસાધનાની અતિ લાંબી પરંપરાઓએ ગુજરાતના સંતસાહિત્યતથા ભક્તિસાહિત્યને પૂષ્ટ કરવામાં પોત પોતાની રીતે અગત્યનો ફાળો આવ્યો છે.

ગુજરાતના સંત કવિઓની ભજનવાણી–સંતકવિતાની પરિભાષાના અભ્યાસથી એ સ્પષ્ટ થાય છે કે એમાં તંત્ર અને યોગસાધનાના પારિભાષિક શબ્દો ખૂબ વપરાયા છે. શાસ્ત્રો– પુરાણોના અધ્યાત્મદર્શન કે તત્ત્વચિંતનની અપેક્ષાએ આ લોકસંતો વિવિધ ભારતીય લૌકિક સાધના પંરપરાઓથી ખૂબ જ પરિચિત હતા. જેનો સીધો સંબંધ કાયાશોધન કે પિંડશોધનની પ્રક્રિયા સાથે હોય અને જેમાં આત્મસાક્ષાત્કારની ભૂમિકા સુધી પહોંચાડવાનો ક્રિયાયોગ સધાતો હોય એવી સહજસાધના આ સંતો–ભજનિકોએ અપનાવેલી, એટલે કોઈ ચોક્કસ પંથ– સંપ્રદાયમાં દીક્ષિત થયા હોવા છતાં તેમની જીવન સાધના કોઈ ચોક્કસ વિધિવિધાન–ક્રિયાકાંડ કે વિધિ–નિષેધના ચોકઠામાં બંધાયા વિના અધ્યાત્મના તમામ પ્રદેશોમાં વિહરતી રહી છે. એકનો એક કવિ નિર્ગુણ–નિરાકારમાં પણ માને અને સગુણ–સાકારમાં પણ. નાથપંથી હઠયોગના આસન–મુદ્રા–બંધ જાણનો હોય ને કબીરના શબ્દ–સુરત યોગને પણ અનુસરતો હોય.

આવા ભજનિક સંતો દ્વારા રચાયેલી ભજનવાણી કે સંતવાણીના સર્જન પાછળ વ્યક્તિગત ઊર્મિઓને વાચા ; પરમાત્માની ઉપાસના ; માનવ કલ્યાણની ભાવના અર્થે ઉપદેશ ; પોતાની કોઈ વિચારધારા–માન્યતા કે સિદ્ધાંતનું પ્રચલન ; પોતાના પંથ–સંપ્રદાય કે ગુરુની વિશિષ્ટતાઓના ગુણગાન ; પોતાના ગૂઢ ગહન યૌગિક અનુભવો–પારલૌકિક અનુભવો લોકસમુદાય સમક્ષ મૂકી અધ્યાત્મપંથના સાધકોને માર્ગદર્શન ; પોતાની પરમતત્ત્વ–પરમચેતના પ્રત્યેની ભક્તિભાવના તથા એ અંતિમ મહાસત્ય સાથેનો પોતાનો દિવ્ય સબંધ પોતાના શિષ્યો– અનુયાયીઓ સમક્ષ રજુ કરવાની ભાવના ; પોતાના મનની મૂંઝવણનો ઉકેલ શોધવાની મથામણ ; આત્મ લક્ષ્મી–માત્ર પોતાના ચિત્તને જ પોતાની જાતને જ ઉપદેશ ; પરંપરાથી ચાલ્યે આવતી દાર્શનિક વિચારધારાને આગળ ધપાવવાની મહેચ્છા ; પોતાનાં વ્યવહારિક કાર્યો ઉકેલી આપવા પરમાત્માને અરજ અને પોતાની વિટંબણાઓથી સાંસારિક કસોટીઓથી ત્રાસીને એમાંથી બહાર લાવવા ઈશ્વરને ઠપકો જેવાં તત્ત્વો કારણભૂત છે. સંતસાહિત્ય આપણી શિષ્ટ કવિતાની માફક માત્ર સ્વાંતઃસુખાય સર્જાયું નથી. એક થી વધુ કારણો એના સર્જન પાછળ રહ્યાં છે.

વેદકાલીન સમયથી ચાલ્યે આવતી આત્મ સાધના અને તત્ત્વવિચાર–ચિંતન પરંપરાઓને સહજ–સરળ લોકબોલીમાં–લોકઢાળોમાં મૂકી આપીને મધ્યકાલીન ધર્મ સાધનાના પ્રવાહને જીવંત રાખવાનું કાર્ય આપણા ભજનિક સંત કવિઓએ કર્યુ છે. એની વાણીમાં ધાર્મિક–આધ્યાત્મિક માર્ગદર્શન હોય, પૂરોગામી સંતો–ભક્તોનો મહિમા ગવાયો હોય, શબ્દ દ્વારા સૂરતાની–સ્થિરતા–તલ્લીનતા કેમ પ્રાપ્ત કરવી તેનું નિદર્શન હોય અને સાત્વિક આનંદ પ્રાપ્ત કરવા માટેનાં વિધિવિધાનોની જાણકારી પણ હોય.

સંતવાણી કે સંતકવિતા જનસમુદાયમાં કંઠસ્થ પરંપરાથી જળવાતી આવી છે. વૈરાગ્ય, ભક્તિ, ત્યાગ, સેવા, સમર્પણ અને સાધનાની ઈચ્છાવાળા સંસારીઓ કે સાધુઓની મંડળીઓ દ્વારા, અધિકારીજનો દ્વારા ચોક્કસ ધાર્મિક ક્રિયાકાંડના એક ભાગ રૂપે આ વાણીનું ગાન અનિવાર્ય મનાયું છે અને તે કારણે મુખોપમુખ આ સાહિત્ય જીવંત સરવાણી રૂપે વહેતું આવ્યું છે. મંદિરો, મઠો, સંતસ્થાનો અને ભજનિકોને ત્યાં ક્યાંક ક્યાંક હસ્તપ્રતોમાં જળવાયેલું આ સાહિત્ય બહુધા ગૂઢ–રહસ્યાત્મક–સાધનાત્મક પરિભાષા અને ઉક્તિઓ ધરાવે છે. એની ચોક્કસ પારિભાષિક શબ્દાવલીના કોશગત, લોકપ્રચલિત અને સાધનાપરંપરાગત અર્થો જાણ્યા સિવાય એના મર્મને પૂરેપૂરો પામી શકાતો નથી.

સંતકવિતાના સર્જકો નિશ્ચિત છે. દરેક કૃતિને અંતે એ રચનાના સર્જક તથા એમના ગુરુનું નામ દર્શાવતું નામાચરણ પ્રાપ્ત થાય છે. ક્યાંક ક્યાંક સાંપ્રદાયિક દીર્ઘ રચનાઓને અંતે રચનાવર્ષ, તિથિ–વાર–મહિનો, રચ્યા સ્થળ વગેરે વિગતો પણ સંત કવિ દ્વારા મૂકવામાં આવી હોય છે.

**મહાપંથ–બીજમાર્ગ–નિજારી સંપ્રદાયના જ્યોત ઉપાસક સંત કવિઓ અને સંત કવયિત્રીઓ.**

ખૂબ જ પ્રાચીન સમયથી અત્યંત વ્યાપક રીતે અને છતાં ગુપ્તપણે જળવાઈ આવેલો આ ગૂઢ સાધના માર્ગ કંઠોપકંઠ રીતે ભજનવાણી, ગુપ્ત વિધિવિધાનો અને તેના ગુપ્ત લૌકિક મંત્રો દ્વારા આજ સુધી જીવંત રહ્યો છે. મહાપંથનો મુખ્ય સિદ્ધાંત છે માનવમાત્રની સમાનતા. તમામ જીવો રજ અને બીજથી ઉત્પન્ન થાય છે, સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિનું રહસ્ય પણ રજ અને બીજમાં જ સમાયેલું છે, આ રજ–બીજની સાચી

ઓળખાણ થઈ જાય પછી કશું જ જપ–તપ– તીરથ–ધ્યાન ન કરવું પડે, પણ એ માટે સ્ત્રી કે પુરૂષ, ઊંચા કે નીચા, નાના કે મોટા, સ્વામી કે સેવક એવા ભેદ ભાંગી જવા જોઈએ. અને એટલે જ નારીની મહત્તા સ્વીકારીને એને ગુરુ સ્થાને સ્થાપીને મહાપંથમાં દીક્ષિત થઈ શકાય છે.

સતી–સાધિકા નારીના માર્ગદર્શન નીચે શક્તિશાળી પુરૂષ 'જતિ' બનીને આધ્યાત્મિક ઉન્નતિના માર્ગ ઉપર આગળ વધે અને નારીને સહભાગી બનાવીને પોતાનો જન્મ સાર્થક કરે એવા આ પ્રાચીન ગુપ્ત લોકધર્મમાં સતી તોરલ, સતી રૂપાંદે, સતી લોયણ, સતી દેવળદે, સતી દાડલદે, સતી લીરલબાઈ, સતી અમરબાઈ, સતી લીરબાઈ, સતી હુરલબાઈ, સતી ગંગાબાઈ વગેરે સંત કવયિત્રીઓ દ્વારા રચાયેલી ભજનવાણીની સાથોસાથ જેસલ, રાજસ્થાનના રાવ મલ્લિનાથ / માલદે / ખીમરો કોટવાળ, દેવાયત પંડિત, અખૈયો, અમરસંગ, કડવોભગત, કાળુભગત, દેવીદાસ, મેઘ કચરો, મેઘ જીવો, મેઘ ધારવો, રૂખી રામદાસ, લખમો માળી, શીલદાસ, સરવણ કાપડી.જેવા ભજનિક સંતોની ભજનવાણી ગામડાંની ભજનમંડળીઓમાં અને બીજમારગી ગુપ્ત પાટ ઉપાસના કે રામદેવપીરના મંડપ–પાટ–સમૈયામાં, ઠાકરથાળીમાં ગવાતી રહી છે.

**સતી તોરલ** : ગુજરાતના સંતસાહિત્યમાં કેટલીક સંત કવયિત્રીઓનું ભજન સર્જનક્ષેત્રે આગવું પ્રદાન છે. જેમાં તોરલને આદ્ય ગણાવી શકાય. તોરલનો સમય ઈ.સ.૧૪૦૦ની આજુબાજુનો મનાય છે. કચ્છના ઈતિહાસ મુજબ જેસલનો સમય વિ.સં.૧૪૬૦ ઈ.સ.૧૪૦૪ આસપાસનો ગણાવાય છે. રાજસ્થાનમાં વિ.સં.૧૩૮૫(ઈ.સ.૧૩૨૮)માં જન્મેલા રાવળ મલ્લિનાથ / રાવ માલદે અને સતી રૂપાંદેના સમકાલીન એવા જેસલ–તોરલ એક જ પંથ–સંપ્રદાયના સાધક પ્રવાસી છે, રાવ મલ્લિનાથે અને સતી રૂપાંદેએ વિ.સં.૧૪૫૬ ઈ.સ.૧૪૦૦માં જીવતાં સમાધિ લીધી એ પહેલાં જેસલ–તોરલે સમાધિ લીધી છે.

તોરલના નામાચરણ સાથે આજે મળતી તમામ ભજન રચનાઓ તોરલનું સર્જન હશે એવું સ્પષ્ટ કહી શકાતું નથી, કારણ કે આ વાણી કંઠોપકંઠ રીતે ભજનમંડળીઓમાં ગવાતી– જળવાતી આવી છે. તેના પાઠ નિશ્ચિત નથી, એક પાઠાંતરો–રૂપાંતરો મળે છે, છતાં મહાપંથી વિચારધારા મુજબનાં ચાર જુગના ચાર પાટ, એના ભક્તો, જ્યોત પાટની ગુપ્ત ઉપાસના, વૈરાગ્ય અને સાધનાનો ઉપદેશ, ગુરુની અનિવાર્યતા અને સદ્ગુરુ પ્રત્યે સંપૂર્ણ શરણાગતિ તથા સમર્પણ જેવાં તત્ત્વો તોરલને નામે મળતી ભજન રચનાઓમાંથી પ્રાપ્ત થાય છે. 'હે વીરા ! નર સચિયારા તમે સાચું વોરો રે...', 'જેસલ કરી લે વિચાર માથે જમ કેરો મારે...', 'તોબી કયે પરીક્ષા કરો ને નર પૂરા...', 'એજી તમે વિસવાસી નર ને કાં રે વેડો માણાં રાજ રે...' જેવાં અનેક ભજનો લોકકંઠો સચવાયાં છે.

**લીરલબાઈ** : ગુજરાતી ભજનસાહિત્યમાં લોકભજનિકોની કંઠસ્થ પરંપરામાં સચવાયેલાં સંત કવયિત્રીઓનાં ભજનોમાં લીરલબાઈ, નીરલબાઈ, લીરબાઈ, લીળલબાઈ, લીલમબાઈ વગેરે એકથી વધુ સમાન નામો ધરાવતાં નામાચરણોવાળાં ભજનો ગવાય છે, એમાં ખાસ કરીને ત્રણ સંત કવયિત્રીઓની વાણી એક બીજીમાં ભળી ગઈ છે. ત્રણે ભજનિક સ્ત્રી સંતો મહાપંથની સાધનાધારા સાથે સંકળાયેલાં ભજનોમાં પારવિનાના ફેરફારો કે ભેળસેળ થઈ છે.

સમયની દષ્ટિએ પ્રથમ આવે જૂનાગઢ પાસેના મજેવડી ગામે જેમની સમાધિ છે તે દેવતણખી લુહારનાં દીકરી, મારવાડી સંત ભાટી ઉગમશી અને તેમના શિષ્ય શેલર્ષિ (લોયણનાં ગુરુનું નામ પણ શેલર્ષિ મળે છે.)નાં શિષ્યા અને દેવાયત પંડિત સાથે સંકળાયેલાં નીરલબાઈ કે લીરલબાઈ–૧. એમના જ સમકાલીન મનાતા બીજાં લીળલબાઈ–૨ તે ઈદોર / ચિત્તોડગઢ / મેવાડ / આબુગઢના રાણા કુંભાનાં રાણી અને બુંદી કોટાના રાજા જેમલ રાઠોડની દીકરી .જે સંત વાસુકી લોબડિયાનાં શિષ્ય હતાં અને જેમની રચનાઓ 'સૂરજારાણીનાં / લીલમબાઈનાં સપનાં' તરીકે જાણીતી છે તે ભક્તનારી. ઈ.સ.પંદરમી સદી ઉત્તરાર્ધથી સોળમી સદી પૂર્વાર્ધમાં તેઓ હયાત હતા એમ મનાય છે. ત્રીજાં સંત કવયિત્રી પોરબંદર પાસેના મોઢવાડા ગામે મેર જ્ઞાતિમાં જન્મેલાં લીરબાઈ–૩ પરબના સંત દેવીદાસજી(ઈ.સ.૧૭૨૫ થી ૧૮૦૦)ની

શિષ્ય પરંપરામાં જીવણદાસના શિષ્યા થયાં. અને ઈ.સ.૧૮૭૬માં રાણા કંડોરણા ગામે જીવતાં સમાધિ લીધેલી.

ગુરુ ઉગમશીના શિષ્ય શેલરશી–શેલર્ષિ–શેલણશીનાં શિષ્યા લીરલબાઈના નામે કંઠસ્થ પરંપરામાં 'એવી ચૂંદલડીનું ચટકું દાડા ચાર રે રંગાવો રામા ચૂંદલડી...', 'કાચી રામ કોણે ઘડી તારી કાયા...', 'જી રે વીરા ઘાટ રે લુહારી તમે હરિજન ઘડજો રે...' જેવી ભજન રચનાઓ મળે છે. ગુરુ ઉગમશીનાં શિષ્યા તરીકેનાં નામાચરણો ધરાવતી કથાત્મક અંશો ધરાવતી ભજનવાણી રાણા કુંભાનાં રાણી લીરાયબાઈ કે લીલમબાઈને નામે પણ મળે છે.

કુંભારાણા હાં... સતના વિસવાસે સદા ઋષિ મુનિ સીધ્યા રે...! ભજનમાં સૃષ્ટિની ઉત્પત્તિની સાથોસાથ મેઘવાળ જ્ઞાતિના સંતોનું મહાત્મ્ય ગવાયું છે, મેઘધારુ, ખીમરો કોટવાળ, રોહિદાસ ચમાર, મેઘ માયો, મામૈદેવ, ડાલીબાઈ, મેઘ ધારવો વગેરે સંતો સાથે જોડાયેલા પરચાઓની દંતકથાઓ આ ભજન આપે છે ' કુંભારાણા મેલો દલડાની ભ્રાંત રે હાં, એવા મેવાડે મયલપાટ માંડીયો...', 'જનમનો સંગાથી કુંભારાણા કોઈ નથી...', 'ભલો રે મેવાડ ગઢનો રાજા રાણો કુંભો...' જેવી કથાત્મક રચનાઓ અને 'સૂરજારાણીનાં સપનાં' નામે ઓળખાતાં એક જ ભજનના પાંચ ખંડમાં બીજમાર્ગી પાટ ઉપાસકોમાં પ્રચલીત નકળંગ અવતારના પ્રાગટયની માન્યતા મુજબની ભવિષ્યવાણી છે.ઈ.સ.૧૮૭૬માં જેમણે જીવતાં સમાધિ લીધી તેવાં પરબ સંતસ્થાનના અનુયાયી કવયિત્રી લીરબાઈને નામે 'ગુરુ મારા સતની વેલડિયે, એવાં રૂડાં દત્ત ફળ લાગ્યાં રે હાં...', 'રમતો જોગી રે ક્યાંથી આવ્યો રે, આવી મારી નગરીમાં અલેખ જગાયો રે વેરાગણ હું તો બની...', 'હાં હાં રે ગુરુજી આજ મારે આંગણે મોટા મુનિવર મળ્યાં રે હાં...', હીરલા દેખીને તમે વણજું કરી લેજો વીરા... 'મારા શબદુંના સોદાગર...' અને 'અધૂરિયાં સે નો હોય દલડાંની વાતું મારી બાયું રે, નર પૂરા રે મળે તો રાવું રેડીએ રે જી...' જેવાં ભજનોમાં પરંપરિત મહાપંથી–જ્યોત ઉપાસક–પાટધર્મી ઉપાસકોની માન્યતા મુજબનો વૈરાગ્ય ઉપદેશ, ગુરુ મહિમા અને નિર્ગુણ–નિરાકારની ઉપાસનાનું રહસ્ય દર્શાવ્યું છે.

**સતી લોયણ :** મહાપંથી સંત કવયિત્રીઓમાં ભજન રચયિતા તરીકે લોયણનું નામ પણ ખૂબ જ આદરથી લેવાય છે. અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના કીડી ગામે લુહાર જ્ઞાતિમાં જન્મેલાં સતી લોયણે લાખાને ઉદ્દેશીને ઊંચી કોટિનું તત્ત્વજ્ઞાન અને સાધનાનું માર્ગદર્શન આપતાં ચોરાશી જેટલાં ભજનોનું સર્જન કર્યું હોવાનું મનાય છે. જેમાં નિજિયાપંથની ઓળખ, ગુરુ અને ગુરુગામ, શિષ્યની લાયકાત, રહેણી અને કરણી, યોગની ક્રિયાઓ, બ્રહ્મનું રહસ્ય, માયા, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને પરમતત્ત્વની પ્રાપ્તિનો આનંદ જેવા વિષયો ઉપર ક્રમશ : સાધનાનું માર્ગદર્શન અપાયું છે. 'હે જી રે લાખા ! ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો હો... જી..., તમે મન રે પવનને બાંધો રે હાં...', 'જી રે લાખા ! પ્રથમ સદ્ગુરુના પાય પૂજીને જી, તમે મનવાંછિત ફલ માગો રે હાં...', 'જી રે લાખા ! મૂળ રે વચનનો મહિમા છે મોટો રે જી...' જેવાં ભજનોમાંથી ભક્તિનો માર્ગ, સદ્ગુરુની સાન, જ્ઞાન, ભક્તિ અને યોગમાં શિષ્યની પાત્રતા અને પિંડશોધનની પ્રક્રિયાનો માર્ગ દર્શાવ્યો છે.લોયણના ગુરુ તરીકે ભજનોના નામાચરણમાં શેલણશી / શેલર્ષિ / શેલાણી જેવાં નામો મળે છે. લોયણના સમયગાળા વિશે કોઈ ચોક્કસ પ્રમાણો મળતાં નથી, લોકકંઠે સચવાયેલી અનેક દંત કથાઓમાં એમના જીવન પ્રસંગો ચમત્કારમૂલક ઘટનાઓ સાથે વર્ણવાયા છે. લોયણના નામે મળતી ભજન રચનાઓમાં કેટલીક તો કથાકાર કે આખ્યાનકાર પુરાણી પંડિત કવિ દ્વારા રચાઈ હોય એવો શાસ્ત્ર–પુરાણોની વેદાન્તી પરિભાષાનો વિનિયોગ એમાં થયો છે. ઉપનિષદ, ગીતા, ભાગવત, સાંખ્યદર્શન, અષ્ટાંગ યોગ વગેરે વિશેના પ્રશ્ન અને જવાબ એ રીતે સંવાદ પદ્ધતિમાં પણ કેટલાક ભજનો રચાયાં છે.

**ભજનિક સંત કવિ મૂળદાસજી :** ગુજરાતી ભજન સાહિત્યમાં અત્યંત મહત્ત્વનું સ્થાન અને માન ધરાવનારા સંત કવિ મૂળદાસજી (જન્મ : ઈ.સ.૧૬૫૫ અવ. ઈ.સ.૧૭૭૯)નો જન્મ અમરેલી જિલ્લાના ઉના પાસેના આમોદરા ગામે લુહાર જ્ઞાતિમાં થયેલો. વિવાહ પછી વૈરાગ્ય જાગતાં ગૃહત્યાગ કર્યો, અને પર્યટન કરતાં કરતાં ગોંડલના રામાનુજી સંપ્રદાયના સાધુ લોહલંગરી જીવણદાસજી પાસે દીક્ષા લીધી. ગુરુ આજ્ઞાએ

પત્નીને સાથે રાખી અમરેલી ગામે જગ્યા બાંધી અને વિ.સં.૧૮૩૫ માં ચૈત્ર સુદી ૯ ના દિવસે અમરેલીમાં જ જીવતાં સમાધિ લીધી. ભક્ત, જ્ઞાની, ઉપદેશક, વિચારક અને વિવિધ સંપ્રદાયોના અધ્યાત્મમાર્ગના સમન્વય કર્તા વૈરાગી લોકસંત તરીકેનું બહુરંગી વ્યક્તિત્વ ધરાવનારા મૂળદાસજીએ શ્રીમદ્ ભાગવતના સ્કંધોનો ગુજરાતી પદબંધોમાં અનુવાદ, શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પદબંધમાં ભાવાનુવાદ, પ્રભાતી, રામગરી, ગરબી, કીર્તન, બારમાસી, ભજન, ધોળ જેવા પ્રકારોમાં પદમાળાઓ કે છૂટક ભક્તિ પદોનું સર્જન કર્યુ છે. કૃષ્ણ ભક્તિ, વૈરાગ્યબોધ, ગુરુમહિમા અને મહાપંથી બીજમાર્ગી આરાધવાણી ઉપરાંત કટારી, ચૂંદડી, વિવાહ જેવાં રૂપકગર્ભ પદો–ભજનો તથા સધુક્કડી હિન્દી–ગુજરાતીમાં પ્રેમલક્ષણા ભક્તિનાં વિરહપદો આપનારા મૂળદાસજી વેદાન્તી જ્ઞાનમાર્ગી અને ભક્તિમાર્ગી બંને શાખામાં સમાન રીતે વિહાર કરે છે.

'આદ્ય ઓંકાર તે અનંતમાં એક છે, જૂજવા શબ્દને સર્વ સાધે...' 'વૈરાગ્યના પદને વિઘન આડાં ઘણાં, કટણ બંધ કામના કોક છૂટે...', 'મેલ તું મેલ તું માન મનનું પરૂં, મન કરમ વચનથી ફેર માળા...', 'બેની મારા રૂદિયામાં લાગી રે, મેરમની ચોધારી મારે કાળજે કટારી...', 'પ્રીતમ વરની ચૂંદડી રે મહાસંતો વોરવાને મળીયા રે...', 'સૂંદરવરની ચૂંદડી સરવે ઓધારણ ચૂંદડી...', 'હરિ વેણ વાય છે રે હો વનમાં...' જેવી ભજન રચનાઓ નરસિંહ મહેતા સાથે ઉજ્જવળ અનુસંધાન ધરાવે છે. ગરબી પ્રકારનાં પ્રેમલક્ષણા ભક્તિનાં પદો શ્રીમદ્ ભાગવતની અસર નીચે રચાયાં છે, જેમાં ગોપી વિરહ, ચીરહરણલીલા, ઉદ્ધવ સંદેશ અને પિયુ મિલનનો આનંદ વર્ણવાયો છે. 'જી રે વટાવડા વાટના રે, વાટે ને ઘાટે રે વિલંબ ન કીજિયે રે...', 'જી રે જીવતાં મરો ભાવે ભક્તિ કરો જન તમે અજરા જરો...', 'જી રે આ નાટક નવરંગી છે...' વગેરે આરાધી ભજનો મહાપંથનું મહાપંથનું તત્ત્વજ્ઞાન અને સાધનાધારા સાથે અનુસંધાન ધરાવે છે.

**રવિ–ભાણ સંપ્રદાયની ભજનવાણી :** ગુજરાતમાં કબીરની વિચારધારા અને શબ્દ સાધનાનો પ્રચાર–પ્રસાર કરનાર રામકબીર શાખાના સંતકવિ ભાણસાહેબ (જ.ઈ.૧૬૯૮ અવ.ઈ.૧૭૫૫), તેમના પુત્ર–શિષ્ય ખીમસાહેબ (જ.ઈ.૧૭૩૪ અવ.ઈ.૧૮૦૧) અને તેજસ્વી શિષ્ય સંત કવિ રવિસાહેબ (જ.ઈ. ૧૭૨૭ અવ.ઈ.૧૮૦૪) દ્વારા સ્થપાયેલ રવિ–ભાણ સંપ્રદાયના કવિ સંતોએ તળપદી લોકબોલીમાં જ્ઞાન, ભક્તિ, યોગસાધના, ગુરુમહિમા, વૈરાગ્ય ઉપદેશ અને પ્રેમલક્ષણા ભક્તિનાં વિરહ–મિલનના ભાવો વર્ણવતાં અસંખ્ય પદો–ભજનોનું સર્જન કર્યુ છે. આ સંપ્રદાયના સંતોના નામ પાછળ 'સાહેબ' શબ્દ લાગે છે, જે કબીરપંથનો પ્રભાવ દર્શાવે છે.

ચરોતર પ્રદેશના કનખિલોડ ગામે લોહાણા જ્ઞાતિમાં કલ્યાણદાસ ઠક્કરને ત્યાં ભાણ સાહેબનો જન્મ થયેલો. કબીરસાહેબની શિષ્ય પરંપરામાં પદ્મનાભથી ચાલી આવેલી એક શાખા ગુજરાતમાં ઊતરી અને તેમાં દૂધરેજના નીલકંઠસ્વામી, રઘુનાથસ્વામી, યાદવસ્વામી અને તેમના શિષ્ય થયા ષટ્પ્રજ્ઞ સ્વામી. જેને લોકસમુદાય છઠ્ઠાબાબા કે આંબા છઠ્ઠાના નામથી ઓળખતો. તેમની પાસે ૨૬ વર્ષની વયે ભાણસાહેબે વિ.સં.૧૭૮૦માં દીક્ષા લીધી. રામકબીર મંત્રની કંઠી બાંધ્યા પછી ભાણદાસ 'ભાણ સાહેબ' કહેવાય. ભાણ સાહેબે વધુ ભજનોનું સર્જન નથી કર્યુ, એમના નામાચરણ સાથે ચૌદેક ભજનો મળે છે, પરંતુ ભજનિક સંતોની એક સુવિશાળ પરંપરા ઊભી કરવાનું શ્રેય ભાણ સાહેબને જાય છે. કબીરના જ્ઞાનમાર્ગી અધ્યાત્મબોધ, વૈરાગ્ય અને યોગસાધના થા ગુરુમહિમા વિષયક ભજનોમાં 'સતગુરુ સાહેબ સોઈ મળ્યા જેણે અમ્મર નામ ઓળખાયો રે...', 'તમે કૂડ કાયાનાં કાઢો રે વીરા ! આપ્યો આષાઢો...', 'મન તું રામ ભજીલે રાણા તારે ગુણ ગોવિંદનાં ગાણાં...', 'એક નિરંજન નામે જ સાથે મન બાંધ્યો હે મારો રે...' તથા 'સતગુરુ સાહેબ સઈ કર્યા જેને પ્રેમ જ્યોત પરકાશી રે...' જેવાં ભજનો ખૂબ જ લોકપ્રિય થયાં છે. જ્ઞાન, ભક્તિ, યોગ, ઉપદેશ અને આતમ અનુભવની જ્યોત પ્રગટાવનારા ભાણ સાહેબની શિષ્ય પરંપરામાં બે શાખાઓ ચાલી નાદ શિષ્ય રવિસાહેબ દ્વારા નાદ શિષ્યોની અને બુંદ શિષ્ય ખીમ સાહેબ દ્વારા નાદ તથા બુંદ એમ બંને પ્રકારના શિષ્યોની–તેજસ્વી સાધક સંત ભજનિકોની.

**રવિસાહેબ અને તેમની શિષ્ય પરંપરા :** ભાણ સાહેબના સમર્થ શિષ્ય અને સમગ્ર સંપ્રદાય સાથે જેમનું નામ જોડાયું છે તેવા તેજસ્વી સંતકવિ રવિસાહેબનો જન્મ આમોદ તાલુકાના તણછા ગામે વીસા શ્રીમાળી વાણિક જ્ઞાતિમાં, પુષ્ટિમાર્ગી વૈષ્ણવધર્મના અનુયાયી મંછારામને ત્યાં વિ.સં.૧૭૮૩માં મહાસુદી ૧૫ ને ગુરુવારે ઈ.સ.૧૭૨૭માં થયેલો. ઈ.સ.૧૭૮૪માં રવિસાહેબે ભાણસાહેબ પાસે રામકબીર દીક્ષા લીધી. ચારસો જેટલાં ગુજરાતી–હિન્દી ભક્તિપદો–ભજનોની રચનાઓ ઉપરાંત આખ્યાન પ્રકારની દીર્ઘ કડવાંબદ્ધ કૃતિઓમાં રવિસાહેબે પોતાનું સાંપ્રદાયિક તત્ત્વજ્ઞાન વર્ણવ્યું છે. જેને સંપ્રદાયના અનુયાયીઓ ‘ રવિગીતા’ને નામે ઓળખે છે તે ‘ભાણગીતા’ ચોપાઈ–ઢાળ–દુહા અને સાખીના રચનાબંધમાં એકવીશ કડવામાં ગુરુમહિમાની સાથે તત્ત્વચર્ચા અને સાધના માર્ગદર્શન આપતી કૃતિ છે. ઉપરાંત ‘આત્મલક્ષ ચિંતામણિ’, ‘રામગુંજાર ચિંતામણિ’, ‘બોધ ચિંતામણિ’, ૭૦ ચોપાઈ, ૧૨ સાખીના બંધમાં સાત વિશ્રામની ‘ગુરુ મહિમા’ (ર.ઈ.૧૭૫૨), ‘મનઃસંયમ–તત્ત્વસાર નિરુપણ’ જેવી સધુકકડી હિન્દી–ગુજરાતી ભાષામાં લખાયેલી રચનાઓમાં જ્ઞાન, યોગ અને ભક્તિનો ત્રિવેણી સંગમ થયો છે. પોતાના ગુરુ ભાણસાહેબનું ચરિત્ર વર્ણવતો ગ્રંથ ‘ભાણ પરચરિ’ (અપ્રકાશિત ; જેના છેલ્લા ચાર વિશ્રામ ખીમસાહેબના પ્રપૌત્ર સુંદરદાસે પૂર્ણ કરેલા.) આ સંપ્રદાયમાં અધિકૃત ઈતિહાસ તરીકે જાણીતો છે.

રવિસાહેબની વાણીમાં અગમ–નિગમનાં રહસ્યો, તત્ત્વજ્ઞાન, યોગ સાધનાના અનુભવો અને સાધના અંગે માર્ગદર્શન અપાયું છે. નિર્ગુણ–સાકાર પરમતત્ત્વનો વિરહ અને બ્રહ્મમિલનનો આનંદ વ્યક્ત કરતાં ભક્તિપદો ઉપરાંત પ્રેમલક્ષણા ભક્તિનાં–શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધ આધારિત ભાવગીતો જેવી રચનાઓમાં વેદાન્તી જ્ઞાનમાર્ગી હઠયોગ, વૈષ્ણવી પ્રેમલક્ષણા ભક્તિ અને સૂફીઓની મસ્તીભરી અલ્લડતાં દર્શન થાય છે.

‘આનંદ ઘડી હેતે ભજવા હરિ...’, ‘એવો પ્યાલો મેં તો પીધો રે...’, ‘સંતો ગુરુ ગમ લહે સો જ્ઞાની...’, ‘રવિએ રમતાં દીઠો રે બાવો છે ઝીણો...’, ‘સુરત સખી જેની ચડી આસમાને...’, ‘સતગુરુ સાથે રે બાઈ ! મારે પ્રીતડી...’, ‘સખી ! સાંભળને કહું એક વાતડી...’, ‘મેં માનુની રે મેં ભેદન પનિહાર...’, ‘ અસલ ફકીર મેં આદ દરવેશા...’, ‘જી રે એના ઘડનારા ને તમે પરખો જી રે રામ, કોણે બનાવ્યો પવન ચરખો...’ જેવાં અનેક ભજનો લોકભજનિકો દ્વારા ભજન મંડળીઓમાં ગવાતાં રહે છે. જેમાં જ્ઞાન વૈરાગ્યનો બોધ, યોગ, ગુરુમહિમા અને નિર્ગુણવાદી સંતો તથા સગુણવાદી ભક્તોની ભક્તિસાધનાનો મહિમા ગવાયો છે.

વડોદરા પાસેના શેરખી ગામે રવિ–ભાણ સંપ્રદાયની પ્રથમ ગાદી ઉપર મહંત તરીકે બિરાજીને રવિસાહેબે કચ્છ–સૌરાષ્ટ્ર ગુજરાતના ગામડાંઓ સુધી પોતાની જ્ઞાન–ભક્તિ–યોગ– સેવા અને સાધનાની સરવાણીઓ વહાવેલી. ૭૭ વર્ષની વયે વિ.સં.૧૮૬૦ ઈ.સ.૧૮૦૪માં રવિસાહેબે વાકાંનેરમાં દેહત્યાગ કર્યો અને જામનગરના ધ્રોલ પાસેના ખંભાલીડા ગામે મોરાર સાહેબની જગ્યામાં સમાધિ અપાઈ.

રવિસાહેબના અગિયાર જેટલા મુખ્ય શિષ્યોની શિષ્ય પરંપરાઓમાં ઘણા સંત ભજનિક કવિઓ થયા છે. જેમાં મોરારસાહેબ(ખંભાલીડા), ગંગારામજી(રાપર), લાલસ્વામી(પાટણ) મુખ્ય છે. ઈ.સ.૧૭૫૮માં બનાસકાંઠા જિલ્લાના થરાદ ગામે વાઘેલા રજપૂત જ્ઞાતિમાં જન્મેલા માનસિંહજીએ રવિસાહેબ પાસે એકવીશ વર્ષની વયે દીક્ષા લીધી અને મોરારસાહેબ નામે ધારણ કર્યુ. ગુરુ આજ્ઞાએ ધ્રોલ પાસેના ખંભાલીડા ગામે આશ્રમની સ્થાપના કરી. ઈ.સ.૧૮૪૯માં જીવતાં સમાધિ લીધી.

મોરારસાહેબની રચનાઓમાં જ્ઞાનમાર્ગી તત્ત્વચર્ચા અને ગુરુ મહિમાની સાથોસાથ વિશેષતઃ પ્રેમલક્ષણા ભક્તિનાં ભજનો મળે છે. ખાસ કરીને પરંપરિત ‘પરજ’ના ઢંગમાં રચાયેલાં વિરહપદો ‘લાવો લાવો કાગળિયો ને દોત લખીએ હરિને રે, એવો શિયો રે અમારો દોષ, પાછો ફેરો ન આવ્યા ફરીને રે...’, ‘ મારું ચિતડું ચોરાયલ રે કોડીલા વર કાનજી સે...’, ‘કહો ને ઓધવજી અમે કેમ કરીએ. જી રે મનડાં હેરાણાં મારાં મોરલીએ...’, ‘ઓધા અરજ હમારી રે મોહન મુખસેં કેનાં...’ માં મોરારસાહેબની પ્રભુ વિરહની ઝંખના વ્યક્ત થઈ છે. ભજન, પદ, આરતી, ગરબી, બારમાસી ઉપરાંત ઈ.સ.૧૮૧૯માં ‘

ચિંતામણિ', 'ગુરુમહિમા' અને જ્ઞાન વૈરાગ્યની સાખીઓ, કુંડળિયા, છંદ જેવી દીર્ઘ પદ્ય કૃતિઓનું સર્જન પણ મોરાર– સાહેબે કર્યું છે.

મોરારસાહેબના શિષ્યોમાં ખીમસાહેબના પ્રપૌત્ર સુંદરદાસજી, ટંકારાના જીવાભગત ખત્રી અને ચરણદાસજી, જોડિયાના લોહાણા ધરમશી ભગત જેવા ભક્ત કવિઓ મુખ્ય છે. નેકનામ ગામના સંધી મુસ્લિમ ભક્ત કવિ હોથી અને સુરેન્દ્રનગર જિલ્લાના વાવડી ગામના વણકર ભક્ત કરમણ ભગતે પણ ભજનોની રચના કરી છે. કરમણના શિષ્ય લખીરામના 'પ્યાલા' પ્રકારના ભજનો ખૂબ જ લોકપ્રિય રચનાઓ તરીકે ભજન મંડળીઓમાં ગવાય છે. જેમાં હોથીનાં 'સમરૂં તો સુધરે મનખા મેરા અલ્લા હો નબીજી...', 'આ તે રંગ શેનો રે બીબે બીજી ભાત પડી..', ચરણ સાહેબનાં 'અબ તો મનવા મેરા કર સદ્ગુરુ સેં હેત...' અને લખીરામનાં 'બેની ! મું ને ભીતર સતગુરુ મળિયા રે...', 'મન મતવાલો પ્યાલો ચાખીયો પ્યાલો પ્રેમ હુંદો પીધો રે...' મુખ્ય છે.

**ખીમસાહેબ અને તેમની શિષ્યપરંપરા :** ભાણસાહેબના પુત્ર અને શિષ્ય ખીમસાહેબ પણ સમર્થ કવિ હતા. ઈ.સ.૧૭૩૪માં શેરખી અથવા વારાહી ગામે તેમનો જન્મ થયેલો. પાછળથી ખીમસાહેબે રવિસાહેબ પાસેથી સાધના દીક્ષા લીધેલી. રામ કબીર પરંપરાનો નિર્ગુણ બ્રહ્મની ઉપાસના અને યોગસાધના તથા ગુરુમહિમાના ગાન સાથેનાં વૈરાગ્ય ઉપદેશનાં પદો–ભજનો ઉપરાંત કાફી, ગરબી, આરતી જેવા વિવિધ પ્રકારોની પદ્યકૃતિઓનું સર્જન ખીમસાહેબે કર્યું છે. જ્ઞાનમાર્ગી ચિંતનાત્મક કૃતિ 'ચિંતામણી' ઈ.સ.૧૭૭૦માં રચાયેલી સધુક્કડી હિન્દી. ભાષામાં સાપ્ત–ચોપાઈબંધની ૫૮ કડીની દીર્ઘ રચના છે. ખીમસાહેબે રવિસાહેબેના આદેશથી ઈ.સ.૧૭૮૧માં કચ્છ વાગડના રાપર ગામે 'દરિયા સ્થાન'માં જગ્યા બાંધી 'ખલક દરિયા ખીમ' તરીકે ઓળખાયેલા. 'મું ને ભેટયા સદગુરુ ભાણા, દિયા મોરછાપ પરવાના...', 'જુઓને ગગનાં હેરી જ્યાં બાંસુરી બાજે ઘેરી...', 'આતમ હીરલા પાયા સંતો...', 'જા મુખસે સિયારામ ન સમર્યા તા મુખમેં તો ધૂર પરી...' અને 'હે રામૈયા તોજા રંગ તો ઘણા રે વેરેં વેરેં કુરબાન...' જેવી ભજન રચનાઓમાં જ્ઞાન, ભક્તિ અને યોગનો સમન્વય થયો છે.

ખીમસાહેબના શિષ્યોમાં પુત્ર શિષ્ય મલુકદાસજી, અને હરિજન સંત કવિ ત્રિકમસાહેબ મુખ્ય છે. કચ્છના વાગડજિલ્લાના રામવાવ ગામના હરિજન ગરોડા જ્ઞાતિમાં જન્મેલા સંત કવિ ત્રિકમસાહેબે ચિત્રોડ ગામે જગ્યા બાંધેલી, તેમના પ્રવેશથી રવિ–ભાણ સંપ્રદાયમાં 'વાડીના સાધુ'ની પરંપરા શરૂ થઈ, ત્રિકમશિષ્ય ભીમસાહેબ અને ભીમસાહેબના શિષ્ય દાસીજીવણ જેવા તેજસ્વી સંત કવિઓ આ પરંપરામાં થયા. ત્રિકમસાહેબની ભજન રચનાઓમાં ગુરુ મહિમાનું ગાન અને યોગસાધનાના અલૌકિક બયાન મુખ્ય છે. 'દેખો ખાવંદા કા ખેલ, દરશન બ્હાર મેં તો દેખ્યા...', 'ત્રિવેણીના તીરમાં મોતીડાંની હાર...', 'હે જી મારા ગુરુજીએ પાયો રે અગાધ, પ્યાલો દૂજો કોણ પીવે ?...', 'તારો રે ભરોંસો મુંને ભારી એવો ગરવો દાતાર ગિરનારી રે...', 'આવી આવી અલેખ જગાઓ બેની ! અમારે મોલે ઉત્તર દિશાથી એક રમતો જોગી આયો રે...' વગેરે અસંખ્ય ભજનરચનાઓ લોકકંઠે ટકી રહી છે. ત્રિકમસાહેબે ઈ.સ.૧૮૦૨માં રાપર જગ્યામાં જીવતાં સમાધિ લીધી હોવાનું મનાય છે. ત્રિકમસાહેબના મુખ્ય શિષ્ય થયા મોરબી પાસેના આમરણ ગામના હરિજન ગરોડા જ્ઞાતિમાં ઈ.સ.૧૭૧૮માં જન્મેલા ભીમસાહેબ. જેમણે ઈ.સ.૧૭૮૪માં 'ચિંતામણિ' ઈ.સ.૧૮૦૬માં 'ગુરુ–શિષ્ય ગોષ્ઠી' ગ્રંથોની રચના કરી છે જે આજ સુધી અપ્રકાશિત છે.'સુન લે સુખમના નારી મેં તો અજબ નામ પર વારી...', 'ઊઠત રણુંકાર અપરંપારા, અખંડ આરતી બાજે ઝણુંકારા...' અને દાસી જીવણને સાધનાનો ઉપદેશ આપતું ભજન 'જીવણ ! જીવને જ્યાં રાખીએ, વાગે અનહદ તૂરા રે...' જેવાં શબ્દસૂરત યોગના અધ્યાત્મ અનુભવોને વાચા આપતાં પદો ઉપરાંત ગુરુ મહિમાનાં ભજનો, પ્રેમલક્ષણા ભક્તિનાં વિરહ– મિલન પદો અને ત્યાગ–વૈરાગ્યનો બોધ આપતાં ચેતવણીનાં ઘણાં ભજનો હસ્તપ્રત ભંડારોમાં સચવાયાં છે. ભીમસાહેબની વિશેષ ખ્યાતિ તો સમર્થ સંતકવિ દાસીજીવણના ગુરુ તરીકેની છે.

**દાસીજીવણ** : ખીમસાહેબની શિષ્ય પરંપરામાં ત્રિકમ શિષ્ય ભીમસાહેબ પાસે દીક્ષા લઈને મધ્ય સૌરાષ્ટ્રના ગોંડલ પાસેના ઘોઘાવદર ગામના હરિજન ચમાર જ્ઞાતિમાં જન્મેલા સંત કવિ દાસીજીવણે (જ.ઈ.૧૭૫૦ સમાધિ ઈ.૧૮૨૫) સગુણ અને નિર્ગુણ સાકાર અને નિરાકાર એમ બંને અધ્યાત્મ સાધના પ્રવાહોનો સમન્વય સાધીને પુરૂષ હોવા છતાં દાસીભાવે–રાધાભાવે પરમતત્ત્વની ઉપાસના કરી છે. નિર્ગુણ–સાકાર કે સગુણ–નિરાકાર પરમ ચેતના આ સંત કવિની વાણીમાં નિરનિરાળાં રૂપો ધારણ કરે છે. યૌગિક રહસ્યાનુભૂતિ, ગુરુમહિમા, બોધ– ઉપદેશ, તત્ત્વચિંતન, ભક્તિ અને ભક્ત મહિમા અને વિશેષપણે પ્રેમલક્ષણા ભક્તિનાં વિરહ પદો તથા હરિમિલનનો કેફ વર્ણવતો ‘પ્યાલા’ પ્રકારની મસ્તી દર્શાવતી પોણાબસો જેટલી ભજન રચનાઓ લોકભજનિકોને કંઠે આજે પણ જીવંત પ્રવાહ રૂપે–કંઠસ્થ પરંપરાથી જળવાતી આવી છે.

‘અમારાં રે અવગુણ રે ગુરુજીજનં ગુણ તો ઘણાં હો જી...’, ‘સતગુરુએ મુંને ચોરી શીખવાડી, જ્ઞાન ગણેશિયો ઘડાયો રે...’, ‘મારા ગુરુજીની બલિહારી...’, ‘કહોને ગુરુજી મારું મનડું ન માને મમતાળું...’, ‘ અજવાળું રે હવે અંજવાળું ગુરુજી તમ આવ્યે મારે અંજવાળું...’ જેવાં ગુરુ મહાત્મ્યનું ગાન કરતાં ભજનો, ; ‘ દેખંદા કોઈ આ દિલ માંય ઝણણણ ઝણણણ ઝાલરી વાગે...’, ‘અબધૂ રણ રણ રણ રણ વાગે...’, ‘જા સોહાગણ જા રે ગગનમાં જ્યોત જલત હૈ જા...’, ‘આ જોને ગગનમાં ગોટકા ખેલે છે જ્ઞાની...’ જેવાં અનાહત નાદ અને સાધના અનુભવ વર્ણવતાં ભજનો, : ‘ભૂલ્યા ભટકો છો બારે મારા હંસલા કેમ ઊતરશો પારે...’, ‘શું કરવાં સુખ પારકાં...’, ‘શાને માટે ભજતો નથી સહેજે સીતારામ...’, ‘એવા દોરંગા ભેળાં રે નવ બેસીએ...’, રામભજન બિન નહીં નિસ્તારા, જાગ જાગ મન ક્યું સોતા ? જેવાં વૈરાગ્ય ઉપદેશનાં ચેતવણીપદો ; ‘મેં મસ્તાના મસ્તી ખેલું, મેં દીવાના દરશન કા...’, ‘પ્યાલો મેં પીધેલ છે ભરપૂર...’, ‘એ જી એ તો જીવણની નજરૂંમા આયો રે મોરલો ગગન મંડળ ઘર આયો...’ જેવાં અવધૂત દશાનાં મસ્તી પદો ; ‘ સાયાંજીને કે'જો રે આટલી મારી વિનતી રે જી...’, ‘પ્રેમ કટારી આરંપાર નિકસી મેરે નાથકી...’, ‘કલેજા કટારી રે, રૂદિયા કટારી રે, માડી ! મું ને માવે લૈ ને મારી...’, ‘માઠાજી મેં જાણ્યો તારો મરમ...’, ‘મેં પણ દાસી રામ તોરી દાસી...’, ‘એવા રે કામણિયાં ઓલ્યો કાનુડો જાણે...’, ‘માવાની મોરલીયે મારાં મનડાં હેર્યા રે...’, ‘જશોદા જીવનને રે માતાજી મોહનને રે કે'જે તારા કાનને...’ અને ‘શામળિયે કરી છે ચકચૂર...’ જેવાં તીવ્ર વિરહ વ્યથાનાં – પ્રેમલક્ષણા ભક્તિનાં દાસી ભાવનાં ભજનો નારી હૃદયની સુકોમેળ વેદનાનો અનુભવ કરાવે છે. પ્યાલો, કટારી, હાટડી, બંસરી, ઝાલરી, મોરલો, બંગલો વગેરે પરંપરિત રૂપકો લઈને દાસીજીવણ તળપદી લોકવાણીમાં અને કેટલાંક ભજનોમાં સધુક્કડી હિન્દી–ગુજરાતીમાં અપાર ભાવ વૈવિધ્ય ધરાવતાં ભાવ ગીતો–ભક્તિપદોનું સર્જન કરે છે.

દાસીજીવણનો શિષ્ય પરંપરામાં થયેલા કોટડા સાંગાણીના કડિયા ભક્ત પ્રેમસાહેબ, વિશ્રામસાહેબ, માધવસાહેબ અને અરજણદાસની વાણી પણ રવિ–ભાણ સંપ્રદાયના અનુયાયી ભજનિકોમાં ગવાય છે.

**રવિભાણ સંપ્રદાયના ગૌણ કવિઓ :** આ સંપ્રદાયની કવિ–શિષ્ય પરંપરામાં રાધનપુર નજીકના કલ્યાણદાસ, વાંકાનેરના રતનદાસ, રાધનપુરના મોહનદાસ, સાંતલપુરના રાધોદાસ, કચ્છ વિરાણીના તિલકદાસ, સ્વરૂપદાસ, શ્યામદાસ, મેરમદાસ, રાજુલદાસ, ગબલદાસ, લાલસાહેબ(પાટણ), ચરણદાસ, વણારસીમાતા, જીવણદાસ, ગંગસાહેબ, ભીમદાસ ચારણ, હરજીવનદાસ, જેવા નાના મોટા અનેક સંત–ભજનિક કવિઓની ભજનવાણી રવિભાણ સંપ્રદાયની જગ્યાઓમાં પડેલી હસ્તપ્રતોમાં સચવાયેલી જોવા મળે છે, એમાંની કેટલીક રચનાઓ લોકભજનિકોની મંડળીઓમાં ગવાય છે.રવિભાણ સંપ્રદાયના સાધના–સિંદ્ધાંતો અને વિચારધારા મુજબ આ દરેક સંત કવિઓની રચનાઓમાં નામનો મહિમા, ગુરુમહિમા, વૈરાગ્ય ઉપદેશ અને યોગસાધના દ્વારા પરમતત્ત્વ સાથે અનુસંધાન તથા કબીરસાહેબ કથિત શબ્દ સૂરત યોગની સાધના મુખ્ય છે. ભક્તિ, જ્ઞાન, યોગ અને કર્મ (સેવા) એ અધ્યાત્મમાર્ગના ચારે પ્રવાહોનો સમન્વય આ સંતોની વાણીમાં થયેલા જોવા મળે છે.

**નાથપંથ**

નાથપંથનો મૂળ ઉદ્‌ગમ સંપ્રદાયની માન્યતા મુજબ આદિનાથ શિવજી સાથે જોડાયેલો છે. જેને મત્સ્યેન્દ્રનાથ અને ગોરખનાથે સંગઠિત રૂપમાં પ્રવાહિત કર્યો. નાથપંથની મુખ્ય બાર જેટલી શાખાઓ–સત્યનાથી, રામનાથી, પાલકનાથી, ગંગાનાથી, નટેશ્વરી, પાવનાથી, ધર્મનાથી, માનનાથી, કપિલનાથી, રાવલપંથી, વૈરાગ્યપંથી અને માતા પંથી કે આઈનાથીમાંથી અનેક શાખા–પ્રશાખાઓ ફૂટતી રહી છે.

માનવ શરીરની સ્થૂળ અને સૂક્ષ્મ તમામ પ્રકારની ગતિવિધિઓ ઉપર પોતાનું પૂર્ણ આધિપત્ય દાખવીને 'હઠયોગ'ની ક્રિયાઓ દ્વારા પોતાની ચેતનાને શૂન્ય કે અ–મન સુધી પહોંચાડવા માટે હઠયોગી સાધકો શરીરને ખૂબ જ કષ્ટ આપે છે. નાથપંથી યોગીઓને 'કનફટ્ટા જોગી' તરીકે પણ ઓળખવામાં આવે છે કારણ કે તેઓ પોતાના કાનમાં હાથી દાંતના મોટા કુંડળ પહેરે છે. નવનાથ અને ચોરાશી સિદ્ધને પોતાના આરાધ્ય ઈષ્ટ માનીને એમની સાધના પ્રણાલી મુજબ નાથપંથી સાધકો નેતિ, ધોતી, બસ્તી, નૌલી વગેરે ક્રિયાઓ અને ખેચરી, મહા, વજોલી વગેરે મુદ્રાઓ દ્વારા ક્રિયાયોગ આચરે છે. બીજમારગી મહાપંથી પાટ ઉપાસના સમયે પણ નાથ યોગીની હાજરી હોય, રામદેવપીરના ગુરુ તરીકે પણ યોગી બાળનાથનું નામ મળે, આમ નાથ સંપ્રદાયની સાધના ધારાએ સંતસાહિત્યના ઘડતરમાં અગત્યનો ફાળો આપ્યો છે.

ગુજરાતીમાં ગોરખનાથના નામાચરણો ધરાવતી અનેક ભજન રચનાઓ મળે છે. કાં તો એ મૂળ ગોરખ રચિત રચનાઓનું ગુજરાતી કરણ કે લૌકિકી કરણ પામેલી રચનાઓ છે અથવા તો એ પરંપરામાં થયેલા સાધક યોગીઓ દ્વારા ગોરખનાથને નામે રચાયેલી ભજન કે પદ કૃતિઓ છે. ગોરખનાથ શિષ્ય કાનપરી, ભૂતનાથ, વેલનાથ, રૂખડિયો, રામૈયો, વિશ્વનાથ, તોલાપુરી, ધૂણીનાથ, કંથડનાથ, તૂડાપૂરી, મરકટનાથ, જીવણનાથ વગેરે કવિઓને નામે ગુજરાતી ભાષામાં યોગસાધના સંબંધી નાથપંથી ભજન રચનાઓ પ્રાપ્ત થાય છે, જેમાં ઉપદેશ, સાધના અવળવાણી, નાથપંથી સાધકોની ચરિત્ર કથાઓ, અને રૂપકાત્મક ભજનો છે.

**ભગવાનની ભક્તવત્સલતાનું ગાન**

વિષમતા, વિસંવાદ, કુરતા, અસ્થિરતા અને અજ્ઞાનથી ભરેલા માનવ જીવનમંચ પરના એક પાત્ર તરીકે આપણા લોકસંતોને કડવા અનુભવો થતા રહ્યા હશે, પણ એ અનુભવોને પરમાત્માની કસોટીરૂપ ગણીને હસતે મુખે સહન કરી લેવાનું તેઓ સહજ રીતે સ્વીકારતા આવ્યા છે. પોતે ભક્તો છે ને ! એટલે આ ભજનિક સંતોએ પ્રાણપ્યારા પરમાત્મા પ્રત્યેની અનન્ય ભક્તિ, મોક્ષપ્રાપ્તિના કે અન્ય કશા યે ઉદેશ વિના જ પોતાનાં ભજનોમાં વ્યક્ત કરી છે.

સમગ્ર ભારતીય ભજન સાહિત્યનાં મુખ્ય લક્ષણોમાં 'પરમાત્માની અકળ લીલા અને પૂરોગામી ભક્તોને પ્રભુએ કરેલી સહાયનું વર્ણન' એ અગત્યનું લક્ષણ છે. સૌરાષ્ટ્રના ભજનિક સંતકવિઓનાં ભજનોમાં પણ આ તત્ત્વનું આલેખન જોવા મળે છે. પ્રભુનામનું મહત્ત્વ બતાવતાં ઘણાં ભજનોમાં ખૂબ જ ભાવપૂર્ણ શબ્દોમાં જુદા જુદા ભક્તોના પ્રસંગો વર્ણવાયા છે. ભક્તિમાર્ગના બધાં કવિ–ભક્તો પુરાણોના પ્રસંગોના ઉલ્લેખો દ્વારા ભગવાનની ભક્તવત્સલતા પ્રગટ કરતા હોય છે. ક્યારેક તો એ પ્રસંગો યાદ કરાવી પ્રભુને મીઠો ઠપકો પણ આપતા હોય છે. ભજનોમાં પૌરાણિક દ્રષ્ટાંતો જેને સાહિત્યની પરિભાષામાં પુરાખ્યાન (મિથ) કહેવામાં આવે છે તેવા પ્રસંગોનું આલેખન વારંવાર થતું રહ્યું છે.ભજનોમાં વર્ણવાયેલા આ પ્રસંગોમાં વૈવિધ્ય છે. સ્વજનોએ કષ્ટ આપ્યું હોય અને પ્રભુએ ઉગાર્યો હોય એવા ભક્તો છે ધ્રુવ અને પ્રહલાદ. આ બંને ભક્તોનો ઉલ્લેખ વારંવાર સંત–ભક્તોએ પોતાનાં ભજનોમાં કર્યો છે.તો અભિમાનીઓના અભિમાન ઉતારવા પ્રભુએ અવતાર ધરી આતતાયીઓનો સંહાર કર્યો છે, ને ભક્તોને ઉગાર્યા છે એની યાદ અપાવતાં રાવણનું રાજય વિભિષણને સોપ્યું, કંસ,જરાસંધ, કાળયવન જેવા અનેકને દંડ દીધો અવા પ્રસંગોનો ઉલ્લેખ પણ ઘણાસંત–ભક્ત કવિઓ પોતાનાં ભજનોમાં કરે છે. એ જ રીતે નિંભાડામાંથી બિલાડીનાં બચલાં ઉગાર્યાં, ઊંડા જળમાં ઝૂડના મોઢામાં ફસાયેલા હાથીને બચાવ્યો, દ્રૌપદીનાં ચીર પૂર્યા, કોલવાને માથે કરૂણા કરી મંદિર ફેરવ્યાં, પાંડવોને લાક્ષાગૃહમાંથી બચાવ્યા, ટીટોડીના ઈંડા માથે ઘંટ વાળીને એની સંભાળ લીધી,

રોહિદાસ માટે શાળીગ્રામને ચલાવ્યા, અધર્મી સજના કસાઈનો ઉદ્ધાર કર્યો, નરસિંહ મહેતાને હાથોહાથ હાર આપ્યો, મીરાંબાઈના ઝેરના કટોરા અમૃત કીધાં, રામદેવ અવતારે વાણિયાનાં બૂડતાં જહાજ સ્થિર કર્યાં, ગણિકાને પણ ભક્તોમાં સ્થાન આપ્યું, અહલ્યાનો ઉદ્ધાર કર્યો, વિઠુલ પખે વેળુ વાવી ને એમાં અનાજ પકાવ્યું, હરિશ્ચન્દ્ર રાજાની કસોટી તો કરી પણ પછી સત્યવાદી તરીકે અમર કર્યો, કુંવરબાઈ મામેરાં પૂર્યાં, નામદેવનું છાપરૂં સમાર્યુ ,હળાહળ વિષ ભરેલ અજગરને ખાવાનું આપ્યું, નારદની ચોરાશી છોડાવી, અંબરિષ રાજાનો શ્રાપ ટાળવા દશ અવતાર ધર્યા, વિદુરજીની ભાજી ખાધી, શબરીનાં બોર પ્રેમથી આરોગ્યા વગેરે પ્રસંગોના ઉલ્લેખો કરીને પરમ કૃપાળુ પરમાત્માની ભક્તજનો પ્રત્યેની અનુકંપાનું વર્ણન આ સંત–ભક્ત કવિઓએ વારંવાર પોતાની ભજનરચનાઓમાં કર્યુ છે.

**મધ્યકાલીન ગુજરાતી ભક્તિસાહિત્યની લાક્ષણિકતાઓ**

ગુજરાતની વિભિન્ન સંતપરંપરાઓ દ્વારા રચાયેલા સંત સાહિત્ય તરફ દષ્ટિપાત કરીએ તો એમાં સ્પષ્ટતઃ ધાર્મિક, આધ્યાત્મિક, સાંપ્રદાયિક અને સાધનાત્મક એમ ચાર પ્રવાહો જોવા મળે. શાસ્ત્રો–પુરાણોની કથાઓ ઉપર આધારિત રચનાઓ ધાર્મિક પ્રવાહમાં હોય, વેદાન્તી તત્ત્વચિંતનની ધારા આધ્યાત્મિક રચનાઓમાં દેખાય, પોતાના સંપ્રદાયની વિચારધારાના પ્રચાર–પ્રસાર માટે, પણ રચનાઓનું સર્જન થયું હોય, તો રહસ્યવાદી સાધનાકીય અનુભૂતિઓનું બયાન સાધનાત્મક વાણીમાં થાય. જુદા જુદા સંતસ્થાનોમાં જળવાયેલી હસ્તપ્રતોમાં તથા દેશી ભજનિકોના કંઠમાં જળવાયેલી કંઠસ્થપરંપરાની વાણી–સામગ્રીમાં નીચે પ્રમાણેની સામગ્રી આપણને મળી આવે છે.

(૧) પદ કે ભજન પ્રકારની ટૂંકી રચનાઓ... જેમાં સગુણ સાકાર કે નિર્ગુણ–નિરાકારની સ્તુતિ/પ્રાર્થના હોય, ગુરુ મહિમા હોય, યોગમાર્ગની જુદીજુદી સાધનાઓનું નિરૂપણ હોય, વૈરાગ્યનો ઉપદેશ હોય, પોતાની આંતરવ્યથાનું ગાન હોય, પોતાનાં વ્યાવહારિક કાર્યો ઉકેલી આપવાની પરમાત્માને અરજ પણ હોય. પ્રેમલક્ષણા ભકિતધારામાં વિરહનીવેદના પણ હોય અને મિલનનો આનંદ પણ વર્ણવાયો હોય, તો ઉપદેશાત્મક વાણીમાં કટાક્ષમય ચાબખા હોય અને રહસ્યવાદી સાધનાત્મક વાણી ગૂઢ કે અવળવાણીના રૂપમાં હોય.

(૨) અંગ, ક્કકો, બારમાસી, વાર, તિથિ, મહિના જેવી દશથી માંડી વીસ–પચ્ચીસ કડીઓ સુધી વિસ્તરતી રચનાઓ.

(૩) પચાસથી માંડી દોઢસો કડીઓ સુધી વિસ્તરતી 'ગુરુમહિમા' 'ચિંતામણિ' કે 'ચેતવણી' અને 'ગીતા'ના નામે ઓળખાતી સાખી–દોહરા–છપ્પા કે કડવાબંધમાં રચાયેલી દીર્ઘ કૃતિઓ.

(૪) 'ગુરુવંશાવળી' કે 'ગુરુપરંપરા' દર્શાવતી સાંપ્રદાયિક રચનાઓ.

(૫) 'ગોષ્ઠિ', 'સંવાદ' કે 'પ્રશ્નોતરી' રૂપે સવાલ–જવાબના સ્વરૂપે અધ્યાત્મની પ્રશ્નોતરી દ્વારા સંપ્રદાયના સાધના અને સિદ્ધાંતો તથા તત્ત્વજ્ઞાનનું નિરૂપણ કરતી સાંપ્રદાયિક રચનાઓ.

(૬) અન્ય ભાષી સંતકવિઓની વાણીનું અનુસરણ કે અનુકરણ દર્શાવતી ગુજરાતી રચનાઓ.

**પ્રસ્તુત સંપાદન વિશે**

ભારતીય સંસ્કૃતિ, ધર્મ, અધ્યાત્મ અને વિવિધ સાધનાધારાઓ તથા સંતપરંપરાઓની ભક્તિભાવનાનું પ્રતિબિંબ અહીં સંપાદિત ગુજરાતી ભક્તિકાવ્યોમાં જોઈ શકાશે. આપણા લોક ભજનિકોના કંઠે સૈકાઓથી જળવાતી આવેલી કંઠસ્થ પરંપરાની વિશાળ, સમૃદ્ધ કાવ્ય સૃષ્ટિમાંથી અહીં તો માત્ર કેટલાંક પ્રતિનિધિરૂપ કાવ્યો–ભજનો જ અહીં પસંદગી પામ્યાં છે. ભારતીય સંસ્કૃતિના વિવિધ પાસાંઓને આત્મસાત કરીને ઉપનિષદ્‌ના ઋષિઓથી માંડી મધ્યકાળના સંતો અને અર્વાચીન સમયના ભક્ત કવિઓએ પોતપોતાની ભાષામાં એનો મહિમા જ નથી ગાયો પણ વિધવિધ સ્વરૂપો અને પ્રકારોમાં પોતાની અનુભવ સંવેદનાને ઢાળીને ; કલાત્મક રીતે નાદસૌંદર્ય, લયસૌંદર્ય અને અભિવ્યક્તિના શબ્દમાધૂર્યથી

સુમધુર પદાવલીઓનું સર્જન કરીને ; એક અણમોલ, સઘન અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો ભવિષ્યની પેઢીઓ માટે આપ્યો છે.

'ભક્તિ'નો અર્થ આ સંપાદનના સંદર્ભમાં વિશાળ રીતે ઘટાવ્યો છે. એટલે આ સંપાદનમાં સંગ્રહિત પદો– ભજનોમાં સગુણ–નિર્ગુણ ઉપાસના, જ્ઞાન, વૈરાગ્ય ઉપદેશ, યોગ સાધનાના અનુભવો, ગુરુમહિમા, તત્ત્વચિંતન, વેદાન્ત, અધ્યાત્મભાવ, શરણાગતિ, વિરહ, મિલનનો આનંદ, અનુભવની મસ્તી વગેરે વિવિધ ભાવોની અભિવ્યક્તિ જોવા મળશે. પરંતુ એ દરેક વ્યક્ત થયેલા ભાવ સંવેદનોની પાછળનું કેન્દ્રીભૂત તત્ત્વ ભક્તિ જ છે. જે તે સર્જક પોતે સગુણનો ઉપાસક હોય કે નિર્ગુણનો, યોગમાર્ગની જુદી જુદી સાધના પરંપરાનો સાધક હોય કે વેદાન્ત તત્ત્વદર્શનનો ચિંતક પણ એ દરેક પંથ–સંપ્રદાય–ફાંટાના દર્શન કે સાધના પરંપરાઓ પાછળ 'ભક્તિ' તત્ત્વ જ નિહિત રહ્યું છે.

પીએચ.ડી. પદવી પ્રાપ્ત કર્યા પછી વિશિષ્ટ પ્રકારના પૂર્ણ સમયના સંશોધન માટે મળતી રાષ્ટ્રીય કક્ષાની ડો.હોમી ભાભા ફેલોશિપ ગુજરાતમાં અને ગુજરાતી ભાષામાં સર્વ પ્રથમવાર આ લખનારને ઈ.સ.૧૯૯૦માં મળી, ત્રણ વર્ષના ગાળા દરમ્યાન કચ્છ–સૌરાષ્ટ્ર– ગુજરાતના પસંદ કરેલાં ગામડાંઓમાં ફરીને ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના પરંપરિત દેશી ભજનિકોના કંઠે સચવાયેલી કંઠસ્થ પરંપરાની ભજનવાણીનું ધ્વનિમુદ્રણ કરવાનો અવસર પ્રાપ્ત થયો અને એ નિમિત્તે આશરે પાંચસોથી વધુ કલાકોનું ધ્વનિમુદ્રણ કરી શકાયું. આ ધ્વનિમુદ્રિત સામગ્રીમાંથી પસંદ કરેલાં ૩૩૧ પદ / ભજનો અહીં લિખિત રૂપમાં સંપાદિત કરવામાં આવ્યાં છે. આ ભજનોના પાઠ આજ સુધીમાં સંપાદિત / પ્રકાશિત ભજન સંગ્રહો તથા પ્રાપ્ય હસ્તપ્રતો સાથે સરખાવીને શક્ય તેટલા સંપૂર્ણ પ્રમાણભૂત પાઠ નિશ્ચિત કરવામાં આવ્યાં છે. આમ આ સંપાદન માત્ર ગ્રંથાલયના ટેબલ ઉપર બેસીને વિવિધ સંપાદનોમાંથી ઝેરોક્સ નકલ રૂપે એકત્રિત થયેલી સામગ્રીનું સંકલનમાત્ર નથી પણ ક્ષેત્રકાર્ય દ્વારા કંઠસ્થ પરંપરામાં જળવાયેલી સામગ્રીના સંશોધન–સંમાર્જન–અભ્યાસ, પાઠનિર્ણય, પાઠાંતરોની ચકાસણી વગેરે પ્રક્રિયાઓમાંથી પાર થયેલું અધિકૃત સંપાદન છે. અહીં સંપાદિત તમામ ભજનો એના પરંપરિત તળપદા મૂળ રાગ,ઢાળ,ઢંગ,તાલમાં ધ્વનિમુદ્રિત સ્વરૂપે અમારી સંસ્થામાં સચવાયાં છે.

અહીં પ્રસ્તુત સંપાદનમાં ૧૧૭ જેટલા સંત–ભક્ત–કવિ સર્જકોના વર્ણાનુક્રમે તથા જે તે સર્જકના નામ નીચે પ્રથમ પંક્તિના આદ્યાક્ષરો મુજબ વર્ણાનુક્રમે કૂલ ૩૩૧ રચનાઓ મૂકવામાં આવી છે. પરિશિષ્ટમાં દરેક સર્જકનો પ્રમાણભૂત ટૂંક પરિચય અપાયો છે, ઉપરાંત ગુજરાતી સંતસાહિત્ય અને ભક્તિસાહિત્યનો વિશેષ અભ્યાસ કરવા ઈચ્છનારા જિજ્ઞાસુઓ માટે અત્યંત આવશ્યક એવી સંદર્ભગ્રંથસૂચિ પણ સામેલ કરવામાં આવી છે.

અંતમાં આ સંપાદનકાર્ય માટે કેન્દ્રીય સાહિત્ય અકાદેમી દ્વારા મને નિમંત્રણ અપાયું અને ગુજરાતી ભાષાના ધીરે ધીરે વિસરાતા જતા આ સંસ્કારવારસાને ભવિષ્યની નવી પેઢીઓ સુધી આ પ્રકાશન દ્વારા સુરક્ષિત કરવાના યજ્ઞકાર્યમાં હું નિમિત્ત બન્યો એ બદલ અકાદેમીના સૌ કાર્યવાહકોનો ઋણ સ્વીકાર કરું છું અને જેનાં સેવા–સમર્પણ–સાધનાનો સાક્ષાત્કાર મારા કપરા દિવસોમાં થતો રહ્યો છે– મારા સાધુજીવનને–ફક્કડ અલગારીપણાને રક્ષવા–સંરક્ષવા માટે પોતાના શરીરની અસ્વસ્થતાને ગણકાર્યા વિના , રાત દિવસ જોયા વિના ,પોતાની સગવડ–અગવડનો ખ્યાલ કર્યા વિના, મારા અડબંગ સ્વપ્નાઓને સાકાર કરવા પોતાની જાતનું–શરીરનું–સ્વાસ્થ્યનું – પોતાની તમામ ઈચ્છાઓ–આકાંક્ષાઓ–અપેક્ષાઓનું બલિદાન આપીને પણ મારી તુંડમિજાજી,અડિયલ , એકલવિહારી કાંટાળી કેડીએ મારે પગલે પગલે અને કયારેક તો મને પણ મારગ ચિંધાડતી – કેડી કંડારતી આગળ ચાલતી રહેનારી જીવનસંગિની સૌ.રક્ષાના ચરણોમાં આ સંપાદન અર્પણ કરતાં ધન્યતાની લાગણી અનુભવું છું.

તા. ૨૪ ડિસેમ્બર ૨૦૦૯,પોષ સુદી ૭,ગુરુવાર

(૫૬મો જન્મદિવસ)

ડૉ. નિરંજન રાજ્યગુરુ ( M.A.,PH.D.)

**સદસ્ય,રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી ન્યુ દિલ્હી,ગુજરાતી ભાષા–સાહિત્ય એડવાઈઝરી બોર્ડ.**
**સદસ્ય,પ્રસારભારતી–ઓલ ઈન્ડિયા રેડિયો રાજકોટ,કાર્યક્રમ માર્ગદર્શક કમિટિ.**
**સદસ્ય, ગુજરાતી સાહિત્ય પરિષદ , મધ્યસ્થ સમિતિ અમદાવાદ.**
**ટ્રસ્ટી , 'આદ્યા અભિનવ અકાદમી' ગોંડલ.**
**મેનેજિંગ ટ્રસ્ટી , સત્‌નિર્વાણ ફાઉન્ડેશન. ઘોઘાવદર.**
**નિયામક, આનંદ આશ્રમ ગૌસેવા ગોસંવર્ધન ગૌશાળા,ઘોઘાવદર.**

**સંત સાહિત્ય સંશોધન–અધ્યયન ભવન ,સંદર્ભ ગ્રંથાલય**

આનંદ આશ્રમ, ઘોઘાવદર , તા. ગોંડલ, જિ. રાજકોટ ૩૬૦ ૩૧૧

**PHONE : 02825 - 271 582 , 271 409 . Mo. 98243 71904**

અક્કલદાસ ( ઈ.સ. ૧૭૫૨ થી, ૧૮૬૮ સુધી હયાત)

(૧)

મારા પ્રેમી પ્રાણિયા રે તારો શેઠ નગરમાં છે..

મારા રામ પ્રાણિયા રે, રૂડા પ્રેમી પ્રાણિયા રે, તારો શેઠ નગરમાં છે,
ભવસાગરમાં છે, તારો ધણી નગરમાં છે ,મારા પ્રેમી પ્રાણિયા રે..
આ કાયામાં દસ દરવાજા, પચાસ લાખ માંઈ પ્રેમી,
દશ દરવાજા બાવન ખડકી, પચાસ લક્ષ છે  પ્રેમી,
નવસો નવાણું નાડી નાળવાં, દિલ ભીતરમાં ય દરિયા...
મારા રામ પ્રાણિયા રે, રૂડા પ્રેમી પ્રાણિયા રે,....૦
આ કાયામાં દેવ કચેરી, સોળ પુરુષ માંઈ સાજે,
અનહદ વાજાં શેરમાં વાજે, નવરંગ પાતર નાચે...
મારા રામ પ્રાણિયા રે, રૂડા પ્રેમી પ્રાણિયા રે,....૦
તેંત્રીસ કરોડની દેવ કચેરી, માહીં  સોળ પુરૂષ છે સાચે ,
અનહદ હંસો  તાલ મિલાવે નવસો પાતર નાચે..
મારા રામ પ્રાણિયા રે, રૂડા પ્રેમી પ્રાણિયા રે,....૦
અઠ કુળ પરવત વસે અવલિયા, નવ લાખ માંઈ નેમી,
મેરુ શિખર પર રહેવે ઓલિયા નવ લક્ષ નામા ધારી,
હાટ હવેલી દલ્લી ચૌટા, ધ્રુવ  દીપક માંઈ ધરિયા...
મારા રામ પ્રાણિયા રે, રૂડા પ્રેમી પ્રાણિયા રે,....૦
અઢારભાર વનસ્પતિ મોરી, દાડમ લીંબુ એમાં લળકે,
ચંદર સૂરજ તેજ સવાયાં જળહળ હીરલા ઝળકે...
મારા રામ પ્રાણિયા રે, રૂડા પ્રેમી પ્રાણિયા રે,....૦
હાથ ગાંધીને હીરલો લાધ્યો, મહાજન મનમાં મોયાં
પારખનારા રતન પારખુ, જોનારા ને જડશે ...
મારા રામ પ્રાણિયા રે, રૂડા પ્રેમી પ્રાણિયા રે,....૦
(ગાંધીને હાટ રતન જડિયાં મહાસંતના મન મોહ્યાં..
પારખનારા નર વચન પારખે, માંઈ જોનારાને જડશે... )
મારા રામ પ્રાણિયા રે, રૂડા પ્રેમી પ્રાણિયા રે,....૦
માલ ખજાના  ને  મૂડી  ખૂટે  નેં , વેળા  વિપતની વળશે,
સિધ્યા અક્કલદાસ ભીમને ચરણે, મથનારાને મળશે..
મારા રામ પ્રાણિયા રે, રૂડા પ્રેમી પ્રાણિયા રે,....૦

**પાઠાંતર :**
(આશા તૃષ્ણા સૌની પૂરી, મનથી ભ્રાંતિ ભાંગી,
જોધા પ્રતાપે ભણે ભવાનીદાસ, ત્યાંથી લગની લાગી...
રૂડા રામ વાણિયા રે,તારો ધણી નગરમાં છે....૦)

(૨)
અમને ગુરુજી વાલા અંતરમાં જોગણ થઈ લડાવું રે મારા જંતરમાં...

અમને ગુરુજી વ્હાલા અંતરમાં, જોગણ થઈ લડાવું મારા જંતરમાં,
એ વેરાગણ થઈ લડાવું મારા જંતરમાં.....
જળના સૌ  જીવ,  કોઈનું  બીજ નથી ઝૂઝવું વ્હાલા !

હે..એનું તાલકું વધી જાય ગુરુના તંતરમાં...
જોગણ થઈ.., વેરાગણ થઈ લડાવું મારા જંતરમાં.....૦
અહીંની કમાણી સૌને અહીં આડી આવશે વ્હાલા !
હે...સત્ય વ્હોરી લેજો ગુરજીના છત્તરમાં...
જોગણ થઈ.., વેરાગણ થઈ લડાવું મારા જંતરમાં.....૦
નારીએથી નર મોટા અમુલખ હીરા નીપજે વ્હાલા !
ઈ પરભોમે પૂજાય ગુરુના પત્તરમાં..
જોગણ થઈ.., વેરાગણ થઈ લડાવું મારા જંતરમાં.....૦
સિધ્યા રે અક્કલદાસ ગુરુ ભીમ કેરે શરણે વ્હાલા !
હે..મારું મનડું મોયેલ નૈં માયાના મંતરમાં..
જોગણ થઈ.., વેરાગણ થઈ લડાવું મારા જંતરમાં.....૦

પાઠાંતર :
(કહે રે અક્કલદાસી ત્રિકમ ચરણે,વ્હાલા !
મારું મનડું મોહ્યું નૈં માયાના મંતરમાં..)

અખો (ઈ.સ.૧૬૦૦ થી ૧૬૭૫)

(૩)

અબ મોહે અદ્‌ભુત આનંદ આયા..

અદ્‌ભુત આનંદ આયા ,
અબ મોહેં , અદ્‌ભુત આનંદ આયા.....
ક્રિયા કરાયા કછુ ભી નાહીં ;
સેજ પિયાકું પાયા.... અબ મોહે...
દેશ ન છોડયા, વેશ ન છોડયા ,
ના છોડયા સંસારા ;
ભર નિદ્રાસે જાગ પડા તો ,
મિટ ગયા સપના સારા... અબ મોહે...
ભલો કહે કોઈ બૂરો કહે કોઈ ,
અપની મતિ અનુસારા ;
અખા લોહકો પારસ પરસા ,
સોના ભયા સોનારા .... અબ મોહે...

(૪)

શાં શાં રૂપ વખાણું ?...

શાં શાં રૂપ વખાણું, સંતો રે ! શાં શાં રૂપ વખાણું ?
ચાંદા ને સૂરજ વિના, મારે વાયું છે વહાણું...
નેજા રોપ્યા નિજધામમાં, વાજાં અનહદ વાજે ;
ત્યાં હરિજન બેઠા અમૃત પીએ, માથે છત્ર વિરાજે...
નૂરત–સૂરતની શેરીએ, અનભે ઘર જોયું ;
ઝળહળ જ્યોત અપાર છે, ત્યાં મુજ મનડું મોહ્યું...
વિના રે વાદળ, વિના વીજળી, જળ સાગર ભરિયું ;
ત્યાં હંસારાજા ક્રીડા કરે, ચાંચે મોતીડું ધરિયું...
માનસરોવર ઝીલતાં, તું તો તારું તપાસે ;
તેને તીરે વસે નાગણી, જાળવજે, નહિ તો ખાશે...
ઝગમગ જ્યોત અપાર છે, શૂન્યમાં ધૂન લાગી ;

અખો આનંદ–શું ત્યાં મળ્યો, ભવભ્રમણા ભાગી...

(૫)

સઘરો સૌ મળ્યો રે, નઘરો એક નિરંજન નાથ જી...

સઘરો સૌ મળ્યો રે, નઘરો એક નિરંજન નાથ જી
ઉપદેશ આપે એકલો , જેનું હારદ ન આવે હાથ –સઘરો..૦
જેણે વણ નમુને વિશ્વ રચ્યું અને વણ મસાલે વીર જી
અવનિ રે દળ ક્યાંથી રે કાઢયું, ને ક્યાંથી કાઢયું નીર –સઘરો..૦
તેજ તે તપતું ર્ક્યું અને અનિલ કીધો અરૂપ જી
આકાશ કીધું અટપટું, એનો નુઘરો કહાવે રે ભૂપ –સઘરો..૦
નુઘરા વડે ગરવા ગુરુ તે, બાંધે ગિરિના રે બંધ જી,
તે ખટ દર્શન થઈ ખટપટે, પણ અનુભવહીણા અંધ –સઘરો..૦
તે સ્વે સાગર સઘરો કરે, જો મલી આવે આશ જી,
જેમ મૃગ મરાવ્યો મલપતો, પડે પશુને પાશ –સઘરો..૦
નુઘરો નિત રહે નિર્મળો, જેને અંતર નહીં કશું આપ જી,
તે મણિની પેઠે ઝળહળે, તેને તેજ પણ નહીં તાપ –સઘરો..૦
દિનકર વડે રાત પરખીએ, નહીં તો દિવસ નહીં રાત જી,
નિર્વાણપદ નુઘરા તણાં, નહીં વાણીની જાત –સઘરો..૦
રચના તો રચતો રૂંધી, માંહી નભ ન આવે જેમ જી,
તે ગુહ્ય રાખે ગોખલે, પણ પોત તે પસર્યું તેમ –સઘરો..૦
અધો ઉરધ ભૂમા થકું કો' જવલ્લે નહીં જોડ જી,
તેમ નુઘરો નિરદાવે રહે, જ્યાં ઘટ નહીં ઘટમોડ –સઘરો..૦
સન્મુખ થઈને સમજતાં, બોલે તો આવે વાત જી,
વાદે વળગણ વાધતાં, ભાઈ, ધામ ન પાવે ધાત –સઘરો..૦
નુઘરો તે સ્વે નરહરિ, જ્યાં દ્વૈત નહીં, નહીં એક જી,
જયમ છે ત્યમનું અખા, આ તો નેતિ નેતિનો શેષ –સઘરો..૦

(૬)

સમજણ વિના સુખ નહિ જંતને..

સમજણ વિના રે સુખ નહિ જંતને, વસ્તુ ગતિ કેમ કરી ઓળખાય ,
આપમાં વસે છે રે આત્મા રે, તેણે કાંઈ જીવપણું નવ જાય..
(આપ દરસે રે આપમાં, તો તો હું પદ સહેજે જાય..)
સમજણ વિના...
રવિ રવિ કરતાં રે રજની નહિ મટે રે, અંધારું તો ઊગ્યા પૂંઠે જાય,
હૃદે રવિ ઊગે રે નિજ ગુરુ જ્ઞાનનો રે, અંજવાળું તો સહેજે થાય..
સમજણ વિના...
જળ જળ કરતાં રે તૃષ્ણા ન ટળે રે, ભોજન કહેતાં ન ભાંગે ભૂખ,
પ્રેમરસ પીતાં રે તૃષ્ણા તુરત ટળે એમ મહાજ્ઞાનીઓ બોલે છે મુખ..
(બ્રહ્મરસ પીધે રે તૃષ્ણા ટળે , થઈ જાય આનંદ ને મહાસુખ..)
સમજણ વિના...
પારસમણિ વિના રે જે પથરા મળે રે તેણે કાંઈલોહ કાંચન ન થાય,
સમજણ વિના રે જે સાધન કરે રે તેણે કાંઈ જીવપણું નવ જાય..
સમજણ વિના...
દસ મણ અગ્નિ રે લખીએ કાગળ પરે એને લઈ રૂમાં જો આલેપાય,
એની અગ્નિથી રે રૂ નથી દાઝતું, એક રતિ અડયે સાચો પ્રલય થાય..
સમજણ વિના...
જીવપણું મટે રે અનહદ ચિંતવ્યે રે એ તો વાણી રહિત છે વિચાર,

જે જે નર સમજ્યા રે તે તો ત્યાં શમ્યા રે ,કહે અખો ઊતર્યા પેલે પાર..
(કહે અખો સમજ્યા તે ખરા, સમજ્યા તે પરાત્પરને પાર..)
સમજણ વિના...

(૭)
સંતો રે અચવ્યો રસ ચાખો...

સંતો રે અચવ્યો રસ ચાખો,
ચવ્યો ચિત્તમાંહે નવ ધરો, વિચારીને નાખો–
સંતો રે અચવ્યો રસ ચાખો...૦
જે વણસે તે ઊપજે, ઊપજે તે વણસે,
પંચ વિષેથી જે રહે પરો, તેમાં સદ્ય ભળસે –
સંતો રે અચવ્યો રસ ચાખો...૦
માપમાં આવ્યાં શાને ગણો ? આપ અળગું જાણો,
જેમ દરશન સંપુટ ભીડતાં, જોતાં નથી બંધાણો –
સંતો રે અચવ્યો રસ ચાખો...૦
પિંડ બ્રહ્માંડ છે જે વડે, નથી તે કોઈ માટે,
જેમ ભર્યું ભાંડ મૂકી કરી, ઝેરચુવાણી કાં ચાટો ?
સંતો રે અચવ્યો રસ ચાખો...૦
લીલાવિગ્રહ વિશ્વનો, તે વિશ્વમાં મૂકો,
અણઆયાસે પરમાત્મા, જોતાં કાં ચૂકો ? –
સંતો રે અચવ્યો રસ ચાખો...૦
પહેલો થાપે આપને, સાહામો થપાયે,
થાપે સ્થિર તે નવ રહે, ધ્યેય–ધ્યાતા જાયે –
સંતો રે અચવ્યો રસ ચાખો...૦
તેજ ત્રિલોકી દેખીએ, તેજ તેજને રૂપ.
જેમ ડોળા ચક્ષુ નિરમલા, સરખા રંક ભૂપ –
સંતો રે અચવ્યો રસ ચાખો...૦
દેવદર્શીનું દેખવું અખે જોયું ખોલી,
ખેચરગત ખેચર લહે, ભૂચરને દોહલી –
સંતો રે અચવ્યો રસ ચાખો...૦

સંતો ! સમજીને રહીએ...

સંતો ! સમજીને રહીએ...
મન વાણી જ્યાં પહોંચે નહીં ત્યાં અજરામર રહીએ...
–સંતો સમજીને રહીએ....૦
પૃથ્વી વિના પગ માંડવો, વિણ વાટે દીવો,
જે ઘર જાવું મૂઆ પછી, તે ઘર જીવતાં જુઓ...
–સંતો સમજીને રહીએ....૦
નાહીં ચંદા , સૂરજ નાહીં, નહીં કોઈ નવલખ તારા,
દિન ઊગે ને દિસે નાહીં, વાકા તેજ અપારા...
–સંતો સમજીને રહીએ....૦
પવન નહીં, પુરુષ નહીં, નહીં કોઈ જ્યોત અંજવાળાં,
હું નહીં, તું નહીં, તે નહીં એસા અપરંપારા...
–સંતો સમજીને રહીએ....૦
કહે અખો ગુરુગમસે, સંતો જુઓને વિચારી,

અન્ય પદ ઈચ્છે નહીં, જેણે મમતાને મારી...
—સંતો સમજીને રહીએ....૦

અખૈયો (ઈ.સ.૧૭૬૨માં હયાત)

કાં નીદરમાં સુવો ? અરે , તમે જરા વિચારી જુવો..

કાં નિંદરમાં સુવો ? અરે, તમે જરા વિચારી જુઓ
અજ્ઞાની લોકો રે , તમે કાં નિંદરમાં સુવો ?
– અજ્ઞાની લોકો રે,તમે કાં નિંદરમાં સૂવો ?..
માત પિતાની સેવા રે કરતાં શ્રવણ સરગે ગિયો
સંસારીનું કલંક ન લાગ્યું સદા અવીચળ રિયો....
– અજ્ઞાની લોકો રે,તમે કાં નિંદરમાં સૂવો ?..
ઓસડ વેસડ નામ નારાયણ ઘોળી ઘોળીને પીઓ
જડી બુટી કાંઈ કામ નૈં આવે, વૈદ જ પોતે મુઓ...
– અજ્ઞાની લોકો રે,તમે કાં નિંદરમાં સૂવો ?..
પીળા પિતાંબર પહેરતો ઈ માણેકીયો પણ મુઓ
ભુતનાથ ચરણે ભણે અખૈયો, જૂનાં ખાતાં ખોલીને જુઓ..
– અજ્ઞાની લોકો રે,તમે કાં નિંદરમાં સૂવો ?..

જિયાં રે જોઉ ત્યાં નર જીવતા..

જિયાં રે જોઉ ન્યાં નર જીવતા, મરેલા ન મળે કોઈ ;
મરેલાને જો મરેલા મળે, તો એને આવાગમન નો હોય...
—જિયાં રે જોઉ ન્યાં નર જીવતા...
મડદું પડયું મેદાનમાં જીવો રે હાં...
ઈ તો કોઈના કળ્યામાં નો આવે રે હાં...
કામ ક્રોધ ને ઈરખા, હે જી ઈ તો ત્રણેને ખાઈ જાવે રે...
—જિયાં રે જોઉ ન્યાં નર જીવતા...
મડદાનો ખેલ મેદાનમાં જીવો રે હાં...
એને કોઈ રતીભાર ચાખે રે હાં...
એક રે અક્ષરનો અનુભવ કરી, એને રૂદિયામાં રાખે...
—જિયાં રે જોઉ ન્યાં નર જીવતા...
જીવતા માણસને જોખો ઘણો જીવો રે હાં...
મરેલાને કોણ મારે રે હાં...
જોખમ મટી જાય જેને જીવનું, ઈ તો જમડાં પાછા વાળે...
—જિયાં રે જોઉ ન્યાં નર જીવતા...
મન રે મારીને મેંદો કરે જીવો રે હાં...
ગાળીને કરે એનો ગોળો રે હાં...
ભૂતનાથ ચરણે અખૈયો ભણે, જેણે લીધો સંતનો ઓળો...
—જિયાં રે જોઉ ન્યાં નર જીવતા...

હરિ ને હરિજન બેઉ એક છે..

હરિ ને હરિજન બેઉ એક છે , જેમ પાણીમાં પાણી ,
આતમ સર્વે એક છે , ઝાઝું કહેવું શું જાણી...

–હરિ ને હરિજન દોનું એક છે.....૦
જાતિ નવ પૂછો સંતની, સાંભળો મુખડાની વાણી ;
મૂલ રે કરો એનો જ્ઞાનનું , સુરતા લઈએ પિછાણી..
–હરિ ને હરિજન દોનું એક છે.....૦
ક્યાંથી આવ્યો આતમ પંખીયા, તુજને પૂછું રે પ્રાણી ;
જાવાનું ક્યાં જગ છોડયા પછી ? એની દે જે એંધાણી..
–હરિ ને હરિજન દોનું એક છે.....૦
વેદ , પુરાણ ને કુરાન માં, રાખે કોઈ એની રહેણી ;
ભૂતનાથ ચરણે અખૈયો ભણે ,વાત કોઈ વીરલાએ જાણી..
–હરિ ને હરિજન દોનું એક છે.....૦

હરિ મંદિરમાં હોય થાળી..

હરિ મંદિરમાં હોય થાળી, મારા પ્રભુ મંદિરમાં હોય થાળી
તમે જમોને મારા વનમાળી..... હરિ મંદિરમાં હોય થાળી......૦
લોટો ભર્યો છે જળ જમના નીર વાલા ! લોટો ભર્યો છે જળ જમના નીર ;
આચમન કરો ને વ્હાલા બળભદ્રના વીર.. હરિ મંદિરમાં હોય થાળી..૦
ઉનાં ઉનાં ભોજન ટાઢાં થાય, વ્હાલા ! ઉનાં ઉનાં ભોજન ટાઢાં થાય ;
પાપડ પુરી માંહે વડીનો વઘાર .. હરિ મંદિરમાં હોય થાળી....૦
લવીંગ સોપારી, જાય ફળ જોડ, વ્હાલા ! લવીંગ સોપારી ,જાયફળ જોડ;
મુખવાસ કરોને મારા રાય રણછોડ... હરિ મંદિરમાં હોય થાળી..૦
શેરીએ શેરીએ પડાવું સાદ, વ્હાલા ! શેરીએ શેરીએ પડાવું સાદ ;
નો લીધો હોય તેને આપો પ્રસાદ... હરિ મંદિરમાં હોય થાળી...૦
આ થાળી અમરા પુરમાં જાય, વ્હાલા ! આ થાળી અમરાપુર જાય ;
ભુતનાથ ચરણે અખૈયો ગુણ ગાય... હરિ મંદિરમાં હોય થાળી....૦

અત્તરશાહ

નામ રૂપ ગુણ ગાઈ અલખ મારી જંતરી ખૂબ બજાઈ રે.

નામ રૂપ ગુણ ગાઈ, અલખ મારી
જંતરી ખૂબ બનાઈ રે... હો... જી...
જલકી બુંદ જુગત સે જમાઈ, ને
તા બિચ પવન ઠેરાઈ રે... હો... જી...

હાડ ગુડા ઔર લોહી જ માંસા,
તા પર ચમડી ચડાઈ...
– અલખ મારી જંતરી ખૂબ બનાઈ રે...૦
સજન સુતારીએ ઘડી જંતરી,
પાંચ તત્ત્વ સંગ લાઈ રે... હો... જી...
નવ માસમાં પૂર્ણ કરી ભાઈ,
નખ–શીખ રોમ ને રાઈ...
– અલખ મારી જંતરી ખૂબ બનાઈ રે...૦
સાત સાયર ને નવસેં નદીયું,
તરવેણી ઘાટ પર લાઈ રે... હો... જી...
શૂન્ય મંડલમાં મારાં સોહં બિરાજે,

ઝળહળ જ્યોતું દરશાઈ...
– અલખ મારી જંતરી ખૂબ બનાઈ રે...૦
છત્રીશ વાજાં માંહી રાસ રચ્યો રે,
અનભે નોબત બજાઈ રે... હો... જી...
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર માંહી,
જેણે અવિચળ પદવી પાઈ...
– અલખ મારી જંતરી ખૂબ બનાઈ રે...૦
ગુરુ ભોલાનાથ મારા માથા–મુગટ,
જેણે ઠામોઠામ દરશાઈ રે... હો... જી...
સૂરજગર શરણે ભણે અત્તરશાહ
પ્રેમ પ્રીતસેં ગાઈ...
– અલખ મારી જંતરી ખૂબ બનાઈ રે...૦

અમરબાઈ (ઈ.સ.૧૭૨૫–૧૮૦૦માં હયાત)

કોણ રે જાણે બીજું કોણ રે જાણે ,મારી હાલ રે ફકીરી..

કોણ તો જાણે, બીજું કોણ તો જાણે, મારી હાલ રે ફકીરી !
દેવાંગી વિનાનું બીજું કોણ તો જાણે...
માલમી વિનાનું બીજું કોણ તો જાણે... –મારી હાલ રે ફકીરી...
જળની માછલિયું અમે પવને સંચરિયું રે,
ખરી રે વરતી રે મારી લગીરે ન ડોલે... –મારી હાલ રે ફકીરી...
કાચનાં મોતીડાં અમે હીરા કરી જાણશું રે,
અઢારે વરણમાં મારા હીરલા ફરે... –મારી હાલ રે ફકીરી...
ચોરાશી સિદ્ધની ધૂણી પરબે બિરાજે રે,
સમરથ પુરુષ ભેળા રાસ રમે... –મારી હાલ રે ફકીરી...
પરબે જાઉં તો પીર શાદલ મળિયા રે,
શાદલ મળ્યેથી મારાં નેણલાં ઠરે... –મારી હાલ રે ફકીરી...
ભગતિનો મારગ ઓલ્યા નુગરા શું જાણે રે,
સમજ્યા વિનાના ઈ તો નોખાં નોખાં તાણે... –મારી હાલ રે ફકીરી...
દેવાંગી પ્રતાપે સતી અમરબાઈ બોલ્યાં રે,
સમરથ સેવે તો રૂડી સાનું મળે... –મારી હાલ રે ફકીરી...

અમરસંગ રાજા(ઈ.સ.૧૮૪૩ સુધી હયાત)

જાવું છે નીરવાણી આતમાની કરી લે ઓળખાણી..

જાવું છે નીરવાણી આતમાની કરી લેને ઓળખાણી
રામ, ચેતનહારા ચેતીને ચાલો, જીવ ! જાવું છે નીરવાણી...
હરીશ્ચંદ્ર રાજા પૂરા સતવાદી, જેને ઘેર તારામતી રાણી રે ,
સત્યને કારણે ત્રણે વેચાણા, ને ભર્યાં નીચ ઘેર પાણી..
–રામ, ચેતનહારા ચેતીને ચાલો, જીવ ! જાવું છે નીરવાણી...
રાવણ સરીખા રાજીઆ, જેને ઘેર મંદોદરી રાણી રે ,
જેને હુકમે સૂરજ ચાલે એની લંકા રે લુંટાણી..
–રામ, ચેતનહારા ચેતીને ચાલો, જીવ ! જાવું છે નીરવાણી...
કુંભા સરખો રાજીઓ , જેને ઘેર પંદરસો રાણી રે ,

ઉત્તર ખંડથી આવ્યો ચારણ, માંગી કુંભા કેરી રાણી..
—રામ, ચેતનહારા ચેતીને ચાલો, જીવ ! જાવું છે નીરવાણી...
રાજા રે જાશે, પરજા રે જાશે,જાશે રૂપાળી રાણી રે ,
ઈન્દ્ર ને ઈન્દ્રાણી જાશે, જાશે બ્રહ્મા ને બ્રહ્માણી..
—રામ, ચેતનહારા ચેતીને ચાલો, જીવ ! જાવું છે નીરવાણી...
માટી રે ભેળી માટી રે થાશે, પાણી ભેળાં પાણી રે ,
કંચન વરણી કાયા તારી રામ , થાશે ધુળ ને ધાણી..
—રામ, ચેતનહારા ચેતીને ચાલો, જીવ ! જાવું છે નીરવાણી...
અવીચળ પદ તો ધ્રુવને આપ્યું , દાસ પોતાનો જાણી રે ,
રાજ અમરસંગ એમ જ બોલ્યા, અમર રહી ગઈ વાણી ...
—રામ, ચેતનવાળા ચેતીને ચાલો, જીવ ! જાવું છે નીરવાણી...

દયા દિલમાં ધાર, તારી બેડલી ઉતરે પાર,એ મન દયા દિલમાં ધાર જી...

દયા દિલમાં ધાર, તારી બેડલી ઉતરે પાર,એ મન દયા દિલમાં ધાર જી...
દયા સમોવડ નથી બીજો, ધરમ અવનિ મોજાર જી,
દયા દીનતા અંગ જેને ,એનો સફળ છે અવતાર... એ મન દયા...
જપ તજ સાધન કોટિ કરે જન, દર્શન કરે કેદાર જી,
પ્રતિ દિન વાણી વ્યાસની, શું વાંચ્યેથી વળનાર !... એ મન દયા...
શાણો થઈને શાસ્ત્ર શીખ્યો, શીખ્યો વિવિધ વેવાર જી,
અંતે એ નથી કામ ના , તારી દયા કરશે કામ... એ મન દયા...
સંત રૂડા જગતમાં , કોઈ સમજે તેનો સાર જી,
રાજ અમર કે એવા સંતો , મારા પ્રાણના આધાર... એ મન દયા...

અરજણ( દાસી જીવણ શિષ્ય)

ગુરુ મેરી નજરે મોતી આયા,ભેદ બ્રહ્મકા પાયા..

ગુરુ ! મેરી નજરું મેં મોતી આયા, હે જી મેં તો ભેદ બ્રહ્મકા પાયા ..
– ગુરુ ! મેરી નજરું મેં મોતી આયા.....૦
ઓહં સોહંકા જાપ અજપા, ત્રિકુટિ તકિયા ઠેરાયા ;
ચાલી સુરતા કિયા સમાગમ, સુખમન સેજ બિછાયા ...
– ગુરુ ! મેરી નજરું મેં મોતી આયા.....૦
અક્ષરાતીતથી ઊતર્યા મોતી, શૂન્યમેં જઈને સમાયા ;
વાકા રંગ અલૌકિક સુન લે, ગુરુ ગમસે સૂઝ પાયા ...
– ગુરુ ! મેરી નજરું મેં મોતી આયા.....૦
મોતી મણિમેં મણિ મોતી મેં, જ્યોતમેં જ્યોત મિલાયા ;
ઐસા અચરજ ખેલ અગમકા, દિલ ખોજત દરસાયા ...
– ગુરુ ! મેરી નજરું મેં મોતી આયા.....૦
અરસ પરસ અંતર નહીં નિરખ્યા, હરખ પરખ ગુણ ગાયા ;
દાસ અરજણ જીવણ કે ચરણે, પરાપાર મેં પાયા ...
– ગુરુ ! મેરી નજરું મેં મોતી આયા.....૦

આનંદઘન (ઈ.સ.૧૭મી સદી)

નિશાની કહાં બતાવું રે, તેરો અગમ અગોચર રૂપ..

નિશાની કહાં બતાવું રે, તેરો આગમ અગોચર રૂપ
—નિશાની કહાં બતાવું રે....૦
રૂપી કહું તો કછુ નહિં રે, બંધે કૈસે અરૂપ ?
રૂપારૂપી જો કહું પ્યારે, ઐસે સિદ્ધ અનૂપ..
—નિશાની કહાં બતાવું રે....૦
સિદ્ધ સરૂપી જો કહું રે, બંધ ન મોક્ષ વિચાર ;
ન ઘટે સંસારી દશા પ્યારે, પુન્ય પાપ અવતાર..
—નિશાની કહાં બતાવું રે....૦
સિદ્ધ સનાતન જો કહું રે, ઉપજે વિણ સે કૌણ ?
ઉપજે વિણસે જો કહું પ્યારા, નિત્ય અબાધિત ગૌન...
—નિશાની કહાં બતાવું રે....૦
સર્વાંગી સબ નય ધણી રે, માચે સબ પરમાન ;
નયવાદી પલ્લો ગ્રહી પ્યારે, કરે ભરાઈ ઠાંન...
—નિશાની કહાં બતાવું રે....૦
અનુભવ ગૌચર વસ્તુકો, જાણવો યહ ઈલાજ ;
કહન સુનન કછુ નહીં પ્યારે, અબ આનંદઘન મહારાજ...
—નિશાની કહાં બતાવું રે....૦

આંબેવ

બહુનામીનું બાનું બેની! મારે..

બહુનામીનું બાનું બેની ! મારે બહુનામીનું બાનું...
પ્રીતમ શું પ્રીતિ પ્રગટ વરતાણી, હવે કેમ કરી રાખું છાનું ? બેની ! મારે...
વારે તેને વઢવાને વળગું, મત કેની ન માનું... બેની ! મારે...
નશાં આવી તારે નરભેં થઈ રહું, નામ નથી કંઈ નાનું... બેની ! મારે...
અંધારું અંતરમાંથી અળગું થ્યું, રૂદે પ્રગટયા રવિ ભાનુ... બેની ! મારે...
આંબેવ કહે અળગાં ક્યાં જઈએ,મારે પડયું તમ સાથે પાનું...બેની ! મારે...

કચરો—મેઘ કચરો

આ સમે ભાઈ જાગો રે...

આ સમે ભાઈ જાગો હે જી જી જી.. જાગે એને જગન ફળ હોય
હે જી જોડે ને સજોડે હવે જાગ્યા નર કોઈ..
— આ સમે ભાઈ જાગો હે જી...૦
અરે, રાજા પ્રેલાદ ભલે જાગ્યા હે જી જી જી, એની જોડે રતનાવળી હે નાર ;
આ જુગ રે પેલામાં એણે પાવળ વરતાવી,સોના કેરે કળશે રે, એની સતીયે ઝીલ્યો છે નિજાર ;
એની પાટે થિયો છે પરકાશ, પાંચ રે કરોડે રાયવર ઊતર્યા ભવપાર...
— આ સમે ભાઈ જાગો હે જી...૦
અરે, રાજા હરચંદ ભલે જાગ્યા રે જી જી જીએની સાથે તારામતી હે નાર ;
જુગ રે બીજામાં એણે પાવળ વરતાવી ,રૂપા કેરે કળશે રે, એની સતીયે ઝીલ્યો છે નિજાર ;
એની પાટે થિયો છે પરકાશ સાત રે કરોડે રાયવર ઊતર્યા ભવપાર...
— આ સમે ભાઈ જાગો હે જી...૦
એજી રાજા યુધિષ્ઠિર ભલે જાગ્યા હે જી જી જી,એની સાથે દ્રુપતી છે નાર ;
જુગ રે ત્રીજામાં એણે પાવળ વરતાવી,ત્રાંબા કરે કળશે રે, એની સતીએ ઝીલ્યો છે નીજાર ;
એની પાટે થિયો છે પરકાશ નવ રે કરોડે રાયવર ઊતર્યા ભવપાર...

– આ સમે ભાઈ જાગો હે જી...૦

એજી રાજા બલિ ભલે જાગ્યા હે જી જી જી, એની હાર્યે વિંજાવળી છે નાર ;
જુગ રે ચોથામાં એણે પાવળ વરતાવી, માટી કેરે કળશે રે, એની સતીએ ઝીલ્યો છે નિજાર ;
એની પાટે થિયો છે પરકાશ ,બાર કરોડે રાયવર ઊતર્યા ભવપાર
કહે મેઘ કચરો એવા નર થોડા સવરા મંડપમાં માલે સજોડા...

– આ સમે ભાઈ જાગો હે જી...૦

કતીબશા

આ પંથ કોણે રે બતાવ્યો એ રાહોળ માલા..

આ પંથ કોણે રે બતાવ્યો, રાહોળ માલા ! , જાગો મારા જૂના જૂના જોગી રે હો.. હો.. જી..
હોઈ જા રે સાધુ રે , બની જા વેરાગી રે , સુધર જાયે કાયા રે હો... જી..
કિયા કિયા જુગમાં તારા મંડપ રોપાણા માલદે ! કિયા રે જુગમાં તારા નેડા ?
તારા ક્યિા રે જુગમાં , લગન તો લખાણા, રાહોળ માલા ! –હોઈ જા રે સાધુ રે, બની જા વેરાગી રે હો જી...૦
ઘર કેરી નારી તને ખારી ખારી લાગે ,તને પરનારીનો સંગ મીઠો મીઠો લાગે
કહે રે કતીબશા, સુણો રે રાહોળ માલા !રાણી રૂપાદેનું કહ્યું હવે માનો રાહોળ માલા !

–હોઈ જા રે સાધુ રે, બની જા વેરાગી રે હો જી...૦

કનડપરી

હરિગુણ ગાયો સદા સુખ પાયો..

હરિગુણ ગાયો સદા યે સુખ પાયો,
રામા ! પાર પહોંચાડી દિયે પલમાં,

–ગુણપતિ, હરિ ગુણ ગાયો અકલમાં રે..જી...

દેવ દૂંદાળા તને સમરિયે, પ્રથમ પાળો પરતમાં,
સમરિયે સુખ સંપતિ દિયે, એટલા ગુણ તુજમાં.

–ગુણપતિ, હરિ ગુણ ગાયો અકલમાં રે..જી..

પેરો પીતાંબર શાલ દુશાલા, દાતા ! કટાર કસી લ્યો કમરમાં જી,
રંગમહોલમાં આવે છે રમતા, પોઢે સેજ પલંગમાં...

–ગુણપતિ, હરિ ગુણ ગાયો અકલમાં રે..જી...

સાન સુનાયા, ઈ બાનું સમરો, ઉપન્યા ગણેશ ઈ સ્વરમાં જી...
ગુરુ ગોવિંદ દોનું એક એકરૂપ હે, હિલમિલ રિયા રુદામાં...

–ગુણપતિ, હરિ ગુણ ગાયો અકલમાં રે..જી...

મેરું કરોને મેરબાન મુજ પર, દરસન દિયોને દેવળમાં જી,
ગુરુ પ્રતાપે ગાય કનડપરી, ગુરુજી કેરા ભજનમાં...

–ગુણપતિ, હરિ ગુણ ગાયો અકલમાં રે..જી...

કબીર

અખંડ સાહેબજી કો નામ..

અખંડ સાહેબજી કો નામ, ઔર સબ ખંડ હૈ ,
ખંડિત મેરુ સુમેર, ખંડિત આ બ્રહ્માંડ હૈ...
ધરતા નહીં ક્યું રે ધ્યાન ? ઔર સબ દ્વન્દ્વ હૈ ,
લક્ષ ચોરાશીકા જીવ, માયા કેરો ફંદ હૈ...
જા કું ગુરુજીસે પ્રીત, સોઈ નિરબંધ હૈ,

સોઈ સંતન કે સંગ, સદા હી આનંદ હૈ...
ચંચળ મન સ્થિર રાખ, સોઈ ભલો રંગ હૈ ,
ઉલટ સુલટ ભર પીવ, અમૃત ગંગ હૈ...
દયા ધરમ ઘટ રાખ, ભગતિ કો અંગ હૈ ,
કહે કબીર સત સંત, જગત પતંગ હૈ...

અગમ ભુમિ દરશાયા..

અગમ ભૂમિ દરશાયા,
સંતો, ઐસા અમર ઘર પાયા.
પૃથ્વી જલ તેજ અરુ વાયુ, ઔર ગગનકી છાંયા,
આપ આપમેં ઉલટા પરખ્યા, તુરીયાને ખેલ રચાયા.
કોન ઉપજે ને કોન વણસે, કોન તરે કોન તારા ?
જલ કા તોરિંગ જલસેં ઉપજે, ફેર ન જલસે ન્યારા.
ભરિયા કુંભ જલ હીં જલ કા, બાહર ભીતર પાની,
વણસ્યા કુંભ સમાણા જલ મેં, બુઝત વિરલા જ્ઞાની .
હતા અથાહ થાહ સુધ પાઈ, સાયર લહેર સમાની,
ઢિમ્મર જાળ દોર કહા કરહીં, મીન ભયા જબ પાની .
બિન ગુરૂજ્ઞાન ધુંવા જિસ બાદલ, એળે જનમ ગુમાવે,
કહે કબીર ગુંગા કી સૈનાં, ગુંગા કું ગમ આવે ..

આજ આનંદ લેર લાગી કબીરા..

આજ આનંદ લેર લાગી કબીરા ! કબકા ભયા રે વેરાગી ?
ચાંદો ભી નોતા સૂરજ ભી નોતા, નોતા નવલખ તારા ,
મહાદેવજી કા જનમ ભી નોતા, તબ કા ભેખ હમારા..
ધરણી નહીં ત્યાં પાંવ ધરું મેં , નીર નહીં વહાં નાઉં ,
પૃથ્વી નહીં ત્યાં પાવ રખું , નહીં ખંડ ત્યાં જાઉં...
સતજુગમાં સત પાવડી લીધી , દ્વાપરમાં ખપ્પર ડંડા ,
ત્રેતાજુગમાં આડબંધ બાંધ્યા, કળજુગમાં ઝોલી ઝંડા..
સેજે સેજે મુને સતગુરુ મળીયા, ગુરુ મળ્યા રામાનંદા ,
કહત કબીર સુનો ભાઈ સાધો , અભી ભયા આનંદા ..

આંબો મોર્યો રે સદગુરૂ નેં દરબાર રે..

આંબો મોર્યો રે સદગુરુને દરબાર , રે સાહેલી મોરી ...
ઈ રે આંબે હાં .. એવા સતગુરુએ થાણા સ્થાપીયાં
વાવ્યાં વાવ્યાં કાંઈ નિર્ગુણ બીજ રે , સાહેલી મોરી આંબો મોર્યો...૦
ઈ રે આંબો હાં.. એવા અષ્ટ કમળ દળે ઉપન્યો ;
એનીં ડાળી ગઈ રે ગગન મોઝાર રે, સાહેલી મોરી આંબો મોર્યો...૦
ઈ રે આંબે હાં.. એવા પત્રે પત્રે અમી ઝરે ;
એના ઘૂમટની રે શોભા બહુ જ દેખાય રે ,સાહેલી મોરી આંબો મોર્યો...૦
ઈ રે આંબો હાં.. એવી ભ્રમર ગુફામાંથી ફાલીયો ;

ફળ લાગ્યાં રે બ્રહ્મ શૂન્ય મોઝાર રે ,સાહેલી મોરી  આંબો મોર્યો...૦
ઈ  રે આંબો હાં.. ફળ  દેખીને ગ્રહી રહ્યો ;
શુદ્ધિ ચાખતાં રે મરી મરી જાય રે ,સાહેલી મોરી   આંબો મોર્યો...૦
ઈ  રે આંબા નો રસ અતિ કડવો – તીખો ઘણો ;
ઈ  તો કોઈક વીરલાને  પેટ સમાય રે સાહેલી મોરી   આંબો મોર્યો...૦
ઈ    રે આંબો નો રસ હાં.. થોડે થોડે સાધતાં ;
ઈ   તો  પોતે અમર બની વાકું ખાય રે , સાહેલી મોરી  આંબો મોર્યો...૦
ઈ   રે આંબાનો રસ રતી એક ઘટમાં જો સંચરે ;
એને તરત રે અપનો સાયબો દેખાય રે સાહેલી મોરી  આંબો મોર્યો...૦
કહત કબીરા સુણો ધરમદાસા રે ,
અમ્મર આંબો  રે મેં તો દીયો બતાય રે સાહેલી મોરી આંબો મોર્યો...૦

ઈતના તો ભેદ ગુરૂ હમકો બતાદો સમજ પકડ ગુરુ મોરી બૈયાં રે..

ઈતના ભેદ ગુરુ : હમકો બતા દો, હમકો બતા દો,
સમજ પકડો ગુરુ મોરી બૈયાં રે... હો... હો... જી...
જલ કેરી મછિયાં જળમાં વિયાણી... જલ કેરી મછિયાં... (૨)
ઈંડા એના અધર જમાયા... હો... હો... જી.
ઈ રે ઈંડામાં છીંડાં રે નોતાં... ઈ રે ઈંડામાં... (૨)
પવન એમાં કહાં સે પધરાયા રે... હો... હો... જી...
– ઈતના ભેદ ગુરૂ...
ધરતી પર બાવે ચૂલા રે બનાયા... ચૂલા રે બનાયા... (૨)
આસમાન તવા રે ઠેરાયા રે... હો... હો... જી...
ચાર ચાર જુગ કી લકડી જુલાઈ... ચાર ચાર જુગ કી... (૨)
ધુંવા એના કહાં રે સમાયા રે... હો... હો... જી.
– ઈતના ભેદ ગુરૂ...
ગગનમંડળમાં ગૌવા રે વિયાણી... ગોવા રે વિયાણી... (૨)
ગોરસ અધર જમાયા રે... હો... હો... જી.
સંતોએ મિલકર ક્રિયા રે વલોણા... સંતોએ મિલકર... (૨)
માખણ કોક વિરલે પાયા રહે... હો... હો... જી.
– ઈતના ભેદ ગુરુ...
શૂન રે શિખર પર ભમરગુફા મેં, આસન અધર ઠેરાયા રે...
કહત કબીરા, સુનો ભાઈ સાધુ !
સમજ્યા સોઈ નરને પાયા રે... હો... હો... જી.
– ઈતના ભેદ ગુરૂ...

ખાખ મેં ખપી જાના બંદા માટી મેં મીલ જાના..

ખાખ મેં ખપી જાના બંદા, માટી મેં મીલ જાના,
તમે મત કરો અભિમાના એક દિન પવન સે ઉડ જાના     ખાખ મેં.
માટી ચુન ચુન મહેલ બનાયા, મૂરખ કહે   ઘર મેરા,
નહીં ઘર મેરા નહીં ઘર તેરા,  ચિડિયા રેન બસેરા હે..     ખાખ મેં.
જાડાં પહેરો,  ઝીણાં પહેરા, પહેરો મલમલ આછાં,
રૂપીયે ગજની  મશરૂ પહેરા તો ય , નહીં જીવનની આશા..     ખાખ મેં.
સોનાં પહેરો, રૂપા પહેરો, પહેરો હીરલા સાચા,
હીરાના હાર એકાવળ પહેરો, તો ય મરણ કેરા ફાંસા..     ખાખ મેં.
એક દિન જીવો ભાઈ! દો દિન જીવો ,જીવો વરસ બે પચાસા,
કહત કબીરા સુનો ભાઈ સાધુ  , તો ય મરણ કેરી આશા..     ખાખ મેં.

ગરવ કીયો સોઈ નર હાર્યો સિયારામજીસે ..

ગરવ ક્યિો સોઈ નર હાર્યો, સિયારામજી સે ગરવ કિયો સોઈ નર હાર્યો રે.. .
ગરવ ક્યિો એક રત્નાકર સાગરે, રત્નાકર સાગરે
નીર એનો ખારો કરી ડાર્યો.. સિયારામજી સે ગરવ કિયો સોઈ નર હાર્યો રે.. .
ગરવ ક્યિો એક વનની ચણોઠડીએ, વનની ચણોઠડીએ
મુખ એનો કારો કરી ડાર્યો...સિયારામજી સે ગરવ કિયો સોઈ નર હાર્યો રે.. .
ગરવ ક્યિો જબ ચકવાને ચકવીએ , ચકવાને ચકવીએ
રૈન વિયોગ કરી ડાર્યો... સિયારામજી સે ગરવ કિયો સોઈ નર હાર્યો રે.. .
ગરવ ક્યિો જબ અંજનીના જાયાએ અંજનીના જાયાએ
પાંવ એનો ખોડો કરી ડાર્યો... સિયારામજી સે ગરવ કિયો સોઈ નર હાર્યો રે.. .
ગરવ ક્યિો જબ લંકાપતિ રાવણે, લંકાપતિ રાવણે
સોન કેરી લંક જલાયો.. સિયારામજી સે ગરવ કિયો સોઈ નર હાર્યો રે.. .
કહત કબીરા સુનો ભાઈ સાધુ, સુન મેરે સાધુ રે..
શરણે આવ્યો વાં કો તાર્યો, સિયારામજી સે ગરવ કિયો સોઈ નર હાર્યો રે.. .

જોતાં રે જોતાં રે અમને જડિયાં રે સાચાં સાગરનાં મોતી..

જોતાં રે જોતાં રે અમને જડિયાં રે સાચાં સાગરનાં મોતી...
લીલાં લીલાં મોતીડાં રે હાં... સંતો ભાઈ ! પીળાં પીળાં...
તખત તરવેણીના તીરમાં... સાચાં સાગરનાં મોતી...
જોતાં રે જોતાં રે...
ઝીણાં ઝીણાં મોતીડાં રે... સંતો ભાઈ ! નેણલે પીરોતી
ગગન મંડળમાં હીરલા રે સાચાં સાગરનાં મોતી...
જોતાં રે જોતાં રે...
ઈ રે મોતીડાં રે હાં... સંતો ભાઈ ! કોઈ લાવો ગોતી...
એનો રે બનું રે હું તો દાસ રે... સાચાં સાગરનાં...
જોતાં રે જોતાં રે...
કહત કબીરા રે હાં... સંતો ભાઈ ! સૂનો મેરે સાધુ...
સાધુડાં લેજો રે મોતીડાં ગોતી રે... સાચાં સાગરનાં મોતી...
જોતાં રે જોતાં રે...

ડર તો લાગ્યો રે સોઈ દનકો સાંયાજી , અમને ડર રે લાગ્યો..

સાયાંજી ! અમને ડર તો લાગ્યો રે સોઈ દનકો.. સોઈ દિનકો રે ઘડી પલકો...
આ રે કાયા તો માટી ફેરો મટકો , ફુટતાં નહીં વાગે રે રણકો ... સાયાંજી.
આ રે કાયા માં સંતો!બાગ રે બગીચા, વાડી રે ચરી જશે વન કેરો મૃગલો..સાયાંજી.
આ રે કાયામાં સંતો !હાટ ને બજારું, વણજ કરી લે એક પલકો... સાયાંજી.
એક વાર સાહેબ સૌનેં બોલાવે રે ,લેખાં લેશે પલ પલકો... સાયાંજી.
કહત કબીરા સુન ભાઈ સાધો ,આજ કો દિન હે આનંદ કો.. સાયાંજી.

તુમ દેખો દરિયા કી લહેરી, સદગુરુ શબદ લ્યો હેરી..

તુમ દેખો દરિયા કી લહેરી, સદગુરુકા શબદ લ્યો હેરી..
સદગુરુ શબદે હેરી, મેરે સાધો ! દેખો દરિયાકી લહેરી...
–તુમ દેખો દરિયા કી લહેરી, સદગુરુકા સબદ લ્યો હેરી...૦
ઉલટી દોર ગગન જઈ લાગી, વહાં બઢી એક દેરી ;

એ દહેરીમેં અલખ બીરાજે, સુરતા લાગી વહાં મેરી...
—તુમ દેખો દરિયા કી લહેરી, સદગુરુકા સબદ લ્યો હેરી...૦
એ દહેરીમેં અષ્ટ કુલ પર્વત, નવસે નદીયાં ઘેરી ;
આસપાસ રત્નાકર સાગર બિચમેં મીઠી વેળી...
—તુમ દેખો દરિયા કી લહેરી, સદગુરુકા સબદ લ્યો હેરી...૦
એ દહેરીમેં બાજા બાજે, બાજે આઠે પહોરી ;
તાલ, પખાજ, મૃદંગ ખૂબ બાજે, બાજે બંસી ઘેરી...
—તુમ દેખો દરિયા કી લહેરી, સદગુરુકા સબદ લ્યો હેરી...
બિના મૂલ કા તરુવર રચિયા, પૂષ્પ ખીલ્યાં ચો ફેરી ;
છાંવ ધૂપ કુછ હૈ નહીં વા કી , ફલ લાગ્યાં ખૂબ ઢેરી...
—તુમ દેખો દરિયા કી લહેરી, સદગુરુકા સબદ લ્યો હેરી...૦
અગમ અગોચર પુરુષ જહાં રહેતા ,લગન લગી વહાં મેરી
કહત કબીરા ખોજો પ્યારે , નિર્ગુન માલા ફેરી...
—તુમ દેખો દરિયા કી લહેરી, સદગુરુકા સબદ લ્યો હેરી...૦

### દુઃખડાં અમારાં રે હાં...

દુઃખડાં અમારાં રે હાં... સંતો ભાઈ ! વહેંચી વહેંચીને લેનાં રે હાં હાં હાં હાં...
એ જી એસા કોઈ બ્રહ્મજ્ઞાની ! અમને મારગ તો બતાવો રે...
—એસા રે ગુરુ જ્ઞાની ! અમને, મારગડા બતાવો રે...૦
વન ફરી જોયું રે હાં.. હાં .. હાં.... હંસારાજા ! વન ફરી જોયું રે હાં..હાં...હાં..
આ રે નગરીમાં બાઈ ! , એવી કાયા રે નગરીમાં સંતો ! કોઈ સગું નૈ અમારૂં રે...
—એસા રે ગુરુ જ્ઞાની ! અમને, મારગડા બતાવો રે...૦
સૂની સૂની સેજમાં રે હાં... હાં .. હાં.... હંસારાજા! નાખું રે નિસાસા રે હાં...
એવી રેન રે અંધારી , બેની ! મારો સાયબો રીસાણો રે ..
—એસા રે ગુરુ જ્ઞાની ! અમને, મારગડા બતાવો રે...૦
ઊડી ઊડી ચાલ્યાં રે હાં .. હાં .. હાં.... હંસારાજા ! દેશ વિદેશા રે હાં... હાં .. હાં....
મારા રૂઠડા રામૈયાનો કોઈ લાવે રે સંદેશો રે...
—એસા રે ગુરુ જ્ઞાની ! અમને, મારગડા બતાવો રે...૦
કહત કબીરા રે હાં.. હાં .. હાં.... સંતો ભાઈ ! સૂનો મેરે સાધુ હાં.. હાં .. હાં....
રામના ભજન વિના,ભાઈ ! હરિના ભજન વિના, જાશે જિંદગાની રે..
—એસા રે ગુરુ જ્ઞાની ! અમને, મારગડા બતાવો રે...૦

### પાણીડા શેની મશે જાવું મોરી મૈયા, કુવે પર આસન જોગીયા..

પાણીડાં શેની મશે જાવું મોરી મૈયા ! કૂવે પર આસન જોગીયા,
કાચા ઘડાની ઠીકરી ને , ઘડી ઘડી મુવો રે કુંભાર,
રાજા રાવણ જેવા હાલ્યા ગયા રે ,વો તો , લંકાના સરદાર... કુવે પર...
દેશ ફરી પરદેશ ફરી મું ને, સં ત મળ્યા રે અપાર,
જીને દીઠે રે મુંજા નેણાં ઠરે રે બાયું ! એન જા પડયા રે દુકાળ.. કુવે પર...
કાં તું મનવા મરી જા, ને કાં તારી મમતા ને માર,
આઠે પહોરના દાઝેલ દુઃખડાં , દુઃખડાં સહયા નવ જાય... કુવે પર...
ગુરુએ પાસા ઢાળીયા રે, ખોજો આપ શરીર ,
રામાનંદકી ફોજમાં રે ભાઈ ! સનમુખ લડે રે કબીર... કુવે પર...

### ભાઈ ! મારો સાથીડો રીસાણો , એને કોણ મનાવા જાય ? ..

ભાઈ ! મારો સાથીડો રીસાણો ,એને કોણ મનાવા જાય ?
કાચી માટીના ઘાટ ઘડૂલા, તે પણ ફુટી જાય ,
પરદેશીની પ્રીતલડી ભાઈ ! પલમાં તૂટી જાય...
—ભાઈ ! મારો સાથીડો રીસાણો...૦
પિંજરામાંથી પોપટ હાલ્યો, પીંજર ઝોલાં ખાય,
સરખી મળી સાહેલીઓ કાંઈ, અવળા મંગળ ગાય...
—ભાઈ ! મારો સાથીડો રીસાણો...૦
પાંચ તત્વ કા પિયુ હમારા, તે છોડયા કેમ જાય,
જ્ઞાન ગરીબી રૂદિયા મેં રખ લે, થનાર હોય સો થાય...
—ભાઈ ! મારો સાથીડો રીસાણો...૦
સદગુરુકા સુમરન કરી લે, હરદા કમલ ખૂલી જાય,
કહત કબીરા, સુનો ભાઈ સાધુ ! વૈકુંઠવાસી થાય...
—ભાઈ ! મારો સાથીડો રીસાણો...૦

મન ના રંગાયે, રંગાયે જોગી કપડા..

મન ના રંગાયે, રંગાયે જોગી કપડા...
આસન માંડી મંદિરમેં બૈઠે, નામ છાંડી પૂજન લગૈ પથરા...
—મન ના રંગાયે રંગાયે જોગી કપડા...૦
કનવા ફટાય જોગી જટવા બઢૌલે,દાઢી બઢાય જોગી, હોઈ ગૈલે બકરા..
—મન ના રંગાયે રંગાયે જોગી કપડા...૦
જંગલ જાય જોગી ધૂનિયા રમૌલે, કામ જરાય જોગી બની ગૈલે હીજરા..
—મન ના રંગાયે રંગાયે જોગી કપડા...૦
મથવા મુંડાય જોગી, કપડા રંગૌલેં, ગીતા બાંચ કે હોઈ ગૈલે લબરા..
—મન ના રંગાયે રંગાયે જોગી કપડા...૦
કહત કબીરા સુનો ભાઈ સાધુ ,જમ દરવજવાં બાંધત જૈ બે પકરા...
—મન ના રંગાયે રંગાયે જોગી કપડા...૦

રામ રસ પ્યાલા હે ભરપૂર ,પીયો રે કોઈ ઘટક ઘટક ઘટક..

રામરસ પ્યાલા હૈ ભરપૂર પીયો રે કોઈ ઘટક ઘટક ઘટક...
ગુરુ લાગી શબદ રી ચોટ, કલેજામેં ખટક ખટક ખટક..
—રામરસ પ્યાલા હૈ ભરપૂર....૦
સદગુરુ શબદકી ચોટ લગી હે , કલેજા બિચમેં ખટક ,
નૂરત સૂરતકી સીડી પકડ કર, ચઢ જાવ સંતો ચટક ચટક..
—રામરસ પ્યાલા હૈ ભરપૂર....૦
તનકો ખોજો,મનકો ધોજો , ચડેગા પ્રેમરસ ચટક ,
ઈસ કાયામેં ચોર કું પકડો ,મનવાકુ મારો તુમ પટક પટક પટક..
—રામરસ પ્યાલા હૈ ભરપૂર....૦
સાધક સિદ્ધક કછુ નવ સાધે, ઐસી માયા કી હૈ લટક,
તીરથ બરત જો કુછ કરના, વો તો હે મરના ભટક ભટક ભટક...
—રામરસ પ્યાલા હૈ ભરપૂર....૦
અધર બાંસકો ખેલ રચ્યો હૈ, ચઢે સો શૂરા કોઈ નટક
દાસ કબીર કી જ્ઞાન ગોદડી ,બીછાલો સંતો કોઈ ઝટક ઝટક ઝટક..
—રામરસ પ્યાલા હૈ ભરપૂર....૦

**પાઠાંતર : અનભે સૂરજ ઊગ્યા ગગનમેં, હૂવા ઉજિયારા કોઈ ફટક,**
**તનમેં બસા વો ચોરકું પકડલે, માર દે ઉનકો પટક પટક પટક..**

**અધર તખત પર આપ હી ખેલ, સાધુ ખેલે કોઈ નટક,**
**સુરતા દોરી ચડી ગગન પર,ચડી ગયા કો ચટક ચટક ચટક..**
**દયા ધરમમેં સાહેબ મિલેગા, માયા હે કોઈ અજબ,**
**જાતર સ્નાન કર કરકે કિતને,મર ગયે ભટક ભટક ભટક...**
**મુજમેં સાહેબ,તુજમેં સાહેબ,બીચમેં કૈસી અટક,**
**તોલાપુરીકી જ્ઞાન ગોદડી,ઓઢી લિયો કોઈ ઝટક ઝટક ઝટક..**

લાગ્યાં શબદનાંબાણ રે,જેનાં પ્રેમે વીંધાણા પ્રાણ,ભજનમેં ઘુમત રેનાં રે..

લાગ્યા શબદનાં બાણ રે, જેનાં પ્રેમે વીંધાણા પ્રાણ ;
ભજનમેં ઘુમત રેનાં જીયો રે , જેને લાગ્યાં શબદનાં બાણ રે હો જી...
સાહેબ કા ઘર દૂર હે, બંદા જૈસી લંબી ખજૂર ;
ચડીએ તો પાવે પ્રેમ રસ, અને પડે તો ચકનાચૂર...ભજનમેં...0
માખી બેઠી મધ ઉપર બંદા, પાંખલડી લપટાય ;
ઉડણ કા સંશય ભયા, મન સમજ સમજ પછતાય... ભજનમેં...0
છીપ વસત સમંદર મેં બંદા, કયા સાયરકા લેત ;
બુંદ ઝીલે આકાશ કા બંદા, જશ સાયર કું દેત... ભજનમેં...0
તેરા સાહેબ તુજમેં બંદા, જયું પથ્થરમેં આગ ;
જો ચાહે દીદાર કું બંદા, ચકમક હોઈ કે લાગ... ભજનમેં...0
ક્યા બખતરકા પેરના બંદા, ક્યા ઢાલન કા ઓઢ,
સાચા હોય ઈ સનમુખ રે'વે , જેને લાગી શબદની ચોટ.. ભજનમેં...0.
હાડ જલે જેમ લાકડી બંદા , ખનખન જલે રે શરીર,
રામાનંદકી ફોજમાં બંદા, સનમુખ લડે રે કબીર ... ભજનમેં...0

વા પંખી મોહે કોણ બતાવે ..

વા પંખી મોહે કોણ બતાવે, જે રે બોલે ઘટમાંહી હો,
અવરણ વરણ રૂપ નહીં રેખા, બેઠા નામ કી છાયી હો.
એ હી તરવર બિચ એક પંછેરા,જુગત બિચ લઈ ડાર્યા હો,
વા કી સણંદ લખે ના કોઈ, કોણ ઠોર વા બોલે હો,
ધૂળમાં ઝાડ જા કી ઘન છાયા પીછે વિચાર કો' ના કીના હો,
આવે સાંજ, ઊડ જાય સવેરા,મરમ કોઈ ના જાણ્યા હો.
અપરંપાર નિરંતર વાસા,આવતા જાવત ના દીસે હો,
કહત કબીર સુણો ભાઈ સાધો, ઈહાં કછુ જુગતિ કહાની હો.

જ્ઞાન ગરીબી સાચી સંતો...

જ્ઞાન ગરીબી સાચી સંતો, જ્ઞાન ગરીબી સાચી,
બિન સમજ્યા સાધુ હોઈ બેઠા,રૂદિયે હાંડી કાચી રે –
ભેખ લિયા પણ ભેદ ન જાન્યા,બેલ ફરે જેમ ઘાણી,
સત્ય શબદ કા મરમ ન લાધ્યા,પૂજે પથરા પાણી રે –
સુંદર ભેખ બન્યો અતિ લાલા,ઉપર રંગ લગાયા,
કાચી હાંડી ગલ ગઈ માટી,વિરલે નીર જમાયા રે –
કરડા તાપ દિયે તો બગડે,કાચી કામ ન આવે,
સમતા તાપ દિયે તો સુધરે,જતન કરીને પાવે રે
ભેખ લઈ મુખ મીઠા બોલે,સબ કું શીશ નમાવે,
કહે કબીર સમજ પારખ બિન હીરો હાથ ન આવે રે .

કરમણ　　　　　　　　　　　　　　　નાઈ ધોઈને કરે અસનાના..

નાઈ ધોઈ ને  કરે  અસ્નાના,  માયલાનો  મેલ તારો નૈં જાવે ;
ધ્યાન વિનાનો  ધૂન મચાવે,   ન્યાં સાહેબ મારો  નૈં  આવે...     નાઈ ધોઈને...૦
વૈષ્ણવ થઈ વિવેક ન જાણે,નિત ઊઠીને નાવા જાવે ;
નટવા હોકર નાચ નચાવે,ન્યાં સાહેબ મારો નૈં આવે...          નાઈ ધોઈને...૦
જોગી હોકર જટા વધારે,કામ કરોધ બાવો બહુ લાવે ;
ભભૂતિ લગાડી ભવ હારે,તોય ન્યાં સાહેબ મારો નૈં આવે...      નાઈ ધોઈને...૦
ભમ્મર ગુફામાં સાધે ગોટકા,વીર વિદ્યા બાવો બહુ લાવે ;
સમાધિભાવે  બાવો કરે સાધના,ન્યાં સાહેબ મારો નૈં આવે...    નાઈ ધોઈને...૦
ધન માલનો કરે ઢગલો,ઈ પણ તારી હાર્યે નૈં જાવે ;
કરમણને ગુરુ મોરાર મળિયા,ગરીબ થઈ ગુરુ ગુણ ગાવે...       નાઈ ધોઈને...૦

કલ્યાણ

આ પલ જાવે રે, કરી લેને બંદગી.. (લાલદાસના નામેપણ ગવાય છે.)

ગઈ પલ ફેર નહીં આવે રે, કરી લે ને બંદગી ;
આ પલ જાવે રે, કરી લેને બંદગી...
કરો મન ગ્યાના, ધરી લેને ધ્યાના ;
મૂરખા ! મૃગજળ દેખી ક્યું લલચાવે રે...
– આ પલ જાવે રે, કરી લેને બંદગી...૦
શિરને માથે છે વેરી, લીધો તું ને ઘેરી ;
સૂતાં બંદા નીંદરા  તું ને  કેમ આવે રે...
– આ પલ જાવે રે, કરી લેને બંદગી...૦
એક દિન મરના હૈ, ધોખા નવ ધરના ;
મુખમેં રામનામ કેમ ભૂલાવે રે...
– આ પલ જાવે રે, કરી લેને બંદગી...૦
કહે છે કલ્યાણ' સાબ, સતગુરુ શરણે,
આમાં પ્રેમીજન હોય ઈ તો પાવે રે...
– આ પલ જાવે રે, કરી લેને બંદગી...૦

કાજી મામદશા

જોબનીયા કોણ  વાટે ગિયા દેખોને તમે પગં પગા( તાનસેનના નામે પણ ગવાય છે)

જોબનીયા કોણ વાટે ગિયા !  દેખો ને  તમે પગં  પગા...
કાલી ભમર ઉડન લગી...  આ બેઠા માથે ધોબી બગા,
નૈનન મેં સે તેજ ગિયા ને,  દેખત હૈ અબ ટગમટગા...          જોબનીયા કોણ વાટે ગિયા !  ...
હાથ નેં પાંવ અબ ધ્રુજન લાગ્યા જી, ચાલત હૈ  ડગમડગા,
મુખડેમેંસે દાંત ગિયા હે, બોલત હૈ અબ ફગમફગા...          જોબનીયા કોણ વાટે ગિયા !  ...
જોબન મેરા રંગીલા,  જૈસે કસુંબીકા રંગા,
જોબન મેરા ફીરસે મિલે તો , રખું મૈં અબ ગલે લગા...         જોબનીયા કોણ વાટે ગિયા !  ..

જોબન તું ને ઐસી કીની , દે ગયા દેહીકો દગા,
કાજી મામદશાની વીનતી, અબ તો સુણી લ્યો તમે ખુદા... જોબનીયા કોણ વાટે ગિયા ! ...

મારી મમતા મરે નહીં એનું મારે શું કરવું ..

મારી મમતા મરે નહીં એનું મારે શું રે કરવું ?વાલીડો છે દીનનો દયાળ,
મારું ચિત્ત રે ચડાવ્યું સંતો ચાકડે , થિર નહીં થાણે રે લગાર..
–મમતા મરે નૈં એનું મારે શું રે કરવું....૦
જોગીના સ્વરૂપ ધરીને મેં જોયું, પેર્યો મેં તો ભગવો રે ભેખ,
એટલા જોગે રે મારું મન થિર નૈં,જોવો મારે જોગેસરનો દેશ...
–મમતા મરે નૈં એનું મારે શું રે કરવું....૦
એવા રાજાનું સ્વરૂપ ધરીને મેં જોયું , સંતો ! મારે ધનનો નહીં પાર રે
એટલા ધને મારું મન થિર નો થિયું લૂંટયો મેં સઘળો સંસાર રે....
–મમતા મરે નૈં એનું મારે શું રે કરવું....૦
ગુરુ ! મેં તો પંડિતનું રૂપ ધરી જોઈ લીધું, સંતા ! હું તો ભણ્યો વેદ ને પુરાણ રે
એટલી વિદ્યાએ મારું મન થિર નો થિયું , કીધા મેં પેટને માટે પાપ રે...
–મમતા મરે નૈં એનું મારે શું રે કરવું....૦
એવી છીપનું સ્વરૂપ ધરીને મેં જોયું , કીધો મે તો મધદરિયે વાસ રે,
એટલા જળે મારું મન થિર નો થિયું, લાગી મને કાંઈ સુવાંતુંની આશ રે...
–મમતા મરે નૈં એનું મારે શું રે કરવું....૦
મારાં ચિત્ત રે ચડાવ્યા સંતો ! ચાકડે , થિર નહીં થાણે રે લગાર
કાજી રે મામદશાની વીનતી, સુણો તમે સંત સુજાણ,સુણી લેજો ગરીબનિવાજ..
–મમતા મરે નૈં એનું મારે શું રે કરવું....૦

મેલી મત જાવ મનૈં એકલી રે વણજારા ..

છોડી મત જાજે મું ને એકલી વણજારા રે , જીયો રામ..
મેલી મત જાજે તારે દેશ ,જી હો વણજારા જી રે વણજારા...
ડુંગર માથે દેરડી વણજારા રે , જીયો રામ..
ચડી ચડી જોઉં તારા વાટ,જી હો વણજારા જી રે વણજારા...
સોનું જાણી મેં સંગ કર્યો વણજારા રે , જીયો રામ..
મારા કરમે નીકળ્યું કથીર,જી હો વણજારા જી રે વણજારા...
દૂધે ભરી તળાવડી વણજારા રે , જીયો રામ..
એની મોતીડે બાંધી પાળ,જી હો વણજારા જી રે વણજારા...
કાયા છે કાચની પૂતળી વણજારા રે , જીયો રામ..
એને તૂટતા નહિ લાગે વાર,જી હો વણજારા જી રે વણજારા...
કાજી મામદશાની વિનતી વણજારા રે , જીયો રામ..
તમે રહી જાવ આજની રાત,જી હો વણજારા જી રે વણજારા...

કાપડી બાવો

મારી જરા–મરણ ભે ભાંગે..

મારી જરામરણ ભે ભાંગે રે... મારા લખ ચોરાશી ફેરા ટાળે રે...
મું ને એસા મળે ગુરુ અમર આરાધી...
વ્હાલા મારા , વનરા વનમાં તપીઓ તપસ્યા સાંધે,
જરા મરણની એને ખબર્યુ નથી, ઈ તો માયા મમતા માંગે હરિ...
મારી જરા મરણ ભે ભાંગે...

વ્હાલા મારા દેવી ને દેવતા ,પીર પેગંબર, સરવે મલીદા માંગે હરિ
જમરાજા આવે એના જીવડાને લેવા પછે સરવે જુજવા ભાવે હરિ...
મારી જરા મરણ ભે ભાંગે...
વ્હાલા મારા ,તખત તરવેણીના મોલમાં ,નિયાં અનહદ વાજાં વાગે હરિ
અગમ ખડકી ખોલી દિયો ઈ માં ઝલહલ જ્યોતું જાગે હરિ...
મારી જરા મરણ ભે ભાંગે...
વ્હાલા મારા સત ગુરુજીની સાનમાં અમને કળજગ કડવો લાગે હરિ
દોઈ કર જોડી બાવો કાપડી બોલ્યા મારો સતગુરુ પાર ઉતારે હરિ...
મારી જરા મરણ ભે ભાંગે...

કાળાભગત(જન્મ :ઈ.સ.૧૮૫૪)

અનહદ ભાતનાં ઝીણાં જંતર વાગે..

અનહદ ભાતનાં રે ઝીણાં જંતર વાગે, ઘડિયાળાંના માથે રે ઘડિયાળાં વાગે.
દિલાવર દેશમાં આનંદ વાજાં વાગે, ગુરુની ગાદી આગળ જ્ઞાન નોબત ગાજે.
—અનહદ ભાતનાં રે ઝીણાં જંતર વાગે...૦
તાલ તંબુરા મડદંગ મંજીરા ટણંક ટોકર વાગે,
ગુરુની ગાદી આગળ ઝણઝણ ઝાલર વાગે..
—અનહદ ભાતનાં રે ઝીણાં જંતર વાગે...૦
એ ગુરુ મારો અનેકરૂપી ખોલણહારો ખોલે,
અંતર ખડકી જુઓ ઉઘાડી તો એ બેઠો બોલે.
—અનહદ ભાતનાં રે ઝીણાં જંતર વાગે...૦
ખારા સમુદ્રમાં મીઠી વીરડી, એ પાણીડાં ભાવે,
એ સમદરિયો જોવો તપાસી, સર્યું ક્યાંથી આવે.
—અનહદ ભાતનાં રે ઝીણાં જંતર વાગે...૦
શેરીએ શેરીએ સાદ પડાવ્યું, અવિચળ પદવી પાવે,
ચોક મેદાનમાં સાવર નાખ્યું, પાંચ ધૂણી ત્યાં તાપે.
—અનહદ ભાતનાં રે ઝીણાં જંતર વાગે...૦
શીશ નમાવી દેહા ચરણે, બોલ્યા કાળા દાસી ;
ગરીબ થઈને ગુણ ગાવ્યા, તે દાસીની પણ દાસી.
—અનહદ ભાતનાં રે ઝીણાં જંતર વાગે...૦

કાળુભગત—દાસ કાળુ

**દેખો ભાઈ અખંડ આરતી વાગી આપ ખોજયા ને હૂવા અજવાળા..**

દેખો ભાઈ અખંડ આરતી વાગી , આપ ખોજયા ને હૂવા અજવાળાં,
જયોત આતમની જાગી.. – દેખો ભાઈ અખંડ આરતી વાગી....૦
સતગુરુએ જેને ભેદ બતાયા,નામની નોબત વાગી,
જાગ્યા રણુકાર સેજે સ્મરણ,સુન પર ખુમારી લાગી..
– દેખો ભાઈ અખંડ આરતી વાગી....૦
ભેદ જાણ્યાને બ્રહ્મ પ્રગટિયા,અનભે અંગમાં લાગી,
ઈંગળા પીંગળા અમર ઢોળે,સેજે સુખમણ જાગી...
– દેખો ભાઈ અખંડ આરતી વાગી....૦

પુરણ પરશોતમ પંડમાં પ્રગટયાં,મનોહર મોરલી વાગી,
ઉનમુન થઈને ઉભી અપસરા,સુરતા સુંદરી સુહાગી...
– દેખો ભાઈ અખંડ આરતી વાગી....૦
કોટિનકોટિ સૂર પ્રગટયા,સોહંગ કળાયુ જાગી,
દાસ કાળુ કે સંતો મંગળગર ચરણે,સુરતા સાનમાં લાગી..
– દેખો ભાઈ અખંડ આરતી વાગી....૦

કાયમદીન

વિવાહ માંડયો રે સ્વામી અલખ શું..

વિવાહ માંડયો રે સ્વામી અલખ શું સતગુરુ દીનદયાળ રે...
જ્ઞાન તણો ગોળ વહેંચિયો ચેતન વહેવાઈએ સાર રે,
સુરત કન્યાને પહેરાવિયો પ્રેમ તણો રે ગળે હાર રે.
જાપ અજંપા કુટુંબ મળ્યું સહુ સખી મંગળ ગાય રે
લહે રૂપૈયો રે વધામણ થયાં તે તરવેણી ઘરમાં ય રે..
–વિવાહ માંડયો રે સ્વામી અલખ શું..૦
બોલી તે માતા વેરાગની શામળો ને મન વેવાણ રે
પાંચ પચીસ તારા કુટુંબી,, કાલ ઊઠી કરશે બાઝાતાણ રે
સગાંસગાંમાં વેર દેવાડે દૂતી માયા તે સમસ રે
ઈનું કહ્યું જો તું નહીં કરે રહેશે તારે સગાઈમાં રસ રે..
–વિવાહ માંડયો રે સ્વામી અલખ શું..૦
ખાઈ ખુદીને બોલડા બોલજો ,મુખમાં છે મોહકાણ રે
જેવે હેતે સગાઈ કરી, તેવું હેત રાખજો વેવાણ રે
અંગે જરીયાન સર્વે સજ્યાં, પહેરી તે સત તણી સાડી રે
મહાસુનમાં રે માંડવે ઊભા ,તે વર લઈ હાથ ઝાલી રે..
–વિવાહ માંડયો રે સ્વામી અલખ શું..૦
અગમ અગોચર ચોરી રચી, ફેરાફેરી બેઈ મળી કીધી રે
હાથ ઝાલી રે ભેટ સતગુરુ ,સ્વામીએ અલખને દીધી રે
સ્વામીજીને ત્યાં નોબત બાજે, ગેબી અનહદ અપાર રે
ઝલમલ ઝલમલ દેખિયું ,દર્શન વરજીનું મેં સાર રે..
–વિવાહ માંડયો રે સ્વામી અલખ શું..૦
કાયમદીન ચીશ્તી એ વિવાહને ,સમજી જે કોઈ ગાશે રે
અમર પદને સાસરે, સત કહું તે જન જાશે રે..
–વિવાહ માંડયો રે સ્વામી અલખ શું..૦

કેશવ

ગરવા પાટે પધારો ગુણપતિ..

જમા જાગરણ કુંભ થપાણાં મળીયા જતિ અને સતી ,
ગરવા પાટે પધારો ગણપતિ.
પાટે પધારો ગુણપતિ સંગમાં સુદ્ધ બુદ્ધ નારી સતી,
– ગરવા પાટે પધારો ગુણપતિ....૦
નિજીયા પંથી મંડપ રોપ્યા, ધરમ ધજાયું ફરકતી

ગત ગંગા આરાધે દેવતા ,   નરનારી એક મતિ
—ગરવા પાટે પધારો ગુણપતિ....૦
વેદ ભણંતા બ્રહ્માજી આવ્યા, આવ્યાં માતા સરસ્વતી
કૈલાસથી ભોળાનાથ પધાર્યા સાથે પાર્વતી સતી
—ગરવા પાટે પધારો ગુણપતિ....૦

તેત્રીસ કોટિ દેવતા આવ્યાં આવ્યા લક્ષ્મી પતિ
બાવન વીર ને ચોસઠ જોગણી આવ્યાં છે હનમો જતિ
—ગરવા પાટે પધારો ગુણપતિ....૦
નવનાથ ને સિદ્ધ ચોરાશી આવ્યા છે ગોરખ જતિ
પોકરણથી પીર રામો પધાર્યા એ તો બાર બીજના પતિ..
—ગરવા પાટે પધારો ગુણપતિ....૦
કેશવ તમને વિનવે સ્વામી, મંગળકર મુરતિ
ધુપ ધુપ અને ઝળ હળે જ્યોતિ ઉતારૂં આરતી
—ગરવા પાટે પધારો ગુણપતિ....૦

જય જય પીર રામા,  પ્રભુ જય જય.. (આરતી)

જય જય પીર રામા પ્રભુ ! જય જય પીર રામા
અધમ ઓધારણ દેવા (૨) હિન્દવા પીર નામા
ત્રિવિધ તાપ નિવારણ, રણુંજા  નિજ ધામા,
ભૂજ ભમરિયો ભાલો (૨) કેશરિયા જામા ..જય જય..
લીલે ઘોડે અસવારી ધોળા ધ્વજ વાળા,
ભાંગે ભીડ ભગતોની (૨) પરગટ પરચાળા ..જય જય..
ચડે ધુપ ને ગુગળ ઘીના દીપ થાતા,
દુઃખ વિનાશક દેવા (૨) જય ત્રિભુવન ત્રાતા  ..જય જય..
મટે કોઢ ને રોગ અંધાપા ટળતા,
વંઝા સંતતિ પામે (૨) તમ ભકિત ફળતાં..જય જય..
નકળંગ નાથ નિજારી કંઈ ભગતો તાર્યા,
ભાર ભૂમિનો હરવા (૨) પાપી સંહાર્યા.જય જય..
રામાપીરની આરતી, જે કોઈ ગાશે,
કેશવ કહે એ જનને (૨) સુખ સંપતિ  થાશે....જય જય..

મનડું હર્યું  રે મારું મનડું હર્યું રણુંજાના રાયે મારું..

મનડું હર્યું રે મારું મનડું હર્યું રે , રણુજાના રાયે મારૂં મનડું હર્યું...
ધોળી રે ધજાયું  પીરને લીલુડો તે ઘોડલો રે,
જરકસી જામે મારૂં ચિત્તડું હર્યું  રે...           રણુજાના...૦
પરગટ પરચા પીરે ,  પૂર્યા ઘણેરા રે,
મનનું માનેલું મારૂં કારજ સર્યું  રે..  રણુજાના...૦
ધુન  ધણી એ  તો , દેવળ વાળો રે,
લગની લાગી રે એની ,જગ વીસર્યું  રે..        રણુજાના...૦
દુખીયાનો બેલી રામા નાથ નીજારી રે,
કેશવ ચરણે તારે ,  જીવન  ધર્યું  રે.. રણુજાના...૦

ખીમરો કોટવાળ

કેસો કેસો નુગરા સે નેડલો ,નુગરે ઝાલ્યો રે સતીનો છેડલો રે જી..

કેસો કેસો નુગરા સે નેડલો,
એવો નુગરે ઝાલ્યો રે સતીનો છેડલો રે જી
વાવ્યા વાવ્યા આંબલીયાના બીજ,
મારે કર્મે બાવળીયો ક્યાંથી ઊગીયો રે જી...
મંગાવો મંગાવો ગૌરી ગાયના દૂધ,
મારા દૂધડીયા અભડાણા સંતો નહીં જમે રે જી...
તુટયો તુટયો નવલખો આ હાર,
એનાં મોતીડાં વેરાણાં માણેક ચોકમાં રે જી...
વીણ્યાં વીણ્યાં લાખ ને બે લાખ,
મારા મનનાં માનેલા મોતી નો મળ્યાં રે જી...
બોલ્યા બોલ્યા ખીમડીયો કોટવાળ,
મારા સાધુડાં અમરા રે પુરમાં મહાલશે રે જી...

ગળતી માજમ રાત જાડેજા .

ગળતી માઝમ રાત જાડેજા ! ગળતી માઝમ રાત ,
એવી લાલ રે લુંગી ની વાળેલ ગાંઠડી રે જી..એવી કાળી રે કામળની ભીડેલ ગાતરી રે જી
એ જી જેસલ ! ખડગ ખાતરીયો લીધો હાથ જાડેજા ! ખડગ ખતરીસો લીધો હાથ ,
એવા ખાતર દીધાં હો હરિને ઓરડે હો જી, એવા સામે મંદિરીયે ખાતર દઈ વળ્યા રે જી...
એ જી જેસલ ! તોળી ઘોડી ને તલવાર જાડેજા ! તોળી ઘોડી ને તલવાર,
એવી ત્રીજી રે તોરલદેની પાંભડી રે જી, એવી ત્રીજી રે તોળાંદે કેરી લોબડી હો જી..
એ જી જેસલ ! તમે રે ચંપો ને અમે કેળ જાડેજા ! તમે રે ચંપો ને અમે કેળ,
એવા એક રે કયારામાં દોનું રોપિયાં રે જી....
એ જી જેસલ ! તમે હીરા ને અમે લાલ જાડેજા ! તમે હીરા ને અમે લાલ,
એવા એક રે ધાગામાં દોનું પરોવીયા રે જી....
એ જી જેસલ ! તમે પાણી ને અમે પાળ જાડેજા ! તમે પાણી ને અમે પાળ,
એવા એક રે આરા માં બેઉ ઝુલતા રે જી....
બોલ્યા બોલ્યા કાંઈ ખીમડીયો કોટવાળ જાડેજા ! બોલ્યા બોલ્યા કાંઈ ખીમડીયો કોટવાળ,
મારા સાધુડાં અમરા રે પુરમાં મહાલશે રે જી...

ખીમસાહેબ (ઈ.સ.૧૭૩૪–૧૮૦૧ )

ગુરુગમ ખોજો રે આ ઘટમાં વો ઘટમાં...

ગુરુ ગમ ખોજો રે આ ઘટમાં, ઓ ઘટમાં
કર સતગુરુ કી સેવ, ઔર સબ જૂઠી બાજી,
દેખ પતંગ કો રંગ, તા હી પર દુનિયા રાજી,
સત શબદ સૂઝે નહીં, જૂઠ જૂઠ કું ધ્યાય ;
આપકી તો ગમ નાહીં રે, કહાં સે આયા કહાં જાય...ગુરુ ગમ ખોજો રે... આ ઘટમાં...
દૂર દેખન મત જાવ, પકડ સૂરતા કી દોરી,
કરો શબદસે મેળ, રહો તુમ કોઈ સ્વર જોડી,
શબદ પાર હે સાહેબ, જો સતગુરુ સમજાઈ;
અક્ષર આદ અનાદિકા, અક્ષરાતિત ઓળખાઈ...ગુરુ ગમ ખોજો રે... આ ઘટમાં...

સહજ શૂન્ય કે માંહી, પરમ હંસા કા વાસા,
નિરાધાર નિરવાણ, કબહું હોવે  ના નાશા,
કરમ ભરમ સબ ભાંગ કે, કર સતગુરુ કી સેવ;
સાન સમજ લે સતગુરુ કી, અવર દેવ નહીં કોઈ....ગુરુ ગમ ખોજો રે... આ ઘટમાં...
બાજી સબ હદ માંહી, બેહદ કિરતાર કહાવે,
અનહદ ઉઠે અપરંપાર ભાણ ગુરુ ભેદ બતાવે,
બાહિર ભીતર એક તાર હૈ, રમતા રામ કબીર;
ખીમ કહે છે ખલક દરિયા, સનમુખ સાધ્યા તીર...ગુરુ ગમ ખોજો રે... આ ઘટમાં...

જા  મુખ સેં સિયારામ ન સમર્યા..

જા મુખસેં સિયારામ ન સમર્યા ,તા મુખમેં તેરે ધૂર પરી ...
–જા મુખસેં સિયારામ ન સમર્યા....૦
રામ નામ બિન રસના કેસી ?   કર ઉનકી ટૂકડા ટૂકડી   ,
જિન લોચન હરિ રૂપ ન નીરખ્યા ,તા લોચન મેં લુણ ભરી ..
–જા મુખસેં સિયારામ ન સમર્યા....૦.
રતન પદારથ મનુષ્ય જનમ હે,  આવત નહીં કુછ ફેર ફરી  ,
અબ તેરો દાવ પડયો હે મુરખ !કરનાં હોય સો લેને કરી...
–જા મુખસેં સિયારામ ન સમર્યા....૦
ધિક્ તેરો જનમ જીવન તેરો ધિક્ હે,ધિક્ ધિક્ મનુષ્યકી દેહ ધરી,
જીવત તાત મૂવે નહીં તેરા, કયું તું આયો ગેમાર ફરી...
–જા મુખસેં સિયારામ ન સમર્યા....૦
પાંવ પસારી સુકૃત નવ કીનો,જપ તપ તીરથે ડગ ના ભરી,
ખીમ કહે નર આયો એસો જાયગો, વા કું ખાલી ખેપ પરી ...
–જા મુખસેં સિયારામ ન સમર્યા....૦

જુઓ ને ગગના હેરી ત્યાં બંસરી બાજે ઘેરી ઘેરી ...

જુઓ ને ગગનાં હેરી ત્યાં બંસરી બાજે ઘેરી ઘેરી...
તરવેણીમાં ટંકશાળ પડત  હે,   તા પર ઝીણી શેરી ,
અખર અજીતા આસન બેઠા, નગર બસાયા  ફેરી...
– કોઈ જુઓને ગગનમાં હેરી....૦
ઘડી ઘડીનાં ઘડીયાળાં વાગે , ઝીણી ઝીણી વાગે સૂર ઘંટેરી,
ઢોલ નગારાં શરણાયું વાગે, ધૂમ મચી હે   ચો  ફેરી...
– કોઈ જુઓને ગગનમાં હેરી....૦
ગગન મંડળ મેં કર લે વાસા, વહાં હે જોગી એક લહેરી,
નૂરતે સુરતે નામ નીરખ લે ,  સુખમણા માળા  ફેરી...
– કોઈ જુઓને ગગનમાં હેરી....૦
સ્વાસ ઉચ્છવાસ દોનું નહીં પહોંચે , વહાં  લે’ લાગી મેરી,
સતગુરુએ મું ને  સાન બતાવી , જાપ  હે અજપા કેરી...
– કોઈ જુઓને ગગનમાં હેરી....૦
સાચા સતગુરુ નેણે નીરખ્યા, મીટ ગઈ રેન અંધેરી,
ખીમદાસ ગુરુ  ભાણ પ્રતાપે,અબ ચોટ નહીં જમ કેરી...
– કોઈ જુઓને ગગનમાં હેરી....૦

સંતો ! ફેરો નામની માળા,હે જી તેરા કટે જનમ જંજાળા... સંતો...

સંતો ! ફેરો નામની માળા,
હે જી તેરા કટે જનમ જંજાળા... સંતો...
ગુરુગમ કેરી કૂંચી કર લે, કટે મોહકા તાળાં ;

ઈ તાળાંને દૂર કરો તો, ઘટ ભીતર અંજવાળાં... સંતો...
આ કાયામાં પરગટ ગંગા, શીદ ફરો પંથપાળા,
ઈ ગંગામાં અખંડ નાઈ લ્યો, મત નાવ નદિયું–નાળા.
આ દિલ ભીતર બુદ્ધિ સમુંદર, ચલત નાવ ચોધાર,
ઈ રે નાવમાં હીરલા–માણેક, ખોજે ખોજનહારા... સંતો...
સમરણ કર લે, પ્રાશ્ચિત કર લે, ચિત્ત મ કર તું ચાળા,
ખીમદાસ ગુરુ ભાણ પ્રતાપે, હરદમ બોલે પ્યારા... સંતો...

હો રામૈયા તો જો રંગ ઘણો વારી વારી કુરબાન ...

હો રામૈયા તોજા રંગ ઘણા રે, વારી વારી કુરબાન...
– હો રામૈયા તોજા રંગ ઘણા રે.....૦
સોળસો ગોપીમાં રાસ રચ્યો રે, કેસર ભીનો કાન,
જિતે જેડો તિતે તેડો, મુંજો મનડો થ્યો મસ્તાન...
– હો રામૈયા તોજા રંગ ઘણા રે.....૦
રાવણ મારી વિભિષણ થાપ્યો, હરણાકંસની હાણ
પ્રેહલાદની વ્હાલે પત રાખી , તો ગજ ગુણિકા વેમાન...
– હો રામૈયા તોજા રંગ ઘણા રે.....૦
સુખ જો કરતા દુઃખ જો હરતા, નામે વડો નિશાન,
ભગત ઓધારણ ભૂધરો વા'લો , મેટી ચારે ખાણ...
– હો રામૈયા તોજા રંગ ઘણા રે.....૦
સંત ઓધારણ અસુર સંહારણ, વાલી લાગે તોજી વાણ,
ખીમદાસ ગુરુ ભાણ પ્રતાપે, કબુવે ન કેંજી હાણ...
– હો રામૈયા તોજા રંગ ઘણા રે.....૦

ગણપતરામ

જૂના ધરમ લ્યો જાણી...

જૂના ધરમ લ્યો જાણી, મારા સંતો ! જૂના ધરમ લ્યો જાણી રે હો.. જી...
નદી કિનારે નર કોઈ ઊભો, તૃષ્ણા નહીં છીપાણી રે ;
કાં તો એનું અંગ આળસુ , કાં સરિતા ખરે સુકાણી...
– મારા સંતો જૂના ધરમ લ્યો....૦
કલ્પતરુ તળે જન કોઈ બેઠો, ક્ષુધા ખૂબ પીડાણી રે ;
નહિ કલ્પતરુ, એ બાવળિયો, કાં ભાગ્ય રેખ ભેળાણી...
– મારા સંતો જૂના ધરમ લ્યો....૦
સદ્‌ગુરુ સેવ્યે શિષ્ય નવ સુધરે, વિમળ મળીનહીં વાણી રે ;
કાં તો ગુરજી જ્ઞાન વિનાના, કાં પાપી પામર એ પ્રાણી...
– મારા સંતો જૂના ધરમ લ્યો....૦
ભક્તિ કરતાં ભય દુઃખ આવે, ધીરજ નહિ ઠેરાણી રે ;
કાં સમજણ રહી છે છેટી, કાં નહિ એ નામ નિરવાણી...
– મારા સંતો જૂના ધરમ લ્યો....૦
મળી ચિન્તામણિ પણ તો યે , ચિંતા નવ ઓલાણી રે ;
નહિ ચિંન્તામણિ, નક્કી એ પથરો, કાં વસ્તુ નવ ઓળખાણી...
– મારા સંતો જૂના ધરમ લ્યો....૦
મળ્યું ધન તો યે મોજ ન માણી, કહું કરમની કહાણી રે ;
કાં તો ભાગ્ય બીજાનું ભળિયું, કાં તો ખોટી કમાણી...
– મારા સંતો જૂના ધરમ લ્યો....૦
અમૃત મળ્યું પણ અમર થયો નહિ, પીવાની જુક્તિ ન જાણી રે ;

કાં તો ઘટમાં ગયું ન એના, કાં પીવામાં આવ્યું પાણી...
– મારા સંતો જૂના ધરમ લ્યો....૦
કર્મ–ધર્મ ને ભક્તિ જાણો, ભેદ વિના ધૂળધાણી રે ;
કહે ગણપત સમજી લ્યો, સંતો ! પૂરી પ્રીત પ્રમાણી...
– મારા સંતો જૂના ધરમ લ્યો....૦

ગંગાદાસ

મન કરી લે ને વિચાર..

મન કરી લેને વિચાર, જીવન થોડા,
તારા હરિકથાની માંહે કાન છે બોડા,
અંતે જાશો જમપુર માંહે, જડશે જોડા ;
તેથી રામનામ સંભાર..... મન કરી લે ને વિચાર....૦
મોર મુકુટ ધર્યો શિર ઉપર, દર્પણ કર મોઝાર,
વેઠ વીંટિયું હાર ગળામાં, ખૂબ ધર્યો શણગાર ;
પગમાં તોડા ........મન કરી લેને વિચાર....૦
હસ્તિ ઉપર કનક અંબાડી, ખમા કહે છડીદાર,
રથ મિયાના, ઊંટ પાલખી, કહેતાં ન આવે પાર ;
ચડવા ઘોડા....... મન કરી લે ને વિચાર....૦
લોભ ન મૂકે, કામ ન ચૂકે ઘરધંધાની માંય,
મૂરખ મનવા કછૂ ન બૂઝે, તીર્થગમનની માંય ;
પાંવ છે ખોડા...... મન કરી લે ને વિચાર....૦
સંસારસાગર મહાજળ ભરિયો, રામનામકી જહાજ ,
ગંગાદાસ કું જ્ઞાન બતાયો, રામદાસ મહારાજ ;
ખરાની વેળા...... મન કરી લે ને વિચાર....૦

મળ્યો મનુષ જનમ અવતાર માંડ કરીને..

મળ્યો મનુષ્ય જન્મ અવતાર માંડ કરીને,
તેં તો ભજયા નહીં ભગવાન હેત કરી ને,
અંતે ખાશો જમનાં માર પેટ ભરીને,
માટે રામ નામ સંભાર..... – મળ્યો મનુષ જનમ અવતાર...૦
ગઈ પળ પાછી ફેર ન આવે, મુરખ મૂઢ ગમાર ,
ભવસાગરની ભુલવણીમાં , વીતી જશે જુગ ચાર ;
ફેરા ફરીને.....માટે રામનામ સંભાર...
– મળ્યો મનુષ જનમ અવતાર...૦
જઠરાગ્નિમાં જુગતે રાખ્યો , નવ માસ નિરાધાર ,
સ્તુતિ કીધી અલબેલાની, બા'ર ધર્યો અવતાર ;
માયામાં મોહીને...માટે રામનામ સંભાર...
– મળ્યો મનુષ જનમ અવતાર...૦
કલજુગ કુડો–રંગે રૂડો કહેતા ન આવે પાર ,
જપ તપ તીરથ કછુ ન કરિયાં ,એક નામ આધાર ;
કૃષ્ણ કહીને....માટે રામનામ સંભાર...
– મળ્યો મનુષ જનમ અવતાર...૦
ગુરુગમ પાયો મનમેં સાચો, જુક્તિ કરી જદુરાય,
ગંગાદાસકું જ્ઞાન બતાયો, રામદાસ મહારાજ ;
દયા કરીને...માટે રામનામ સંભાર..

– મળ્યો મનુષ જનમ અવતાર...૦

ગંગાબાઈ

પરબે જાઉં તો પીર શાદલ મળિયા રે..

પરબે જાઉં તો પીર શાદલ મળિયા,
સાધુડાં બોલે મીઠી વાણી રે ;
વેલા પધારો પીરજી ! સંતોની વારે...૦
મરજાદું મેલી મેં તો મારા રે કુળની રે,
ખલકો પેર્યો છે ખાવંદ ખાંતે રે...
– વેલેરા પધારો પીરજી ! સંતોની વારે...૦
લૂલાં ને લંગડાં આવે આપા ! દરગાએ તમારી રે
બુડતાંની બાંહ્યડી બાપો ઝાલે રે...
– વેલેરા પધારો પીરજી ! સંતોની વારે...૦
ઊંડા રે જળમાં વા'લે ગજને ગ્રાહ્યો રે,
ધાયો પોતાની એક જ ધાએ રે...
– વેલેરા પધારો પીરજી ! સંતોની વારે...૦
સેના ભગતની વાલે ચાકરી જાણી રે,
કંકુવરણી કાયા કીધી રે...
– વેલેરા પધારો પીરજી ! સંતોની વારે...૦
ચોરાશી સિદ્ધની ધૂણી પરબે બિરાજે રે,
નમણ્યું કરે છે નર ને નારી રે...
– વેલેરા પધારો પીરજી ! સંતોની વારે...૦
દેવંગી પરતાપે માતા ગંગાબાઈ બોલ્યાં,
ખલકો પેર્યો છે ખાવંદ ખાંતે રે...
– વેલેરા પધારો પીરજી ! સંતોની વારે...૦

ગંગાસતી

કુપાત્રની આગળ વસ્તુ ન વાવીએ પાનબાઈ ..

કુપાત્રની આગળ વસ્તુ ન વાવીએ પાનબાઈ !
સમજી ને રહીયે ચુપ રે,
મર ને આવી ને ધન નો ઢગલો કરે રે મોટો
ભલે હોય મોટો ભૂપ રે...
– કુપાત્રની આગળ વસ્તુ ન વાવીએ ...૦
એ જી, ભજની પુરૂષ ને રહેવું બેપરવા ને
રાખવી ના કોઈ ની પરવાર રે,
ખોટાંની આગળ નવ રે ઉચ્ચરવું પાનબાઈ !
બાંધવો સુરતાનો એક તાર રે....
– કુપાત્રની આગળ વસ્તુ ન વાવીએ ...૦
ઉપદેશ દેવો તો પ્રથમ ભગતી દેખાડવી ને
ગાળી દેવો માંહ્યલો મોહ રે,
દયા રે કરવી હોય તો એવી રીતે કરવી પાનબાઈ !
રાખવો નહીં તેનો છોહ રે..
– કુપાત્રની આગળ વસ્તુ ન વાવીએ ...૦
સંશય ટળે ને ત્યારે મનડું ગળે ને
રેવે નહીં કોઈ પર દ્વેષ રે ,

ગંગાસતી એમ જ બોલીયા પાનબાઈ !
એવાં ને દેખાડવો હરિનો દેશ..
– કુપાત્રની આગળ વસ્તુ ન વાવીએ ...૦

મેરુ તો ડગે પણ જેનાં મનડા ડગે નૈં ..

મેરુ તો ડગે પણ જેનાં મનડાં ડગે નૈં પાનબાઈ !
મરને ભાંગી રે પડે બ્રહ્માંડ રે,
વિપદ પડે પણ વણસે નહિં ને રે ,
ઈ તો હરિજનનાં પરમાણ રે....
– મેરુ તો ડગે પણ જેનાં મનડાં ડગે નૈં...૦
ભાઈ રે ! હરખ ને શોકની નાવે જેને હેડકી ને,
શીશ તો કર્યા કુરબાન રે,
સતગુરુ વચનમાં શુરા થઈ ચાલે પાનબાઈ !
જેણે મેલ્યાં અંતરનાં માન રે...
– મેરુ તો ડગે પણ જેનાં મનડાં ડગે નૈં...૦
ભાઈ રે નિત્ય રેવું સતસંગમાં ને રે,
જેને આઠે પહોરે આનંદ રે,
સંકલ્પ વિકલ્પ એકે નહીં ઉરમાં પાનબાઈ !
જેણે તોડી નાખ્યો માયા કેરો ફંદ રે...
– મેરુ તો ડગે પણ જેનાં મનડાં ડગે નૈં...૦
ભાઈ રે ભગતી કરો તો તમે એવી રીતે કરજો ને
રાખજો વચનમાં વિશ્વાસ રે
ગંગાસતી એમ બોલીયાં રે પાનબાઈ !
તમે થાજો સત ગુરુજીના દાસ રે ...
– મેરુ તો ડગે પણ જેનાં મનડાં ડગે નૈં...૦

વચન વિવેકી જે નર નારી પાનબાઈ ..

વચન વિવેકી જે નર નારી પાનબાઈ ! તેને બ્રહ્માદિક લાગે પાય રે,
જથારથ વચનની સાન જેણે જાણી , તેને કરવું પડે નૈં બીજું કાંઈ જી..
– વચન વિવેકી જે નર નારી...૦
વચનમાં સમજે તેને મહાસુખ ઉપજે ને ,ઈ તો ગત રે ગંગાજી કહેવાય ,
એકમના થઈ ને આરાધ કરે તો તો, નકલંગ પરસન થાય...
– વચન વિવેકી જે નર નારી...૦
વચને થાપન ને વચને ઉથાપન, પાનબાઈ ! વચને મંડાય ધણીનો પાટ
વચનના પૂરા ઈ તો નહિં રે અધૂરા ને વચનનો લાવે જો ને ઠાઠ....
– વચન વિવેકી જે નર નારી...૦
વસ્તુ વચનમાં છે પરિપૂરણ, પાનબાઈ ! વચન છે ભક્તિનું અંગ જી,
ગંગા સતી એમ બોલીયાં રે, કરવો વચનવાળાનો સંગ..
– વચન વિવેકી જે નર નારી...૦

વીજળીને ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ..

વીજળીને ચમકારે મોતીડાં પરોવો, પાનબાઈ !
નહીંતર અચાનક અંધારાં થાશે જી..

જોત રે જોતામાં દિવસો વહ્યા જાશે, પાનબાઈ !
એકવીશ હજાર છસો ને કાળ ખાશે...
– વીજળીને ચમકારે મોતીડાં પરોવો, પાનબાઈ !..૦
જાણ્યા જેવી રે આ તો અજાણ છે, પાનબાઈ !
ઓલ્યા અધૂરીયાંને ના કહેવાય રે
ગુપત રસનો ખેલ છે અટપટો ને
આંટી મેલો તો પૂરણ સમજાય...
– વીજળીને ચમકારે મોતીડાં પરોવો, પાનબાઈ !..૦
નિર્મળ થઈ ને આવો રે મેદાનમાં પાનબાઈ !
જાણી લિયો જીવ કેરી જાત જી,
સજાતિ વિજાતિનીં જુગતી બતાડું ને
બીબે પાડી દઉં બીજી ભાત રે ...
– વીજળીને ચમકારે મોતીડાં પરોવો, પાનબાઈ !..૦
પિંડ રે બ્રહ્માંડથી પર છે ગુરુજી મારો ,
એનો રે દેખાડું તમને દેશ જી ,
ગંગાસતી એમ જ બોલીયાં રે ,
ત્યાં નહીં માયાનો જરીએ લેશ...
– વીજળીને ચમકારે મોતીડાં પરોવો, પાનબાઈ !..૦

શીલવંત સાધુને વારેવારે નમીએ પાનબાઈ ..

શીલવંત સાધુને વારે વારે નમીએ, પાનબાઈ !
જેના બદલે નહિં વ્રતમાન રે ,
ચિતની વૃત્તિ જેની સદા ય રે'વે નિરમળી ને
જેને મહારાજ થયા મહેરબાન રે...
– શીલવંત સાધુને વારે વારે નમીએ, પાનબાઈ !..૦
ભાઈ રે , શત્રુ ને મિત્ર રે એકે નહિં ઉરમાં,
જેને પરમારથમાં ઝાઝી પ્રીત રે,
મન કરમ વાણીએ સત વચનુંમાં ચાલે ને
રૂડી પાળે એવી રીત રે....
– શીલવંત સાધુને વારે વારે નમીએ, પાનબાઈ !..૦
ભાઈ રે , આઠે પહોરે મન મસ્ત થઈ રે' વે ,
જેને જાગી ગિયો તુરિયાનો તાર રે ,
નામ ને રૂપ જેણે મિથ્યા કરી જાણ્યું ને
સદા યે ભજનનો આહાર રે...
– શીલવંત સાધુને વારે વારે નમીએ, પાનબાઈ !..૦
ભાઈ રે , સંગતું કરો તો એવાની રે કરજો ને
ત્યારે ઊતરશો ભવ પાર રે ,
ગંગાસતી એમ જ બોલિયાં ને
જેને વચનુંની સાથે વેવાર રે..
– શીલવંત સાધુને વારે વારે નમીએ, પાનબાઈ !..૦

સતગુરુ વચનના થાવ અધિકારી પાનબાઈ ..

સતગુરુ વચનના થાવ અધિકારી , પાનબાઈ !
મેલી દેજો અંતરનું માન રે ,
આળસ મેલીને તમે આવો રે મેદાનમાં ને

સમજી લેજો સત ગુરુની સાન...
– સતગુરુ વચનના થાવ અધિકારી , પાનબાઈ !..૦
અંતર ભાંગ્યા વિના , ઉભરો નહીં આવે પાનબાઈ !
પછી તો હરિ દેખાય સાક્ષાત્ ,
સતસંગ રસ એ તો અગમ અપાર છે,
તે તો પીવે કોઈ પીવનહાર...
– સતગુરુ વચનના થાવ અધિકારી , પાનબાઈ !..૦
ધડ રે ઉપર જેને શિશ નવ મળે પાનબાઈ !
એવો ખેલ છે ખાંડા કેરી ધાર
એમ રે તમારું શિશ ઉતારો,પાન બાઈ !
તો તો રમાડું તમને બાવન બાર ...
– સતગુરુ વચનના થાવ અધિકારી , પાનબાઈ !..૦
હું ને મારું ઈ તો મનનું છે કારણ,પાનબાઈ !
ઈ મન જ્યારે મટી જાય
ગંગા સતી એમ બોલીયા ત્યારે
પછી હતું તેમ દરશાય...
– સતગુરુ વચનના થાવ અધિકારી , પાનબાઈ !..૦

ગંગેવ ( કંથડનાથ શિષ્ય)

દિલ કેરા દાગ મિટા દે મેરે ભાઈ..

દિલ કેરા દાગ મિટા દે મેરે ભાઈ ,
સરજનહારાને સત કરી સમરો વીરા ! મારા, હરદામાં સરસતી માઈ,
નમણું કરી લે ગોરાં રે પીરાંની વીરા ! મારા,ગુણપતિ અકલ બતાઈ...
–દિલ કેરા દાગ મિટા દે મેરે ભાઈ....૦
મન કેરા મેલ તમે ધોઈ કરી ડારો રે વીરા ! મારા, શબદું રા સાબુ લગાઈ,
સુરતિ શિલા પર ઝા ટકી પછાડો, વીરા ! મારા, વધ વધ હોશે ઉજળાઈ...
–દિલ કેરા દાગ મિટા દે મેરે ભાઈ....૦
નિજીયા ધરમકી નાવ ચલત હૈ, નદીયાં છલોછલ આઈ ,
પાંચ રે કેવટીયા વસે રે કાયામાં , વીરા ! મારા, સહેજે રે પાર ઉતરાઈ..
–દિલ કેરા દાગ મિટા દે મેરે ભાઈ....૦
અંધલા રે હોકર ચાલો રે ભટકતા વીરા ! મારા, અંખિયું મેં અંધી કેસે આઈ ?
દીવડા જલત હે નૈનું રે અગાડી વીરા ! મારા,મન તને સૂઝે ના કાંઈ
–દિલ કેરા દાગ મિટા દે મેરે ભાઈ....૦
ગંગેવદાસ ગુરુ સમરથ મળીયા વીરા ! મારા, તનડાની તરસ બુઝાઈ,
કંથડનાથજી રાખો રે હજુરમાં વીરા ! મારા,
–દિલ કેરા દાગ મિટા દે મેરે ભાઈ....૦

ગંગેવ ( મા હુરાંના શિષ્ય )

ધૂન ધણી મેં તો ધાર્યો, વાલીડાનો પરગટ પરચો ભાળ્યો..

ધુન ધણી મેં તો ધાર્યો ,વાલીડા ! તારો પરગટ પરચો ભાળ્યો,
હે પરબવાળા ! પીર પાદશાહ ! પીર ઓલિયા ! ધુન ધણી મેં ધાર્યો....
નકળંગ રૂપે નામ ધણીનું , ખેલ રમે ચોધારો ,
અંધી દુનિયા કાંઈ નવ દેખે ,બાવે ડગલો પહેર્યો કાળો... પરબવાળા...૦
આપ ન સુઝે પથરાને પૂજે , આંખડીએ અંધારો,

અંતર જ્યોત્યું અળગી મેલી તમે ,  દીવડીઆ શીદ બાળો ?..પરબવાળા...૦
ધોરાજીમાં ધુન મચાવી, ખૂબ બતાવ્યો ડારો,
અઢારે વરણે એક જ પ્યાલે, નૂરીજન નજરે નિહાળ્યો...          પરબવાળા...૦
સત ધરમનો મારગ મેલી, હાથે કરીને ભવ હારો ?
હેત વિના હરિ હાથ ન આવે,  લઈ ચોરાશીમાં ડાર્યો... પરબવાળા...૦
ગંગેવ દાસી ચરણુંની પ્યાસી ,  નુર મેં નુર મિલાયો,
મહેર કરી મંદિરે પધારો ,  હેતે હરિ ગુણ ગાયો...       પરબવાળા...૦

ગેમલદાસ (ઈ.સ.૧૮૩૯માં હયાત)            હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે ..

હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે ;
જેની સુરતા શામળિયા સાથ, વદે વેદ વાણી રે....
—હરિને ભજતાં.....૦
વહાલે ઉગાર્યો પ્રહ્લાદ, હરણાકંસ માર્યો રે ;
વિભીષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે...
—હરિને ભજતાં.....૦
વહાલે નરસિંહ મહેતાને હાર, હાથોહાથ આપ્યો રે ;
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી સ્થાપ્યો રે...
—હરિને ભજતાં.....૦
વહાલે મીરાં તે બાઈનાં ઝેર, હળાહળ પીધાં રે ;
પાંચાલીનાં પૂર્યાં ચીર, પાંડવનાં કામ કીધાં રે...
—હરિને ભજતાં.....૦
આવો હરિ ભજવાનો લહાવ,  ભજન  કોઈ કરશે રે
કર જોડી કહે છે ગેમલદાસ ,ભગતોનાં દુઃખ  હરશે રે..
—હરિને ભજતાં.....૦

ગોરખ

કોઈ રે બતાવો અમને જોગીડો રે..

કોઈ રે બતાવો અમને જોગીડો રે, જોગી મારી કાયાનો ઘડનાર,
જોગી રે મળે તો  અમે જીવીએ , નહીંતર છાંડું મારા પ્રાણ..       કોઈ....૦
હું રે હરણી  ને  પિયુ મારો પારધી   રે , માર્યાં  મું ને શબદુનાં બાણ,
ઘાયલ રે કીધાં રે મારાં પાંજરાં , ભાગવાનું   રહ્યું નવ ભાન..      કોઈ ....૦
ઘા રે લાગ્યા હોય  ઈ જાણશે , અવર શું  જાણે  રે સંસાર,
એવી સુરતા લગાડી મારા શ્યામસે, તન મન થઈ ગ્યાં એકતાર.. કોઈ....૦
એવી ચોપાટું માંડી રે સંતો ભાઈ શુન્યમાં ,રમું મારા પિયુની સંગાથ,
હું રે હારૂં તો દાસી પિયુની રે, પિયુજી   હારે  તો   રે'વે મારી સાથ...કોઈ .....૦
હું રે પ્યાસી રે પિયુજીનાં નામની પિયુ પિયુ જપું તારા જાપ,
મછંદર પરતાપે ગોરખ બોલિયા રે,  પિયુ મારા તન મન રિયો  સમાય ...કોઈ.....૦

તેરો મિટયો નહીં અભિમાન, ફકીરી મરજીવાનાં કામ.

તેરો મટયો નહીં અભિમાન, ફકીરી મહાપુરૂષના કામ   જી        ભગતિ મરજીવાનાં  કામ જી.
પાંચ પચીસ તેરી વસે કાયામેં, પકડી રાખો નિરધાર  જી          ભગતિ મરજીવાનાં  કામ જી.
ભટક ભટક ચાર જુગ ભટકયો, તો ય ન પહોંચ્યો નિજ ધામ      ભગતિ મરજીવાનાં  કામ જી.

તેરી કાયા મેં વસે ગુણેશા , ધરી લે ઉનકા ધ્યાન જી ભગતિ મરજીવાનાં કામ જી.
ગંગા જમના સરસ્વતી, તરવેણી નિજ ધામ ભગતિ મરજીવાનાં કામ જી.
શૂરા હોય તે સનમુખ રેવે, નહીં કાયરનાં કામ ભગતિ મરજીવાનાં કામ જી.
મછંદર પ્રતાપે જતિ ગોરખ બોલ્યા, શૂરા જડયા નિર્વાણ ભગતિ મરજીવાનાં કામ જી.

પાની પવનકા મેહેલ બનાયા,અધવચ બંગલા બનાયા સમરથ દાતા જી..

પાની પવનકા મહેલ બનાયા,
વો તો અધવચ બંગલા બનાયા, મેરે સમરથ દાતા જી,
–અમ્મર નિશાન તમારા નાથ જી...૦
હો જી રે ઝંડા , ખડા ચોક મેદાન, મેરે સમરથ દાતા જી,
–અમ્મર નિશાન તમારા નાથ જી...૦
ચંદ્રા સુરજ દોનું જ્યોત જલત હૈ જી.. જી.. જી..
વો તો ચૌ દિશ ભયા ઉજીયારા, મેરે સમરથ દાતા જી,
–અમ્મર નિશાન તમારા નાથ જી...૦
ઈંગલા પિંગલા સુક્ષમણા નારી જી..જી..જી..
વહાં ત્રિકુટી મહેલ બનવાયા, મેરે સમરથ દાતા જી,
–અમ્મર નિશાન તમારા નાથ જી...૦
ગુરુ પ્રતાપે ગોરખ બોલ્યા જી... જી...જી..
વો તો અવધુત જોગ કમાયા, મેરે સમરથ દાતા જી,
–અમ્મર નિશાન તમારા નાથ જી...૦

રમતા જોગી આયા નગરમેં..

રમતા જોગી આયા નગરમેં, રમતા જોગી આયા હો જી –
તખત લગાયા સરવર તીરે , ઉપર તરુવર છાયા,
કચ્ચી માટી કાં કુંભ બના વા મેં, અમીરસ ભરભર લાયા હો જી –
જલ બિચ અગન, અગન બિચ પવના, પવના સે પુરુષ બનાયા,
જલ કેરી મછલી થલ મેં વિયાણી, ઈંડા અદ્ધર જમાયા હો જી –
સપ્ત ધાત કાયા કોટ બનાયા,તા પર ભમરા લુભાયા,
વસ્તા શહેર ઉજ્જડ કર ડાલ્યા, ઉજ્જડ ફેર બસાયા હો જી –
ચાંદા–સૂરજ દોનું મારગ પાયા, ભમ્મર ગુફા મેં સમાયા,
જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ નિદ્રા, તુરિયા મેં તાર મિલાયા હો જી –
પંખી એક વહાં ચણ ચુગત હૈ , ચાંચ પાંખ નહીં કાયા,
અલખ પુરુષ કી અલગ હૈ નગરી, સદ્‌ગુરુ આય લખાયા હો જી –
નવ દરવાજા વશ કર લીના, દશમેં ડંકા બજાયા,
મછંદર પ્રતાપે જતિ ગોરખ બોલ્યા, જાગ્યા સો નર પાયા હો જી –

સાધુ તેરો સંગડો ન છોડું મેરે લાલ, જોયું મેં તો જાગી હો જી..

સાધુ ! તેરો સંગડો ન છોડું મેરે લાલ !
લાલ, મેરા દિલમાં સંતો ! લાગી વેરાગી રામા,
જોયું મેં તો જાગી હો જી...
– માન સરોવર હંસા ઝીલન આયો હો જી...૦
કપડા રે ધોયા, મેરે ભાઈ ! અંચળા ભી ધોયા હો જી
જબ લગ અપનો દિલડો ન ધોયો મેરે લાલ !

લાલ, મેરા દિલમાં સંતો ! લાગી વેરાગી રામા,
જોયું મેં તો જાગી હો જી...
– માન સરોવર હંસા ઝીલન આયો હો જી...૦
કપડાં ભી રંગ્યા, મેં તો અંચળા ભી રંગ્યા હો જી
જબ લગ અપનો દિલડો ન રંગ્યો મેરે લાલ !
લાલ, મેરા દિલમાં સંતો ! લાગી વેરાગી રામા,
જોયું મેં તો જાગી હો જી...
– માન સરોવર હંસા ઝીલન આયો હો જી...૦
બસ્તી મેં હી રહેના મેરે ભાઈ ! માંગીને ના ખાના હો જી
ટુકડે મેં સે ટુકડા કરી દેના મેરે લાલ !
લાલ, મેરા દિલમાં સંતો ! લાગી વેરાગી રામા,
જોયું મેં તો જાગી હો જી...
– માન સરોવર હંસા ઝીલન આયો હો જી...૦
મછંદરનો ચેલો જતિ ગોરખ બોલ્યા હો જી
બોલ્યા છે કાંઈ અમૃત વાણી મેરે લાલ !
લાલ, મેરા દિલમાં સંતો ! લાગી વેરાગી રામા,
જોયું મેં તો જાગી હો જી...
– માન સરોવર હંસા ઝીલન આયો હો જી...૦

સેવા મારી માની લેજો , સ્વામી રે સુંઢાળા રે ,ગુણપતિ દેવા રે..

સેવા મારી માની લેજો, સ્વામી રે સૂંઢાળા રે , ગુણપતિ દેવા રે ,
પૂજા મારી માની લેજો, સ્વામી રે સૂંઢાળા રે,ગુણપતિ દેવા રે ;
ખોલો મારા રૂદિયાનાં તાળા , તોડો મારા કબુધ્ધિનાં ઝાળાં રે જી...
જળ રે ચડાવું દેવા ! જળ નથી ચોક્ખાં રે, હો જી..
ઈ જળ ઓલી માછલીએ અભડાવ્યાં રે....
– સેવા મારી માની લેજો...૦
ફુલડાં રે ચડાવું દેવા ! ફુલ નથી ચોક્ખાં રે, હો જી..
ઈ ફુલ ઓલ્યે ભમરલે અભડાવ્યાં રે....
– સેવા મારી માની લેજો...૦
દૂધ રે ચડાવું દેવા ! દૂધ નથી ચોક્ખાં રે, હો જી..
ઈ દૂધ ઓલ્યાં વાછરડે અભડાવ્યાં રે ...
– સેવા મારી માની લેજો...૦
ચંદન ચડાવું દેવા ! ચંદન નથી ચોક્ખાં રે , હો જી..
ઈ ચંદન ઓલ્યા ભોરીંગે અભડાવ્યાં રે...
– સેવા મારી માની લેજો...૦
ભોજન ચડાવું દાતા ! ભોજન નથી રે ચોક્ખાં રે, હો જી..
ઈ ભોજન ઓલી માખીએ અભડાવ્યાં રે...
– સેવા મારી માની લેજો...
મછંદરનો ચેલો જતિ ગોરખ બોલ્યા રે, હો જી..
આ પદ ખોજે , સોઈ નર પાયા રે...
– સેવા મારી માની લેજો...૦

સોઈ માણેક મેરી નજરુંમેં આયા..

સોઈ માણેક મેરી નજરુંમેં આયા,

જ્યાં રે દેખું તિયાં છાયા તેરી રામ !
– સોઈ માણેક મેરી નજરુંમેં આયા...૦
ગવરીનો પુત્ર ગણેશ મનાવો રે, હેતે હાલ હુલાવો, રામ !
બાવન બજારું ને ચોરાસી ચૌટાં, મારા સદ્ગુરુ ન્યાં રમૈયા, રામ..
– સોઈ માણેક મેરી નજરુંમેં આયા...૦
તલ ભર તાળાં ને રજ ભર કૂંચી,મારા સદ્ગુરુએ ખોલ બતાયા, રામ !
સંસાર–સાગર મહા જળ ભરિયો,તારૂડે તાર મિલાયા, રામ..
– સોઈ માણેક મેરી નજરુંમેં આયા...૦
આ રે દેવળ છોડી કરીને,દૂજા મહોલ બનાયા, રામ !
મછંદર પ્રતાપે જતિ ગોરખ બોલ્યા, ખોજ્યા સોઈ નર પાયા, રામ..
– સોઈ માણેક મેરી નજરુંમેં આયા...૦

હરભજ હરભજ હીરા પારખલે..

હર ભજ હર ભજ હીરા પરખ લે, સમજ પકડ નર મજબૂતી,
ઓઈ શબદ હરદા મેં રખ લે, ઔર વારતા સબ જૂઠી.
અમર ઘટા સે સદ્ગુરુ આયા, અમૃત બુંદા અંગ ઊઠી,
ત્રિવેણી કા રંગ મહોલ મેં, લે લાગી, તેરી હદ લૂંટી.
સત શબદ કી સેર બનાઈ લે, ઢાલ પકડ લે ધીરપ કી,
કામ ક્રોધ કું માર હટા લે, જદ જાણું તારી રજપૂતી.
પાંચું ચોર બસે કાયા મેં, ઉન કી પકડ લે શિર ચોટી,
પાંચ ને માર પચીસ ને બસ કર, જદ જાણું તારી બુદ્ધ મોટી.
રણઝણ રણઝણ બાજાં બાજે, ઝલમલ ઝલમલ હૈ જ્યોતિ,
અહંકારના સોહંકારમાં, હંસા ચુગ રહા નિજ મોતી.
પકી ઘડી કા તોલ બનાઈ લે, ખોટ ન આવે એક રતિ,
મચ્છેંદ્રી પ્રતાપે ગોરખ બોલ્યા,અલખ લખે સો ખરા જતિ.

ગોવિંદ

ગાંડાની વણજાર, એનો ગણતાં ના'વે પાર..

ગાંડાની વણઝાર, એનો ગણતાં નાવે પાર, જો જો ભાઈ ! ગાંડાની વણઝાર જી..
શુકજી ગાંડો, ધ્રુવજી ગાંડો, ગાંડો પ્રેહલાદ કુમાર જી,
નારદજી તો એવા ગાંડા, જેણે બાંધ્યા નહી ઘરબાર.. –જો જો ભાઈ !...૦
ગાંડા હનુમાન, ગાંડા વિભીષણ, ગાંડી શબરી નાર જી,
ગાંડા ગુહે પગ ધોઈ ને પ્રભને ઉતાર્યા પાર.. –જો જો ભાઈ !...૦
ગોકુળ ગામની ગોપીયું ગાંડી, ભુલી ઘર ને વહેવાર જી,
બંસીનાદે હાલી નીકળી, સુતા મેલી ભરથાર..–જો જો ભાઈ !...૦
સુદામાના ગાંડપણે તો વેઠયા ભુખ અંગાર જી,
પાંચ પાંડવ એવા ગાંડા, છોડયાં નહીં કીરતાર.. –જો જો ભાઈ !...૦
વિદુર પત્ની ગાંડી થઈને ચાહે નંદકુમાર જી,
છબીલાને છોતરાં આપી , ગરભ ફેંકયા બારે.. –જો જો ભાઈ !...૦
બોડાણાના ગાંડપણે તો કર્યું કામ હદપાર જી,

દ્વારીકાનો ઠાકોર આવ્યો ડાકોર ગામ મોઝાર.. –જો જો ભાઈ !...૦
કબીર તુલસી, સૂર ગાંડો ને રોહીદાસ ચમાર જી,
એકનાથે એકમના થઈ ને ગાંડો કીધો સંસાર.. –જો જો ભાઈ !...૦
ધનો ગાંડો, ધીરો ગાંડો, ને ગાંડો પ્રીતમ પ્યાર જી,
સખુ, મીરાં, સલમા ગાંડી, તોડયાં જગથી પ્યાર.. –જો જો ભાઈ !...૦
દાદુ ગાંડો, પીપો ગાંડો ને અખૈયો સોનાર જી,
પંઢરપુરમાં ગોરો ગાંડો, ઈ તો ઘડાનો ઘડનાર.. –જો જો ભાઈ !...૦
નાયો ગાંડો, રૂપો ગાંડો, ને મૂળદાસ લુહાર જી,
જલારામની વાત શું કરવી ? વળાવી ઘરની નાર.. –જો જો ભાઈ !...૦
જુનાગઢનો નરસૈયો ગાંડો ઈ નાચ્યો થૈ થૈ કાર જી,
બાવન કામ એનાં ક્યાં પ્રભુજીએ, આવ્યો નહીં અહંકાર.. –જો જો ભાઈ !...૦
થયા ઘણા ને હાલમાં યે છે ભવિષ્યમાં થાનાર જી,
ભગતકુળનો નાશ નથી, એમ બોલ્યાં જગદાધાર .. –જો જો ભાઈ !...૦
દુનિયાએ જેને ગાંડા ગણ્યા એ પ્રભુને મન હોંશિયાર જી,
ગોવિંદ ગાંડો , એનું ગીત ગાંડું, ગાંડા છે સાંભળનાર.. –જો જો ભાઈ !...૦

ગૌરીબાઈ

બ્રહ્મનો ભેદ...

બ્રહ્મનો ભેદ જાણ્યો જને અનુભવી, ભેદ જાણ્યા વિના ભ્રમ ન જાવે ;
ભર્મ ભાગ્યા વિના કર્મ કહો કયમ ગળે ? કર્મ ગળ્યા વિના મર્મ ન પાવે...
મરમ લહ્યા વિના સંશય નવ ટળે, સંશય ટળ્યા વિના સર્વ કાચું ;
કથણી કથે અને અર્થ બહુ અનુભવે, રહેણી વિના કયમ પામે સાચું ?
સાચા સિદ્ધાંતનું હિરદ સમજે નહીં, સમજીને અરથ ના કાંઈ સરતો ;
આત્મા–શું આત્મા, બુદ્ધિ થકી જોય તો, તેણે કરી વાસનાલિંગ ન ગળતો...
અણલિંગી તમે અનુભવી જાણજો, તેજ તત્ત્વદર્શી રહે રે જોઈ ;
ગવરી આત્મા–પરમાત્મા એક જ ભયે, દ્વૈત ભાવ નવ ભાસે કોઈ...

છોટમ

પૃથ્વી પાખંડે ખાધી રે સત્યની શોધ નથી લાધી..

પૃથ્વી પાખંડે ખાધી રે, સત્યની શોધ નથી લાધી...
મહા અભિમાન મટે નહીં મનથી, માને હું મોટો
પ્રપંચે પરધન હરવાનો , ખેલ કરે ઈ ખોટો રે...
–પૃથ્વી પાખંડે ખાધી રે, સત્યની શોધ નથી લાધી....૦
ધર્મ બ્રહ્મની વાત ન માને , ગુરુ થઈ ને ગાજે
ઓથે રહી ને અનરથ કરતાં , લંપટ નવ લાજે રે...
–પૃથ્વી પાખંડે ખાધી રે, સત્યની શોધ નથી લાધી....૦
પ્રભુનું નામ ઘટી ને કહે છે, હું છું ઈશ્વર આપે
એક રોમ નીપજે નહીં એથી, દુઃખ કોનાં કાપે રે...
–પૃથ્વી પાખંડે ખાધી રે, સત્યની શોધ નથી લાધી....૦
વેદ શાસ્ત્રની વાત ન જાણે , કહે મોટા જ્ઞાની
કહે છોટમ ઠગ ગુરુથી થઈ છે , ધર્મ તણી હાની રે...
–પૃથ્વી પાખંડે ખાધી રે, સત્યની શોધ નથી લાધી....૦

જેઠીરામ

અમને અમારી કાયા તણો નહીં વિસવાસ..

અમને અમારી કાયા રે તણો નહીં વિશ્વાસ
પારકાનાં અવગુણ રે દીલડામાં નો આણીએ રે હો જી
—એવો પારકો આજો રે દિલમાં નવ આણીએ રે હો જી...૦
નવ તેરી નગરી, કાયા તારી ખૂબ રે બની હો મેં વારી જાઉં,
એમાં અવળા સવળા મણિયારે માંડયા છે હાટ...
—એવો પારકો આજો રે દિલમાં નવ આણીએ રે હો જી...૦
નેવાં તારા નમિયા, ભીતું ગળવાને લાગીયું રે, હો મેં વારી જાઉં,
એવી ગળવા લાગી મંદિરિયાની પછીત ..
—એવો પારકો આજો રે દિલમાં નવ આણીએ રે હો જી...૦
હંસો રાજા ચાલ્યો , પિંજર તારૂં પડતું મેલી, હો મેં વારી જાઉં,
એવી મેલી ચાલ્યો સરોવરીયાની રે પાળ..
—એવો પારકો આજો રે દિલમાં નવ આણીએ રે હો જી...૦
ગુરુના પ્રતાપે જેઠી રામ બોલિયા રે હો મેં વારી જાઉં,
એવા જેઠીરામ તો ગત રે ગંગાજીના દાસ,
—એવો પારકો આજો રે દિલમાં નવ આણીએ રે હો જી...૦

મન માંયલાની ખબરૂં લાવે રે કોઈ કામ ક્રોધને હટાવે રે , એવા નૂરીજન નજરે આવે....

મન માંયલાની ખબરૂં લાવે રે,
કોઈ કામ ક્રોધને હટાવે રે,
—કોઈ એવા નૂરીજન નજરે આવે....૦
જ્ઞાની હોય સો જ્ઞાન બતાવે, રૂડા ભરમોના ભેદ બતાવે,
રામનામની રટણાયુ રટી લે, અંધિયારો મટી જાવે રે ;
—કોઈ એવા નૂરીજન નજરે આવે....૦
સંસાર – સાગર મહાજળ ભરિયો, હરિજન વાંણ હોકારે,
એના માલમીને પકડ વશ કરલો, પાર ઉતરી જાવે રે ;
—કોઈ એવા નૂરીજન નજરે આવે....૦
નિજ નામના નાંગળ નાખીને, પવન – પુરૂષ પધરાવે,
અસલ જુગની અમર વાદળી, મોતીડે વરસાવે રે ;
—કોઈ એવા નૂરીજન નજરે આવે....૦
સતકી રોટી, સબસે મોટી, પ્યાસ હોય સો પાવે,
દોઈ કરજોડી જેઠીરામ બોલ્યા, કર્યા કરમ કહીં જાવે રે ;
—કોઈ એવા નૂરીજન નજરે આવે....૦

ભગતી કેરો મારગ રે ફૂલડાં કેરી પાંખડી..
ભગતી કેરો મારગ રે ફુલડાં કેરી પાંખડી રે જી,
સૂંઘે એને સ્વાદ ઘણેરા હોય રે હાં...
– ભગતી કેરો મારગ રે...૦
ફુલડાંને સૂંઘ્યા રે ગોપીચંદ ભરથરી રે જી,

ઉપજ્યાં એનાં મનમાં દ્રઢ વૈરાગ્ય રે હાં...
– ભગતી કેરો મારગ રે...૦
ધરમુંના ધોરીને લઈને જે હાલશે રે જી,
પગલાં નહીં ભરે ઈ તો પાછાં રે હાં...
– ભગતી કેરો મારગ રે...૦
શૂરા ને સાધૂ સનમુખ ચાલશે રે જી,
કાયર ખાશે જમનાં માર રે હાં...
– ભગતી કેરો મારગ રે...૦
ગુરુના પ્રતાપે રે જેઠીરામ બોલીયા રે જી,
જેઠીરામ તો ગત રે ગંગાજીના દાસ રે હાં...
– ભગતી કેરો મારગ રે...૦

જેમલ ભારથી

બાવા ! મેં તો બન ગયા ફકીર, ગુરુ તારા નામની જંજીર..

બન ગયા ફકીર, ગુરુ તારા નામની જંજીર
બાવા ! મેં તો બન ગયા ફકીર જી...
લાગી લગના, ચડી ગગના, તરવેણીને તીર જી,
દેવી દેવતા મેળે મળિયાં, ગુણપતિ ગંભીર...
અજપાના જાપ જપતાં , ચડે ઉલટ વીર જી
દસમેં દ્વારે ચડીને જોયું , દેખ્યા અણઘડ પીર...
અખંડ ધારા અમી વરસે, સુવાન્તુનાં નીર જી
વિના પાળે સરોવર ભર્યા ,હંસા નાયા નિરમળ નીર..
જોત જાગી ,ભ્રાંતું ભાંગી, હૈયે આવેલ ધીર જી
જેમલભારથી બોલિયા, ગુરુ ! ભાંગી ભવની ભીર..

જેસલ

પાપ તારાં પરકાશ જાડેજા ! ધરમ તારો સંભાળ રે..

પાપ તારાં પરકાશ જાડેજા !
ધરમ તારો સંભાળ રે ;
તારી બેડલીને બૂડવા નહીં દઉ
તારી નાવડીને ડૂબવા નહીં દઉં
જાડેજા ! રે એમ તોરલ કે ' છે જી...૦
ફોડી સરોવર પાળ સતી રાણી ! તોડી સરોવર પાળ રે ,
ગૌધન તરસ્યાં વાળીયાં, મેં તો ગૌધન તરસ્યાં વાળીયાં..
તોળાંદે ! રે એમ જેસલ કહે છે જી... –પાપ તારાં પરકાશ જાડેજા !..૦
હરણ હણ્યાં લખ ચાર, સતી રાણી ! હરણ હણ્યાં લખ ચાર રે ,
મેં તો વનના મોરલા મારીયા,
તોળાંદે ! રે એમ જેસલ કહે છે જી... –પાપ તારાં પરકાશ જાડેજા !..૦
લુંટી કુંવારી જાન, સતી રાણી ! લુંટી કુંવારી જાન રે ,
મેં તો સાત વીસું મોડબંધા મારીઆ ,
તોળાંદે ! રે એમ જેસલ કહે છે જી... –પાપ તારાં પરકાશ જાડેજા !..૦
ગોંદરેથી વાળેલ ગાય, સતી રાણી ! ગોંદરેથી વાળી ગાય રે,
એકલશીંગો મૃગ મારીઓ,

તોળાંદે ! રે એમ જેસલ કહે છે જી... –પાપ તારાં પરકાશ જાડેજા !..૦
ચરતી ચોરી ગાય સતી રાણી ! ચરતી ચોરી ગાય રે,
બહેન ભાણેજાં દુભવ્યા,
તોળાંદે ! રે એમ જેસલ કહે છે જી... –પાપ તારાં પરકાશ જાડેજા !..૦
જેટલા મથે જા વાળ , સતી રાણી ! જેટલા મથે જા વાળ રે,
એટલા કરમ તો મેં કર્યા ,
તોળાંદે ! રે એમ જેસલ કહે છે જી... –પાપ તારાં પરકાશ જાડેજા !..૦
બોલ્યા છે જેસલ રાય , સતી રાણી ! બોલ્યા છે જેસલ રાય રે,
તમે રે તર્યા ને અમને તારજો ,
તોળાંદે ! રે એમ જેસલ કહે છે જી... –પાપ તારાં પરકાશ જાડેજા !..૦

રોઈ રોઈ કોને સંભળાવું , આવાં દુઃખ કોની આગળ ગાઉ..

રોઈ રોઈ કોને સંભળાવું રે તોળાં દે
આવાં ઊંડાં દુઃખ કોની આગળ ગાઉ
–એમ જાડેજો કે ' છે , મારો રૂદિયો રૂવે રે માંયલો ભીતર જલે...૦
અમે રે હતાં રે સતી રાણી ! કડવી વેલે તુંબડાં
તમ રે મળ્યે મીઠડાં હોય, એમ જાડેજો કે ' છે
–એમ જાડેજો કે ' છે , મારો રૂદિયો રૂવે રે માંયલો ભીતર જલે...૦
અમે રે હતાં સતી રાણી ! ઉંડે જળ બેડલાં
તમે રે ઉતારો ભવપાર, જાડેજો કે 'છે
–એમ જાડેજો કે ' છે , મારો રૂદિયો રૂવે રે માંયલો ભીતર જલે...૦
અમે રે હતાં રે તોળી રાણી મેલાં ઘેલા માનવી
તમ થકી ઉજળા કહેવાયે , જાડેજો કે ' છે
–એમ જાડેજો કે ' છે , મારો રૂદિયો રૂવે રે માંયલો ભીતર જલે...૦
તમેરે ચાલ્યાં રે સતી રાણી મોટા ધણીના વાયકે
તમ વિના દનડાં ન જાય , જાડેજો કે ' છે
–એમ જાડેજો કે ' છે , મારો રૂદિયો રૂવે રે માંયલો ભીતર જલે...૦
દોયલી વેળાની સતી રાણી ! ગાવંત્રી સંભળાવજો રે
ઈ સાંભળતાં મુગતિ હોય, જાડેજો કે'છે
–એમ જાડેજો કે ' છે , મારો રૂદિયો રૂવે રે માંયલો ભીતર જલે...૦
ગુરુ ને પ્રતાપે જાડેજો જેસલ બોલીયા રે
હે જી મારા સાધુડાનો બેડલો સવાયો રે જાડેજો કે 'છે
–એમ જાડેજો કે ' છે , મારો રૂદિયો રૂવે રે માંયલો ભીતર જલે...૦

ડુંગરપુરી (ઈ.સ.૧૭૯૪માં હયાત)

દલ દરિયામાં ડૂબકી દેના..

દલદરિયામેં ડૂબકી દેનાં, મોતી રે લેનાં ગોતી,
સંતો ભાઈ ! મોતીડાં લેના ગોતી..
ખારા સમંદરમેં છીપ બસત હે, ભાત ભાત રા મોતી ,
ઈ મોતી કોક મરજીવા માણે, નહિ પુસ્તક નહિ પોથી..
દલ દરિયામેં....૦
મુખા કમળ માથે મરઘા કમ્મળ હે ,તા પર ગંગા હોતી,
તન કર સાબુ ,મન કર પાણી, ધોઈ ધોઈ લેના મોતી..
દલ દરિયામેં....૦
રણુંકારમેં ઝણુંકાર હે, ઝણુંકારમેં જ્યોતિ,

એ જ્યોતિ મેં અભેશૂન્ય હે તી વહાં  વસત હે  મોતી..
દલ દરિયામેં....૦
નવ દુવારા દસમી ખડકી, ખડકીમેં એક ખડકી,
ઈખડકી કોઈ સત્ગુરુ ખોલે કૂંચી ઉનરા ઘરકી..
દલ દરિયામેં....૦
ડાબી ઈંગલા જમણી પીંગલા નૂરત સૂરત કર જોતી,
દેવ ડુંગરપુરી બોલીયા હું હરખે હાર પિરોતી ..
દલ દરિયામેં....૦

સદગુરુ તમે મારા તારણહાર..

સત્ગુરુ !  તમે મારા તારણહાર,  હરિ  ગુરુ !  તારણહાર
આજ મારી રાંકની અરજું રે,ખાવન ધણી સાંભળજો  ગુરુજી  એ...હો...  જી...
કેળે  રે કાંટાનો હંસલા !  સંગ કર્યો  ગુરુજી !
કાંટો   કેળું  ને  ખાય  (૨)
આજ મારી રાંકની અરજું રે, ખાવન ધણી સાંભળજો  ગુરુજી  એ...હો...જી...
– સત્ગુરુ  !  તમે મારા તારણહાર....૦
આડા રે ડુંગર ને  વચમાં  વન ઘણા ગુરુજી !
એ જી રે આડી કાંટા  કેરી વાડ (૨)
આજ મારી રાંકની અરજું રે, ખાવન ધણી સાંભળજો  ગુરુજી  એ...હો...  જી...
– સત્ગુરુ  !  તમે મારા તારણહાર....૦
ઊંડા  રે સાયર ને હંસલા !  નીર ઘણાં ગુરુજી !
એ  જી બેડી મારી કેમ કરી ઊતરે પાર ?  (૨)
આજ મારી રાંકની અરજું રે, ખાવન ધણી સાંભળજો  ગુરુજી  એ...હો...  જી...
– સત્ગુરુ  !  તમે મારા તારણહાર....૦
ગુરુના પ્રતાપે ડુંગરપુરી બોલીયા ગુરુજી !
એ  જી દેજો અમને સાધુ ચરણે વાસ (૨)
આજ મારી રાંકની અરજું રે, ખાવન ધણી સાંભળજો  ગુરુજી  એ...હો...  જી...
– સત્ગુરુ  !  તમે મારા તારણહાર....૦

વરતન જોઈ વસ્તુ વોંરીએં   એમાં અવગુણ ના'વે નાથજી.

વરતન જોઈ વસ્તુ વો'રીએ એમાં અવગુણ ના'વે નાથજી
દીપક વિનાના મંદિર કેસા ? કેસે ત્રાટીકું તાળાં ?
કિરિયા વિનાના જોગી કેસા ? જેસે નીર ભરિયલ ખારાં
–વરતન જોઈ વસ્તુ વોરીએ...૦
કાચે ઘડે મેં નીર ક્યું રે'વે ? ક્યું રે'વે કાગજમેં પારા ?
બગલે મોતીડે કું ક્યા કરે મોતી હંસ કેરા ચારા
–વરતન જોઈ વસ્તુ વોરીએ...૦
આંધલે અરીસે કું ક્યા કરે ? ક્યા કરે મુરખકું માળા ?
કાફર તસ્બીકું ક્યાં કરે ? ઘટડે મેં ઘોર અંધારા
–વરતન જોઈ વસ્તુ વોરીએ...૦
વિના રે ફરજંદ કેસી માવડી ? કેસે પાવૈ કું પાના ?
દાસ ડુંગરપુરી બોલિયા સત્ગુરુ સાચા પરવાના
–વરતન જોઈ વસ્તુ વોરીએ...૦

તિલકદાસ

હીરો ખો મા તું હાથથી  રે  આવો અવસર પાછો નહીં મળે...

અવસર પાછો નહીં મળે , માથે ત્રિવિધિના તાપ બળે,
હીરલો ખો મા તું હાથથી રે , આવો અવસર પાછો નહી મળે રે જી...
મોતી પડયું મેદાનમાં, ઓલ્યા મૂરખા મૂલ એના શું કરે ? રે જી,
સંત ઝવેરી આવી મળે તો સતગુરુ સાન કરે.. હીરલો ખો મા તું હાથથી રે.....૦
સમજણ વિનાના નર કરે છે કીર્તી ને ગુરુ વીના જ્ઞાન એને ક્યાં થી મળે રે જી,
પારસમણીનાં પારખાં , એ તો લોઢાને કંચન કરે.. હીરલો ખો મા તું હાથથી રે...૦
તરી ઉતરવું પ્રેમથી રે જાણે જળને માથે જહાજ તરે રે જી,
કાયા કાચો કુંભ છે માથે અમીરસ નીર ઝરે.. હીરલો ખો મા તું હાથથી રે...૦
કહે તીલકદાસ શૂરા સંગ્રામે ને મરજીવા તો મોજ કરે રે જી,
ધારણ બાંધો ધરમની તો નમતે ત્રાજવે તરે... હીરલો ખો મા તું હાથથી રે ...૦

તુલસીદાસ

અપરંપાર પ્રભુ અવગુણ મોરા માફ કરોને મોરારી રે..

અપરંપાર પ્રભુ અવગુણ મોરા,
માફ કરો ને મોરારી રે ...
ધ્યાન ન જાણું ,ધરમ ન જાણું ,અધર્મનો અધિકારી રે ,
પાપી પૂરો, જુઠા બોલો , નિરખું છું પરનારી રે...
–અપરંપાર પ્રભુ અવગુણ મોરા...૦
સાધુ દુભવ્યા, બ્રાહ્મણ દુભાવ્યા, સંતો દુભાવ્યા ભારી રે,
માત પિતા બન્નેને દુભાવ્યા, ગરીબકું દીની ગારી રે..
–અપરંપાર પ્રભુ અવગુણ મોરા...૦
ભજન હોય ત્યાં નિંદરા આવે, પર નિંદા લાગે પ્યારી રે,
મિથ્યા સુખમાં આનંદ પામું, બહુ કરૂં હોશિયારી રે..
–અપરંપાર પ્રભુ અવગુણ મોરા...૦
સંસાર સાગર મહાજળ ભરિયો, ચહુ દિશ ભરિયો ભારી રે
તુલસીદાસ ગરીબ કી બિનતી, અબ લ્યો નાથ ઉગારી રે..
–અપરંપાર પ્રભુ અવગુણ મોરા...૦

જાગીએ રઘુનાથ કુંવર પંછી બન બોલે..

જાગિયે રઘુનાથ કુંવર, પંછી બન બોલે ..
ચંદ્ર કિરણ શીતલ ભઈ, ચકવી પિયુ મિલન ગઈ,
ત્રિવિધ મંદ ચલત પવન, પલ્લવ દ્રુમ ડોલે....
–જાગિયે રઘુનાથ કુંવર...૦
પ્રાત ભાનુ પ્રકટ ભયો, રજનીકો તિમિર ગયો,
ભૃંગ કરત ગુંજ ગાન, કમલ દલ ખોલે...
–જાગિયે રઘુનાથ કુંવર...૦
બ્રહ્માદિક ધરત ધ્યાન, સુર–નર–મુનિ કરત ગાન,
જાગન કી બેર ભયી, નયન પલક ખોલે...
–જાગિયે રઘુનાથ કુંવર...૦
તુલસીદાસ અતિ આનંદ , નિરખી કે મુખારવિંદ,
દીનન કો દેત દાન, ભૂષણ બહુ મોલે...
–જાગિયે રઘુનાથ કુંવર...૦

તોરલ

એ જી તમે વિસવાસી નરને કાં રે વેડો...નર રે નુગરાની સાથે ..

એ જી તમે વિસવાસી નરને કાં રે વેડો ! માણા રાજ રે ,
આવા નર રે નુગરાની સાથે નેડલો ન કરીએ જી..
એ જી તમે અવિસવાસી નરને શાને તેડયા ! માણા રાજ રે..
– નર રે નુગરાની સાથે નેડલો ન કરીએ જી....૦
ધણી કેરા નામનો રે પાટ મંડાણો હો જી
એ જી એમાં ઝળહળ જ્યોતું દરશાણી, માણા રાજ રે...
– નર રે નુગરાની સાથે નેડલો ન કરીએ જી....૦
હંસલો ને બગલો બેઉ એક જ રંગના હો જી,
અરે ઈ તો બેઠા રે સરોવર પાળે, માણા રાજ રે..
– નર રે નુગરાની સાથે નેડલો ન કરીએ જી....૦
હંસલાને જોઈએ સાચા મોતીડાંનો ચારો હો જી,
અરે ઓલ્યા પાપીડા ડહોળે રે કાદવ ગારો, માણા રાજ રે..
– નર રે નુગરાની સાથે નેડલો ન કરીએ જી....૦
સાચાં રે ખોટાં બોલીને આવે રે મંદિરીએ હો જી,
અરે ઈ તો ઠાલાં ઠાલાં બજારૂંમાં મહાલે, માણા રાજ રે..
– નર રે નુગરાની સાથે નેડલો ન કરીએ જી....૦
ગુરુના પરતાપે સતી, તોરલ બોલ્યાં હો જી
અરે મારાં સંતો અમરાપરમાં મહાલે, માણા રાજ રે...
– નર રે નુગરાની સાથે નેડલો ન કરીએ જી....૦

જેસલ કરી લે ને વિચાર, માથે જમ કેરો માર..

જેસલ ! કરી લે ને વિચાર, માથે જમ કેરો માર, સપના જેવો આ સંસાર, તોળી રાણી કરે છે પોકાર,
આવો ને જેસલ રાય, આપણ પ્રેમ થકી મળીએ રે , પૂરા સાધ હોય ત્યાં જઇને ભળીએ રે..
અનુભવી આવ્યો છે અવતાર, માથે સતગુરુ ધાર, જાવું છે ધણીને દુવાર, બેડલી ઉતારે ભવ પાર...
ચાંદો સૂરજ વસે છે આકાશ, નવ લાખ તારા એની પાસ,પવન પાણી ને પરકાશ, સૌ લોક કરે એની આશ..
–આવો ને જેસલ રાય, આપણ પ્રેમ થકી મળીએ રે...૦
ગુરુના ગુણનો નહી પાર, ભગતિ ખાંડા કેરી ધાર, નુગરા શું જાણે સંસાર, એનો એળે ગયો અવતાર..
ગુરુની ગતિ ગુરુની પાસ, જેવી કસ્તુરીમાં બાસ,નિજિયા નામ તણો પરકાશ, દીનાનાથ પૂરે આપણી આસ...
–આવો ને જેસલ રાય, આપણ પ્રેમ થકી મળીએ રે...૦
છીપું સમંદરમાં થાય, વાકી ધન રે કમાઈ, સ્વાતિના મેહુલા વરસાય, ત્યાં તો સાચા મોતીડાં થાય ..
હીરલા એરણમાં ઓરાય, માથે ઘણના ઘા થાય, ફુટે ઈ ફટકીયાં કેવાય, સાચાંની ખળે ખબરૂં થાય..
–આવો ને જેસલ રાય, આપણ પ્રેમ થકી મળીએ રે...૦
નવ લખ કોથળીયું બંધાય, ઈ તો ગાંધીડો કેવાય , હીરા–માણેક હાટડીયે વેચાય, મુલ એના મોંઘેરાં થાય ..
નિત ઉઠી નદીએ નાવા જાય, કોયલા ઉજળા નવ થાય,ગણીકાના બેટાનો બાપ કોણ થાય, માવઠાના મે 'થી કણ નવ થાય..
–આવો ને જેસલ રાય, આપણ પ્રેમ થકી મળીએ રે...૦
દેખાદેખી કરવાને જાય, હાથમાં દીવડીયો રે દરશાય,કુડીયાં કૂવે પડવાને જાય, મુરખડાં મુડીઓ રે ગુમાય...
ભેદુ વિનાં ભેળા ઈ તો થાય, એ તો અધૂરિયાં કે' વાય,એનાં નૂર કાંઈ ન દરશાય, એના કલ્યાણ કેમ કરી થાય...
–આવો ને જેસલ રાય, આપણ પ્રેમ થકી મળીએ રે...૦
એના ધરમે થયા દશ અવતાર, પાંચા સાતા નવાં ને બાર,કરોડ તેંતરીશા રે તાર, ઋષિ એંશી તો રે હજાર...
સતજુગે રત્નાવર ને પેરાધ, દ્વાપરે દ્રૌપદી ધરમરાય,ત્રેતા તારા ને હરિચંદ્ર રાય, કલિજુગ વિંજા ને બળિરાય...
–આવો ને જેસલ રાય, આપણ પ્રેમ થકી મળીએ રે...૦
પ્રેમનો પાટ ને પ્રેમના રે ઠાઠ, પ્રેમની જ્યોતિનો રે પરકાશ,તોળી રાણી તેજનો અંબાર, સાયબો પુરે આપણી આશ...

મનનાં માંડવડા બંધાઈ, તનડાં પર પડદા રે બંધાય,જતિ સતી ત્યાં ભેળાં થાય, તેનાં નૂર તો વરસાય...
–આવો ને જેસલ રાય, આપણ પ્રેમ થકી મળીએ રે...૦
હેતે હરિ ગુણ એ ગાય, પ્રેમે ગુરુની પૂજા રે થાય,કોળી પાવલીએ વરતાય, ચાર જુગની વાતું તોળીરાણી ગાય...
–આવો ને જેસલ રાય, આપણ પ્રેમ થકી મળીએ રે...૦

પાદરની પાણીયારી ! પૂછું મારી બેન.

પાદરની પાણીયારી ! પૂછું મારી બેન, એવા પાદરની પાણીયારી ! પૂછું મારી બેન,
આજ મારગડા બતાવો અંજાર શેરના હો જી હો જી...
ડાબો મારગ દુવારીકામાં જાય,એવો ડાબો મારગ દુવારીકામાં જાય,
એવો જમણો મારગ અંજાર શેરનો હો જી હો જી...
ઘોડલિયા રા રૂપે જડયા હે કમાડ, ઘોડલિયા રા રૂપે જડયા રે કમાડ,
એવા ફળિયા વચ્ચે રે પારસ પીપળો હો જી હો જી...
આંગણે વવરાવી નાગરવેલ, હે જી આંગણીયે વવરાવી નાગરવેલ,
એવા ચોકમાં રે ચંપો રોપીયો હો જી હો જી...
સાધુના ઉતારા વડલા હેઠ , એવા સાધુના ઉતારા વડલા હેઠ,
એવો વડલો વરસે રે સાચા મોતીડે હો જી હો જી...
આવો આવો મારા માડી જાયા વીર, આવો આવો મારા માડી જાયા વીર,
એવા પાછલી વાડી ને પીરના બેસણા હો જી હો જી...
પછી ક્યાં સાધુના સનમાન ,પછી ક્યાં કાંઈ સાધુના સનમાન,
એવા હેતે રે ધોયા સંતના પાયલા હો જી હો જી...
તોરલ રાંધે ચોખલીયા રા ભાત , તોળી રાંધે ચોખલીયા રા ભાત,
એવા હેતે રે પ્રીતે રે સંતોને જમાડીયા રે હો જી હો જી...
બોલ્યા બોલ્યા જેસલ ઘરની નાર, જાડેજા ! , બોલ્યા બોલ્યા તોળાંદે નાર,
મારા સંતો રે અમરાપરમાં માલશે રે હો જી હો જી... ...

સતી ! તારો સાયબો બતાડય,

સતી ! તારો સાયબો બતાડય , સતી ! તારો અલખ ધણી દેખાડય,
અનાદિ ધરમની સતી ! અરજ છે અમારી રે ,એમ જાડેજો કે' છે રે...
ઘડી પલ રે રે'જો મોરી પાસ જાડેજા રે, ઘડી પલ રે'જો મોરી પાસ
કરી લે ભલાયું થોડા જીવણાં રે, એમ તોરલ કે' છે રે...
સાધુ આવે લખ ચાર જાડેજા રે, સાધુ આવે લખ ચાર
એમાંને સાયબો મારો આવશે રે, એમ તોરલ કે' છે રે...
તારા સાયબાનાં શ્યાં રે એંધાણ તોરલ દે, સાયબાનાં શ્યાં રે એંધાણ
શ્યે રે એંધાણે અમે ઓળખીએ રે, એમ જેસલ કે' છે રે...
સરવે સાધુને માથે ભેખ જાડેજા રે,સરવે સાધુને માથે ભગવો ભેખ
મારા સાયબાને માથે પીળી પાંભડી રે, એમ તોરલ કે' છે રે...
હરણાં ચરે લખ ચાર જાડેજા રે, હરણાં ચરે લખ ચાર
એમાં ને સાયબો મારો આવશે રે, એમ તોરલ કે' છે રે...
સાયબાના શ્યાં રે એંધાણ તોરલ દે, સાયબાનાં શ્યાં રે એંધાણ
શ્યે રે એંધાણે અમે ઓળખીએ રે, એમ જેસલ કે' છે રે...
સરવે હરણાંની માથે શીંગ જાડેજા રે, સરવે હરણાંની માથે શીંગ
મારા સાયબાની માથે સોનાં શીંગડી રે, એમ તોરલ કે' છે રે...
રોઝાં ચરે લખ ચાર રે જાડેજા રે, રોઝાં રે ચરે લખ ચાર

એમાંને સાયબો મારો આવશે રે, એમ તોરલ કે' છે રે...
સાયબાનાં શ્યાં રે એ'ધાણ તોરલદે, સાયબાંના શ્યાં રે એ'ધાણ
શ્યે રે એંધાણે અમે ઓળખીએ રે, એમ જેસલ કે– છે રે...
સરવે રોઝાં મોઢે ઘાંસ જાડેજા રે, સરવે રોઝાંને મોઢે ઘાંસ
મારા સાયબાને મુખે કાજુ કેવડો રે, એમ તોરલ કે' છે રે...
અવર થૂલાંને મુખે હશે વેખરી વાણ, જાડેજા રે,થૂલાંને મુખે વેખરી વાણ,
મારા સાયબાને મુખે મધુરી મોરલી રે , એમ તોરલ કે' છે રે...
બોલ્યા બોલ્યા જેસલ ઘરની નાર જાડેજા ! , બોલ્યા તોળાંદે નાર,
મારા સંતો રે અમરાપરમાં માલશે રે એમ તોરલ કે' છે રે... ...

હકે હાલો તમે હેતે હુઈ મળો, મારૂં મન બાંધ્યું રે શુરવીર સાધ સે રે..

હકે હાલો તમે હેતે હુઈ મળો રે હાં ;સાચે દલે કરોને ઓળખાણું મારા વીરા રે
મારૂં મન બાંધ્યું રે શુરવીર સાધ સે રે ,જેને રૂદે વસે લાલ ગુંસાઈ મારા વીરા રે
– મારૂં મન બાંધ્યું રે શુરવીર સાધ સે રે...૦
આંજણના આંજપા રે ભૂલ્યા તમે કાં ભમો રે હાં,હાથમાં દીવો ને કાં પડો કૂવે મારા વીરા રે
આંખ્યુંના ઉજાગરા વીરા તમે કાં કરો રે હાં, નેણે નિરખીને તમે જુવો મારા વીરા રે...
– મારૂં મન બાંધ્યું રે શુરવીર સાધ સે રે...૦
કાલર ને ખેતરમાં બીજ નવ વાવીએ રે હાં,પાતર જોઈ જોઈ તમે પેખો મારા વીરા રે ;
જોત્યુંને અંજવાળે દાન રૂડા દીજીએ રે હાં ;રૂડા સાધુને સેવો દલ ચોખો મારા વીરા રે...
– મારૂં મન બાંધ્યું રે શુરવીર સાધ સે રે...૦
સુવાંતુના ઝેવલા રે જળધારા વરસે રે હાં,તમે નીપજ લેજો ગોતી મારા વીરા રે,
વસિયરને મુખે વીખડાં નીપજે રે હાંછીપને મુખ નીપજે સાચાં મોતી મારા વીરા રે
– મારૂં મન બાંધ્યું રે શુરવીર સાધ સે રે...૦
મનના માન્યા મુનિવર જો મળે રે હાં,તો તો દલડાંની ગુંજું કીજે મારા વીરા રે ;
જેસલને ઘીરે તોળીરાણી બોલિયાં રે હાં,આપણા ગુરુને વચને ફળ લીજે મારા વીરા રે...
– મારૂં મન બાંધ્યું રે શુરવીર સાધ સે રે...૦

હે વીરા ! મારા, નર સચિયારા તમે સાચું વોરો રે...

હે વીરા ! મારા, નર સચિયારા તમે સાચું વોરો રે, એવાં કૂડ ને કપટ મનનાં મેલો રે જી ;
હે વીરા ! મારા, મનની માંડવીએ રૂડાં દાણ ચૂકાવો રે,એવા જમને દાણ દઈ પાછાં ઠેલો રે જી...
હે વીરા ! મારા, વણજું કરોને વણઝારા, મારા વીરાજી ! માળા ને જપના વેપારી રે જી.
હે વીરા ! મારા, ધરમ તણી તમે ધારણ બાંધો રે,એવો શેર સવાયો લીજે રે જી ;
હે વીરા ! મારા, ખમૈયાનો ખડિયો ને લોહની લેખણ રે,એવા પુન્યના પાનાં ભરીએ રે જી...
હે વીરા ! મારા, મહાવરતીમાં મોટા સંતો રે,એની પેઢીએ બેસી પુણ્ય કરીએ રે જી ;
હે વીરા ! મારા, નિજિયારા દાન અભિયાગતને દીજે રે,એવા લાવ સવાયા લીજિયે રે જી...
હે વીરા ! મારા, એડા અડા ધરમે અનેક ઓધરિયા રે,કરોડ તેત્રીશ એણી પેરે સીધ્યાં રે જી ;
હે વીરા ! મારા, પાંચા સાતાં ને નવાં બારાં રે,મોટા મુનિવરે મહાવ્રત લીધાં રે જી...
હે વીરા ! મારા, જ્યોતું ને અંજવાળે દાન રૂડાં દીજિયે રે,એવી સફળ કમાયું કીજે રે જી ;
હે વીરા ! મારા ,જાડેજાને ઘેરે સતી તોરલ બોલ્યાં રે,આપણે લાવ સવાયા લીજિયેં રે જી...

હૈડા હાલો ને અંજાર મુંજા બેલીડા..

હૈડા તમે હાલો ને અંજાર, મુંજા બેલીડા ! હૈડા હાલો ને અંજાર
એવી જાત્રા કરવા રે જેસલ પીરની રે બેડલો નાંગરીયો રે, બેડલો નાંગરીયો..
એવા ભાતાં રે લેજો સંગાથ મુંજા બેલીડા ! ભાતાં લેજો રે સંગાથ
એવા સરગમાં નથી હાટ વાણીયા રે બેડલો નાંગરીયો રે, બેડલો નાંગરીયો
એવા ભોમીયા લેજો ને સંગાથ મુજા બેલીડા !ભોમીયા લેજો ને સંગાથ
એવા ભોમીયા હશે તો ભોમ બતાવશે રે બેડલો નાંગરીયો રે, બેડલો નાંગરીયો
એવા ત્રાટાં નહિં ઝીલે ભાર મુજાં બેલીડા ! ત્રાટાં નહીં ઝીલે ભાર
એવી ભીતું રે હશે તો ભાર ઝીલશે રે બેડલો નાંગરીયો રે, બેડલો નાંગરીયો
એવાં બોલ્યાં છે જેસલ ઘરની નાર મુજાં બેલીડા ! બોલ્યાં તોરલ દે નાર
એવો સતી એ ગાયો રે હરિનો ઝુલણો રે,બેડલો નાંગરીયો રે, બેડલો નાંગરીયો

તોરલપરી રૂખડિયો

**ચડી ધુનમેં રેના જોગેશ્વર, દિલકા ભેદ ન દેના...**

ચડી ધુનમેં રેના જોગેશ્વર, દિલકા ભેદ ન દેના,
તીન ખુંટમે રમે જોગેશ્વર, બાલક હોકર રેના હો જી...

નેન સેન સમજાવું પ્રીયા તોહે, પરઘર શબ્દ નહી કેનાં ;
એહી બુંદસે હીરલા નીપજે, પરઘેર મત દેના હો જી...
ચડી...
યારી તો મરંદુ સે યારી, કયા તરિયા સે યારી ;
પલમાં રોવે પલમાં હસે, પલમાં કરે ખુવારી હો જી...
ચડી...
પરનારી કો છોડ પ્રસંગા, મત લગાવો અંગા ;
દશ મસ્તક રાવણકા છેદ્યા, પરનારીના સંગા હો જી...
ચડી...
ગગન મંડળમેં ઉર્ધ્વ મુખ કુવા તીહાં અમરિત કેરા વાસા,
સુગરા હોયસો ભરભર પીવે, નુગરા જાય પિયાસા હો જી...
ચડી...
રૂદે કમળમે સુર ચડાયા, અંગડે રંગ લગાયા ;
તોલાપરી રૂખડીઓ બોલ્યા, મેં અભિયાગત તેરા હો જી...
ચડી...

મૂળ મહેલમાં વસે ગુણેશા.. તમે ભાંગો મારા દલડાની ભ્રાંતા..

મૂળ મેલમાં વસે ગણેશા, ગુરુ ગમસે ગુણ પાતા, ગુણપતિ દાતા, જીવો દાતા હો... જી.
તમે ભાંગો મારા મનડાની ભ્રાંતા, તમે ભાંગો મારા દિલડાની ભ્રાંતા,ગુણપતિ દાતા, જીવો દાતા હો... જી.
તમે ખોલો મારા રૂદિયાના તાળાં, મેરા દુઃખ દારિદ્ર મટી જાતા, ગુણપતિ દાતા, જીવો દાતા હો... જી.
ધુપ ધ્યાન ને અખંડ આરતી, ગુગળના ધૂપ હોતા , ગુણપતિ દાતા, જીવો દાતા હો... જી.
રૂમઝુમ રૂમઝુમ નેપુર બાજે ,ઝીણી ઝીણી ચાલ ચલંતા,ગુણપતિ દાતા, જીવો દાતા હો... જી.
ખીર ખાંડ ને અમરત ભોજન, ગુણપતિ લાડુ પાતા,ગુણપતિ દાતા, જીવો દાતા હો... જી.
શુધ બુધ નારી તેરી સેજ બિછાવે, નિત નિત ચમર ઢળંતા, ગુણપતિ દાતા, જીવો દાતા હો... જી.
ગુરુ પ્રતાપે બોલ્યા તોરલપરી,મરજીવા મોજું પાતા, ગુણપતિ દાતા, જીવો દાતા હો... જી.

આવી આવી અલખ જગાયો બેની ! અમારે મોલે, ઓતર દિશાથી...

આવી આવી અલખ જગાયો, બેની ! અમારે મોલે,
ઉત્તર દિશાથી એક રમતો જોગી આયો રે હો... જી...
વાલીડા મારા ! સત કેરી સૂઈ ને શબદુંના ધાગા રે હો જી
ખલકો રે ખૂબ બનાયો, બેની ! અમારે મોલે,
ઉત્તર દિશાથી એક રમતો જોગી આયો રે હો... જી...
વાલીડા મારા ! પેરણ પીતાંબર ને કેસરીયાં વાઘા રે હો... જી.
કેસર તિલક લગાયો, બેની ! અમારે મોલે
ઉત્તર દિશાથી એક રમતો જોગી આયો રે હો... જી...
વાલીડા મારા ! ભમર ગુફામાં જોગીડે, આસન વાળ્યાં રે હો... જી..
ભગતિના ભેદ બતાયા, બેની ! અમારે મોલે ,
ઉત્તર દિશાથી એક રમતો જોગી આયો રે હો... જી...
વાલીડા મારા ! ઈ રે જોગીડાને , જનમ મરણ ના' વે રે હો... જી...
નહીં રે આયો રે , નહીં જાયો, બેની ! અમારે મોલે,
ઉત્તર દિશાથી એક રમતો જોગી આયો રે હો... જી...
વાલીડા મારા ! ત્રિકમદાસ , સત ખીમ કેરે ચરણે રે, હો...જી...
હેતે હરિના ગુણ ગાયો, બેની ! અમારે મોલે
ઉત્તર દિશાથી એક રમતો જોગી આયો રે હો... જી...

તારો રે ભરોસો મું ને ભારી , એવો ગરવો દાતાર, ગીરનારી રે ..

તારો રે ભરોસો મું ને ભારી, એવો ગરવો દાતાર,
ગીરનારી રે , ગીરનારી રે. ..
ઊંચો છે રે ગરવો દાતાર, નીચો છે જમીયલશા દાતાર,
વચમાં ભવેસર ભારી... એવો ગરવો દાતાર ગીરનારી રે , ગીરનારી રે..૦
લીલીયું ને પીળીયું તારી , ધજાયું ફરૂકે દાતાર,
ધોળી રે ધજાની બલીહારી ... એવો ગરવો દાતાર ગીરનારી રે , ગીરનારી રે..૦
દેશ પરદેશથી તારી માનતાયું આવે રે દાતાર,
નમણું કરે છે નર ને નારી... એવો ગરવો દાતાર ગીરનારી રે , ગીરનારી રે..૦
અઢારે ય ભારની તારી વનસ્પતિ ઝૂલે રે દાતાર,
ફોર્યું રે દિયે છે ફૂલવાડી...એવો ગરવો દાતાર ગીરનારી રે , ગીરનારી રે..૦
ત્રિકમદાસ સત ખીમ કેરે ચરણે દાતાર,
ચરણ કમળની બલીહારી, તારાં રે ભજનની લ્હેર લાગી.. એવો ગરવો દાતાર ગીરનારી રે , ગીરનારી રે..૦

ત્રિવેણીના તીરમાં મોતીડાંની હાર. ..

સાધુ જન નિજ હંસ નિહાળો, જેને હીરાનો આહાર રે,
– ત્રિવેણીના તીરમાં મોતીડાંની હાર ...૦
સુરતા સિંહાસન, પ્રેમના પાથરણાં , અવલ ઓશીકાં સાર
તા પર મારા સતગુરુ બેઠા, નિરખી થઈ છું ન્યાલ રે...
– ત્રિવેણીના તીરમાં મોતીડાંની હાર ...૦
અખે મંડળમાં રાસ રચ્યો છે, થૈ રિયો જૈ જૈ કાર
રોમે રોમે રામ રમી રિયો છે , અધર ખેલ નિરાધાર રે...
– ત્રિવેણીના તીરમાં મોતીડાંની હાર ...૦
અધર તખત પર મોરલી રે વાગે, સતગુરુ તારણ હાર
ત્રિકમદાસ એવું ગેબી રે ગાવે, ખીમ ખલક કીરતાર રે...

– ત્રિવેણીના તીરમાં મોતીડાંની હાર ...૦

હે જી મારા ગુરુજીએ પાયો રે અગાધ, પ્યાલો દૂજો કોણ પીવે..

હે જી મારા , ગુરુજીએ પાયો રે અગાધ,
પ્યાલો દૂજો કોણ પીવે ?....પ્યાલો દૂજો કોણ પીવે ?..૦
સત કેરી કુંડી મારા સંતો ! શબદ લીલાગર, શબદ લીલાગર ,
એક તૂં હિ , મારા સતગુરુ ઘૂંટણહાર... પ્યાલો દૂજો કોણ પીવે ? ...૦
શ્રવણેથી રેડયો મારા સંતો ! મારે રૃદિયે ઠેરાણો રે, મારે રૃદિયે ઠેરાણો રે,
હે જી મારી , દેયુંમાં હુવો રે રણુંકાર...પ્યાલો દૂજો કોણ પીવે ? ...૦
ચડતે પિયાલે મારા સંતો ! ગગન દરશાણાં રે, ગગન દરશાણાં રે,
એકતાર જમીં ને આસમાન ... પ્યાલો દૂજો કોણ પીવે ? ...૦
નામ અને રૂપ નહીં મારા, ગુરુજીના દેશમાં રે, ગુરુજીના દેશમાં રે,
હે જી એમ બોલ્યા છે ત્રિકમદાસ... પ્યાલો દૂજો કોણ પીવે ?...૦

દયાનંદ

એ જી રે એનો વણનારો વિશંભર નાથ, પટોળી આ પ્રેમની..

એ જી રે એનો વણનારો વિશંભર નાથ,
પટોળી આ પ્રેમની... હાં હાં રે પટોળી પ્રેમની..
સત જુગમાં વણ વાવિયાં, ઊગ્યા ત્રેતા માં ય,
દ્વાપરમાં એને ફળ લાગ્યાં, એ જી રે એમાં કળિયુગમાં ઊતર્યો કપાસ...
– પટોળી આ પ્રેમની... હાં હાં રે પટોળી પ્રેમની....૦
સતના ચરખે લોઢાવિયાં, પ્રેમની પિંજણે પિંજાય,
સરખી સાહેલી કાંતવાને બેઠી ;એ જી રે એનો તાર ગયો આસમાન...
– પટોળી આ પ્રેમની... હાં હાં રે પટોળી પ્રેમની....૦
બ્રહ્માજીએ તાર એના તાણિયા, શંકર જેવા વણનાર
તેત્રીસ કોટિ દેવ વણવા લાગ્યા,એ જી રે એમાં થઈ છે ઠાઠમ ઠાઠ...
– પટોળી આ પ્રેમની... હાં હાં રે પટોળી પ્રેમની....૦
આ પટોળી ઓઢીને ધ્રુવ પરમ પદ પામ્યા,વળી ઓઢી છે મીરાંબાઈ,
જૂનાગઢમાં નાગર નરસૈયે ઓઢી, એ જી રે પછી આવી દયાને હાથ...
– પટોળી આ પ્રેમની... હાં હાં રે પટોળી પ્રેમની....૦

બેલીડા ! ઊઠો ઉતાવળા થઈ, વાવણીયા જોડો ખેતરમાં જઈ..

બેલીડા ! ઊ ઠો ઉતાવળા થઈ ,
વાવણીયા જોડો ખેતરમાં જઈ...
કરણીના ફળ તમે, લેજો મોંઘેરા, તનમન નાણા દઈ,
ધરમ કરમના ધોરી જોડી વાવો અનુભવ ઓરણી લઈ...
– બેલીડા ! ઊઠો ઉતાવળા થઈ......૦
અનુભવ નામની ઓળું પાડો , તમે સુરતા શેઢા પર રઈ ,
વાંક અંતરનો કાઢો વિવેકથી , ખોટનું ખાલું નહીં...
– બેલીડા ! ઊઠો ઉતાવળા થઈ......૦
અનભેના અંકુર ઊગ્યા ખેતરમાં , ધીરપ ઢૂંઢણી થઈ ,
કૂડ કપટનાં કાઢો પારેવડાં, મન રખવાળે રઈ...
– બેલીડા ! ઊઠો ઉતાવળા થઈ......૦
પ્રેમનાં કણસલાં લણજો પ્રીતેથી, ખબર ધણીને દઈ ,

દાસ દયો કે એમ કીધી કમાઈ તેની, ભવની ભાવટ ગઈ..
– બેલીડા ! ઊઠો ઉતાવળા થઈ......૦

મેં અહાલેકિયા પીર પછમ રા, સતની ઝોળી મેરે કાંધે ધરી..

મેં અહાલેકિયા પીર પછમ રા, સતની જોળી મારે કાંધે ધરી,
પીધો પિયાલો મેં તો લગન કરી, હો,
– મેં અહાલેકિયા પીર પછમરા....૦
પાંચ રંગકા લિયા કપડા, શીત સંતોષ માંહે તાર ભરી,
પ્રેમને પડકારે જોળી નીકળી, જોળી હો ગઈ ખરેખરી...
– મેં અહાલેકિયા પીર પછમરા....૦
પાંચ ફળિયાં, પચીસ મેડીયું , નવ દરવાજે જોયું ફરી,
ચાર પાંચ માંહે ખેલે જુગટીયા, ઉનકું મેલ્યા પરહરી...
– મેં અહાલેકિયા પીર પછમરા....૦
ઓહમ અંચળા, સોહમ્ ચિપિયા, જ્ઞાન વિભૂતીમાં રેવું ભળી ,
દશમે દરવાજે અલેક જગાવી, સારા શહેરમાં ખબરું પડી ...
– મેં અહાલેકિયા પીર પછમરા....૦
એક શબ્દ દીધો સાહેબજીએ ,લીધો અલેકીયે લગન કરી,
દાસ દયાનંદ બ્રહ્માનંદ ચરણે , હવે ચોરાશીમાં નાવું ફરી...
– મેં અહાલેકિયા પીર પછમરા....૦

રામ શબદની માળા, જપો તો છૂટે જનમ જંજાળા..

રામ શબદની માળા, જપો તો છૂટે જનમ જંજાળા,
– સતગુરુ ! રામ શબદની માળા...૦
કર લે કૂંચી ગુરુજ્ઞાન કી, ખોલો હિરદાકા તાળા રે
એ હી તાળા જો દૂર કરો તો, ઘટ ભીતર અંજવાળાં..
– સતગુરુ ! રામ શબદની માળા...
કાયા દેશમાં, પરગટ ગંગા, કોણ ફરે પંથપાળા રે,
ગંગાજળમેં નાહી લ્યો અખંડા, મત નાઓ નદિયું નાળા..
– સતગુરુ ! રામ શબદની માળા...૦
કાયા અંદર બુદ્ધિ સમંદર, જલ હે નૌ નેજાળા રે,
સાયરિયામેં હીરલા નીપજે, ખોજે ખોજન હારા ..
– સતગુરુ ! રામ શબદની માળા...૦
પ્રભુ ભજો તો પાતક પ્રજળે સંતન કરો વિચારા રે,
દાસ દયાનંદ ગુરુને ચરણે, નિરગુણ પંથ નિહારા..
– સતગુરુ ! રામ શબદની માળા...૦

દયારામ

ચિત્ત ! તું શીદને ચિંતા ધરે ?...

ચિત્ત ! તું શીદ–ને ચિંતા ધરે ?
કૃષ્ણને કરવું હોય તે કરે...
સ્થાવર–જંગમ જડ–ચેતનમાં માયાનું બળ ઠરે ;
સ્મરણ કર શ્રીકૃષ્ણચંદ્રનું, જનમ–મરણ–ભય હરે.

– ચિત્ત ! તું શીદ–ને ચિંતા ધરે ?.....૦
તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે ?
ધણીનો ધાર્યો મનસૂબો હર–બ્રહ્માથી નવ ફરે.
– ચિત્ત ! તું શીદ–ને ચિંતા ધરે ?.....૦
દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે ;
જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સ્વર નીસરે..
– ચિત્ત ! તું શીદ–ને ચિંતા ધરે ?.....૦
થનાર વસ્તુ થયા કરે જ્યમ, શ્રીફળ પાણી ભરે ;
જનાર વસ્તુ એણી પેર જાશે, જ્યમ ગજ કોઠું ગરે.
– ચિત્ત ! તું શીદ–ને ચિંતા ધરે ?.....૦
જેવું જેટલું જે જ્યમ કાળે, તે તેને કર ઠરે ;
એમાં ફેર પડે નહિ કોઈથી, શીદ કૂટાઈ તું મરે ?
– ચિત્ત ! તું શીદ–ને ચિંતા ધરે ?.....૦
તારું ધાર્યું થતું હોય તો સુખ સંચે – દુઃખ હરે ;
આપપણું અજ્ઞાન–કુળ એ, મૂળ વિચારે ખરે.
– ચિત્ત ! તું શીદ–ને ચિંતા ધરે ?.....૦
થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનિષદ ઓચરે ;
રાખ ભરોસો રાધાવરનો, દયા શીદને ડરે ?
– ચિત્ત ! તું શીદ–ને ચિંતા ધરે ?.....૦

દલુ વાણિયો

હેલો મારો સાંભળો રણુજાના રાય..

હેલો મારો સાંભળો ને રણુજાના રાય
હુકમ કરો તો પીર જાત્રાયું થાય, મારો હેલો સાંભળો હો જી .
રણુંજાના રાજા, અજમલ જીના બેટા,
વીરમદેના વીરા, રાણી નેતલના ભરથાર, મારો હેલો સાંભળો હો જી..
હે જી રે મારો હેલો સાંભળો હો જી....૦
વાણિયો ને વાણિયણ જાત્રાએ જાય,
માલ દેખી ચોર એની વાંહે વાંહે થાય... મારો હેલો સાંભળો હો જી...૦
ઊંચી ઊંચી ઝાડીયું ને વસમી છે વાટ,
બે હતા વાણિયા ને ત્રીજો મળ્યો ચોર... મારો હેલો સાંભળો હો જી...૦
ઊંચા ઊંચા ડુંગરા ને વચમાં બોલે મોર,
મારી નાખ્યો વાણિયો ને માલ લઈ ગ્યા ચોર...મારો હેલો સાંભળો હો જી...૦
ઉભી ઉભી અબળા કરે રે પોકાર,
સોગઠે રમતા પીરને કાને ગ્યો અવાજ... મારો હેલો સાંભળો હો જી...૦
લીલુડો છે ઘોડલો ને હાથમાં છે તીર
વાણિયા ની વારે ચડયા રામદેવ પીર... મારો હેલો સાંભળો હો જી...૦
ઉઠ ઉઠ વાણિયણ , ધડ માથું જોડ,
ત્રણ ભુવનમાંથી ગોતી લાવું ચોર... મારો હેલો સાંભળો હો જી...૦
ભાગ ભાગ ચોરટા ! કેટલેક જાય ?
વાણિયાનો માલ તું તો કેટલા દાડા ખાય ? મારો હેલો સાંભળો હો જી...૦
આંખે કરૂં આંધળો ને ડીલે કાઢું કોઢ,
દુનિયા જાણે કે આ તો રામાપીરનો ચોર... મારો હેલો સાંભળો હો જી...૦
ગાય દલુ વાણિયો ને ભલી રાખી ટેક
રણુજા શેરમાં વાણિયે, પેરી લીધો ભેખ... મારો હેલો સાંભળો હો જી...૦

દાસી જીવણ (ઈ.સ.૧૭૫૦–૧૮૨૫)

અજવાળું રે મારે અજવાળું ગુરુજી ! તમ આવ્યે મારે અજવાળું..

અજવાળું રે મારે અજવાળું
ગુરુજી ! તમ આવ્યે મારે અજવાળું ...
સતનો શબદ જ્યારે શ્રવણે સુણાયો
ભીમ ભેટયા ને ભાંગ્યું ભ્રમણાનું તાળું...
–ગુરુજી ! તમ આવ્યે મારે અજવાળું ...0
જ્ઞાન ગરીબી સંતની સેવા રે,
પ્રેમ રે ભગતિનો પંથ હવે પાળું...
–ગુરુજી ! તમ આવ્યે મારે અજવાળું ...0
ખીમ ને ભાણ રવિ રમતા છે રામા,
તેજ તત્ત્વમાં ગુરુ તમને હું ભાળું...
–ગુરુજી ! તમ આવ્યે મારે અજવાળું ...0
દાસી જીવણ સત ભીમ કેરે શરણે રે,
અવર દૂજો હવે ધણી નહીં ધારું ...
–ગુરુજી ! તમ આવ્યે મારે અજવાળું ...0

અમારા અવગુણ રે ગુરુજીમાં ગુણ તો ઘણા..

અમારા રે અવગુણ રે ગુરુજીના ગુણ ઘણા રે જી ;
ગુરુજી ! અમારા અવગુણ સામું મત જોય....
– અમારામાં અવગુણ રે....0
ગુરુજી મારો દીવો રે, ગુરુજી મારો દેવતા રે જી ;
ગુરુજી મારા પારસમણીને રે તોલ...
– અમારામાં અવગુણ રે....0
ગુરુજી મારા ગંગા રે, ગુરુજી મારા ગોમતી રે જી ;
ગુરુજી અમારા કાશી અને છે કેદાર...
– અમારામાં અવગુણ રે....0
ગુરુ મારા ત્રાપા રે, ગુરુજી મારા તુંબડાં રે જી ;
ઈ તુંબડીએ અમે ઊતરિયે ભવપાર...
– અમારામાં અવગુણ રે....0
જાળીડાં મેલાવો રે ગુરુ ગમ જ્ઞાનનાં રે જી ;
ઈ જાળીડાં જરણાં માંહેલો છે જાપ...
– અમારામાં અવગુણ રે....0
ભીમ ગુરુ શરણે રે દાસી જીવણ બોલીયા રે જી ;
દેજે અમને સંતચરણમાં વાસ...
– અમારામાં અવગુણ રે....0

એવા દોરંગા ભેળા રે નવ બેસીએ ..

એવા દોરંગા ભેળાં રે નવ બેસીએ
એ જી એમાં પત રે પોતાની જાય રે હાં..

– એવા દોરંગા ભેળા રે નવ બેસીએ....૦
ઘડીકમાં ગુરુ ને ઘડીકમાં ચેલકા રે જી ,
ઘડીમાં પીર રે થઈને પૂજાય રે હાં...
– એવા દોરંગા ભેળા રે નવ બેસીએ....૦
ઘડીકમાં રંગ ચડે, ઘડીકમાં ઊતરે રે જી ,
અને ઘડીકમાં ફટકિયાં થઈને ફૂલાય રે હાં..
– એવા દોરંગા ભેળા રે નવ બેસીએ....૦
ઘડીક ઘોડે ને ઘડીક પેગડે રે જી ,
ઘડીમાં વાટુંના વેરાગી બની જાય રે હાં ...
– એવા દોરંગા ભેળા રે નવ બેસીએ....૦
કામી, ક્રોધી ને લોભી, લાલચુ રે,
એ જી ઈ તો પારકે દુઃખે ન દુખાય રે હાં...
– એવા દોરંગા ભેળા રે નવ બેસીએ....૦
દાસી રે જીવણને ભીમ ગુરુ ભેટિયા રે જી,
ગુરુ મળ્યે લખ રે ચોરાશી ટળી જાય રે હાં...
– એવા દોરંગા ભેળા રે નવ બેસીએ....૦

એવાં હેત રાખો તમે રામસે..

એવાં હેત રાખજો તમે રામસે
રાખે જેમ ચંદ્ર ને ચકોર, રાખે જેમ બાપૈયા ને મોર,
– એવાં હેત રાખજો તમે રામસે...૦
હેત રે વખાણીએ કુંજલડી કેરા, બચલાં મેલીને મેરામણથી જાય ,
આઠ આઠ મહિને આવીને ઓળખે, એનું નામ હેત રે કે'વાય...
– એવાં હેત રાખજો તમે રામસે...૦
હેત રે વખાણિયે વીંછલડી કેરા. બચલાંને સોંપી દ્યે શરીર .
આપ રે મરે ને પરને ઓધરે રે, એવી એની મેરુ સરખી ધીર..
– એવાં હેત રાખજો તમે રામસે...૦
અનળ પંખીને નેહ ઘણો, ઉડી ઉંચે આકાશે રે જાય
દ્રષ્ટિ થકી કુળ જેનાં નીપજે, હે એનું નામ હેત રે કે 'વાય...
– એવાં હેત રાખજો તમે રામસે...૦
હેત રે વખાણીયે પનિહારી કેરાં, જળ ભરવાને રે જાય
હસે રે બોલે ને કર તાળીયું દિયે, એની સુરતા છે બેડલિયાની માંય..
– એવાં હેત રાખજો તમે રામસે...૦
રંગબેરંગી ભમરલો ઉડીને આકાશે રે જાય, સાગ ને સીસમને કોરી ખાય,
પાંદડિયે પુરાણો આખી રાત રિયે, એનાથી કમળ નહીં કોરાય..
– એવાં હેત રાખજો તમે રામસે...૦
દાસી રે જીવણ સંતોને વીનવે રે, આ વાતું અનુભવીને ઓળખાય ,
ગુણલા નિત નિત ગવાય,અવરથી પ્રીતું કેમ રે થાય ?..
– એવાં હેત રાખજો તમે રામસે...૦

કલેજા કટારી રે, વ્રેહની કટારી રે..

કલેજા કટારી રે વ્રેહની કટારી રે,
હે માડી ! મુંને માવે , લઈને મારી રે મારી....
વાંભુ ભરી મુજને મારી, વાલે મારે બહુ બળકારી,
એણે હાથુંથી હુલાવી રે..માડી ! મુંને માવે લઈને મારી....૦

કટારીનો ઘા છે કારી,વાલીડે મારી છે ચોધારી ,
ભીતર ઘા બહુ ભારી રે ..માડી ! મુંને માવે લઈને મારી....૦
જડી બુટી ઓખદ મૂળી , કેની એ ન લાગે કારી,
વૈદ ગિયા હારી રે, હકીમ ગિયા હારી રે .. માડી ! મુંને માવે લઈને મારી....૦
વ્રેહ તણી વેદના ભારી, ઘડીક ઘરમાં ને ઘડીક બારી
મારી મીટુંમાં મોરારી રે.. માડી ! મુંને માવે લઈને મારી....૦
દાસી જીવણ ભીમને ભાળી, વારણાં લઉં વારી વારી,
આજ દાસીને દીવાળી રે ,ખબરું લીધી હમારી રે .. માડી ! મુંને માવે લઈને મારી....૦

જશોદા જીવનને રે , માતાજી મોહનને રે કેજે તારા કાનને..

જશોદા જીવનને રે , માતાજી મોહનને રે ,
કે 'જે તારા કાનને રે ...૦
ફૂલ વીણવા ગ્યાં ફુલવાડી , આડા ઊભા કાનુડો દાણી ,
ફુલ લીધાં પાડી રે, કે'જે તારા કાનને રે....૦
–જશોદા જીવનને રે , માતાજી મોહનને રે ,
કે 'જે તારા કાનને રે ...૦
સેજલડીમાં હું રે સુતી' તી , કાનુડે મું ને આવીને જગાડી,
તે પર દીધી તાળી ર, કે'જે તારા કાનને રે....૦
–જશોદા જીવનને રે , માતાજી મોહનને રે ,
કે 'જે તારા કાનને રે ...૦
મહીડા મારાં લૂટે માડી ! દૂધ પીએ દાડી દાડી
આવડો શું અનાડી ! રે, કે'જે તારા કાનને રે....૦
–જશોદા જીવનને રે , માતાજી મોહનને રે ,
કે 'જે તારા કાનને રે ...૦
દાસી જીવણ ભીમને ભાળી, વારણાં લઉં વારી વારી
દાસી ને આજ દીવાળી રે, કે'જે તારા કાનને રે....૦
–જશોદા જીવનને રે , માતાજી મોહનને રે ,
કે 'જે તારા કાનને રે ...૦

જા ,સોહાગણ ! જા, ગગનિયામાં જયોત જલત હે જા..

જા સોહાગણ ! જા, ગગનિયામાં જ્યોત જલત હે જા.
જા, સોહાગણ ! જા રે , સોહાગણ ! ઓ ઘર કર લે વાસા ,
સુગરા હોય સો ભર ભર પીવે , નુગરા જાય પિયાસા...
–ગગનિયામાં જ્યોત જલત હે જા....૦
કોટિક ચંદા ઝગમગે ને કોટિક ઊગ્યા સૂર ,
કોટિક દીપક દેખીયા, ને સતગુરુ પાયા હજૂર...
–ગગનિયામાં જ્યોત જલત હે જા....૦
અનહદ વાજાં ઓ ઘર વાગે, શોભા બની છે સારી ,
નૂરતે સૂરતે ઓ ઘર નિહાળો, ત્રિવેણીમાં લાગી તાળી...
–ગગનિયામાં જ્યોત જલત હે જા....૦
એક સે આયા, દૂજે સમાયા, તિસરા ઘર કું પાયા,
દાસી જીવણ સત ભીમનાં શરણાં , ગુરુ મુખ ભેદ બતાયા...
–ગગનિયામાં જ્યોત જલત હે જા....૦

તેરી કરામત જાણી  મેરે  સાંયા તેરી અકળ કળા ન કળાણી રે..

તેરી કરામત જાણી મેરે સાયાં તેરી અકળ કળા ન કળાણી રે જી
એક પલકમાં પેદા કર્યા તેં , પૃથ્વી પવન ને પાણી રે જી,
બહુનામી તારૂં બીબું ભારે, અનભે રમતું આણી ...
– સાયાંજી તેરી અકળ કળા ન કળાણી રે હો જી...ο
એક બેરો ને એક બોબડો , એક દેવ તો એક દાણી રે જી,
એકના શિર પર ચમર ઢળત હે , દૂજો ભરે છે પાણી...
– સાયાંજી તેરી અકળ કળા ન કળાણી રે હો જી...ο
રાજ લઈ રાવણને સોપ્યું ! જરા જોબન નવ આણી રે જી,
એક પલકમાં લંક પલટાવી, કરી કેવાની કહાણી...
– સાયાંજી તેરી અકળ કળા ન કળાણી રે હો જી...ο
શ્રુતિ દઈને વેદ સુનાવે, વચન બોલાવે વાણી રે જી ,
ભગતોની તમે ભેળા વસો છો, અહીં કેમ બેઠા તાણી ?..
– સાયાંજી તેરી અકળ કળા ન કળાણી રે હો જી...ο
ઊંચ નીચમાં તમે શું જાણો ? આદિ કળા ઓળખાણી રે જી ,
દાસી જીવણ સત ભીમને ચરણે , તમસે પ્રીત બંધાણી...
– સાયાંજી તેરી અકળ કળા ન કળાણી રે હો જી...ο

દયા કરીને મું ને પ્રેમે પાયો , મારી નેનુંમાં આયા નૂર પ્યાલો મેં..

દયા કરીને મું ને પ્રેમે પાયો, મારી નેનુંમાં આયા નૂર ,
પ્યાલો મેં પીધેલ છે ભરપૂર ..
–પ્યાલો મેં પીધેલ છે ભરપૂર...ο
નુરત સુરતની સાન ઠેરાણી, બાજત ગગનાંમેં તૂર રે ,
રોમે રોમે રંગ લાગી રિયો તો, નખ શીખ પ્રગટયા નૂર...
–પ્યાલો મેં પીધેલ છે ભરપૂર...ο
સ્થાવર જંગમ જળ સ્થળ ભરિયો, ઘટમાં ચંદા ને સૂર રે ,
ઘટોઘટમાંહી રામ રમતા બિરાજે, દિલ હીણાંથી રિયો દૂર...
–પ્યાલો મેં પીધેલ છે ભરપૂર...ο
ભાવે પ્રીતે જેને પૂરા નર ભેટયા વરસત નિરમળ નૂર રે,
જે સમજ્યા ગુરુની સાનમાં ભર્યા રિયા ભરપૂર...
–પ્યાલો મેં પીધેલ છે ભરપૂર...ο
ભીમ ભેટયા ને મારી ભ્રમણા ભાંગી હરદમ હાલ હજૂર રે ,
દાસી જીવણ સત ભીમના શરણાં, પીતાં થઈ ચકચૂર...
–પ્યાલો મેં પીધેલ છે ભરપૂર...ο

દેખંદા રે કોઈ આ દિલમાં ય ઝણણણણ..

દેખંદા રે કોઈ આ દિલ માં ય,
નિરખંદા રે કોઈ આ દિલ માં ય,
પરખંદા રે કોઈ આ દિલ માં ય... ઝણણણ ઝણણણ ઝાલરી વાગે...
બોલે બોલાવે સબ ઘટ બોલે, સબ ઘટમાં ઈ તો રહ્યો રે સમાય ,
જિયાં જેવો તિયાં તેવો , થીર કરીને થાણા દિયા રે ઠેરાય...
– ઝણણણ ઝણણણ ઝાલરી વાગે...ο

નવ દરવાજા નવી રમત કા , દસમે મોલે ઓ દેખાય ,
સોઈ મહેલમાં મેરમ બોલે, આપું ત્યાગે ઓ ઘર જાય...
– ઝણણણ ઝણણણ ઝાલરી વાગે...૦
વિના તાર ને વિણ તુંબડે , વિના રે મુખે ઈ તો મોરલી બજાય ,
વિના દાંડીએ નોબતું વાગે, વિના રે દીપકે જ્યોત જલાય...
– ઝણણણ ઝણણણ ઝાલરી વાગે...૦
આ રે દુ કાને દડ દડ વાગે , કર વિન વાજાં અહોનિશ વાય ,
વિના આરિસે આપાં સૂજે , એસા હે કોઈ વા ઘર જાય..
– ઝણણણ ઝણણણ ઝાલરી વાગે...૦
જાપ અજપા સો ઘર નાંહી, ચંદ્ર સૂરજ જહાં પહોંચત નાંહી,
સૂસમ ટેક સે સો ઘર જાવે, આપે આપને દિયે ઓળખાય...
– ઝણણણ ઝણણણ ઝાલરી વાગે...૦
અખર અજીતા મારી અરજ સુણજો , અરજ સુણજો એક અવાજ,
દાસી જીવણ સત ભીમના શરણાં, મજરો માની લેજો ગરીબનવાજ...
– ઝણણણ ઝણણણ ઝાલરી વાગે...૦

દેખ્યા હોય તો કહી બતલાવો મોતી કેસા રંગા..

દેખ્યા હોય તો કહી બતલાવો, મોતી કેસા રંગા ?
ગમ કરીને ગોતો ગગનમાં , વાં હે ગુપત ગંગા,
–દેખ્યા હોય તો કહી બતલાવો મોતી કેસા રંગા ....૦
ઘૂડ ગુરુ ને છીપા ચેલા , દિવસ નાં હી પગદંડા,
ગમ ન સુજે આગમ ભાખે , આપ વખાણે અંધા...
–દેખ્યા હોય તો કહી બતલાવો મોતી કેસા રંગા ....૦
કહાં સે આયા, કહાં સમાયા, એ હી બડા અચંબા,
પિંડ બ્રહ્માંડસે અપરંપારા, નાં હી સૂરજ નાં હી ચંદા...
–દેખ્યા હોય તો કહી બતલાવો મોતી કેસા રંગા ....૦
જ્ઞાન ગુરુ ને જેના સુરતા ચેલા જેણે હોય નવ ખંડા,
પિયુને પરખ્યા મોતી નીરખ્યા, આપ ભયા આનંદા..
–દેખ્યા હોય તો કહી બતલાવો મોતી કેસા રંગા ....૦
આતમ ચિન્યા, અનભે પાયા, મિટ ગયા સરવે ફંદા,
દાસી જીવણ સંતો ભીમને ચરણે, ધ્યાની પુરુષકા ધંધા...
–દેખ્યા હોય તો કહી બતલાવો મોતી કેસા રંગા ....૦

પ્રેમ કટારી આરંપાર, નીકસી મેરે નાથકી..

પ્રેમ કટારી આરંપાર, નીકસી મેરે નાથકી ,
ઓર કી હોય તો ઓખદ કીજે , હે હરિ કે હાથકી..
–પ્રેમ કટારી આરંપાર...૦
ચોધારીનો ઘાવ ન સૂઝે જોજો ઈ કોણ જાતકી !
આંખ વીંચી ઉઘાડી જોયું , વાર ન લાગી વાતકી..
–પ્રેમ કટારી આરંપાર...૦
સઈ ! મેં જોયું શામળા સામું , નિરખી કળા નાથકી ,
વ્રેહ ને બાણે, પ્રીતે વીંધ્યા, ઘાવેડી બહુ ઘાતકી..
–પ્રેમ કટારી આરંપાર...૦
ઓખદ બુટી પ્રેમની સોઈ, જો પીવે કોઈ પાતકી,

રાત દિવસ ઈ રંગમાં ખેલે, એવી રમતું હે રઘુનાથકી..
—પ્રેમ કટારી આરંપાર...૦
દાસી જીવણ ભીમ પ્રતાપે, મટી ગઈ કુળ ભાતકી
ચિતડાં હેર્યાં શામળે વાલે , ધરણીધરે ધાતકી..
—પ્રેમ કટારી આરંપાર...૦

પ્રેમ ચંદણનાં ઝાડવાં મારી દેયમાં રોપ્યાં રે..

પ્રેમ ચંદણનાં ઝાડવાં, બાયું ! અગર ચંદણનાં ઝાડવાં ,
મારી દેહીમાં રોપ્યાં રે , માવાની મોરલીયે મારા મનડાં હેર્યાં રે..
મનડાં હેર્યાં ને ચિતડાં ચોર્યાં, મોરલી વાળે રે..
—માવાની મોરલીયે...૦
આંસુડે ભીંજાય કંચવો, બેની ! મારો આંસુડે ભીંજાય કંચવો,
ભીંજાય આછાં ચીર રે.. —માવાની મોરલીયે...૦
માવો માવો શું કરો ? બાયું ! માવો માવો શું કરો ?
માવો મોરી પાસ રે... —માવાની મોરલીયે...૦
મનડું મારૂં તલખે , માવા ! દલડું મારું તલખે ,
ઘરબાર ઘોળ્યાં જાય રે.. —માવાની મોરલીયે...૦
દાસી જીવણ ભીમના શરણાં, આજ લ્હેરમ લ્હેરાં રે..
—માવાની મોરલીયે...૦

મારા નાથનાં નેણાં ઉપર હું તો ઘડીએ..

મારા નાથનાં નેણાં ઉપરે હું તો ઘડીએ ઘોળી જાઉ ..
શિદ કરું એકાદશી શિદ ત્રીજે ટંકે ખાઉ ?
નાથજીના નેણાં નીરખી, ભાવના ભોજન પાંઉં રે..
– મારા નાથનાં નેણાં ઉપરે...૦
આંગણ ગંગા ગોમતી, હું શિદ રેવાજી જાઉં?
અડસઠ તીરથ આંગણે, હું તો નિત્ય ત્રિવેણીમાં નાંઉં રે..
– મારા નાથનાં નેણાં ઉપરે...૦
શામળા કારણ સેજ બીછાવું ,બ્રજ થકી બોલાઉં,
મેરમજી મારે મોલે પધારે, પ્રેમ કરી પધરાઉં રે..
– મારા નાથનાં નેણાં ઉપરે...૦
દાસી જીવણ સત ભીમનાં ચરણાં , હેતે હરિ ગુણ ગાઉં,
સતગુરુ ને ચરણે જાતાં , પ્રેમે પાવન થાઉંરે..
– મારા નાથનાં નેણાં ઉપરે...૦

મીઠાજી ! જાણી લીધો તારો મરમ, મારે મોલે માવા પધારો..

મીઠાજી ! જાણી લીધો તારો મરમ,
મારે મોલે માવા પધારો , મેરમજી પધારો..
તારે ને મારે પ્રીતું , એમાં સૌ જગ જાણે,
એ વાલા ! શેની રાખો શરમ ?
બીજાની બોલાવી હું નહીં બોલું ,
પણ, મારા નાથજી આગળ નરંમ...

–મારે મોલે માવા પધારો , મેરમજી પધારો...૦
બકીને બોલું તો તારી શરમ જાય વાલા !
ઈ થી ભર્યો રાખું છું ભરમ ,
પર ઘર પાણીડાં નઈ ભરે રે
આ પાદશા કેરી હુરમ ...
–મારે મોલે માવા પધારો , મેરમજી પધારો...૦
બોત ગુના મારા બક્ષો બહુનામી વાલા !
તારે ઓળે આવી અધરમ ,
વડાને વિકાર કબુ યે ન વ્યાપે
મારો ગિરધારી નો'ય કે'દી ગરમ...
–મારે મોલે માવા પધારો , મેરમજી પધારો...૦
કોક સમજાવીને કેજો કોઈ શામળા વાલાને,
અકળ રૂપ અપરંમ
દાસી જીવણ સત ભીમ ને ચરણે
એ મારા છુટી ગયાં કલપના કરમ...
–મારે મોલે માવા પધારો , મેરમજી પધારો...૦

મેં મસ્તાના મસ્તી ખેલું , મેં દીવાના દરશનકા..

મેં મસ્તાના મસ્તી ખેલું , મેં દીવાના દરસન કા ,
ખમિયા ખડગ મેં હાથ લઈ ખેલું , જીત તણા અબ દઉ ડંકા...
–મેં મસ્તાના મસ્તી ખેલું ....૦
રા આંગણમેં વાંસ રોપાવું, ધીરપ ઢોલ બજાવુંગા,
નૂરત સૂરતકા નટવા ખેલે, અભય મોજ લઈ આવુંગા...
–મેં મસ્તાના મસ્તી ખેલું ....૦
પ્રીત પરવાના પટા પ્રેમકા, સંત ચરણ રજ મેં રંકા,
કાળ ક્રોધ દુશ્મન કું ડરાવું , સત નામકા દઉ શંખા...
–મેં મસ્તાના મસ્તી ખેલું ....૦
ચરણ તણી ઓહટ લઈ ચાલું , હુકમ ગુરુ કા હલાઉંગા,
રામ નામકા અમલ પીલાઉં, રસના નામ રટાવુંગા...
–મેં મસ્તાના મસ્તી ખેલું ....૦
બેઠા મોજ લિઉં બંદગીસે, કોટ વસાવું ગુરુ વંકા ,
દાસી જીવણ સત ભીમના શરણે મેં સિપાહી હું મેરમકા...
–મેં મસ્તાના મસ્તી ખેલું ....૦

મોર તું તો આવડાં તે રૂપ ક્યાંથી લાવ્યો..મોરલો મરતલોકમાં આવ્યો રે..

મોર ! તું તો આવડાં તે રૂપ ક્યાંથી લાવ્યો રે ,
આ મોરલો મરતલોકમાં આવ્યો ,
–મોરલો મરતલોકમાં આવ્યો...૦
નહીં એ નાદનો ને નહીં એ બુંદનો, આપે આપ બની આયો ,
પાંચ તત્ત્વ, તિન ગુણથી ન્યારો, વેદ પુરાણે નહીં પાયો ..
–મોરલો મરતલોકમાં આવ્યો...૦
નાભિ કમળથી ચાલિયો ને એ બંકનાળે ઉલટાયો ,
ત્રિવેણી તીરે નીરત કરે એ , વિના પાંખે ઊડી ધાયો..
–મોરલો મરતલોકમાં આવ્યો...૦
લીલો ને પીળો મોરલો, કળ્યામાં ના'વે , અનેક રંગ ભરી લાયો ,
દેખ્યો હોય તો કહી સમજાવો , ઈ તો અખંડ કહાયો ..

—મોરલો મરતલોકમાં આવ્યો...૦
મ્હેર ભઈ મહારાજની ને , અમ્મર પિયાલો મું ને પાયો,
દાસી જીવણ સત ભીમના શરણાં, અરસપરસ દરશાયો..
—મોરલો મરતલોકમાં આવ્યો...૦

મોરલો ! જીવણની રે નજરૂંમાં આયો,..મોરલો ગગન મંડળ ઘર આયો..

મોરલો ! જીવણની રે નજરૂંમાં આયો, રે આ મોરલો ! ગગન મંડળ ઘર આયો ,
એ જી ઈ તો જીવણની રે નજરૂંમાં આયો, રે આ મોરલો ! ગગન મંડળ ઘર આયો ...૦
ઊંચો જોયો આસમાનસે ને , ચોડો જોયો રે સવાયો ,
માપ કરું તો માપામાં ના'વે,ઈ મારા નેન કમળમાં સમાયો રે આ મોરલો ! ગગન મંડળ ઘર આયો ...૦
કાયા નગરમાં ડોલતો ને , વિના રે પાંવ ચલાયો ,
જ્ઞાન કરીને ગોત્યો તિયારે, આપમેં આપ દરશાયો રે આ મોરલો ! ગગન મંડળ ઘર આયો ...૦
સુખમણાને ઘરે ચારો ચૂગિયો ને , ત્રિવેણીમાં જલ પાયો ,
ઓહં સોહં માં ઊઠત બેઠત, વિના રે મુખસે બોલાયો રે આ મોરલો ! ગગન મંડળ ઘર આયો ...૦
મેર ભઈ મહારાજની રે, ઓઘટ પિયાલો મું ને પાયો ,
દાસી જીવણ સત ભીમ કેરા શરણાં, સાંભળજો સહુ ભાયો રે આ મોરલો ! ગગન મંડળ ઘર આયો ...૦

રંગમાં રમાડી રમાડી મું ને, હેતમાં હુલાવી રે, આજ સખી ! રે ઓલ્યે શામળિયે..

રંગમા રમાડી, રમાડી મું ને , હેતમાં હુલાવી રે,
—આજ સખી ! રે ઓલ્યે શામળિયે ...૦
કુડા કુડા સ્નેહ છોડાવ્યા, એવી કીધી આડી રે,
કસમતવાળે કાનુડે અમને, પ્રીતે લીધાં પાડી રે ...
—આજ સખી ! રે ઓલ્યે શામળિયે ...૦
સ્વપના સુખમાં હું રે સુતી ' તી, નિંદરમાંથી જગાડી રે,
પિયુજીએ પ્રેમ પટોળી મારા , અંગ ઉપરે ઓઢાડી રે ,
—આજ સખી ! રે ઓલ્યે શામળિયે ...૦
અડધી રેને હું જાગી, વાલાજીની વેણ વાગી રે,
ગગન મોતીડે વાલોજી જાગ્યા, ફોર્યું દિયે છે ફૂલવાડી રે ,
—આજ સખી ! રે ઓલ્યે શામળિયે ...૦
દાસીજીવણ કે ભીમ પ્રતાપે, દર્શન દિયોને દાડી દાડી રે
વાલાજીના વદન નીરખી, આજ ઠરી મારી નાડી રે ...
—આજ સખી ! રે ઓલ્યે શામળિયે ...૦

રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ..
રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ ,
ગરીબ સંતોની લાજ રે તારા , લાલન સંતોની લાજ...
ઊંડા રે જળમાં ગજ ગ્રહાયો ,ગોવિંદા ! તેં કીધી'તી એની વ્હાર ,
ઝુડ મારીને કટકા કીધા, વ્હાલા ! ઉગાર્યો ગજરાજ ...
—રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ...૦
નિંભાડામાંથી બચલાં ઉગાર્યા, બિલાડી કેરાં બાળ ,
પ્રહલાદ કારણ થંભ ધગાવ્યો , તરત ઠાર્યો મહારાજ ..
—રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ...૦
કોલવા માથે કરુણા કીધી, તમે મહેર કરી મહારાજ ,

દેવળ ફેરવી દર્શન દીધાં, વહેલા પધાર્યા બહાર..
—રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ...૦
રાવ સાંભળી ચડયા રામદે સ્થિર તો કીધાં એનાં જહાજ ,
ઈ વિશ્વાસે વાણિયો વળગ્યો'તો , બુડતાં તાર્યા એનાં વ્હાણ..
—રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ...૦
કુંભો છેતરવા આવ્યો રે ચારણ, કુંભે કીધા સન્માન ,
કુંભા માથે મહેરું કીધી , મંદિરે મંદિરે મહારાજ..
—રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ...૦
દાસી જીવણ સંતો ભીમ ને શરણે , અહાલેક કર્યો આરાધ,
દાસી માથે કરૂણા કરી તમે , દર્શન દેજો મહારાજ..
—રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ...૦

રામ ભજ મન ! રામ ભજી લે , પ્રભુ ભજી લે પ્રાણિયા..

રામ ભજ મન ! રામ ભજી લે , પ્રભુ ભજી લે પ્રાણિયા ,
પ્રભુ ભજ્યા તે પાર ઊતર્યા , ચૌદ લોકે જાણિયા..
– રામ ભજ મન, રામ ભજી લે...૦
માયા મદની ઓરડીમાં , કોક વિરલા રહી જાણિયા,
ખાધી પીધીને ખૂબ ખરચી, દિલમાં દાગ ન આણિયા....
– રામ ભજ મન, રામ ભજી લે...૦
મૂરખે માયા ભેળી કીધી , દાટી બેઠો દાણિયા ,
મરણ વેળાએ કામ ન આવી, અવગતે તો આણિયા..
– રામ ભજ મન, રામ ભજી લે...૦
મોહ માયા એ બહુ બાંધી લીધો, એમાં પ્રભુને ન ભજાણિયા,
ભૂંડી વેળાના ભૂત સરજયાં અવગતે ઈ માણિયા....
– રામ ભજ મન, રામ ભજી લે...૦
બલિ ,કરણે બહુ દીધી, સગાળશા શેઠ વાણિયા
ધ્રુવ અમરીષ પીપો, રોહીદાસ જનક વિદેહી જાણિયા...
– રામ ભજ મન, રામ ભજી લે...૦
મારા ગુરુએ ગોવાળી કીધી, મૂળ ધરમને આણિયા,
દાસી જીવણ સત ભીમને ચરણે, સંત અમરાપર માણિયા..
દાસી જીવણ સંતો ભીમને ચરણે, ભગતે અવસર ભાળિયા..
– રામ ભજ મન, રામ ભજી લે...૦

રામ ભજવાની રીતું, મારે પૂરવ જનમની પ્રીતું રે...

રામ ભજવાની રીતું ,મારે પૂરવ જનમની છે પ્રીતું રે,
ઓધા ! મંદિર આવજો રે..
જનમો જનમની પ્રીતું રે,મારે બાળાપણની પ્રીતું રે,
માવા ! મોલે આવજો રે.
દાસી માથે શેનો દાવો ? મારે મોલે ના'વે માવો,
આવડો શું અભાવો રે...મારા માવા ! મોલે આવજો રે...
જોઈ જોઈને વોરીએ જાત્યું , બીબાં વિનાં પડે નહીં ભાતું ,
ભાર ઝીલે રે ભીતું રે...મારા માવા ! મોલે આવજો રે...
દિલડા માં દીસે દ્વાતું ,મેલી દીયો મનની ભ્રાંતું ,
ખોળી જુવો ખાતું રે ...મારા માવા ! મોલે આવજો રે...

તમ વીના નથી રે'વાતું , ઓરા આવો તો વાલમ ! કરીયે વાતું ,
મળી છે એકાતું રે...મારા માવા ! મોલે આવજો રે...
ભીમ સાહેબે દીધીયું દાંત્યું , ભાંગીયું જીવણ ની ભ્રાંતું,
હવે વરસીયું સુવાંતું રે...મારા માવા ! મોલે આવજો રે...

રામ સમર મન ! રામ સમર લે ...

રામ સમર મન ! રામ સમર લે,જાગ જાગ મન ! કયું સોતા ?
રામ ભજન બીન નહી નીસ્તારા, જાગ જાગ મન ! કયું સોતા ?
જાગ્રત નગરી ચોર ન લૂંટે,ઝખ મારેગા જમદૂતા ...રામ સમર મન ! રામ સમર લે ....૦
જપ કર તપ કર કોટિ જગન કરે, કાશી જઈ કરવત લેતા,
મૂવા પછી મુકિત નહી પામે, મર હોય જોગી અવધૂતા .....રામ સમર મન ! રામ સમર લે...૦
જોગી હોકર જટા વધારે, અંગ લગાયે વિભૂતા,
દમડી કારણ દેહ જલાવે, જોગી નહી પણ જગધૂતા....રામ સમર મન ! રામ સમર લે...૦
જાકી સુરતા લગી ગગનમે , કાળ ક્રોધ ગરદન દેતા,
અગર તખ્ત પર આસન વાળે, સો જોગી હે અબધૂતા....રામ સમર મન ! રામ સમર લે ...૦
સૂતા સો નર ગિયા ચોરાશી , જાગ્યા સો નર જગ જીત્યા,
દાસી જીવણ સત ભીમકા શરણાં, અનભે ઘર ઓ જઈ પોત્યા...રામ સમર મન ! રામ સમર લે ....૦

લોચનિયે લોભાણી , હું તો તારી વાતડીએ વેચાણી રે..

લોચનિયે લોભાણી , હું તો તારી વાતડીએ વેચાણી ,
નેણેથી ભરમાણી , હું તો તારી વાટડીએ લલચાણી ,
– રે હો માવા ! તારી મોરલી હો જી....૦
જે નો આવ્યા આજો જાણી , સરોવર ગઈ' તી પાણી ,
બોલે રે બંધાણી , તારા બોલડિયે બંધાણી ..
– રે હો માવા ! તારી મોરલી હો જી....૦
જેણે રસ પીધા જાણી, ઈ પિયુજીની છે પટરાણી,
ઠીક તો ઠેરાણી , એની નશાં ઠીક તો ઠેરાણી...
– રે હો માવા ! તારી મોરલી હો જી....૦
સાંભળો રે સૈયર ! સમાણી, મારા મેરમજી ને લીધા માણી,
વાલી લાગે વાણી,એની મીઠુડી લાગે વાણી...
– રે હો માવા ! તારી મોરલી હો જી....૦
ભીમ ભેટયા ઈ એંધાણી, દાસી જીવણ જપે જાણી
તાતી રે ટીપાણી , મારી ગરીબી ગવાણી, ..
– રે હો માવા ! તારી મોરલી હો જી....૦

શામળિયે કરી છે ચકચૂર..

શામળિયે કરી છે ચકચૂર,
માડી ! મું ને શામળિયે કરી છે ચકચૂર...૦
બાયું ! મુંને , મારે વાલીડે કરી છે રે,
બેની ! મુંને , ઓલ્યે પાતળિયે કરી છે રે,
ઓલ્યે ધૂતારે કરી છે ચકચૂર..
માડી ! મું ને શામળિયે કરી છે ચકચૂર...૦
કોક રે વિલાયતીડે મું ને કેફ રે કરાયો ને ,
તેદુની ફરું છું ઘેલીતુર..
માડી ! મું ને શામળિયે કરી છે ચકચૂર...૦

મંતર પઢીને એણે અમપર મેલ્યાં ને
ઘડીએ રે'વાતું નથી દૂર..
માડી ! મું ને શામળિયે કરી છે ચકચૂર...૦
એની સામું રે જોતાં મારી સુધ બુધ ભૂલી
પછી રાખી છે મું ને ઉરાઉર...
માડી ! મું ને શામળિયે કરી છે ચકચૂર...૦
દાસી જીવણ સત ભીમનાં ચરણાં
મારા ધણી આગે ખડી છઉં હુજૂર..
માડી ! મું ને શામળિયે કરી છે ચકચૂર...૦

સદગુરુએ મુંને ચોરી શીખવાડી..

સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી,
જ્ઞાન ગણેશિયો ઘડાયો રે...
—સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી...૦
પવનરૂપી મેં તો ઘોડો પલાણ્યો, ઊલટી ચાલ ચલાયો રે ;
ગંગા—જમનાના ઘાટ ઉલંઘી, જઈ અલખ ઘીરે ધાયો રે...
—સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી...૦
ધમણ ધમુંકે તિયાં વીજું ચમુંકે, અનહદ નોબત વાગે રે ;
ઠારોઠાર નિયાં જયોતું જલત હે, ચેતન ચોકી માં ય જાગે રે...
—સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી...૦
સાંકડી શેરી નિયાં વાટું છે વસમી, માલમીએ મુંને મૂક્યો રે ;
નામની નિસરણી કીધી, જઈ ધણીને મોલે ઢૂંક્યો રે...
—સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી...૦
શીલ—સંતોષનાં ખાતર દીધાં, પ્રેમે પેસારો કીધો રે ;
પેસતાં તો પારસમણિ લાધી, માલ મુગતિ લીધો રે...
—સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી...૦
આ રે વેળા યે હું ઘણું જ ખાટયો, માલ પૂરણ પાયો રે ;
દાસી જીવણ સત ભીમનાં શરણાં, આજ મારો ફેરો ફાવ્યો રે...
—સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી...૦

સાયાંજીને કે'જો રે , આટલી મારી વિનતી..

સાયાંજીને કે'જો રે ,આટલી મારી વિનતી રે જી,...
ઓલ્યા ધુતારાને કે'જો રે, મારા પાતળિયાને કે'જો રે, આટલી મારી વિનતી રે જી,
ઓલ્યા ખેધીલાને કે'જો રે, મારા વાદીલાને કે'જો રે, આટલી મારી વિનતી રે જી,
જઈને કે 'જો , આટલો મારો રે સંદેશ ...
– મારા સાયાંજીને કે'જો રે , આટલી મારી વિનતી રે જી...૦
દાસી છે તમારી રે , દરશન કારણ દુબળી રે જી,
ઈ દાસીને દરશન દેજો રે હમેંશ...
– મારા સાયાંજીને કે'જો રે , આટલી મારી વિનતી રે જી...૦
જેને વિતી હોય તે જાણે રે ,પરવિતી શું જાણે પ્રીતડી ? રે જી,
કુંવારી શું જાણે રે પિયુજી તણો વિજોગ...
– મારા સાયાંજીને કે'જો રે , આટલી મારી વિનતી રે જી...૦
પિયુજીને મળવા રે, ચાલો સખીયું શુનમાં રે જી,

સરવે સાહેલી, પહેરી લેજો ભગવો ભેખ...
– મારા સાયાંજીને કે'જો રે , આટલી મારી વિનતી રે જી...૦
જાળીડાં મેલાવો રે, ગુરુ ગમ જ્ઞાનનાં રે જી,
ઈ જાળીડાં જરણા માંહેલા છે રે જાપ...
– મારા સાયાંજીને કે'જો રે , આટલી મારી વિનતી રે જી...૦
ભીમ ગુરુ શરણે રે, દાસી જીવણ બોલીયા રે જી,
દેજો અમને તમારા રે ચરણોમાં વાસ ...
– મારા સાયાંજીને કે'જો રે , આટલી મારી વિનતી રે જી...૦

હાટડિયે કેમ રેવાશે ભઈ ! , મારા રામની રજા નૈં..

હાટડિયે કેમ રે'વાશે ભઈ ! મારા રામની રજા નંઈ..
રામની રજા નંઈ ,મારી દેયનું સૂઝે નંઈ....
–હાટડિયે કેમ રે'વાશે ભઈ ! મારા રામની રજા નંઈ...૦
બેસવા સારુ હાટડી કીધી, ખૂબ મજાની થઈ ,
તેડાં આવ્યાં શ્રી રામનાં ત્યારે , હાટડી પડી રઈ...
–હાટડિયે કેમ રે'વાશે ભઈ ! મારા રામની રજા નંઈ...૦
જમ જરાયલ ઢોલિયે બાંધ્યા, જરા , મરણ નંઈ ,
દસ માથાં ને વીસ ભૂજાળો ,રાવણ રહ્યો નંઈ..
–હાટડિયે કેમ રે'વાશે ભઈ ! મારા રામની રજા નંઈ...૦
ઊંચી મેડી ને અજબ ઝરૂખા, સુખમાં રિયો સૂઈ ,
જમડે આવી ઝાલ્યો ત્યારે, લ્હાવ શક્યો ના લઈ...
–હાટડિયે કેમ રે'વાશે ભઈ ! મારા રામની રજા નંઈ...૦
ધરમના કામમાં ઢીલ ના કરશો , વેળા તો જાશે વઈ ,
દાસી જીવણ સત ભીમના ચરણે, હવે નામની નોબત થઈ..
–હાટડિયે કેમ રે'વાશે ભઈ ! મારા રામની રજા નંઈ...૦

દેવળદે

જી રે હંસારાજા ! અબ મત છોડો અમને એકલાં...

જી રે હંસારાજા ! અબ મત છોડો અમને એકલાં રે,
જી રે હંસારાજા ! આ રે કાયાનો કોણ માલમી રે ? હંસા, કરો મુખસે બાત રે.
–અબ મત છોડો અમને એકલાં રે...૦
જી રે હંસારાજા ! એક રે વાડીનાં દો દો ઝાડવાં રે,
વાલીડા ! તમે રે ચંપો ને અમે કેળ રે ;
હંસા, માળીડો હતો તે હાલ્યો ગિયો રે,
અને આજ મારી બાગ પડી સુમસામ રે...
–અબ મત છોડો અમને એકલાં રે...૦
જી રે હંસારાજા ! એક રે પલંગ દો દો પોઢણાં રે,
વાલીડા ! તમે રે પલંગ ને અમે સેજ રે ;
હંસા ! પોઢણહારો તો હાલ્યો ગિયો રે,
આજ તારી સેજલડીમાં સૂનકાર રે...
–અબ મત છોડો અમને એકલાં રે...૦
જી રે હંસારાજા ! એક રે ચોપાટ દો દો ખેલણાં રે,
વાલીડા ! તમે રે પાસા ને અમે દાવ રે ;

હંસા ! ખેલણહારો તો હાલ્યો ગિયો રે,
આજ તારી ચોપાટું પડી વીખરાઈ રે...
—અબ મત છોડો અમને એકલાં રે...૦
જી રે હંસારાજા ! એક રે મંદિર દો દો બેસણાં રે,
વાલીડા ! અમે રે દેવળ તમે દેવ રે ;
હંસારાજા ! બાઈ રે દેવળદેની વિનંતી રે,
આજ મારાં સાધુડાંનો અમરાપરમાં વાસ રે.
—અબ મત છોડો અમને એકલાં રે...૦

દેવાયત પંડિત ગુરુ તારો પાર ન પાયો ..

ગુરુ ! તારો પાર ન પાયો , રે પાર ન પાયો ,
પ્રથમીના માલિક તારો , જી હો રે જી...
ગૌરીના પુત્ર ગણેશ દેવને સમરું , જી હો જી,
અને સમરું શારદા માઈ, રે વારી વારી વારી..
અલખ ધણીને ઓળખો જી હો રે જી...અખંડ ધણીના વારણાં જી હો રે જી..
—ગુરુ ! તારો પાર ન પાયો...૦
આ જમીન આસમાન બાવે , મૂળ વિના માંડયાં જી રે હો જી ,
અને થંભ વિના આભ ઠેરાયો , રે વારી વારી વારી..
અલખ ધણીને ઓળખો જી હો રે જી..
—ગુરુ ! તારો પાર ન પાયો...૦
આ શૂન્ય શિખર પર અલખનો અખાડો જી હો રે જી
જ્યાં વરસે નૂર સવાયો , રે વારી વારી વારી..
અલખ ધણીને ઓળખો જી હો રે જી...
—ગુરુ ! તારો પાર ન પાયો...૦
આ ગગન મંડળમાં એક બાળક ખેલે જી હો રે જી
અને બાળક રૂપે રે સવાયો , રે વારી વારી વારી..
અલખ ધણીને ઓળખો જી હો રે જી...
—ગુરુ ! તારો પાર ન પાયો...૦
આ ગગન મંડળમાં , એક ગૌવા વિયાણી જી હો રે જી
જેનાં દૂધ ધરણીમાં જમાયા, રે વારી વારી વારી..
અલખ ધણીને ઓળખો જી હો રે જી ...
—ગુરુ ! તારો પાર ન પાયો...૦
સહુ સંત મળીને વલોણા વલોવ્યાં જી હો રે જી
માખણ કોઈ સંત જ વિરલે પાયા , રે વારી વારી વારી..
અલખ ધણીને ઓળખો જી હો રે જી...
—ગુરુ ! તારો પાર ન પાયો...૦
શોભાજીનો ચેલો પંડિત દેવાયત બોલિયા જી હો રે જી
મારા ગુરુજીનો બેડલો સવાયો , રે વારી વારી વારી..
અલખ ધણીને ઓળખો જી હો રે જી ...
—ગુરુ ! તારો પાર ન પાયો...૦

દેવાયત પંડિત દાડા દાખવે, સુણો તમે દેવળદે નાર..

દેવાયત પંડિત દાડા દાખવે, સુણો તમે દેવળદે નાર ,
આપણા ગુરુએ સત ભાખિયા, જૂઠડા નહીં રે લગાર ;

લખ્યા ને ભાખ્યા, સોઈ દિન આવશે... – એવા દેવાયત પંડિત દાડા દાખવે..૦
પહેલા પહેલા પવન ફરુકશે, નદીએ નહીં હોય નીર,
ઓતર દિશાથી સાયબો આવશે, મોખે હશે હનુમો વીર...
લખ્યા ને ભાખ્યા, સોઈ દિન આવશે... – એવા દેવાયત પંડિત દાડા દાખવે..૦
પોરો આવશે રે સંતો ! પાપનો ,ધરતી માગશે રે ભોગ,
કેટલાક ખડગે સંહારશે , કેટલાક મરશે રોગ...
લખ્યા ને ભાખ્યા, સોઈ દિન આવશે... – એવા દેવાયત પંડિત દાડા દાખવે..૦
કાંકરિયા તળાવે તંબુ તાણશે , સો સો ગાઉની સીમ ,
રૂડી ને દિસે રળિયામણી,ભેળા આવશે અર્જુન ને ભીમ ...
લખ્યા ને ભાખ્યા, સોઈ દિન આવશે.. – એવા દેવાયત પંડિત દાડા દાખવે..૦
ધરતી માથે હેમર હાલશે, સૂના નગર મોઝાર ,
લખમી લૂંટાશે લોકો તણી, નહીં કોઈ રાવ કે ફરિયાદ..
લખ્યા ને ભાખ્યા, સોઈ દિન આવશે... – એવા દેવાયત પંડિત દાડા દાખવે..૦
જતિ રે સતી , ને સાબરમતી , તિયાં થાશે શૂરાના સંગ્રામ,
કાયમ કાળિંગાને મારશે, નકલંક ધરશે નામ...
લખ્યા ને ભાખ્યા, સોઈ દિન આવશે... – એવા દેવાયત પંડિત દાડા દાખવે..૦
ખોટાં થાશે પુસ્તક, ખોટાં પાનિયાં, ખોટાં કાંઈ કાજીનાં કુરાન,
અસલજાદી રે ચૂડો પહેરશે , એવા કાંઈ આગમનાં એંધાણ..
લખ્યા ને ભાખ્યા, સોઈ દિન આવશે... – એવા દેવાયત પંડિત દાડા દાખવે..૦
ઓતર દિશાથી સાયબો આવશે, આવશે જુગ જૂનો વીર,
કળજુગ ઉથાપી સતજુગ થાપશે ,એવું બોલ્યા દેવાયત પીર..
લખ્યા ને ભાખ્યા, સોઈ દિન આવશે... – એવા દેવાયત પંડિત દાડા દાખવે..૦

### નૂરિજન સતવાદી! આજ મારા ભાઈલા આરાધો રે....

નૂરિજન સતવાદી ! આજ મારા ભાઈલા આરાધો રે,
એક મન કરો ને આરાધ જીવે રામ...
પ્રેહલાદ રે રાજાની વા'લે મારે , પોતે પત પાળી રે ,જઈને હોળીમાં હોમાણાં રે, જીવે રામ ,
નહોર વધારી વા'લે , હરણકંસ માર્યો , ઉગાર્યો ભગત પ્રહલાદ, જીવે રામ...
– એવા નૂરિજન સતવાદી ! આજ મારા ભાઈલા આરાધો રે..૦
બળી રે રાજાને વા'લે મારે બાંયે બળ દીધાં ને , સોનાની થાળીમાં જમાડયાં રે , જીવે રામ,
સાડા ત્રણ ડગલાં વા'લે મારે પૃથ્વી માગી ને , સોપ્યાં એને પાતાળુંના રાજ, જીવે રામ ...
– એવા નૂરિજન સતવાદી ! આજ મારા ભાઈલા આરાધો રે..૦
હરિશ્ચંદ્ર રાજા તારાદેને વેચવાને ચાલ્યા રે, કુંવરને ડસિયેલો નાગ રે , જીવે રામ ,
હરિશ્ચંદ્રે તારાને માથે ખડગ તોળ્યાં ને , હરિએ ઝાલ્યા એના હાથ જીવે રામ ...
– એવા નૂરિજન સતવાદી ! આજ મારા ભાઈલા આરાધો રે..૦
પાંચ પાંચ પાંડવ માતા કુંતાના કેવાણા રે , છઠ્ઠાં હતાં દ્રોપદીજી નાર રે , જીવે રામ ,
વૈરાટ નગરમાં વા'લે મારે મજૂરી મંડાવી રે , હતાં જેને હસ્તિનાપુર જેવાં રાજ જીવે રામ ...
– એવા નૂરિજન સતવાદી ! આજ મારા ભાઈલા આરાધો રે..૦
વિના રે પારખ આપણે વણજું ના કરીએ, પત એમાં પોતાની જાય રે જીવે રામ ,
પાતર પરખ્યા વિના સંગડો ના કરીએ રે, પત એમાં પોતાની જાય રે જીવે રામ ,
દેવાયત પંડિત કહે તમે સૂણો રે દેવળદે રે , ધૂનો , જૂનો ધરમ સંભાળ રે , જીવે રામ ...
– એવા નૂરિજન સતવાદી ! આજ મારા ભાઈલા આરાધો રે..૦

લોભી આતમને રે સમજાવો, મારા ગુરુજીને પૂછો રૂડાં જ્ઞાન બતાવે..

લોભી આતમને રે સમજાવો , મારા ગુરુજી ને પૂછો રૂડાં જ્ઞાન બતાવે રે જી..
હંસલા મેલીને ઓલ્યા બગલા કોણ સેવસે ? રે જી,
ઈ રે બગલા, ઉપર ધોળા ને ભીતર કાળા.. મારા ગુરુજી ને પૂછો રૂડાં જ્ઞાન બતાવે રે જી..
હીરલા મેલીને ઓલ્યા પથરા કોણ સેવસે ? રે જી ,
ઈ રે પથરા, ઉપર ભીના ને ભીતર કોરા .. મારા ગુરુજી ને પૂછો રૂડાં જ્ઞાન બતાવે રે જી..
કેસર મેલીને ઓલ્યા કેસુડા કોણ સેવસે ? રે જી ,
ઈ રે કેસુડા, રંગે રાતા , ને મોઢે કાળા .. મારા ગુરુજી ને પૂછો રૂડાં જ્ઞાન બતાવે રે જી..
સુગરા ને મેલીને ઓલ્યા નુગરા કોણ સેવસે ? રે જી ,
નુગરા નક્કી નરકમાં લઈ જાવે .. મારા ગુરુજી ને પૂછો રૂડાં જ્ઞાન બતાવે રે જી..
શોભાજીનો ચેલો પંડિત દેવાયત બોલિયા રે જી ,
હે જી મારા ગુરુજીનો બેડલો રે સવાયો .. મારા ગુરુજી ને પૂછો રૂડાં જ્ઞાન બતાવે રે જી..

હે જી રે વીરા ! પાત્ર પારખ્યા વિના સંગડો ના કરીએ..

હે જી રે વીરા ! પાત્ર પારખ્યા વિના ,સંગડો ના કરીએ રે જી,
ઓલ્યા અજ્ઞાની ઉપાધી કરાવશે રે હાં...હે જી રે વીરા ! પાતર પરખ્યા વિના સંગતું ના કરીએ...૦
હે જી રે વીરા ! હિમનો ઠરેલો એક હતો રે ઉંદરડો, એને હંસલા યે પાંખુંમાં લીધો રે હાં,
હે જી રે વીરા ! સસીયર થિયો તયેં પાંખુંને કાપી,ઈ તો પાંખું પાડીને થિયો અળગો રે હાં...
—હે જી રે વીરા ! પાતર પરખ્યા વિના સંગતું ના કરીએ...૦
હે જી રે વીરા ! સજીવન મંત્ર એક વિપ્રને આવડયો, એણે મુવેલા વાઘને જીવાડયો રે હાં ;
હે જી રે વીરા ! ઈ વાઘે ઓલ્યા વિપ્રને માર્યો, પડકારીને પેલે થાપે રે હાં...
—હે જી રે વીરા ! પાતર પરખ્યા વિના સંગતું ના કરીએ...૦
હે જી રે વીરા ! દૂધ સાકર લઈને વસિયર સેવ્યો, તન મનથી વિખ નવ છાંડયો રે હાં ;
હે જી રે વીરા ! અજ્ઞાની નરને જ્ઞાન નવ આવે રે, ભલે વાંચીને વેદ સંભળાવે રે હાં...
—હે જી રે વીરા ! પાતર પરખ્યા વિના સંગતું ના કરીએ...૦
હે જી રે વીરા ! ભવના ભૂલ્યા નર હીંડે ભટકતા રે, એના લેખ લખ્યા છે અવળા રે હાં ;
હે જી રે વીરા ! દેવલ ચરણે પંડિત દેવાયત બોલ્યા,ઈ તો સમજ્યા તે નર સવાયા રે હાં...
—હે જી રે વીરા ! પાતર પરખ્યા વિના સંગતું ના કરીએ...૦

દેવારામ

આઠે પહોર ને રેન દિવસ તમે રટણા રટજો ઘડી ઘડી,મનવા ! જપી લે હરિ હરિ..

આઠે પહોર ને રેન દિવસ તમે રટણા રટજો ઘડી ઘડી
રે મનવા ! જપી લે તું હરિ હરિ..
સાચું નામ તો ધણીનું સમરો , જે કિરતારે તારી કાયા ઘડી ,
ગૌરીના નંદ ગજાનંદ સમરો, રિદ્ધિ સિદ્ધિ દોનું આગે ખડી...
— મનવા ! જપી લે હરિ હરિ..૦
જલ બીચ કમલ કમલ બીચ કલીયાં , તાપર એક જ હોજ ભરી ,
ઉલટા નીર ચડયાં શિખર પર, અમ્મર લોકમાં લાગી જડી...
— મનવા ! જપી લે હરિ હરિ..૦

પાંચ તત્વકા બન્યા પિંજરા, સુરતા શુન પર જઈ ચડી ,
સુરતિમાં એક મુરતિ નીરખ લે, પૂરણ પાયા વાકો ખબરાં પડી..
– મનવા ! જપી લે હરિ હરિ..૦
ઈંગલા પિંગલા , સેવા ને સાધના,સુષમણા નાડી તારી સહેજે પડી,
ત્રિકુટી મહેલ મેં હુઆ ઉજીયારા, તો ઝળહળ ઝળહળ જ્યોતું જલી..
– મનવા ! જપી લે હરિ હરિ..૦
સતગુરુ મળિયા ભાવગર સ્વામી , તેણે આપી એક અમર જડી ,
સતગુરુ ચરણે બોલ્યા દેવારામ , ખૂલ ગઈ વા કી કરમ કડી..
– મનવા ! જપી લે હરિ હરિ..૦

રામ રણુંજાવાળો , અલેખ ધણી સમરૂં દ્વારકાવાળો.. ..

રામ ધણી રખવાળો ,અલેખ ધણી ! સમરું દ્વારકાવાળો રે જી,
સમરું પીર પછમ કેરો દાતા ! રામ રણુંજાવાળો અલેખ ધણી ! સમરું દ્વારકાવાળો રે જી..
સરસ્વતી માતાનું સમરણ કરી ને , સમરું દેવ સુંઢાળો રે જી,
સમરું પીર પછમ કેરો દાતા ! રામ રણુજા વાળો.. અલેખ ધણી ! સમરું દ્વારકાવાળો રે જી..
દેવળવાળા તમે દયા કરોને મારે સદાય ઓથ તમારો રે જી ,
ભવસાગરમાં બાંય પકડ લે, કળજુગમાં અમને તારો.. અલેખ ધણી ! સમરું દ્વારકાવાળો રે જી..
મુજ રંક પર મહેર કરો દાતા ! મેં ચાકર ચરણારો રે જી ,
ગુના અમારા માફ કરો ને અવગુણ ન ધરશો અમારો.. અલેખ ધણી ! સમરું દ્વારકાવાળો રે જી..
સદગુરુ મળિયા સંશય ટળિયા, પ્રેમ જ્યોત ઉજિયારો રે જી ,
ગુરુ પ્રતાપે બોલ્યા દેવારામ, ખોલી દો રૂદિયાનો તાળો.. અલેખ ધણી ! સમરું દ્વારકાવાળો રે જી..

દેવીદાસ

ઊઠ રે ખડા મન ! ચેતી લે ને પ્યારા..

ઊઠ રે ખડા મન ! ચેતી લેને પ્યારા રે
સાન રે સમજ સતગુરુ કેરી રે...
જેમ રે દીવાની માથે પવન ઝપેટે રે,
કાળ રે ખડા શિર પર ઘેરી રે...
છોટી રે ઉંમર તેરી બડા મનસૂબા રે,
જ્યોં રે લાગે સમંદરમાં લહેરી રે...
ધિક્ ધિક્ જનમ તારો જાય છે અકારજ રે,
આયુષ ઘટે છે બંદા ! અવનશ તેરી રે...
બાલાપણું તારું ખેલમાં ખોયું રે,
જાય છે જુવાની તારું તનડું હેરી રે...
વૃદ્ધ ભયો ને અંગે આળસ આવી રે,
ભ્રષ્ટ થઈ બુદ્ધિ માનવ તોરી રે...
એક દિન જમડા શેરમાં ઊલટશે ને,
દશે ય દરવાજા લેશે ઘેરી રે...
એક રે પલકમાં તું ને પકડી પછાડે રે,
નંઈ રેવે જીવડા ઠેરી રે...
સંતો સદાયે તું ને ઉપદેશ દેવે,
માની લે શિખામણ ઉનેરી રે...
કહે દેવીદાસ તું રામને ભજી લે,

ત્રણ રે ભવનમાં નહીં કોઈ વેરી રે...

ધના ભગત

રામબાણ વાગ્યાં રે હોય તે જાણે..

રામબાણ વાગ્યાં રે હોય તે જાણે,
એજી ઓલ્યા મૂરખા મનમાં શું આણે..
–રામબાણ વાગ્યા હોય તે જાણે....૦
ધ્રુવને વાગ્યા, પ્રહલાદને વાગ્યા, ઠરી બેઠા ઠેકાણે ;
ગર્ભવાસમાં શુકદેવજીને વાગ્યાં, વેદવચન પરમાણે...
–રામબાણ વાગ્યા હોય તે જાણે....૦
મોરધ્વજ રાજાનાં મન હરી લેવા, વહાલા પધાર્યા તે ઠામે ;
કાશીએ જઈને કરવત મેલાવ્યાં ; પુત્ર–પત્ની બેઉ તાણે...
–રામબાણ વાગ્યા હોય તે જાણે....૦
બાઈ મીરાં ઉપર ક્રોધ કરીને, રાણો ખડગ લઈ તાણે ;
ઝેરના પ્યાલા ગિરધરલાલે, અમૃત કર્યા એવે ટાણે...
–રામબાણ વાગ્યા હોય તે જાણે....૦
નરસિંહ મહેતાની હૂંડી સ્વિકારી, ખેપ કરી ખેર ટાણે ;
અનેક ભક્તોને એણે ઉગાર્યા, ધનો ભગત ઉર આણે...
–રામબાણ વાગ્યા હોય તે જાણે....૦

ધીરોભગત (ઈ.સ.૧૭૫૩–૧૮૨૫)

એવા સંત મળે સાચા રે, અગમની તે ખબર કરે..

સંત મળે સાચા રે, અગમની તે ખબર કરે,
ભાવે ભેટું એને, એને રે, સરવે મારું કારજ સરે...
એવા સંત...

ઊલટી સરિતા ચડે ગગન પર, વિણ વાદળ વરસાય,
વિના આભ વીજળી ચમકે, ગેબી ગરજના થાય ;
ધીરે ધીરે વરસે રે, વરસીને ઈ અભર ભરે...
એવા સંત...

તેતરડે સિંચાણો પકડયો, સસે સપડાવ્યો સિંહ,
કાયર ખડગ કાઢીને દોડયો,ત્યારે શૂરે પાડે ચીંહ ;
માંજારી ચૂહે મારી, મારી રે, રૈયતથી તો રાજા ડરે.
એવા સંત...

વિના વાજિંત્ર વાજાં વાગે, વિના કંઠ હોય ગાન,
દો કર વિના તાળી વાજે, તોલ વિના જડે માન ;
વિના વાડી પુષ્પ જ રે, પદ્મ વિના ભ્રમર ફરે...
એવા સંત...

વિદેહની વારતા મરજીવા, માની માની હરખાય,
ગુરુગમવાળા સંત મળે તો, લળી લળી લાગું પાય ;
દાસ ધીરો કહે છે રે, ત્યારે મારું મનડું ઠરે...
એવા સંત...

કળજુગ કૂડો આવ્યો રે દુનિયામાંથી ઘટી રે દયા..

કળજુગ કૂડો આવ્યો રે, દુનિયામાંથી ઘટી રે દયા,
મોટા મોટા મહાજન રે, લખપતિ તો લોભી થયા..
—એવો કળજુગ કૂડો આવ્યો..૦
ધરતીમાંથી ધરમ ગયો , ને પાપનું વધ્યું પૂર ,
પરજન્ય તો પાંગળા થઈ વરસે, મેદની થઈ ચકચૂર
ધરતીએ રસ ચોર્યો રે, વાવ્યા કણ વણસી ગયા...
—એવો કળજુગ કૂડો આવ્યો..૦
શૂરાનું શૂરાપણું ગયું , સતીનું ગયું સત ,
વેદી ભેદી પંડિત પુરાણી , સહુની મટી ગઈ મત,
કળજુગનું એવું કારણ રે, લોભમાં તો લાગી રહ્યા...
—એવો કળજુગ કૂડો આવ્યો..૦
પૃથ્વીમાં પાખંડ પૂજાયે , વિપ્ર કરે વેપાર ,
સન્યાસી ધન સંચરવા લાગ્યા, પતિવ્રતા રહી નહીં નાર,
સત્ય ના જડે શોધ્યું રે , અસતના તો ઓઘ થયા...
—એવો કળજુગ કૂડો આવ્યો..૦
છત્રપતિ તો વાચાને ચૂકે, તે દુઃખ કોને કહેવાય ?
કથા તો કુપાત્રની સુણશે, પ્રશ્ન ગરોડાને પૂછાય,
એવું દાસ ધીરો કહે છે રે, જ્ઞાની તે તો અંધા થયા..
—એવો કળજુગ કૂડો આવ્યો..૦

મન તું હી તું હી બોલે રે : આ સપના જેવું તન તારું ..

મન તું હી તું હી બોલે રે : આ સપના જેવું તન તારું ;
અચાનક ઊડી જાશે રે, જેમ દેવતામાં દારૂ.
—મન તું હી તું હી બોલે...૦
ઝાકળજળ પળમાં વહી જાશે, જેમ કાગળમાં પાણી ;
કાયાવાડી તારી એમ કરમાશે, થઈ જાશે ધૂળધાણી ;
પાછળથી પસ્તાશે રે, મિથ્યા કરી મારું મારું...
—મન તું હી તું હી બોલે...૦
કાચનો કૂપો કાયા તારી, વણસતાં ન લાગે વાર ;
જીવ—કાયાને સગાઈ કેટલી ? મૂકી ચાલે વન મોઝાર ;
ફોગટ ફૂલ્યાં ફરવું રે, ઓચિંતું થાશે અંધારું...
—મન તું હી તું હી બોલે...૦
જાયું તે તો જરૂર જાવાનું, ઊગરવાનો ઉધારો ;
દેવ, ગાંધર્વ, રાક્ષસ ને માણસ, સૌને મરણનો વારો,
આશાનો મહેલ ઊંચો રે, નીચું આ કાચું કારભારું...
—મન તું હી તું હી બોલે...૦
ચંચલ ચિત્ત ચેતીને ચાલો, ઝાલો હરિનું નામ ;
પરમ અર્થ જાણી કરો નિશ્ચય, હરિ ઠરવાનો વિશ્રામ ;
ધીરા ધરા ઉપર રે, નથી કોઈ રહેનારું...
—મન તું હી તું હી બોલે...૦

જેને રામ રાખે રે ,એને કોણ મારી શકે ..

જેને રામ રાખે રે, તેને કોણ મારી શકે ?
અવર નહિ દેખું રે, બીજો કોઈ પ્રભુ પખે...
ચાહે અમીરને ભીખ મગાવે, ને રંકને કરે રે રાય,
સ્થળને સ્થાનકે જળ ચલાવે, જળ સ્થાનક સ્થળ થાય ;
તરણાનો તો મેરુ રે, મેરુનું તો તરણું કરે...– જેને રામ રાખે..૦
નીંભાડામાંથી બળતાં રાખ્યાં, મંજારીનાં બાળ ;
ટિટોડીનાં ઈંડાં ઉગાર્યાં, એવા છે રાજન રખવાળ ;
અંત વેળા આવો રે, પ્રભુ ! તમે તેની તકે... – જેને રામ રાખે..૦
બાણ તાણીને ઊભો પારધી, સિંચાણો કરે રે તકાવ ;
પારધીને તો પગે ડસિયો, સિંચાણા શિર ઘાવ ;
બાજ પડયો હેઠો રે, પંખી ઊડી ગયાં સુખે... – જેને રામ રાખે..૦
ગજ–કાતરણી લઈને બેઠા, હરજી તો દીનદયાળ ;
વધે–ઘટે તેને કરે બરાબર, સૌની લે સંભાળ ;
ધણી તો ધીરાનો રે, હરિ તો મારો હીંડે હકે... – જેને રામ રાખે..૦

નથુરામ

જૂઠડી કાયા રાણી જૂઠાં ન બોલો , વઢશે તું ને તારો ઘડનારો..

જૂઠડી કાયા રાણી જૂઠાં ન બોલો , વઢશે તું ને તારો ઘડનારો..
–જૂઠડી કાયા રાણી જૂઠાં ન બોલો...૦
જૂઠી કાયા, જૂઠી માયા, જૂઠા જગ ફરમાયા રે,
અંત કાળે જાવું એકલું, મરમ કોયે ના પાયા રે...
–જૂઠડી કાયા રાણી જૂઠાં ન બોલો...૦
આ રે જગતમાં વહેલા વળશો,આવી ભાવટમાં ભરાણા રે,
સગાં કુટુંબની લાલચ રાખી, તિરિયાને બોલે બંધાણા રે..
–જૂઠડી કાયા રાણી જૂઠાં ન બોલો...૦
આંહી પદારથ મોટું પામ્યા, ભજન કરી લે ગુરુદેવાના,
દૂધ પુત્ર ઘર અને ધનલક્ષ્મી, ઈ ફળ છે તારે સેવાનાં..
–જૂઠડી કાયા રાણી જૂઠાં ન બોલો...૦
આ રે જગતમાંથી કૈંક નર હાલ્યા, હાથી ઘોડાના ચડનારા,
ઘટ ભીતર ગુણ ગાવે નથુરામ, આંહી નથી કોઈ રહેનારા..
–જૂઠડી કાયા રાણી જૂઠાં ન બોલો...૦

નરભેરામ (ઈ.સ.૧૭૬૮–૧૮૫૨)

ઓધા શું રે થયું છે વ્રજનારને રે...

ઓધા શું રે થયું છે વ્રજનારને રે
મહી સાટે વેચે છે મોરારને રે... ઓધા શું રે...
ગોપી પ્રેમે મંદિરમાંથી નીસર્યા રે ;
એના પંડની સૂધ–બૂધ વીસર્યા રે... ઓધા શું રે...
એવી આતુરતા લાગી એના અંગમાં રે ;

મારો વહાલો બિરાજે એના સંગમાં રે... ઓધા શું રે...
કંઈક કારણ થિયું છે એને વાટમાં રે ;
બહુ નામી બીરાજે એના માટમાં રે... ઓધા શું રે...
નરભેરામના સ્વામીની રીત છે રે ;
મારે પૂરવ જનમની પ્રીત છે રે... ઓધા શું રે...

નરસિંહ (ઈ.સ.૧૪૧૦–૧૪૮૦)

અખંડ રોજી હરિના હાથમાં ..

હે જી વ્હાલા ! અખંડ રોજી હરિના હાથમાં , વા'લો મારો જુવે છે વિચારી,
દેવા રે વાળો નથી દુબળો , ભગવાન નથી રે ભિખારી ...
—અખંડ રોજી હરિના હાથમાં ...૦
અને વા'લા ! જળ ને થળ બેઉ અગમ છે ,કાયા રાણી છે વિનાશી
સરવને વા'લો મારો આપશે રે, મન તમે રાખો ને વિસવાસી...
—અખંડ રોજી હરિના હાથમાં ...૦
અને વા'લા! નવ નવ મહિના માને ઉદર વસ્યાં, તે'દી વાલે જળથી જીવાડયાં,
ઉદરે વસ્યાને હરિ આપતો રે , આપે સૂતાં ને જગાડી ..
—અખંડ રોજી હરિના હાથમાં ...૦
અને વા'લા ! ગરૂડે ચડીને ગોવિંદ આવશે , આવશે અંતરયામી
ભાવટ ભાંગે ભૂધરો , મેતા નરસૈંનો સ્વામી...
—અખંડ રોજી હરિના હાથમાં ...૦

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ ..

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપ અનંત ભાસે ;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે...
—અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ ..૦
પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા ! વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે ;
વિવિધ રચના કરી અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એ જ આશે...
—અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ ..૦
વેદ તો એમ વેદ, શ્રુતિ–સ્મૃતિ શાખ દે, કનક–કુંડળ વિશે ભેદ ન્હોયે ;
ઘાટ ઘડિયા પછી નામ–રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે...
—અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ ..૦
ગ્રંથ ગરબડ કરી, વાત નવ કરી ખરી, જેહને જે ગમે તેહ પૂજે ;
મન–વચન–કર્મથી આપ માની લહે, સત્ય છે એ જ : મન એમ સૂઝે.
—અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ ..૦..
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરે એ જ પાસે ;
ભણે નરસૈયો : એ મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે...
—અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ ..૦

કાનજી તારી મા કે' શે પણ અમે કાનુડો કે'શું રે..

કાનજી તારી મા કેશે પણ અમે કાનુડો કે'શું રે ,
એટલું કહેતાં નહીં માને તો ,ગોકુળ મેલી દેશું રે..

—કાનજી તારી મા કેશે પણ અમે કાનુડો કે'શું રે...૦
માખણ ખાતાં ન આવડે કાના ! મુખ થયું તારૂં એઠું રે ,
ગોપીઓએ તારૂં ઘર ઘેરાણું જઈ ખૂણામાં પેઠું રે ..
—કાનજી તારી મા કેશે પણ અમે કાનુડો કે'શું રે...૦
ઝુલણી પેરતાં ન આવડે કાના ! અમે તું ને પહેરાવતાં રે ,
ભરવાડોની ગાળ ખાતો તે 'દી, અમે તું ને છોડાવતાં રે..
—કાનજી તારી મા કેશે પણ અમે કાનુડો કે'શું રે...૦
કાલો ઘેલો તારા માતા પિતાનો, અમને શાના કોડ રે ?
કર્મ સંજોગે આવી ભરાણાં , આંગણાં જોડા જોડ રે...
—કાનજી તારી મા કેશે પણ અમે કાનુડો કે'શું રે...૦
ઘુંટણીયાં ભેર હાલતો ચાલતો , બોલતો કાલું ઘેલું રે ,
ભલે મળ્યા મેતા નરસૈંના સ્વામિ, પ્રેમ ભક્તિમાં રે'શું રે..
—કાનજી તારી મા કેશે પણ અમે કાનુડો કે'શું રે...૦

ગાવડી દ્યો ગોપાળ લાલ ! અરણ્યું ના રહેવાય રે.

ગાવડી દ્યો ગોપાળ લાલ ! અરણ્યું ના રહેવાય રે ,
—એવી ગાવડી દ્યો ગોપાળ લાલ ! ...૦
મોરી સોતી આપજે મા'વા ! ખીલો નહીં ખોડાય રે,
એવી પ્રભુ ! મું ને ગાવડી દેજે , આફરડી બંધાય રે...
—એવી ગાવડી દ્યો ગોપાળ લાલ ! ...૦
ગોરી મુંજી ને માંકડી દેજે , મારું મન લીલડીએ સોહાય રે,
એવી પ્રભુ ! મુને ગાવડી દેજો, કે વાછડીએ વિયાંય રે..
—એવી ગાવડી દ્યો ગોપાળ લાલ ! ...૦
નેણ સુકોમળ , નેતરાં , માવા ! મારાથી ગોરસ નહીં ઘુમાય રે,
એવી દેજો પ્રભુ ! ગાવડી, કાના ! ડાબરીઓ ભરાય રે..
—એવી ગાવડી દ્યો ગોપાળ લાલ ! ...૦
ખડ ખવરાવજો , ને પાણી પાજો , મારાથી બેઠું નહીં થવાય રે ,
પુરૂષોતમ તમે પૂળા નીરજો , ગુણ નરસૈયો ગાય રે..
—એવી ગાવડી દ્યો ગોપાળ લાલ ! ...૦

જળ કમળ છાંડી જાને બાળા , સ્વામી અમારો જાગશે..

જળ કમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે,
જાગશે તું ને મારશે, મું ને બાળહત્યા લાગશે...
— હે જળ કમળ છાંડી જાને બાળા...૦
કહે રે બાળક ! તું મારગ ભુલ્યો ? કે તારા વેરીએ વળાવિયો ?
નિશ્ચે તારો કાળ જ ખૂટયો , અહીંયાં તે શીદને આવીયો ?..
— હે જળ કમળ છાંડી જાને બાળા...૦
નથી નાગણ હું મારગ ભુલ્યો , નથી મારા વેરીએ વળાવીયો ,
મથુરા નગરીમાં જુગટું રમતાં, નાગનું શીશ હું હારીયો..
— હે જળ કમળ છાંડી જાને બાળા...૦
રંગે રૂડો ,રૂપે પૂરો, દીસંતો કોડીલો કોડામણો ,
તારી માતાએ કેટલા જન્મ્યા ? તેમાં તું અળખામણો ! ..
— હે જળ કમળ છાંડી જાને બાળા...૦
મારી માતાએ બે ઉ જન્મ્યા, તેમાં હું નટવર ન્હાનડો ,

જગાડ તારા નાગને, મારૂં નામ કૃષ્ણ કહાનડો..
— હે જળ કમળ છાંડી જાને બાળા...૦
લાખ સવાનો મારો હાર આપું, આપું રે તુજને દોરીઓ ,
એટલું મારા નાગથી છાનું , આપું તુજને ચોરીઓ..
— હે જળ કમળ છાંડી જાને બાળા...૦
શું કરૂં નાગણ ! હાર તારો ? શું કરૂં તારો દોરીઓ ?
શાને કાજે નાગણ તારે, કરવી ઘરમાં ચોરીઓ ? ..
— હે જળ કમળ છાંડી જાને બાળા...૦
ચરણ ચાંપી , મૂછ મરડી, નાગણે નાગ જગાડીયો
ઉઠો ને બળવંત બારણે , કોઈ બાળક આવીયો..
— હે જળ કમળ છાંડી જાને બાળા...૦
બેઉ બળિયા બાથે વળગ્યા, કૃષ્ણે કાળીનાગ નાથિયો
સહસ્ર ફેણા ફુંફવે જેમ ગગન ગાજે હાથિયો..
— હે જળ કમળ છાંડી જાને બાળા...૦
નાગણ સૌ વિલાપ કરે જે, નાગને બહુ દુઃખ આપશે,
મથુરા નગરીમાં લઈ જશે ,પછી નાગનું શીશ કાપશે..
— હે જળ કમળ છાંડી જાને બાળા...૦
બેઉ કર જોડીને વિનવે , સ્વામી ! મૂકો અમારા કંથને,
અમે અપરાધી કાંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને..
— હે જળ કમળ છાંડી જાને બાળા...૦
થાળ ભરી શગ મોતીડે,શ્રી કૃષ્ણને રે વધાવિયો ,
નરસૈયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવિયો..
— હે જળ કમળ છાંડી જાને બાળા...૦

જશોદા ! તારા કાન કુંવરને, સાદ કરીને વાર રે..

જશોદા ! તારા કાન કુંવરને , સાદ કરીને વાર રે ,
આવડી ધુમ મચાવે વ્રજમાં , નહીં કોઈ પુછણહાર રે..
—જશોદા ! તારા કાનુડાને , સાદ કરીને વાર રે ....૦
શિકું તોડયું ગોરસ ઢોળ્યું , ઉઘાડી ને બાર રે ,
માખણ નો ખાધું ઢોળી નાખ્યું , માંકડાં હારોહાર રે ..
—જશોદા ! તારા કાનુડાને , સાદ કરીને વાર રે ....૦
ખાંખા ખોળા કરતો હીંડે બીવે નહીં લગાર રે ,
મહી મથવાનીં ગોળી ફોડી એવાં તે શું લાડ રે...
—જશોદા ! તારા કાનુડાને , સાદ કરીને વાર રે ....૦
વારે વારે કહું છું તમને હવે નૈં રાખું ભાર રે ,
નત નત ઊઠી અમે કયમ સહીએ ? વસીએ નગર મોઝાર રે..
—જશોદા ! તારા કાનુડાને , સાદ કરીને વાર રે ....૦
મારો કાનજી ઘરમાં સુતો, કયાં ય ન દીઠો બાર રે ,
દહીં—દૂધનાં મારે માટ ભર્યા છે ,બીજે ન ચાખેલગાર રે...
—જશોદા ! તારા કાનુડાને , સાદ કરીને વાર રે ....૦
શાને કાજે મળીને આવી, ટોળી વળી દશ બાર રે ,
નરસૈંયાનો સ્વામી સાચો , જૂઠી વ્રજની નાર રે..
—જશોદા ! તારા કાનુડાને , સાદ કરીને વાર રે ....૦

જાગને જાદવા ! કૃષ્ણ ગોવાળીયા તુજ વિના ધેનમાં કોણ જાશે..

જાગને જાદવા ! કૃષ્ણ ગોવાળિયા ! તુજ વિના ધેનમાં કોણ જાશે ?
ત્રણસેં  ને સાઠ ગોવાળ ટોળે મળ્યા,વડો રે ગોવાળીયો કોણ થાશે ?
–જાગને જાદવા ! કૃષ્ણ ગોવાળિયા !...૦
દહીં તણાં દહીંથરાં , ઘી તણાં ઘેબરાં ,કઢિયેલાં દૂધ તે કોણ પીશે ?
હરિ તાર્યો હાથીયો , કાળી નાગ નાથિયો, ભુમિનો ભાર તે કોણ લેશે ?
–જાગને જાદવા ! કૃષ્ણ ગોવાળિયા !...૦
જમુનાને તીરે ગોધણ ચરાવતાં ,મધુરી શી મોરલી કોણ વાહશે ?
ભણે નરસૈયો તારા ગુણ ગાઈ રીઝીએ , બૂડતાં બાંહડી કોણ સાહશે ?
–જાગને જાદવા ! કૃષ્ણ ગોવાળિયા !...૦

જાગો ને જસોદાના જાયા ! વ્હાણલાં રે વાયા ..

જાગો ને જશોદાના જાયા ! વ્હાણલાં રે વાયા ,
તમારે ઓશીકડે મારાં ચીર તો ચંપાયા...
–જાગો ને જશોદાના જાયા ! વ્હાણલાં રે વાયા...૦
પાસું રે મરડો તો વા'લા ! ચીર લઉં હું તાણી રે ,
સરખી રે સૈયરું સાથે જાવું છે પાણી રે ...
–જાગો ને જશોદાના જાયા ! વ્હાણલાં રે વાયા...૦
પંખીડા બોલે રે વા'લા ! રજની રહી થોડી રે ,
સેજલડીથી ઊઠો વા'લા ! આળસડાં મરોડી રે ..
–જાગો ને જશોદાના જાયા ! વ્હાણલાં રે વાયા...૦
તું ને સાદ રે પાડું તો વા'લા ! સૂતાં લોકું જાગે રે ,
અંગુઠો મરડું તો મારા દલડામાં દાઝે ...
–જાગો ને જશોદાના જાયા ! વ્હાણલાં રે વાયા...૦
સાસુડી હઠીલી વેરણ, નણદી મારી જાગે રે ,
પેલી રે પાડોશણ ઘેરે વલોણું ગાજે...
–જાગો ને જશોદાના જાયા ! વ્હાણલાં રે વાયા...૦
જેને જેવો ભાવ હોયે , તેને તેવું થાવે રે ,
નરસૈયાના સ્વામી વિના વ્હાણલું ના વાયે...
–જાગો ને જશોદાના જાયા ! વ્હાણલાં રે વાયા...૦

જા જા નીંદરા ! હું તને વારું , તું છો નાર ધુતારી રે..

જા જા નીંદરા ! હું તને વારું , તું છો નાર ધુતારી રે ..
–જા જા નીંદરા ! હું તને વારું ...૦
નીંદરા કહે હું નહી રે ધુતારી, હું છું શંકર નારી રે,
પશુ પંખીને સુખડાં આપું, દુઃખડા મેલું વિસારી રે..
–જા જા નીંદરા ! હું તને વારું ...૦
એક સમે રામ વનમાં પધાર્યા, લખમણને નીંદરા આવી રે,
સતી સીતાને કલંક લગાવ્યું , ભાયુમાં ભ્રાંતું પડાવી રે..
–જા જા નીંદરા ! હું તને વારું ...૦
જોગી લુંટયા , ભોગી લુંટયા, લુંટયા નેજા ધારી રે ,
એકલ શૃંગીને વનમાં લુંટયા,નગરના લુંટયા નરનારી રે..
–જા જા નીંદરા ! હું તને વારું ...૦

પહેલા પહોરે રોગી જાગે, બીજા પહોરે ભોગી રે ,
ત્રીજા પહોરે તસ્કર જાગે, ચોથા પહોરી જોગી રે..
—જા જા નીંદરા ! હું તને વારું ...૦
બાર બાર વરસ લખમણે ત્યાગી, કુંભકરણે લાડ લડાવ્યાં રે ,
ભલે મળ્યાં મેતા નરસૈંના સ્વામી, આશ પુરો મોરારી રે..
—જા જા નીંદરા ! હું તને વારું ...૦

તમે મારી પ્રીતું ના તોડો રે દ્વારકાવાળા ..

તમે મારી પ્રીતું ના તોડો રે , દ્વારકાવાળા !
તમે મારી પ્રીતું ન તોડો..
સવારના પહોરમાં રાજા, માંડલીક મારશે રે જી,
ધૂળ ભેગી ધૂળ ભેળાશે રે દ્વારકાવાળા !...
—તમે મારી પ્રીતું ન તોડો...૦
નહોર વધારી વા'લા ! હિરણા કંશ ને માર્યો રે જી,
ભક્ત પ્રહલાદ ને ઉગાર્યો દ્વારકાવાળા ! ...
—તમે મારી પ્રીતું ન તોડો...૦
કુંવરબાઈના વા'લા ! તમે મામેરાં રે પુર્યાં રે જી ,
શેઠ રે શામળીયો થઈને આવ્યા'તા દ્વારકાવાળા !...
—તમે મારી પ્રીતું ન તોડો...૦
ફૂલડાંના હારમાં શીદને લોભાણો વ્હાલા !
નથી જોતો હીરલા કેરો હાર રે દ્વારકાવાળા !...
—તમે મારી પ્રીતું ન તોડો...૦
ભલે રે મળ્યા રે મેતા નરસૈંના સ્વામી રે જી ,
હાર રે હાથો હાથ આપ્યો દ્વારકાવાળા !...
—તમે મારી પ્રીતું ન તોડો...૦

નારાયણનું નામ જ લેતાં , વારે તેને તજીએ રે..

નારાયણનું નામ જ લેતાં , વારે તેને તજીએ રે ,
મનસા વાચા કર્મણા કરીને ,લક્ષ્મી વરને ભજીએ રે ...
—નારાયણનું નામ જ લેતાં...૦
કુળને તજીએ, કુટુંબ તજીએ,તજીએ મા ને બાપ રે ,
ભગિની, સુત, દારા ને તજીએ, જેમ તજે કંચુકી સાપ રે...
—નારાયણનું નામ જ લેતાં...૦
પ્રથમ પિતા પ્રહલાદે તજીયો નવ તજ્યું હરિનું નામ રે ,
ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજીયા શ્રી રામ રે...
—નારાયણનું નામ જ લેતાં...૦
ઋષિ પત્ની શ્રી હરિ ને કાજે તજીયા નિજ ભરથાર રે ,
તેમાં તેનું કાંઈ ગયું નહીં, પામી પદારથ ચાર રે...
—નારાયણનું નામ જ લેતાં...૦
વ્રજ વનિતા વિટ્ઠલ ને કાજે , સર્વ તજી વન ચાલી રે,
ભણે નરસૈયો વૃંદાવનમાં , મોહન વર શું માલી રે ...
—નારાયણનું નામ જ લેતાં...૦

પઢો રે પોપટ ! રાજા રામના, સતી સીતાજી પઢાવે..

પઢો રે પોપટ ! રાજા રામના, સતી સીતા પઢાવે ,
પાસે બાંધી પાંજરું ,મુખથી રામ જપાવે...
–પઢો રે પોપટ ! રાજા રામના...૦
પોપટ ! તારા કારણે, લીલા વાંસ વઢાવું ,
તેનું ઘડાવું પોપટ ! પાંજરું , હીરલા રતન જડાવું ...
–પઢો રે પોપટ ! રાજા રામના...૦
પોપટ ! તારે કારણે , શી શી રસોઈ બનાવું ?
સાકરના કરી ચુરમા, ઉપર ઘી પિરસાવું...
–પઢો રે પોપટ ! રાજા રામના...૦
પાંખ પીળી ને પગ પાંડુ રા , કોટે કાંઠલો કાળો ,
નરસૈયાના સ્વામીને ભજો , રાગ તાણી રુપાળો ...
–પઢો રે પોપટ ! રાજા રામના...૦

પ્રાણ થકી રે મું ને વૈષ્ણવ વહાલા રે..

પ્રાણ થકી રે મું ને વૈષ્ણવ વ્હાલા,
પ્રાણ થકી મું ને હરિજન વહાલા,અહર્નિશ એને હું ગાઉં રે ,
તપ, તિરથ, વૈકુંઠ પદ મેલી, મારો ભક્ત બોલાવે ત્યાં જાઉં રે..
–પ્રાણ થકી રે મું ને વૈષ્ણવ વ્હાલા...૦
લક્ષ્મીજી અર્ધાંગના મારી, પણ મારા સંતની દાસી રે,
અડસઠ તીરથ મારા સંતને ચરણે, કોટિ ગંગા,કોટિ કાશી રે..
–પ્રાણ થકી રે મું ને વૈષ્ણવ વ્હાલા...૦
સંત ચાલે ત્યાં હું આગળ ચાલું, સંત સૂવે ને હું જાગું રે,
મારા સંતની નિંદા કરે એની જીભલડી હું કાપું રે..
–પ્રાણ થકી રે મું ને વૈષ્ણવ વ્હાલા...૦
મારા બાંધ્યા વૈષ્ણવ છોડે,સંતે બાંધ્યા નવ છૂટે રે ,
એકવાર વૈષ્ણવ મને બાંધે તો,ઈ બંધન નવ તૂટે રે ..
–પ્રાણ થકી રે મું ને વૈષ્ણવ વ્હાલા...૦
બેસીને ગાય ત્યાં હું ઊભો ઊભો સાંભળું, ઊભા ઊભા ગાય ત્યાં નાચું રે,
હું રે વૈષ્ણવથી ક્ષણ નહીં અળગો, ભણે નરસૈંયો પદ સાચું રે...
–પ્રાણ થકી રે મું ને વૈષ્ણવ વ્હાલા...૦

ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાંહી રે..

ભૂતળ ભક્તિ પદારથ મોટું ,બ્રહ્મલોકમાં નાંહી રે,
પૂણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાશી માંહી રે...
–ભૂતળ ભક્તિ પદારથ મોટું....૦
હરિનાં જન તો મુકિત ન માગે, માગે જનમો જનમ અવતાર રે,
નિત્ય સેવા નિત્ય કીર્તન ઓચ્છવ નીરખવા નંદકુમાર રે ...

–ભૂતળ ભક્તિ પદારથ મોટું....૦
ભરત ખંડ ભૂતળમાં જનમી જેણે ગુણ ગોવીંદના ગાયા રે,
ધન ધન એના માતા પિતાને , સફળ કરી એણે કાયા રે ...
–ભૂતળ ભક્તિ પદારથ મોટું....૦
ધન વૃંદાવન ધન એ લીલા, ધન એ વ્રજના વાસી રે ,
અષ્ટ મહાસિધ્ધિ આંગણીયે ઊભી મુક્તિ છે એમની દાસી રે ...
–ભૂતળ ભક્તિ પદારથ મોટું....૦
એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુક જોગી રે,
કાંઈ એક જાણે ઓલી વ્રજની વનિતા, એમ ભણે નરસૈંયો ભોગી રે..
–ભૂતળ ભક્તિ પદારથ મોટું....૦

ભોળી રે ભરવાડણ હરિને વેચવાને ચાલી રે..

ભોળી રે ભરવાડણ હરિને વેચવાને ચાલી રે ,
સોળ સહસ્ર ગોપીના વરને , મટુકડીમાં ઘાલી રે..
–ભોળી રે ભરવાડણ હરિને...૦
અનાથના નાથને વેચે,આહિર કેરી નારી રે ,
શેરીએ શેરીએ સાદ પાડે છે, 'કોઈ લેજો મુરારિ' રે..
–ભોળી રે ભરવાડણ હરિને...૦
વ્રજનારી પૂછે શું છે માંહે, મધુરી મુરલી વાગી રે,
મટુ કી ઉતારીને મુખડું જોતાં, મૂરછા સૌનેં લાગી રે...
–ભોળી રે ભરવાડણ હરિને...૦
બ્રહ્માદિક –ઈન્દ્રાદિક સરખા, કૌતક ઉભા પેખે રે
ચૌદ લોકે ના સમાય ઈ નાથને મટુકીમાં દેખે રે..
–ભોળી રે ભરવાડણ હરિને...૦
ગોવાલણીના ભાગ્યે પ્રગટયા , વ્રજમાં અંતરજામી રે
દાસલડા ને લાડ લડાવે નરસૈયાનો સ્વામી રે ..
–ભોળી રે ભરવાડણ હરિને...૦

મારૂં રે મહીયરિયું રે, માધવ કુળમાં ,મન મથુરા નગરમાં ..

મારૂં રે મહીયરિયું માધવ કુળમાં ,મન મથુરા નગરમાં ,
વેલડિયું જોડો તો મળવા જાંઈ ....
–એવું મારું રે પિયરિયું , મારું રે મહીયરિયું.....૦
આલા ને લીલા રે રૂડા , વાંસ રે વઢાવો વ્હાલા !
એની રે પાલખિયું ઘડાવો રે વ્હાલા....
–એવું મારું રે પિયરિયું , મારું રે મહીયરિયું.....૦
ધોળા ને ધમળા ધોરી રથે રે જોડાવો વ્હાલા !
પલમાં પિયરિયે પહોંચાડે રે વ્હાલા...
–એવું મારું રે પિયરિયું , મારું રે મહીયરિયું.....૦
પાંચ તતવની વહાલે, વહેલડી બનાવી રે વ્હાલા !
ઘડનારો ઘટડા માંહી રે વ્હાલા...
–એવું મારું રે પિયરિયું , મારું રે મહીયરિયું.....૦
ઓહંગ સોહંગ ધોરી લીધા છે જોડી વ્હાલા !
આપ બેઠો ને આપે હાંકે રે હાં....
–એવું મારું રે પિયરિયું , મારું રે મહીયરિયું.....૦

સાસરીયાનાં રૂઠયાં રે બેની !અમે પિયરિયે કેમ જઈએ વ્હાલા !
નણદલ મેણાં બોલે રે વ્હાલા...
—એવું મારું રે પિયરિયું , મારું રે મહીયરિયું.....૦
દેરાણી જેઠાણી મારી, હેરણાં તે હેરે રે વ્હાલા !
નફટ નાર તો કહેવાઈયે રે હાં...
—એવું મારું રે પિયરિયું , મારું રે મહીયરિયું.....૦
ભલે રે મળ્યો રે મહેતા નરસૈંનો સ્વામી રે વ્હાલા !
મહીયરિયે મલપતાં જઈયે રે હાં..
—એવું મારું રે પિયરિયું , મારું રે મહીયરિયું.....૦

મેં તો વારી રે ગિરધરલાલ ! તમારાં લટકાંને.

મેં તો વારી રે ગિરધરલાલ ! તમારાં લટકાંને.
—મેં તો વારી રે ગિરધરલાલ ! તમારાં લટકાંને...૦
લટકે ગોકુળ ગાયો ચારી, લટકે વાયો વંસ રે ,
લટકે જઈ દાવાનળ પીધો, લટકે માર્યો કંસ... તમારાં લટકાંને.
—મેં તો વારી રે ગિરધરલાલ ! તમારાં લટકાંને...૦
લટકે ગિરિ ગોવર્ધન ધરિયો, લટકે પલવટ વારી રે,
લટકે જળ—જમુનામાં પેસી લટકે નાથ્યો કાળી... તમારાં લટકાંને.
—મેં તો વારી રે ગિરધરલાલ ! તમારાં લટકાંને...૦
લટકે વામન રૂપ ધરીને આવ્યા બલિને દ્વાર રે,
ઊઠ કદમ અવનીને માંગી, બલિ ચાંપ્યો પાતાળ... તમારાં લટકાંને.
—મેં તો વારી રે ગિરધરલાલ ! તમારાં લટકાંને...૦
લટકે રઘુપતિ રૂપ ધરીને, તાતની આજ્ઞા પાળી રે,
લટકે રાવણ રણમાં રોળ્યો, લટકે સીતા વાળી... તમારાં લટકાંને.
—મેં તો વારી રે ગિરધરલાલ ! તમારાં લટકાંને...૦
એવાં લટકાં છે રે ઘણેરાં, લટકાં લાખ કરોડ રે,
લટકે મળે નરસૈંનો સ્વામી, હીંડે મોઢામોઢ... તમારાં લટકાંને.
—મેં તો વારી રે ગિરધરલાલ ! તમારાં લટકાંને...૦

વૈષ્ણવજન તો તેને રે કહીએ...

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પડાઈ જાણે રે ;
પર દુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે...
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે ;
વાચ—કાછ—મન નિશ્ચલ રાખે, ધન્ય ધન્ય જનની તેની રે...
સમદષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે ;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પર ધન નવ ઝાલે હાથ રે...
મોહ—માયા લેપે નહિ જેને, દઢ વૈરાગ્ય જેના મનમાં રે ;
રામ—નામ—શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે...
વણ લોભી ને કપટ રહિત છે, કામ—ક્રોધ નિવાર્યા રે ;
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં ,કુળ એકોતેર તાર્યા રે...

સુખ દુઃખ મનમાં ન આણીએ..

સુખ દુ:ખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં
ટાળ્યા તે કોઈના નવ ટળે , રઘુનાથનાં જડિયા ..
—સુખ દુ:ખ મનમાં ન આણીએ...૦
હરિશ્ચંદ્ર રાજા સતવાદિયો , તારા લોચની રાણી,
તેને વિપત્તિ બહુ પડી , ભર્યાં નીચ ઘેર પાણી ...
—સુખ દુ:ખ મનમાં ન આણીએ...૦
સીતાજી સરખી સતી નહીં , જેનાં રામજી સ્વામી,
રાવણ તેને હરી ગયો , સતી મહા દુ:ખ પામી...
—સુખ દુ:ખ મનમાં ન આણીએ...૦
રાવણ સરીખો રાજીયો જેને મંદોદરી રાણી,
દશ મસ્તક છેદાઈ ગયા, સોન કેરી લંકા લુંટાણી...
—સુખ દુ:ખ મનમાં ન આણીએ...૦
નળ રાજા સરખો નર નહીં , જેની દમયંતી રાણી ,
અરધે વસ્ત્રે વનમાં ભમ્યા, ન મળ્યાં અન્ન ને પાણી...
—સુખ દુ:ખ મનમાં ન આણીએ...૦
પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રોપદી રાણી,
બાર વરસ વનમાં ભોગવ્યાં નેણે નિંદ્રા ન આણી...
—સુખ દુ:ખ મનમાં ન આણીએ...૦
સગાળશા શેઠ વહેવારીયો ,જેને ચંગાવતી રાણી ,
કુંવર ચેલૈયો વધેરિયો , નયણે નાવ્યાં પાણી...
—સુખ દુ:ખ મનમાં ન આણીએ...૦
શિવજી સરીખા જતિ નહિ , જેની પારવતી રાણી
ભોળવાયા તે ભીલડી થકી , તપમાં હાંસી ગણાણી ..
—સુખ દુ:ખ મનમાં ન આણીએ...૦
ભીડું રે પડી સરવે દેવને , સમર્યા અંતરયામી
ભાવટ ભાંગી ભૂધરે , મહેતા નરસૈનો સ્વામી...
—સુખ દુ:ખ મનમાં ન આણીએ...૦

### હે જી વ્હાલા ! હારને કાજે નવ મારીએ..

હે જી વ્હાલા ! હારને કાજે નવ મારીએ,
હઠીલા હરજી અમને,
માર્યા રે પછી રે મારા નાથજી, બહુ દોષ ચડશે તમને....
– એવા હારને કાજે નવ મારીએ......
હે જી વ્હાલા ! અરધી રજની વીતી ગઈ, હાર તમે લાવોને વ્હેલા,
માંડલિક રાજા અમને મારશે,દિવસ ઊગતાં પહેલાં....
– એવા હારને કાજે નવ મારીએ......
હે જી વ્હાલા ! નથી રે જોતો હીરાનો હારલો, વેગે તમે ફૂલડાંનો લાવો,
દયા રે કરીને દામોદરા, દાસને બંધનથી છોડાવો....
– એવા હારને કાજે નવ મારીએ......
હે જી વ્હાલા !કાં તો રે માંડલિકે તું ને લલચાવિયો, કાં તો ચડિયલ રોષો,
કાં તો રે રાધાજીએ તું ને ભોળવ્યો, કાં તો મારા કરમનો રે દોષો....
– એવા હારને કાજે નવ મારીએ......
હે જી વ્હાલા ! દાસ રે પોતાનો દુ:ખી જોઈને, ગરૂડે ચડજો ગિરધારી,

હાર રે હાથોહાથ આપજો રે ,  મ્હેતા નરસૈંના સ્વામી....
– એવા  હારને કાજે નવ મારીએ......

નાનકદાસ

અગમ સે આયો જોગીડો..

અગમસે આયો જોગીડો, અગમસે આયો રે ,
રૂપ કો હે સ્વરૂપ જોગીડો અગમ સે આયો ;
પાણી કેરું બુંદ પડયું, એનો પિંડ રચાયો,
પાંચ તત્ત્વ, ત્રણ ગુણ, પવન પીછાયો...
–અગમસે આયો જોગીડો...૦
નાભિમાં તમે નિરખી જુઓ, રમે ભવાયો ,
ઉલટ સુલટ દોર બાંધી, ગગન ઘેરાયો ;
શક્તિ કેરો રૂપ એસો, સંસાર રચાયો ,
પાંચ પુરુષ ખપર બારા, સરધાનો છાંયો..
–અગમસે આયો જોગીડો...૦
વ્રેહને વિકાર , માથે ખારમાં ખોયો ,
ચાર આંગળ છેટા છે પણ, કાન નો જોયો ;
ગુરુ મળ્યા ગમ જડી, પ્યાલો રે પાયો ,
કહે નાનકશા ગંગના શરણાં, ગમથી રે ગાયો...
–અગમસે આયો જોગીડો...૦

નારણદાસ

મોર ! તું તો આવડું રે રૂપ ક્યાંથી લાવ્યો ? મોરલો મરતલોકમાં આયો..

મોર ! તું તો આવડું તે રૂપ ક્યાંથી લાવ્યો ?
રે મોરલો મરત લોકમાં આવ્યો રે ...
લીલો ને પીળો મોરલો અજબ રંગીલો રે ,વરણ થકી વરતાયો,
પાંચ બળદિયા ગાડે રે જોડયા, હાંકે તેમ હાલે સવાયો રે...
–રે મોરલો મરત લોકમાં આવ્યો રે ...૦
નાભિ કમળથી ઉડયો એક મોરલો , આવી બેઠો શીતળ છાંયો,
સુરતા સુવાગણ સુંદરી રે, શુન્યમાં શહેર જગાયો રે..
–રે મોરલો મરત લોકમાં આવ્યો રે ...૦
ઈંગલા ને પિંગલા તારી વાટું જુવે છે, મારો નાથ હજુ કેમ નાવ્યો ?
કાં તો શામળીયે છળ કરી છેતર્યો, કાં તો ઘર રે ધંધામાં ઘેરાયો રે...
–રે મોરલો મરત લોકમાં આવ્યો રે ...૦
કાચી કાયાનો કોઈ નો કરો ભરુંસો ને,જેનો પૃથ્વી માથે નથી પાયો ,
ઉગમ ચરણે બોલ્યા રે નારણદાસ , હરિ ભજીને જશ ગાયો,
ઈ તો ધન ધન જનેતાનો જાયો રે ...
–રે મોરલો મરત લોકમાં આવ્યો રે ...૦

નિરાંત (ઈ.સ.૧૭૪૭–૧૮૫૨)

મને વહાલો સુંદર શ્યામળો...

સખી ! મને વહાલો રે સુંદર શ્યામળો રે,
શી કહું વહાલપણાની વાત !
વિવેક–સ્વરૂપી વિસરતા નથી રે,
ઘડી ઘડી પળ પળ દિન ને રાત...
–સખી ! મને વહાલો રે સુંદર શ્યામળો રે...૦
શ્વાસ ને ઉશ્વાસે રે સખી ! મુને સાંભરે રે,
ભૂધર ઉપર ઘણો છે રે ભાવ ;
ગોવિંદ વિના રે કંઈ ગમતું નથી રે,
લેઉ એના લલિતાપણાનો લહાવ...
–સખી ! મને વહાલો રે સુંદર શ્યામળો રે...૦
મનડું રહ્યું છે રે એને મોહીને રે,
ચંચળ ચિત્તડું ચાલે ના'ય ;
આંખ તે ઠરી છે એની ઉપરે રે,
હેત હરિ હૃદયકમળની માંય...
–સખી ! મને વહાલો રે સુંદર શ્યામળો રે...૦
પ્રભુજી ! પધારો મારે મંદિરે રે,
વહાલો વસી રહ્યા છે રે વાસ,
નિરાંતના સ્વામી સમરથ શ્રીહરિ રે,
વહાલે મારે પૂરી મનની આશ...
–સખી ! મને વહાલો રે સુંદર શ્યામળો રે...૦

સાસ–ઉસાસે સમરણ કરલે, તું હી તં હી કર તનમાં રે,

સાસ–ઉસાસે સમરણ કરલે, તું હી તં હી કર તનમાં રે,
સાન ગુરુકી એ હી યથારથ, દેખો દિલ દરપનમાં રે...
સાસ–ઉસાસે...
સચરાચરમાં સોહી બિરાજે, આપે આપ અપનમાં રે
બાહર–ભીતર એક નરંતર, બાજે નાદ ગગનમાં રે...
સાસ–ઉસાસે...
સોવત–જાગત સુરત સહજકી, ભીતર રહી ભજનમાં રે,
લે લાગી એનો તાર ન તૂટે, ઉઠ ઉઠ આસનમાં રે...
સાસ–ઉસાસે...
પૂરણ પરચા ભયા બ્રહ્મકા, નામ લહ્યા નિરગુણમાં રે,
દાસ નિરાંત દયા સતગુરુકી, મગન ભયા મન મેરા રે...
સાસ–ઉસાસે...

નિષ્કુળાનંદ

જનની જીવો રે ગોપી ચંદની,પુત્રને પ્રેર્યો વૈરાગ..

જનની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો રે વૈરાગ જી,
ઉપદેશ આપ્યો એણી પેરે ,લાગ્યો સંસારીડો આગ જી ... જનની જીવો રે...૦
ધન્ય ધન્ય માતા રે ધ્રુવ તણી ,કહ્યાં કઠણ વચન જી,

રાજ સાજ સુખ પરહરી,વેગે ચાલિયા વન  જી ... જનની જીવો રે...૦
ભલો રે ત્યાગ ભરથરી તણો, તજી સોળસેં નાર  જી,
મંદિર ઝરૂખા મેલી કરી, આસન કીધેલાં બહાર  જી... જનની જીવો રે...૦
ઊઠી ન શકે રે ઊંટીયો,બહુ બોલાવ્યો બાજંદ  જી,
તેને રે દીઠે ત્રાસ ઉપનો લીધી ફકીરી છોડયો ફંદ  જી... જનની જીવો રે...૦
એવા વૈરાગ્યવંતને જાઉં વારણે ,બીજા ગયા રે અનેક  જી,
ભલા રે ભૂંડા અવનિ ઉપરે,ગણતાં નાવે છેક  જી ... જનની જીવો રે...૦
ક્યાં ગયું કૂળ રાવણ તણું , સગરસુત સાઠ હજાર જી,
ન રહ્યું તે તણું રાજા નંદનું,  સર્વ સુપન વેવાર જી ... જનની જીવો રે...૦
એવા છત્રપતિ ચાલી ગયા , રાજ મૂકી રાજન  જી,
દેવ દાનવ મુનિ માનવી , સરવે જાણે સૂપન  જી ... જનની જીવો રે...૦
સમજી મૂકે તો સારૂં ઘણું ,જરૂર મુકાવશે જમ  જી,
નિષ્કુળાનંદ કહે નહીં મટે , સાચું કહું ખાઈ સમ  જી ... જનની જીવો રે...૦

ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના...

ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરીએ કોટિ ઉપાય જી ;
અંતર ઊંડી ઈચ્છા રહે, તે કયમ કરીને તજાય જી ?
વેશ લીધો વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂર જી ;
ઉપર વેશ આછો બન્યો, માંહી મોહ ભરપૂર જી...
—ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના...૦
કામ—ક્રોધ—લોભ—મોહનું જ્યાં લગી મૂળ ન જાય જી ;
સંગ—પ્રસંગે પાંગરે, જોગ ભોગનો થાય જી...
ઉષ્ણ રતે અવની વિષે, બીજ નવ દીસે બહાર જી ;
ઘન વરસે, વન પાંગરે, ઈન્દ્રિ—વિષય આકાર જી...
—ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના...૦
ચમક દેખીને લોહ ચળે, ઈન્દ્રિ—વિષય સંજોગ જી ;
અણભેટયે રે અભાવ છે, ભેટયે ભોગવશે ભોગ જી...
ઉપર તજે ને અંતર ભજે, એમ ન સરે અર્થ જી ;
વણસ્યો રે વર્ણાશ્રમ થકી, અંતે કરશે અનર્થ જી...
—ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના...૦
ભ્રષ્ટ થયો જોગ ભોગથી, જેમ બગડયું દૂધ જી ;
ગયું ઘૃત મહી—માખણ થકી, આપે થયું અશુદ્ધ જી...
પળમાં જોગી ને પળમાં ભોગી, પળમાં ગ્રહી ને ત્યાગી જી ;
નિષ્કુળાનંદ કહે એ નર તો વણસમજ્યો વૈરાગી જી....
—ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના...૦

નૂર સતાગર

જી રે વીરા ! ક્રોડી નવાણું ને છપ્પન બત્રીશાં..

જી રે વીરા ! ક્રોડી નવાણું ને છપન બત્રીસા ; તે કરતા ઘટ કળશની પૂજા રે,
વીરા ! ચોથા કલપની સંધે તેત્રીસ, અવર દેવ નથી દૂજા રે...
—વીરા ! મારા આજ આનંદ કળશ ઘટ પૂજા રે... ૦
જી રે વીરા ! આ ઘટે પાંચે સુ  પહેલાજ[1] મુગતા ; જેણે અગનિમાં આપ સીંચાવ્યા રે,

વીરા ! સાતે હરિચંદ રોહીદાસ તારા રાણી, કાશીમાં આપ વેંચાવ્યા રે...
—વીરા ! મારા આજ આનંદ કળશ ઘટ પૂજા રે... ૦
જી રે વીરા ! મારા આ ઘટે નવે સું રાજા જુજેસઠળ[२] સતપંથ ધરમ ધિયાયાં રે,
વીરા ! દ્રોપદી પાંડવ ખટ સત કારણ, હેમાજળમાં હાડ ગળાવ્યાં રે...
—વીરા ! મારા આજ આનંદ કળશ ઘટ પૂજા રે... ૦
જી રે વીરા ! બારે કોડીને નામ નિજાર ; તે સતગુરુ રૂપ ધરશે રે,
વીરા ! અનંત ક્રોડી ગુર પીર હસન કબીરદીન, સતીયુંના ભરણ ભરશે રે...
—વીરા ! મારા આજ આનંદ કળશ ઘટ પૂજા રે... ૦
જી રે વીરા ! આપને શોધોને મનને બોધો ;સતગુરુની શિખામણ પરમાણી રે,
વીરા ! હું બલિહારી જે ઘટ નિર્મળ ; પીર બોલ્યા સતગુરુ નુર વાણી રે...
—વીરા ! મારા આજ આનંદ કળશ ઘટ પૂજા રે... ૦

પદમપરી

હો જા હુશિયાર અલેક ધણી આગે, દિલ સાબુત ફિર ડરના ક્યા..

હો જા હુશિયાર અલેક ધણી આગે,
દિલ સાબુત ફિર ડરના ક્યા ?
આયે જાયે પંખિયા, ઉડ જાવે ચીડિયાં,
વાવ્યા વિના પીછે લણના ક્યા ?
તાંબા રે પીતળ બન જાય સોના , પંજા લગે કોઈ પારસ કા
સુષમણા નારી સેજ બીછાવે, જાગો જાગો રે મન ! સોના કયા ?
સત નામની ચોપાટ બીછાઈ લે, રંગ ઓળખ લે તું પાસે કા
સતગુરુ નામકા પાસા પકડ લે, જીતી બાજી હારે ક્યા !
સાતસે નદીયું નવસેં નાળા, સાત સાયર જળ ઊંડા ક્યા ?
કાયા દલમેં હોજ ભરી હૈ , નદીયું કા નીર પીના ક્યા ?
સાહેબ ધણીકા સુમરન કર લે , છાયા બદલા વાળેગા
ગુરુ પ્રતાપે ગાય પદમ પરી , કરમ ધરમ નર હારો ક્યા ?

પાલણશી

રૂઠડા રામને મનાવો ,ગુણપતિ ગરવા દેવને મનાવો રે..

રૂઠડા રામને મનાવો , ગુણપતિ ગરવા દેવ ને મનાવો રે,
હો જીયો સાયર જળ ભરિયો હો જી...
—રૂઠડા રામને મનાવો , ગુણપતિ ગરવા દેવ ને મનાવો રે....૦
રાજા રે કૂડા રે જેની પરજાયું કૂડી રે , પરજાયું કૂડી રે ,
એવા કૂડા રે કળજુગનાં મેહુલિયા રે રામ !જીયો સાયર જળ ભરિયો હો જી...
—રૂઠડા રામને મનાવો , ગુણપતિ ગરવા દેવ ને મનાવો રે....૦
નર રે કૂડા રે જેની નારીયું યે કૂડી રે , નારીયું યે કૂડી રે ,
એવા કૂડા રે સંસારિયાના નેડલા રે રામ !જીયો સાયર જળ ભરિયો હો જી...
—રૂઠડા રામને મનાવો , ગુણપતિ ગરવા દેવ ને મનાવો રે....૦
કાલર ખેતરિયામાં બીજ મત વાવો રે , બીજ મત વાવો રે,
એવા વણ રે જોતરિયે ગાડાં લાવો રે રામ !જીયો સાયર જળ ભરિયો હો જી...
—રૂઠડા રામને મનાવો , ગુણપતિ ગરવા દેવ ને મનાવો રે....૦
ખારા રે સમદરિયામાં મીઠી એક વીરડી રે, મીઠી એક વીરડી રે,
એવા ભવ રે સાગરમાં સાચાં હીરલા રે રામ !જીયો સાયર જળ ભરિયો હો જી...
—રૂઠડા રામને મનાવો , ગુણપતિ ગરવા દેવ ને મનાવો રે....૦
કહે રે પાલણશી તમે નુગરા ન રે'જો રે, નુગરા ન રે'જો રે,

એવા અમીરસ ઘોળી ઘોળી પીનાં રે રામ !જીયો સાયર જળ ભરિયો હો જી...
—રૂઠડા રામને મનાવો , ગુણપતિ ગરવા દેવ ને મનાવો રે....૦

પુરુષોત્તમ

કંસ ! તારો વેરી , સાચા સંતનો ઝવેરી રે,જેલમાં જનમિયો..

કંસ ! તારો વેરી, સાચા સંતોનો ઝવેરી રે,
જેલમાં જનમિયો રાજા કંસ ! તારો વેરી ...૦
કાળી કાળી રાત અંધેરી, બે પુરે જમના ગહેરી,
વાસુદેવ ગોકુળ ચાલ્યા ,કનૈયાને તેડી..રે...
—જેલમાં જનમિયો રાજા કંસ ! તારો વેરી ...૦
જેલમાં જઈને કંસે, બેન દેવકીને કનેડી,
ઊડી ગઈ માયા રૂપી, વીજળી વેલેરી..રે...
—જેલમાં જનમિયો રાજા કંસ ! તારો વેરી ...૦
ઝુલાવે જસોદા માડી, ઝુલે નંદલાલો લહેરી,
આભેથી વરસાવે દેવતા, ફુલડાં સોનેરી.. રે...
—જેલમાં જનમિયો રાજા કંસ ! તારો વેરી ...૦
માસીબાને ખોળે ખેલી, નાખ્યા છે ખંખેરી,
જમનામાં કુદી કાનુડે , નાગ નાથ્યો ઝેરી ..રે...
—જેલમાં જનમિયો રાજા કંસ ! તારો વેરી ...૦
ઈન્દ્રનું અભિમાન ટાળ્યું, ગોવર્ધન હેરી ,
અસૂરો અપાર માર્યા , લીલા છે અનેરી.. રે...
—જેલમાં જનમિયો રાજા કંસ ! તારો વેરી ...૦
સેવકના સંકટ ટાળ્યાં , જેની ભાવના ભલેરી ,
પુરૂષોત્તમના પ્રભુએ નાખ્યો , કંસને વધેરી..રે...
—જેલમાં જનમિયો રાજા કંસ ! તારો વેરી ...૦

ઘોડલીયાના જોવા છે મારે રે ઘમસાણ..

ઘોડલીયાનાં જોવા છે મારે રે ઘમસાણ,
રામાપીર ! પધારો ! આવો ! લીલુડા રે ઘોડલે...
જરકસી રે જામા હરિને, પીળી છે પાંભલડી રે ,
પીરની મોજડીમાં મોતીડાંની ખાણ...
—રામાપીર ! પધારો ! આવો ! લીલુડા રે ઘોડલે...૦
જળહળતી જ્યોતું રે જલે રામાપીર તમારી રે ,
લીલુડા ફરૂંકે નિશાન...
—રામાપીર ! પધારો ! આવો ! લીલુડા રે ઘોડલે...૦
પળમાં પોકરણ, ને પળમાં પીર ! દ્વારિકામાં રે,
પળમાં પીરની ઢેલડીયે છે પલાણ...
—રામાપીર ! પધારો ! આવો ! લીલુડા રે ઘોડલે...૦
ઘોડલે ચડીને પીરજી ! મંડપમાં પધારજો રે ,
પધારો મારા ! બારે બીજના ભાણ...
—રામાપીર ! પધારો ! આવો ! લીલુડા રે ઘોડલે...૦
ગુરુના પરતાપે પુરૂષોત્તમ બોલિયા રે ,

દેજો અમને તમારા ચરણોમાં વાસ...
—રામાપીર ! પધારો ! આવો ! લીલુડા રે ઘોડલે...૦

સગપણ આડાં આવે ,યુદ્ધમાં અરજુનને રે

સગપણ આડાં આવે, એના મનડાને બહુ મૂંઝાવે ,
યુદ્ધમાં અરજુનને રે, એનાં સગપણ આડાં આવે ...
કુરૂક્ષેત્રમાં કૃષ્ણ પ્રભુજી, મધ્યમાં રથને લાવે,
કોને મારૂં ? ક્યાં તીર ચલાવું ? એની સમજણમાં નવ આવે..
—યુદ્ધમાં અરજુનને રે, એનાં સગપણ આડાં આવે ...૦
અરજુન કહે , મારા કૃષ્ણ પ્રભુજી ! આ પાપથી કોણ બચાવે ?
રૂધીર ભરેલા વૈભવ એ તો મું ને , કેમ ભોગવવા ભાવે ?..
—યુદ્ધમાં અરજુનને રે, એનાં સગપણ આડાં આવે ...૦
કોઈ સગું નથી આ દુનિયામાં ,એમ શ્યામ સુંદર સમજાવે,
આવી કાયરતા ભાઈ ! ક્યાંથી લાવ્યો ? તારી કીર્તિને કલંક લગાવે...
—યુદ્ધમાં અરજુનને રે, એનાં સગપણ આડાં આવે ...૦
અગ્નિ ન બાળે , એને પવન ન સૂકવે, પાણી એને ન પલાળે ,
આતમ તત્ત્વ અમર છે અર્જુન ! જ્ઞાન ગીતા સમજાવે...
—યુદ્ધમાં અરજુનને રે, એનાં સગપણ આડાં આવે ...૦
જ્ઞાન ગીતામાં ધ્યાન દઈને, ઓલો અરજુન બાણ ચલાવે ,
પરસોતમના સ્વામી શામળો , એ તો ભારતમાં ભારત રચાવે...
—યુદ્ધમાં અરજુનને રે, એનાં સગપણ આડાં આવે ...૦

પૂનાદે

ભણતી સાં કાનજી કાળા રે..

ભણતી સાં કાનજી કાળા રે , માવા મીઠી મોરલીવાળા રે...
ડેલીએ અખંડ ડાયરા દેજે, અમલારા ગોળા,
મેમાનની મોકવાણ્ય દેજે , પીનારા ભોળા...
ડેલીએ રૂડા ડાયરા દેજે , કવિજન રૂપાળા,
શૂરવીરાં ને શામળા કેરી વાતુંના હિલોળા...
પાંચ તો મોહે પૂતર દેજે, શામજી છોગાળા,
એક તો મોહે ધીડી દેજે, જેના આણાંત ઘોડાળા...
કાળિયું ભેસું કુંઢિયું દેજે, ગાયુંના ટોળાં ,
કોઠીએ કાઠા ઘઉં તો દેજે, જમનારા ભોળાં...
ધીર—સધીરો ચારણ દેજે, ઘી ગોળનાં દોણાં,
વાંકડી નેણે વવારૂ દેજે, ઘુમરડે ગોળા ,
ગોમતીકાંઠે વાસ અમાણો, બરડો અમાણો દેશ,
ચારણી પૂનાદે ઈમ ભણે , મોરો લીલો રાખ્યે નેસ...

પીઠો

રામ સુમર તારે કાંઈ ફીકર નહીં, તારાં સબ દુઃખડાં મિટ જાવે રે..

રામ સુમર , તારે કાંઈ ફીકર નહીં , તારાં સબ દુઃખડાં મિટ જાવે રે ,
તારા ભવના ફેરા ભાંગી જાવે રે , તારા પંડનાં પ્રાછત જાવે રે,
તારાં જનમ મરણ મટી જાવે રે, રામ સુમર તારે કાંઈ ફીકર નહીં...૦
આ કાયામેં પાંચ પુરુષ એમાં,તત્વ નજરે ના'વે રે ,
સતગુરુ મિલે તો ભેદ બતાવે, અજ્ઞાની અથડાવે રે..
—રામ સુમર તારે કાંઈ ફીકર નહીં...૦
વીંધાણાં એટલાં મોતીડાં કે'વાણા , અણવિંધ્યા પથરા કહાવે રે
સમજુ નર તો સમજી બેઠા, ગાફલ ગોથાં ખાવે રે..
—રામ સુમર તારે કાંઈ ફીકર નહીં...૦
સાત સાયર વચમાં બેટ, કેમ કરી દરશન પાવે રે,
નુરત સુરતના દોર સાંધી લે, તો, પલકમાં પહોંચાવે રે..
—રામ સુમર તારે કાંઈ ફીકર નહીં...૦
હરખે હરખે રામ સુમર, ભલે લખ આવે લખ જાવે રે
ભૂલીશ ને ભૂલાવીશ મા , તારા મનને ધંધે વળગાવે રે..
—રામ સુમર તારે કાંઈ ફીકર નહીં...૦
દિવસના ભૂલ્યા કેમ ચડે મારગે, આડી રાત અંધારી આવે રે,
ભૂલવાડે તો ય ભૂલીશ મા ,મરને ત્રણે ગુણમાં તાવે રે..
—રામ સુમર તારે કાંઈ ફીકર નહીં...૦
સતને શબદે, ગુરુને વચને, અંદરનું ઓળખાવે રે,
ગુરુ બાલકસાહેબના ચરણે બેસી, દાસ પીઠો ગુણલા ગાવે રે..
—રામ સુમર તારે કાંઈ ફીકર નહીં...૦

પ્રાચીન

અજરા કાંઈ જરિયા ન જાય , સંતો ભાઈ .

અજરા કાંઈ જરિયા નૈ જાય ,એ જી વીરા મારા ! અજરા કાંઈ જરિયા ન જાય
તમે થોડે થોડે સાધ પિયો હો... જી...
તન ઘોડો મન અસવાર... હે... જી વીરા મારા ! તન ઘોડો મન અસવાર...
તમે જરણાના જિન ધરો હો જી...
શીલ બરછી સત હથિયાર... હે જી વીરા મારા ! શીલ બરછી સત હથિયાર...
તમે માંયલાસે જુદ્ધ કરો હો જી...
કળિયુગ છે કાંટા કેરી વાડય... વીરા મારા ! કળિયુગ છે કાંટા કેરી વાડય
તમે જોઈ જોઈ—પાંવ ધરો હો જી...
ચડવું કાંઈ મેરુ આસમાન... હે જી વીરા મારા ! ચડવું કાંઈ મેરુ આસમાન...
એમાં આડા અવળા વાંક ઘણા હો જી...
બોલિયા કાંઈ ધ્રુવ ને પ્રહલાદ... હે જી વીરા મારા ! બોલિયા કાંઈ ધ્રુવ ને પ્રહલાદ...
તમે અજપાના જાપ જપો હો જી...

એક મઢી રે બનાવું રાજા ! રંગ મોલ માં ..

એક મઢી રે બનાવું રાજા ! રંગ મોલમાં , માથે ચમ્મર... માથે ચમ્મર ઢળાવું રે.
ફરતાં રે મેલાવું જોગી ! જાળિયાં... ધરમુંની ધજા રે....ધરમુંની ધજા રે બંધાવું રે ,
સાંભળ્ય રે રાજા ! રે , રાણીજી ક્યે છે, આજ મારે મોલે રે...
આજ મારે મોલે રે પધારો રાજા ! ભરથરી ! હાં હાં હાં હાં...૦
એવું સાંભળ્ય ! રે રાજા ! રે ,રાણીજી ક્યે છે , આજ મારે મોલે રે...

આજ  મારે  મોલે રે પધારો રાજા ! ભરથરી ! હાં  હાં હાં  હાં...૦
અંદણ ચંદણની રે મઢડી બનાવું રે,      ઉપર સોનેરી...  ઉપર સોનેરી રંગ ચડાવું રે,
મઢી ને ખપ્પર રે સોનેથી મઢું ,વારી તમને પુજું રે... વારી તમને પૂજું રે સેવા રે...
એવું સાંભળ્ય !  રે રાજા !  રે ,રાણીજી ક્યે છે ,  આજ મારે મોલે રે...
આજ  મારે  મોલે રે પધારો રાજા ! ભરથરી ! હાં  હાં હાં  હાં...૦
હીરલા માણેક ને રતન જડાવું રે ,  સોનલા શીંગી...સોનલા શીંગી  ગળે ડાલું રે,
કંથા રે સિવડાવું સાચા હીરની, વ્રધ વ્રધ હોશે...વ્રધ વ્રધ હોશે રે સેવા રે...
એવું સાંભળ્ય !  રે  રાજા !  રે , રાણીજી કયે છે , આજ મારે મોલે રે...
આજ  મારે  મોલે રે પધારો રાજા ! ભરથરી ! હાં  હાં હાં  હાં...૦
બાળું રે બાળું રે રાણી ! મોલને, બાળું મઢુલી તમારી રે ,
હીરલા માણેકના ખપ્પર પથરે પછાડું રે,મારે અંગે ભભૂતિ.. મારે અંગે ભભૂતિ લગાડું રે,
એવું સાંભળ્ય !  રે , બાળુડો ક્યે છે , સાંભળ્ય રાણી  !  રે..
આજ મું ને ભિક્ષા રે દિયો ને  મૈયા  પિંગલા....હાં હાં હાં હાં...૦
પાંદ રે સરીખી હું રાણી પિંગળાં, ફૂલડાં જેસી રે..  ફૂલડાં જેસી મારી કાયા રે ,
શાપ રે  દેશું તો થાશો  કોઢિયા રે  , હવે તમને કે'શું રે ...હવે તમને કે' શું   રે  માયા...
એવું સાંભળ્ય !  રે રાજા !  રે ,રાણીજી ક્યે છે ,  આજ મારે મોલે રે...
આજ  મારે  મોલે રે પધારો રાજા ! ભરથરી ! હાં  હાં હાં  હાં...૦
ગુરુના પરતાપે બાળુડો બોલિયા, હવે નૈં ભોગવિયે રે..હવે નૈં ભોગવિયે રે માયા રે
ગોરખ પરતાપે ભરથરી બોલિયા અમ્મર કીધી રે... અમર કીધી રે મોરી કાયા રે...
એવું સાંભળ્ય !  રે રાજા !  રે રાણીજી ક્યે છે ,  આજ મારે મોલે રે...
આજ  મારે  મોલે રે પધારો રાજા ! ભરથરી ! હાં  હાં હાં  હાં...૦

પેલા પેલા જુગમાં રાણી  ! તું હતી પોપટી ને અમે પોપટ રાજા રામના..

પેલા પેલા જુગમાં રાણી !  તું હતી પોપટી  ને  અમે રે પોપટ રાજા રામના ,
હો જી રે , અમે રે પોપટ રાજા રામના...
ઓતરા તે ખંડમાં , આંબલો પાક્યો ત્યારે , સુડલે મારેલ અમને ચાંચ, રાણી પિંગલા !
ઈ રે પાપીડે મારા પ્રાણ  જ  હરિયા  ને ,  તો યે ન હાલી મોરી  સાથ રાણી પિંગલા  !
દનડાં સંભારો ખમ્મા  ! પૂરવ  જનમના સહેવાસના....
દનડાં સંભારો રાણી  ! પૂરવ  જનમના સહેવાસના....
બીજા બીજા જુગ માં રાણી ! તું હતી બ્રાહ્મણી ને, અમે રે  તપેશ્વર રાજા રામના,
હો જી રે  ,  અમે રે તપેશ્વર રાજા રામના...
પૂજનને કારણિયે  ફૂલ વીણવા ગ્યા'તાં ત્યારે  ડસિયેલ કાળુડો નાગ રાણી પિંગલા !
ઈ રે પાપીડે મારા પ્રાણ જ હરિયા ને ,  તો  યે   ન  હાલી મોરી સાથ રાણી પિંગલા !
દનડાં સંભારો રાણી  ! પૂરવ  જનમના સહેવાસના....
ત્રીજા ત્રીજા જુગમાં રાણી તું હતી મૃગલી ને ,અમે રે મૃગેશ્વર રાજા રામના,
વનરા તે વનમાં પારધીએ  બાંધ્યો ફાંસલો, પડતાં છાંડયા મેં મારા પ્રાણ રાણી પિંગલા !
ઈ રે પાપીડે મારા પ્રાણ જ હરિયા ને,  તો યે ન  હાલી મોરી સાથ રાણી પિંગલા !
દનડાં સંભારો રાણી  ! પૂરવ  જનમના સહેવાસના....
ચોથા ચોથા જુગમાં રાણી  !  તું હતી પિંગલા ને,અમે રે ભરથરી રાજા રામના ,
હો જી રે અમે રે ભરથરી રાજા રામના...
ચાર ચાર જુગનો સહેવાસ આપણો ને ,તો  યે  ન હાલી મોરી   સાથ રાણી પિંગલા !
દનડાં સંભારો રાણી  ! પૂરવ  જનમના સહેવાસના....

ભૂલ્યો રે ભૂલ્યો રાજા સત રે ગોપીચંદ, પિયુ !  પરદેશ મત જાના જી..

ભૂલ્યો રે ભૂલ્યો રે રાજા ! સત રે ગોપીચંદ, પિયુ ! પરદેશ મત જાના જી,
સૂની રે સેજડિયે અમને નિંદરા ન આવે ને, મોરે મન રાજ ન ભાવે જી..
કિયા રે કારણિયે રાજા ! મુંડ તો મુંડાવી ને, કિયા રે કારણિયે પેરી કંથા જી,
કિયા રે કારણિયે રાજા ! ખપ્પર ધરાયો ને, કિયા રે કારણિયે હાથે ડંડા જી,
જોગ રે કારણિયે રાણી ! મુંડ તો મુંડાવી ને, કાયા રે કારણિયે પેરી કંથા જી,
ભિક્ષા રે કારણિયે રાણી ! ખપ્પર ધરાવ્યાં ને,કાળ મારન કું હાથે ડંડા જી...
અંદણ ચંદણની રાજા ! મઢુલી બનાવું ને,સોનેરી રંગ ચડાવું જી,
હીરલા માણેકના રાજા ! ખપ્પર જડાવું ને, સોનલા શીંગી ગળામાં ડાલું જી,
એ..બાળું રે બાળું રે રાણી !તારાં મોલ ને મઢુલી રે ,બાળું રે સોનેરી રંગા જી ,
હીરલા માણેકના ખપ્પર પથરે પછાડું ને,અંગે ભભૂતી લગાડું જી..
કોણ રે રાજા રે તેરે સંગમેં ચલેગી ? ને, કોણ રે કરેગી દો દો બાતાં ?જી,
કોણ રે રાજા રે તેરા ચરણ પખાળશે ?ને, કોણ લાવેગી દૂધ ભાતા ?જી..
ધૂણી ને પાણી રે મેરે સંગમેં ચલેગી ને, રેનાં કરેગી દો દો બાતાં જી,
ગંગા ને જમુના મેરા ચરણ પખાળશે ને, દુનિયા લાવેગી દૂધ ભાતા જી..
સાતસેં ને પરણ્યો રાજા ! નવસેં કુંવારી રે, એના રે નિસાસા તમને લાગશે ,
જી રેગીડે તારી મૂંડ મુંડાવી રે, ઈ રે જોગીડો મરી જાશે જી..
ભૂલી રે ભૂલી રે રાણી ! સબ જગ ભૂલી રે, ગુરુજીને ગાલી મત દેનાં જી,
જાલંધર પરતાપે જોગી ગોપીચંદ બોલ્યા રે, અમ્મર કીધી છે એણે કાયા જી...

સોનલા બાજોઠ ઢાળિયા ને રૂપલા ઝારી લીધી હાથ,

સોનલા બાજોઠ ઢાળિયા ને રૂપલા ઝારી લીધી હાથ,
રાજા ગોપીચંદ ન્હાવા બેઠા, મ્હેલે રૂવે એની માય ,
ભાઈ ! ભલો રાજા ગોપીચંદ...
બાળુડાને ભિક્ષા દિયો મોરી માય,
ભાઈ ! ભલો રાજા ગોપીચંદ...
નહીં વાદળ નહીં વીજળી, નહીં અષાઢી મેઘ,
નીચું જોઈને ઊંચે જુએ ત્યાં , મહેલે રૂવે એની માય,
ભાઈ ! ભલો રાજા ગોપીચંદ...
મારા શહેરમાં કોઈ નહિ દુઃખિયું , તું કેમ રોઈ મોરી માય ?
તારી કાયા તારા બાપના જેવી , નિશ્ચે મસાણે જાય,
ભાઈ ! ભલો રાજા ગોપીચંદ...
આપણા દેશમાં જૂનો જોગી, નવનાથ માંહ્યલો નાથ,
ઈ રે જોગીડાને શરણે જાતાં, તારા શિર પર મેલે હાથ,
ભાઈ ! ભલો રાજા ગોપીચંદ...
હાટે રૂવે હાટ વાણિયા , ને ચોકે રૂવે ચારણ ભાટ,
રાણી રૂવે રંગમોલમાં , દાસી રૂવે દરબાર,
ભાઈ !ભલો રાજા ગોપીચંદ...
કાને કુંડળ શોભતા , ભૈરવ જોળી લીધી હાથ,
ઈ રે એંધાણીએ ઓળખ્યા, મું ને મળ્યા જાલંધર નાથ,
ભાઈ ! ભલો રાજા ગોપીચંદ...

પ્રાણનાથ સ્વામી (ઈ.સ.૧૬૧૯ – ૧૬૯૫)

કારી કામરી રે, મો કો પ્યારી લાગી તૂં

કારી કામરી  રે, મો કો પ્યારી લાગી તૂં ,
સબ શણગારને શોભા દેવે, મારું દિલ બાંધ્યું તુજ સું...
—કારી કામરી  રે, મો કો પ્યારી લાગી તૂં ...૦
તારું નામ નિરગુણ કહાવે, સબ સરગુન કે સિરે,
હીરા મોતી નંગ તારે ન તોલે, કોઈ નહીં તુજ ઉપરે...
—કારી કામરી  રે, મો કો પ્યારી લાગી તૂં ...૦
કામરી ઓઢી વ્રજવનિતાએ, ઓઢી સુંદરવર શ્યામ,
ઈસા અને મહંમદેય ઓઢી, ઔર પહેરી ઈમામ...
—કારી કામરી  રે, મો કો પ્યારી લાગી તૂં ...૦
મૂલ નહીં આ કામળી કેરાં, એને વેચી શકે ના કોઈ,
પૂરવ જનમની પ્રીતે મળશે, જો કિરપા એની હોય...
—કારી કામરી  રે, મો કો પ્યારી લાગી તૂં ...૦
સોહાગી કીધી સાહેબજીએ, સરાહી સાધુ જંન,
મહામતિ ક્યે આ દુનિયાને, કરજો એનું જતન...
—કારી કામરી  રે, મો કો પ્યારી લાગી તૂં ...૦

પ્રીતમ (ઈ.સ.૧૭૧૮–૧૭૯૮)
આનંદ મંગલ કરૂં આરતી , હરિ ગુરુ સંતની સેવા..

આનંદ મંગલ કરૂં આરતી ,  હરિ ગુરુ સંતની સેવા ,
પ્રેમ ધરી મંદિર પધરાવું ,  સુંદર સુખડાં લેવા ..
—આનંદ મંગલ કરૂં આરતી...૦
રતન જડિત બાજોઠ ઢળાવ્યા, મોતીના ચોક પૂરાવ્યા...
—આનંદ મંગલ કરૂં આરતી...૦
રત્ન કુંભ વત બાહર ભીતર, અકળ સ્વરૂપી  એવા..
—આનંદ મંગલ કરૂં આરતી...૦
અનહદ   વાજાં ભીતર વાગે, આનંદ રૂપી  એવા...
—આનંદ મંગલ કરૂં આરતી...૦
જેને આંગણ તુલસીનો ક્યારો, શાલિગ્રામની સેવા..
—આનંદ મંગલ કરૂં આરતી...૦
સંત મળે તો મહાસુખ  પામું, ગુરુજી મળે તો મીઠા મેવા.
—આનંદ મંગલ કરૂં આરતી...૦.
ત્રિભુવન તારણ ભગત ઉધારણ , પ્રગટયા દરશન દેવા..
—આનંદ મંગલ કરૂં આરતી...૦
અડસઠ  તીરથ  મારા ગુરુજીને ચરણે , ગંગા જમના રેવા..
—આનંદ મંગલ કરૂં આરતી...૦
કહે પ્રીતમ ઓળખ્યો અણસારો, હરિના જન હરિ જેવા..
—આનંદ મંગલ કરૂં આરતી...૦

વનમાં ભૂલી પડી રે,ઓલ્યો ક્યાં ગિયો કાનુડો...

એ   જી , ઝરમર  ઝરમર મેહુલા વરસે ,ખૂબ મચાવી હેલી,
અઘોર વનમાં મેલ્યા એકલાં, કોણ અમારૂં બેલી ?
વનમાં ભૂલી પડી રે ,ઓલ્યો ક્યાં ગયો રે કાનુડો ?...૦
એ   જી ,આડા ને અવળા મોલ તમારા ,અને વચમાં  મારી મેડી,
સામે ઝરૂખડે હું રે ઊભી' તી , મું ને સાન કરીને બોલાવી,

વનમાં ભૂલી પડી રે , ઓલો ક્યાં ગયો રે કાનુડો ?...૦
એ જી, માતા જશોદા ! તમારો કાનો , અમથી હાલે આડો ,
કહ્યાં અમારાં માને નહીં ,ઈ તો મરજીનો બહુ માની ,
વનમાં ભૂલી પડી રે ઓલો ક્યાં ગયો રે કાનુડો ?...૦
એ જી , ગોકુળ જોયું અને મથુરા જોયું , જોઈ વૃંદાવન છાયા ,
દાસ પ્રીતમના સ્વામી શામળિયા, ભેદ ભરમણા ભાંગી,
વનમાં ભૂલી પડી રે ઓલો ક્યાં ગયો રે કાનુડો ?...૦

હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને...

હરિનો મારગ છે શૂરાનો, નરિ કાયરનું કામ જો ને ;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતાં લેવું નામ જો ને...
સુત–વિત–દારા શીશ સમર્પે, તે પામે રસ પીવા જો ને ;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડયા મરજીવા જો ને...
મરણ આગમે તે ભરે મૂઠી, દિલને દુગ્ધા વામે જો ને ;
તીરે ઊભા જુએ તમાશો, તે કેડી નવ પામે જો ને...
પ્રેમપંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જો ને ;
માંહી પડયા તે મહાસુખ માણે, દેખણહારા દાઝે જો ને...
મોથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવે નહીં સ્હેલ જો ને ;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જો ને...
રામ–અમલમાં રાતા–માતા, પૂરા પ્રેમી પરખે જો ને ;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજની–દિન નીરખે જો ને...

પ્રેમસખી પ્રેમાનંદ (ઈ.સ.૧૭૮૪–૧૮૫૫) આજ છબી નૌતમ લાગત પ્યારી...

આજ છબી નૌતમ લાગત પ્યારી...
મોર મુગટ સોહત શિર ઉપર, કુંડલ મકરાકારી,
ભાલ તિલક કેશરકો બિરાજે, ઉર પર હાથ હજારી...
આજ છબી નૌતમ લાગત પ્યારી...
મનીમય ભખન કનકબસન પર, રવિ શશી ડારુ વારી,
પ્રેમાનંદ ઘનશ્યામ છબી પર, તનમનધન બલિહારી...
આજ છબી નૌતમ લાગત પ્યારી...

પ્રેમસાહેબ

મેં ગભરૂ સતગુરુકા..

મેં ગભરુ સતગુરુકા ,જિને લિયા ગગનગઢ વંકા,
દિયા અગમથી આઘેરા જઈ ડંકા...
–મેં ગભરુ સતગુરુકા...૦
પાંચ તત્ત્વ કા બન્યા તંબૂરા, ખૂંટા હે તીન ગુનકા ;
ગુરુ ગમસે ગગનામેં ગાઉ, તાપ બૂઝાયા તનકા...
–મેં ગભરુ સતગુરુકા...૦
નાદ બુંદ રી નોબત વાગે, ઘોરે ત્યાં ઘણુંકા ;

ઘેરી ઘેરી મોરલી વાગે ગગનમાં  શબ્દ લિયાં જઈ શૂનકા...
—મેં ગભરુ સતગુરુકા...૦
ઉનમુન આકાશે સાંધી, દોર લગાયા દમકા ;
મન પવનકા ફેરી મણુંકા, હૂવા વીજ ચમંકા...
—મેં ગભરુ સતગુરુકા...૦
તેજ તખત પર કર લે કિલોળા,જોર નહીં ત્યાં જમકા ;
સાસ ઉસાસ સો ઘર નાંહી, પ્રેમ કહે જીવણકા...
—મેં ગભરુ સતગુરુકા...૦

બાપુસાહેબ ગાયકવાડ (ઈ.સ.૧૮૩૩–૧૮૯૯)

શાંતિ પમાડે તેને સંત કહીએ...

શાંતિ પમાડે તેને સંત કહીએ,  હે જી તેના દાસના તે દાસ થઈને રહીએ...
—શાંતિ પમાડે તેને સંત કહીએ...
કલ્પવૃક્ષ સેવે દાળદર નો ટળે, એના તે ગુણ શીદ ગાઈએ ?
વિદ્યાનું મૂળ પૂરું પંડયો ન ભણાવે, એનો તે માર શીદ ખાઈએ ?
—શાંતિ પમાડે તેને સંત કહીએ...૦
રાજાની ચાકરીમાં ભૂખ નવ ભાંગે,એની તે વેઠ શીદ વહીએ ?
લીધો વોળાવિયો ને લૂંટે લૂંટારા,એની સંગાથે કેમ જઈએ ?
—શાંતિ પમાડે તેને સંત કહીએ...
વૈદનો સંગ કર્યે રોગ ઊભો રયે તો  કડવી ગોળી શીદ ખાઈએ ?
આપી બાહેંધરી ને માથું વઢાવે,એવી ખોટી સોબત શીદ કરીએ ?
—શાંતિ પમાડે તેને સંત કહીએ...
અનાદિ નામ મારા ગુરુએ બતાવ્યું,ઈ તો લખ્યું છે મારે હૈયે,
સરવેથી ન્યારું ઈ બાપુને પ્યારું, એવા સ્વામીને લઈને રહીએ...
—શાંતિ પમાડે તેને સંત કહીએ...

બ્રહ્માનંદ સ્વામી (ઈ.સ.૧૭૭૨–૧૮૩૨)

રે  શિર સાટે નટવરને વરીએ...

રે શિર સાટે નટવરને વરીએ ;
રે પાછાં તે પગલાં નવ ભરીએ... રે શિર સાટે...
રે અંતરદષ્ટિ કરી ખોળ્યું,
રે ડહાપણ ઝાઝું નવ ડહોળ્યું,
એ હરિ સારુ માથું ઘોળ્યું... રે શિર સાટે...
રે સમજ્યા વિના નવ નીસરીએ,
રે રણ મધ્યે જઈને નવ ડરીએ,
ત્યાં મુખ પાણી રાખીને મરીએ... રે શિર સાટે...
રે પરથમ ચડે શૂરો થઈને,
રે ભાગે પાછો રણમાં જઈને,
રે શું જીવે ભૂંડું મુખ લઈને... રે શિર સાટે...
રે મનમાં પહેલું જ ત્રેવડીએ,
રે હોડે હોડે જુદ્ધે નવ ચડીએ,
રે જો ચડીએ તો કટકા થૈ પડીએ... રે શિર સાટે...
રે રંગ સહિત હરિને રટીએ,

રે હાક વાગ્યે પાછા નવ હટીએ,
બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ... રે શિર સાટે...

ભવાનીદાસ

ગુણપતિ આવો રિધ્ધિ સિધ્ધિ લાવો...

ગુણપતિ આવો , રિદ્ધિ સિદ્ધિ લાવો , નિરભે નામ સુણાવો , ગુરુ ! નિરભે નામ સુણાવો ,
સતગુરુજી વિના બાત કેસી ? સત સાહેબ વિના બાત કેસી ? કોઈ મિલે સંત ઉપદેશી...
–હે જી કોઈ મિલે આપણા દેશી...૦
રતન સાગરમાં રતન નિપજે, મહાસાગરમાં મોતી , ગુરુ ! મહાસાગરમાં મોતી,
ગુરુગમ વિના બાત કેસી ? સતગુરુજી વિના બાત કેસી ? સત સાહેબ વિના બાત કેસી ?
કોઈ મિલે સંત ઉપદેશી... હે જી કોઈ મિલે આપણા દેશી...૦
કોઈ વો'રે ત્રાંબા ને પીત્તળ, મારા સતગુરુ વો'રે સાચા હીરલા, મારા ગુરુજી વો'રે સાચા હીરલા..
સતગુરુજી વિના બાત કેસી ? સત સાહેબ વિના બાત કેસી ?
કોઈ મિલે સંત ઉપદેશી... હે જી કોઈ મિલે આપણા દેશી...૦
કોઈ વો'રે સોનાને ચાંદી ,મારા સતગુરુ વો'રે સાચાં મોતીડાં , મારા ગુરુજી વો'રે સાચાં મોતીડાં..
ગુરુગમ વિના બાત કેસી ?સતગુરુજી વિના બાત કેસી ? સત સાહેબ વિના બાત કેસી ?
કોઈ મિલે સંત ઉપદેશી... હે જી કોઈ મિલે આપણા દેશી...૦
જોધા પ્રતાપે ભણે ભવાનીદાસ, નેક ટેકમેં રહેના,મેરે ભાઈ ! નેક ટેકમેં રહેના, સંતો ! નેક ટેકમેં રહેના...
ગુરુગમ વિના બાત કેસી ? સતગુરુજી વિના બાત કેસી ? સત સાહેબ વિના બાત કેસી ?
કોઈ મિલે સંત ઉપદેશી... હે જી કોઈ મિલે આપણા દેશી...૦

વારે વારે મનખો નહીં આવે તમે ભજન સવાયાં કરજો..

વારે વારે મનખો નહીં આવે રે તમે, ભજન સવાયાં કરજો,
આવો રૂડો અવસર નહીં મળે રે તમે, ભજન સવાયાં કરજો......૦
સંસાર સાગર મહાજળ ભરિયો, તરી શકો તો કોઈ તરજો રે ભાઈ !
જગ જીવનનાં જહાજ લઈને, ઓલે પાર ઊતરજો....
– આવો રૂડો અવસર નહીં મળે રે તમે, ભજન સવાયાં કરજો......૦
દોનું દીવા આગળ ઝળકે, તે નાભિકમળ બીચ ધરજો રે ,
હૃદય કમળમાં હેત કરીને અમ્મર વરને વરજો.....
– આવો રૂડો અવસર નહીં મળે રે તમે, ભજન સવાયાં કરજો......૦
માણેક ચોકમાં ભરણું ભરે તો સમજી વિચારીને ભરજો રે,
હીરા માણેક નીલમ મોતી ઘણાં ,પારખ થઈ ને પારખજો....
– આવો રૂડો અવસર નહીં મળે રે તમે, ભજન સવાયાં કરજો......૦
સદગુરુ મળે ને સંશય ટાળે એવા સંતચરણે શીશ ધરજો રે,
જોધા પ્રતાપે ભણે ભવાનીદાસ અમરાપુરીમાં ભળજો.....
– આવો રૂડો અવસર નહીં મળે રે તમે, ભજન સવાયાં કરજો......૦

ગોરાં રે પીરાંની તમને આણ્ય રે સુડલા ! તમે સત બોલો રે , નહીંતર મત બોલો..

ગોરાં રે પીરાંની તમને આણ્ય રે
સુડલા ! તમે સત બોલો રે, નહીંતર મત બોલો ...૦
સત બોલો રે , નહીંતર મત બોલો
સત બોલો રે તમે સત બોલો ....

અંબર વરસે ને અગાધ ગાજે   દાદુર કરે રે કિલોળ,
હે ગુરુજી મારા ! દાદુર કરે રે કિલોળ...
કંઠ વિનાની એક કોયલ બોલે, બોલે,
મધુરા બોલે ઝીણા મોર રે, હો સુડલા ! તમે સત બોલો રે, નહીંતર મત બોલો ...૦
ગુરુજીની રે'ણી, ને સત પર વાસા ,
સતના તો ઊગ્યાં જો ને સૂર,
હે ગુરુજી મારા ! સતના તો ઊગ્યાં જો ને સૂર..
પડયું એક બુંદ મારા ગુરુજીના વચને, વચને ,
સવા રે કરોડનું એનું મૂલ રે, હો સુડલા ! તમે સત બોલો રે, નહીંતર મત બોલો ... ૦
વણ રે વાદળ વરસાળો કહાવે, ઘટડામાં પ્રગટયા છે ભાણ,
હે ગુરુજી મારા ! ઘટડામાં પ્રગટયા છે ભાણ...
કણસડ પાકયાં એમાં બહુ ફળ લાગ્યાં , લાગ્યાં ,
એને વેડે કોઈ ચતુર સુજાણ રે, હો સુડલા ! તમે સત બોલો રે, નહીંતર મત બોલો ...૦
બાવન અખર જો કોઈ બુઝે, જે કોઈ ઘરે એમાં ધ્યાન,
હે ગુરુજી મારા ! જે કોઈ ઘરે એમાં ધ્યાન...
જોધા પ્રતાપે ભણે ભવાનીદાસ
એનું એક અખરમાં નામ રે, હો સુડલા ! તમે સત બોલો રે, નહીંતર મત બોલો ...૦

ભાખર

કમાડે કિરતાલ વગાડે

કમાડે કિરતાલ વગાડે , કોણ છે માઝમ રાત રે,
અસૂરી વેળા આંગણે ઊભા, કોણ છે માઝમ રાત રે..
–કમાડે કિરતાલ વગાડે...૦
હું કાનુડો, પ્રજાપતિ , રાધા ! ઉઘાડો ને કમાડ રે ,
પ્રજાપતિ કુંભારને કહીએ, ગારો ખૂંદણહાર રે....
–કમાડે કિરતાલ વગાડે...૦
હું કાનુડો, છત્રપતિ , રાધા ! ઉઘાડોને કમાડ રે ,
છત્રપતિ તો રાજાને કહીએ ,પ્રજાનો પાલનહાર રે...
–કમાડે કિરતાલ વગાડે...૦
હું કાનુડો, ધનુષધારી, રાધા ! ઉઘાડોને કમાડ રે ,
ધનુષધારી રાજા રામને કહીએ, સીતાનો ભરથાર રે...
–કમાડે કિરતાલ વગાડે...૦
હેત કરીને હૈયામાં લાવ્યા, ઉઘાડયાં કમાડ રે ,
ભલે મળ્યા ભાખરનો સ્વામી, આનંદ ઉર અપાર રે...
–કમાડે કિરતાલ વગાડે...૦

મૈં કાનુડા તોરી રે ગોવાલણ

મૈં કાનુડા તોરી રે ગોવાલણ, મોરલીએ લલચાણી રે ,
મૈં કાનુડા તોરી ગોવાલણ.....૦
હરખેં મેં તો ઈંઢોણી લીધી, ભરવા હાલી હું તો પાણી રે ,
ગાગર ભરોંસે ગોળી લીધી, આરાની હું અજાણી રે...
મૈં કાનુડા તોરી ગોવાલણ.....૦
ગાય ભરોંસે ગોધાને બાંધ્યો , દોહ્યાંની હું અજાણી રે ,
વાછરું ભરોંસે છોકરાંને બાંધ્યા, બાંધ્યા છે બહુ તાણી રે...
મૈં કાનુડા તોરી ગોવાલણ.....૦

રવાઈ ભરોંસે ઘોસરું લીધું ,  વલોવ્યાની હું અજાણી રે ,
નેતરાં ભરોંસે સાડી લીધી ,  દૂધમાં રેડયાં પાણી રે...
મૈં કાનુડા તોરી ગોવાલણ.....૦
ઘેલી ઘેલી મને સૌ કોઈ કહે છે , ઘેલી  હું રંગમાં રે'લી રે
ભલે મળ્યા ભાખરના સ્વામી,  પૂરણ પ્રીત હું પામી રે
મૈં કાનુડા તોરી ગોવાલણ.....૦

ભાણદાસ (જન્મ. ઈ.સ.૧૬૫૦ )

ગગન મંડળની ગાગરડી, ગુણ ગરબી રે...

ગગન મંડળની ગાગરડી, ગુણ ગરબી રે, તેણે રમે ભવાની રાસ, ગાઉં ગુણ ગરબી રે...
દિનમણિ સૂર્ય દીપક ક્યો, ગુણ ગરબી રે,માંહીં ચન્દ્ર તણો પ્રકાશ, ગાઉં ગુણ ગરબી રે...
પૃથિવી પાત્ર તાહાં કોડિયું, ગુણ ગરબી રે,બાતી પરવત મેર, ગાઉં ગુણ ગરબી રે...
સાત સાગર તેલ ભર્યું, ગુણ ગરબી રે, માંહીં મુક્તાફળ ચોફેર, ગાઉં ગુણ ગરબી રે...
આદ્યશક્તિ અવ્યક્ત તણી, ગુણ ગરબી રે,રમે રસાળો રાસ, ગાઉં ગુણ ગરબી રે...
ચૌદે લોક મોહ પામિયા, ગુણ ગરબી રે, એમ કહે છે ભાણદાસ, ગાઉં ગુણ ગરબી રે...

ભાણસાહેબ (ઈ.સ.૧૬૯૮–૧૭૫૫)

મન ! તું રામ ભજી લે – ને રાણા,

મન ! તું રામ ભજી લે – ને રાણા,
તારે ગુણ ગોવિંદનાં ગાણાં...
ખોટી માયાની ખબર પડી નહીં, કળ વિનાના કુટાણા ;
જૂઠી માયાસે ઝઘડો માંડયો, બળ કરીને બંધાણા...
કૂડિયા તારે કામ નહીં આવે, ભેળા ન આવશે નાણાં ;
હરામની માયા હાલી જાશે, રહેશે દામ દટાણાં...
કૂણપ વિના નર કૂણા દીસે, ભીતર નહીં ભેદાણા ;
હરિ વિનાના હળવા હીંડે, નર ફરે નિમાણા...
સો સો વરસ રહે સિંધુમાં, ભીતર નહીં ભીંજાણા ;
જળનું તો કાંઈ જોર ન ચાલે, પલળે નહીં ઈ પાણા...
પળી ફરી પણ વરતિ ન ફરી, બોલ નહીં બદલાણા ;
છબી ફરી પણ ચાલ ફરી નહી, ભ્રાંતિ ગઈ નહીં ભાણા...

સદ્ગુરુ સાહેબ સહી કર્યા,  જેણે પ્રેમ જ્યોતિ પરકાશી રે,

સદ્ગુરુ સાહેબ સઈ ક્યા જેણે પ્રેમ જ્યોતિ    પરકાશી રે,
અખંડ જાપ આયો આતમ  રો ,  કટી કાલકી ફાંસી ..
– મેરે  સતગુરુ ,  પ્રેમ જ્યોતિ    પરકાશી રે....૦
ગગન ગરજીયા શ્રવણે સુણીયા મેઘ જ બારે માસી રે,
ચમક દામની ચમકન લાગી દેખ્યા એક ઉદાસી..
– મેરે  સતગુરુ ,  પ્રેમ જ્યોતિ    પરકાશી રે....૦
ગેબ તણા ઘડીયારા વાગે દ્વૈત ગયા દળ નાસી રે,
ઝીલપણામાં ઝાલર વાગી ઉદય ભયા અવીનાશી..
– મેરે  સતગુરુ ,  પ્રેમ જ્યોતિ    પરકાશી રે....૦
મહી વલોયા માખન પાયા ધૂત તણી ગમ આસી રે,
ચાર સખી મીલ ભયા વલોણા અમર લોકકા વાસી..

– મેરે સતગુરુ , પ્રેમ જ્યોતિ પરકાશી રે....૦
સપ્ત દીપ ને સાયર નાહીં , નહીં ધરણી આકાશી રે ,
એક નિરંતર આતમ બોલે , સો વિધ વીરલા પાસી..
– મેરે સતગુરુ , પ્રેમ જ્યોતિ પરકાશી રે....૦
ગેબ નિરંતર ગુરુ મુખ બોલ્યા , દેખ્યા શ્યામ સુવાસી રે,
સ્વપ્ને ગયા ને સાહેબ પાયા, ભાણ ભયા સમાસી ..
– મેરે સતગુરુ , પ્રેમ જ્યોતિ પરકાશી રે....૦

સદ્ગુરુ સાહેબ સોઈ મળ્યા જેણે, અમ્મર નામ ઓળખાયો રે...

સદ્ગુરુ સાહેબ સોઈ મળ્યા જેણે, અમ્મર નામ ઓળખાયો રે...
ગુરુ પ્રતાપ સાધુકી સંગત , ભગતિ પદારથ પાયો..
મેરે સતગુરુ.. અમ્મર નામ ઓળખાયો રે...૦
કથતાં બકતાં ભયો કિનારો, ઉનમુનિ કે ઘર આયો રે,
નગર લોક સબ નિક ચલાયા,જીત નિશાન ઘૂરાયો..
મેરે સતગુરુ.. અમ્મર નામ ઓળખાયો રે...૦
ચાર મળી ચૈતન ઘર આયો,પકડ પાંચ બુલાયો રે,
શબ્દ એક ટંકશાળ પડે ત્યાં, નિરભે નામ સુણાયો..
મેરે સતગુરુ.. અમ્મર નામ ઓળખાયો રે...૦
ઈસ ઉદબુદા ધૂમ મચાયો, માંહી શમી હે માયો રે,
નદી નાવ સબ નીક ચલી હે, સાયર નીર સમાયો..
મેરે સતગુરુ.. અમ્મર નામ ઓળખાયો રે...૦
અક્ષર એક સે જુગ ઉપાયા, સોહં નામ સવાયો રે,
અકળ પુરુષ અવતાર ધરે ત્યાં, ભાણે ભેદ જ પાયો..
મેરે સતગુરુ.. અમ્મર નામ ઓળખાયો રે...૦

ભાલણ (ઈ.સ.૧૪૩૪–૧૫૧૪ આશરે )
છબીલા નંદના રે ! તારી ચાલનો ચટકો જો ;

છબીલા નંદના રે ! તારી ચાલનો ચટકો જો ;
છોરા આહીરના રે ! તારા મુખનો મટકો જો...
ચાલનો ચટકો, મુખનો મટકો, મોહિની નાખે એમ ;
કાળી તારી કાંબળીમાં કામણ દીસે છે કેમ ?... છબીલા...
ચટકો તારી ચાલનો રે, પાવડીએ કંગર કોર ;
છુમક છુમક ઘૂઘર વાજે, નેનમાં નાચે મોર... છબીલા...
તાણીને બાંધે પાઘડી રે, ઢળતો મૂકે તોર ;
શેરીએ લથડતો હીંડે, મોરલી તે ઘનઘોર... છબીલા...
મુખ દેખાડીને ઘેલાં કીધાં, જાણે હરાયાં ઢોર ;
ભાલણ–પ્રભુ રઘુનાથજી, મારા ચિતલડાના ચોર... છબીલા...

ભીમસાહેબ (ઈ.સ.૧૭૧૮–૧૮૮૧)

જીવણ ! જીવને જ્યાં રાખીએ રે..

જીવણ ! જીવને જ્યાં રાખીએ , વાગે અનહદ તૂરા રે ,
ઝળહળ જ્યોતું ઝળહળે , વરસે નિરમળ નૂરા રે ...

– જીવણ ! જીવને જ્યાં રાખીએ...૦
પાંચ તત્વ ને ત્રણ ગુણ છે , પચીસ પ્રકૃતિ વિચારી રે,
મંથન કરી લ્યો મૂળનાં, તત્વ લેજો એમાંથી તારી રે...
– જીવણ ! જીવને જ્યાં રાખીએ...૦
ગંગા જમના ને સરસ્વતી રે , તરવેણી ને ઘાટે રે ,
સુખમન સુરતા રાખીએ , વળગી રહીએ ઈ વાટે રે...
– જીવણ ! જીવને જ્યાં રાખીએ...૦
અણી અગર પર એક છે, હેરો રમતાં રામા રે,
નિશ દિન નીરખો નેનમાં, સત પુરૂષ ઊભા સામા રે...
– જીવણ ! જીવને જ્યાં રાખીએ...૦
અધર ઝણકારા હુઈ રિયા , કર વિન વાજાં વાગે રે,
સુરતા ધરીને તમે સાંભળો, ધૂન ગગનુંમાં ગાજે રે..
– જીવણ ! જીવને જ્યાં રાખીએ...૦
એવી નુરત સૂરતની રે સાધના, પ્રેમીજન કોક પાવે રે ,
અંધારું ટળે એનાં અંતરનું , નૂર એની નજરુંમાં આવે રે...
– જીવણ ! જીવને જ્યાં રાખીએ...૦
આ રે સંદેશો સતલોકનો રે , ભીમદાસે ભેજ્યો રે,
પત્ર લખ્યો છે રે પ્રેમથી , જીવણ ! તમે લગનેથી લેજો રે...
– જીવણ ! જીવને જ્યાં રાખીએ...૦

### વેણુ વગાડે વિઠલો જી, અણી અગર પર આપ રે,

વેણુ વગાડે વિઠલો જી, અણી અગર પર આપ રે,
સાસ–ઉસાસે સમરિયે જી, જપીએ અજપા જાપ રે...
તખત ત્રિવેણીના તીરમાં જી, નેનું આગે નાથ રે,
રાસ રચ્યો રંગમોલમાં જી, સોળસે ગોપી સાથ રે...
ગંગા–જમુના વચમાં રે જી, સુખમણા સેજે નાર રે,
સઉ મળી ત્યાં સુંદરી જી, થઈ રિયો થેઈ થેઈ કાર રે...
સહુ સરીખી રેશું હરિને, સહુના સરખા થોક રે,
પિયુની પ્યારી પ્રેમદા જી, એવી કોટિ મધ્યે કોક રે...
શોભા રૂડી મારા રામની, જીભે કહી નવ જાયે રે,
ગૂંગી સમસ્યા રે ગુંજની, ગૂંગા હોય તે પાયે રે...
નરત લાગી નિરાધારમાં જી, તિયાં નહીં ચંદ ને સૂર રે,
નૂરી મળ્યા નિજ નામમાં, નજરે નીરખ્યું નૂર રે...
સતગુરુ સાહેબ એક છે, ત્રિકમ છે તન માંય રે,
અંતરજામી આપમાં જી, ગુપત ગેબી ગાય રે...
કાયા ગોપી કામિની જી, તેનો મોહન વર મોરાર રે,
ભીમદાસ સખી ભાવસે જી, કરે રસબસ રંગ પ્યાર રે...

### સુન લે સુખમણા નારી ! મેં તો અજબ નામ પર વારી..

સુન લે સુખમણા નારી ! મેં તો અજબ નામ પર વારી..
અજબ નામ હે સબસે મોટા ,ખોજ ખોજ સંસારી
પરાપારમેં અપરમ દેખ્યા, એસા હૈ ગિરધારી...
–સુન લે સુખમણા નારી ! મેં તો અજબ નામ પર વારી...૦

અકળ ભોમ પર સકળ શામ હે,  ગજ ગુણિકા ઉદ્ધારી,
ગરજે ગગના પ્રેમ તત્ત્વ સું , પ્રેમ હેત કર જારી...
—સુન લે સુખમણા નારી ! મેં તો અજબ નામ પર વારી...૦
ધ્યાન ધરીને સતગુરુ શબ્દે , હદ બેહદ વિચારી ,
સુરતી કર લે ચૌદ લોકમેં , આરંપાર ધુન ન્યારી...
—સુન લે સુખમણા નારી ! મેં તો અજબ નામ પર વારી...૦
સહજ સુન્નમેં ત્રિકુટી ધૂનમેં , અખંડ જ્યોત ઉજીયારી,
ભીમદાસ ત્રિકમ કે ચરણે ,  તેજ તેજ બલિહારી...
—સુન લે સુખમણા નારી ! મેં તો અજબ નામ પર વારી...૦

ભોજલરામ (ઈ.સ.૧૭૮૫–૧૮૫૦)

મનવા ! રે'ની ભજનમાં ભળી..

મનવા !  રે'ની ભજનમાં ભળી, આ તો વેળા જાય છે વળી.
જોબનના દહાડા જાતા રહેશે, ભાઈ ! જેમ કરમાય છે કળી ;
જરા આવ્યે કાંઈ જોર ન ચાલે, પછે પીંખાશે પળી...
—હે મનવા ! રે'ની ભજનમાં ભળી, આ તો વેળા જાય છે વળી...૦
સંઘર્યું હશે તે સાથ નહિ આવે, સંધું ય જાશે સળી ;
હેત કરી વાવરજે હાથે, બાકીનું  જાશે બળી...
—હે મનવા ! રે'ની ભજનમાં ભળી, આ તો વેળા જાય છે વળી...૦
માનવી ઝાડ છે મૂળ વિનાનું, ધરમ વિના જાશે ટળી ;
આગળ ખાવાને, અભાગિયા ! કાંઈ મૂકી લે  ને રળી...
—હે મનવા ! રે'ની ભજનમાં ભળી, આ તો વેળા જાય છે વળી...૦
કાળનું દળ તે કારમું આવશે, દેહને નાખશે દળી ;
ભોજો ભગત કહે , ધરમ રહેશે, બીજું સરવે જાશે ટળી...
—હે મનવા ! રે'ની ભજનમાં ભળી, આ તો વેળા જાય છે વળી...૦

ભરમાવી દુનિયા ભોળી રે બાવો ! ચાલ્યો ભભૂતિ ચોળી..

ભરમાવી દુનિયા ભોળી રે,
બાવો ! ચાલ્યો ભભૂતિ ચોળી...
દોરા ધાગાને ચીઠ્ઠી કરીને આપે ગણકારીને ગોળી
જીવ ને હણતાં દયા ન આણે,
જેમ ભીલ  ઠાકરડા ને કોળી રે...
—બાવો ! ચાલ્યો ભભૂતિ ચોળી...૦
નિત નિત દર્શન નીમ ધરાવે, ઘેર આવે સ્ત્રીની ટોળી
માઈ માઈ કરીને બાવો બોલાવે,
હૈયે કામની હોળી રે...
—બાવો ! ચાલ્યો ભભૂતિ ચોળી...૦
સઘળા શિષ્યોને ભેગા કરીને,  ખાય ખાંડ ખીરને પોળી
ભોજો ભગત કહે ભવસાગરમાં,
બાવે માર્યા બોળી રે...

–બાવો ! ચાલ્યો ભભૂતિ ચોળી...૦

ભૈરવપરી

ગુણપતિ ગાઈ લે, સદાય સુખ પાઈ લે ,ગુરુ મળ્યા છે બ્રહ્મજ્ઞાની..

ગુણપતિ ગાઈ લે , સદાય સુખ પાઈ લે ,
ગુરુ મળ્યા છે બ્રહ્મજ્ઞાની ,મારા હરિજન !
પીઓને પ્રેમરસ જાણી રે હો જી....૦
વિઘન વિદારણ , કાજ સુધારણ, કરોડ તેત્રીશ આગેવાની મારા સંતો !
ગુરુ મળ્યા છે બ્રહ્મજ્ઞાની રે હો જી..
પીઓને પ્રેમરસ જાણી રે હો જી....૦
જલ કેરી પેદાશ ભઈ સબ, જલ કેરી જુગતિ રચાણી રે હો જી..
સોહી સાહેબ કેમ છોડીએ બંદા! તન મન ધન કુરબાની મારા હરિજન !
ગુરુ મળ્યા છે બ્રહ્મજ્ઞાની રે હો જી..
પીઓને પ્રેમરસ જાણી રે હો જી....૦
ભૂલ્યો ભમરો ફરે ભટકતો , કહે ભરમની વાણી રે હો જી..
સતગુરુ મળે સાન સમજાવે, આપે મન ઓળખાણી,આતમની ઓળખાણી, મારા સંતો !
ગુરુ મળ્યા છે બ્રહ્મજ્ઞાની રે હો જી..
પીઓને પ્રેમરસ જાણી રે હો જી....૦
ગુરુજીએ હાથ ધર્યો શિર ઉપર, ઝળહળ જ્યોતું દરશાણી રે હો જી..
મિટયો અંધેરો,ભયો ઉજીયારો, વર્ણવી શકે નહીં વાણી, હિરદે જ્યોત જણાણી મારા હરિજન !
ગુરુ મળ્યા છે બ્રહ્મજ્ઞાની રે હો જી..
પીઓને પ્રેમરસ જાણી રે હો જી....૦
આ રે મારગડે કેતા નર સિધ્યા વીરા ! સોનલે સુરતા બંધાણી રે હો જી..
ઊપજ્યો વૈરાગ,પરમ કેરી ભગતિ તો,હરિજન વીરલાએ માણી મારા સંતો !
ગુરુ મળ્યા છે બ્રહ્મજ્ઞાની રે હો જી..
પીઓને પ્રેમરસ જાણી રે હો જી....૦
સાધુડાંની વાણી મેં સદાય મુખ જાણી, બાવો બોલે વેણ પર વાણી રે હો જી..
કહે રે ભેરવનાથ ખુલ ગિયા તાળાં તો, અરસપરસ ઓળખાણી,મરજીવે મોજું માણી મારા હરિજન !
ગુરુ મળ્યા છે બ્રહ્મજ્ઞાની રે હો જી..
પીઓને પ્રેમરસ જાણી રે હો જી....૦

મછંદરનાથ

એસી અલખ નિશાની..

એસી અલખ નિશાની મેરે અવધુ,
ગુરુગમ વિરલે જાની... મેરે અવધુ...
એસી અલખ નિશાની રે... હે જી... હો જી...
ઉનમુન રહેના, ભેદ ન દેનાં, પીના નિરમલ પાની રે... હે જી... હો જી...
ગુરુમુખ જ્ઞાન ગગન જઈ કહેનાં, શૂનમેં સુરતા ઠેરાની મેરે અવધુ...
– એસી અલખ નિશાની રે... હે જી... હો જી...
શૂન શિખરસે ગંગા નીકસી, ચૌ દિશ પાની પાની રે...હે જી... હો જી...
ઉસી પાનીમેં દો પરબત પૂરે, સો સાયર લ્હેર સમાની...મેરે અવધુ...
– એસી અલખ નિશાની રે... હે જી... હો જી...
મેરુ શિખર પણ મછીઆ બેઠી, વા કો લોચન નાંહી રે... હે જી... હો જી...

હાથ જ નાંહી વા કું પાંવ જ નાંહી, સો ઝુલક રહી જલમાંહી... મેરે અવધુ...
– એસી અલખ નિશાની રે... હે જી... હો જી...
ગુરુ પ્રતાપે એક જડીઅર ઊઠયા,ઊલટી લહેર સમાણી રે... હે જી... હો જી...
તન કર કૂવા ગગન વાડી, સહેજામેં ઘડીઆં ઢોરાણી...મેરે અવધુ...
– એસી અલખ નિશાની રે... હે જી... હો જી...
દેહીમેં એક દેવ બિરાજે,ગુપત ગુણેશા બેઠા રે... હે જી... હો જી...
ત્રિકુટી મહેલ પર હૂવા અંજવાળાં, દ્વાદશ અંગુલ પેઠાં...મેરે અવધુ...
– એસી અલખ નિશાની રે... હે જી... હો જી...
સિંચત સિંચત ઉપજત લાગા,નિપજત લાગા હીરા રે... હે જી... હો જી...
કહે મચ્છેન્દ્ર સૂનો ગોરખ ! સમજ સમજ મન ધીરા... મેરે અવધુ...
– એસી અલખ નિશાની રે... હે જી... હો જી...

જુગત સે નર જીવે જોગી..

જુગત સે નર જીવે જોગી, મુગત સે પરમાણ રે
દયા કફની પ્હેર અવધુ ! ખમિયા ખલકો પ્હેર બાવા !
નામ હે નિરવાણ જી....
તિન સાંધો ભાઈ પાંચ બાંધો, આઠ કેરા ઠાઠ જી
આવો હંસા પીવો પાણી, તરવેણીને ઘાટ જી...
દયા કફની પ્હેર અવધુ ! ખમિયા ખલકો પ્હેર બાવા !
નામ હે નિરવાણ જી...
શબદ પકડી મૂળ ખોજો, પીવો શ્વાસા પ્રાણ જી,
સુખમણા ઘર કરો આસન, જપો અજપાજાપ જી...
દયા કફની પ્હેર અવધુ ! ખમિયા ખલકો પ્હેર બાવા !
નામ હે નિરવાણ જી...
કોણ પીવે, કોણ સીંચે, કોણમાં સમાય જી,
કોણ જોગી ચક્કરભેદી, કોણ ઘરમાં જાય જી...
દયા કફની પ્હેર અવધુ ! ખમિયા ખલકો પ્હેર બાવા !
નામ હે નિરવાણ જી...
નૂરત પીવે, સુરત સીંચે, શૂન્યમાં સમાય જી,
ઉલટ જોગી ચક્કરભેદી, ગગન કે ઘર જાય જી...
દયા કફની પ્હેર અવધુ ! ખમિયા ખલકો પ્હેર બાવા !
નામ હે નિરવાણ જી...
મેલ મમતા, મિટે સંશા, મેલ ડારો ધોઈ જી,
કહે મછંદર સૂનો ગોરખ, જોગ એસો હોઈ જી...
દયા કફની પ્હેર અવધુ ! ખમિયા ખલકો પ્હેર બાવા !
નામ હે નિરવાણ જી...

મામદશાનો બાલકો

છોડ દિલ મમતા, મમતાને વારો .

છોડ દિલ મમતા, મેલી દે ને મમતા, મમતાને વારો,
માર દિલ મમતા , છોડ દિલ મમતા ...
–સાંઈકો ભેદ નહીં પાયો રે... છોડ દિલ મમતા ...૦
દિલ રે દરિયામાં ડુબકી રે દીધી મિયાં ! જા કે કરમમેં શંખલા,
રે હીરલા કહાં સે પાવે ?મોતીડાં કા સે તું પાવે ?
આ રે કાયામાં બાગ બગીચા, મિયાં ! નહીં રે ફુલન કેરી બાસા,

ભમરા ! કિયાં તું લોભાણો ? છોડ દિલ મમતા ...
—સાંઈકો ભેદ નહીં પાયો રે... છોડ દિલ મમતા ...૦
નવ નવ રંગકી બારી બની હે, મિયાં ! લીલે પીળે રંગકી બારીયું બની હે,
નહીં રે જીવન કેરી આશા, કયા હે મરનેકા ધોખા ? છોડ દિલ મમતા ...
કર કરલે બંદગી , આ પળ ના'વે મિયાં ! કહે રે મામદશાકો બાલકો,
કહે રે મામદશાકો બાળકો રે, મનખો ફેર નહીં આવે.. છોડ દિલ મમતા ...
—સાંઈકો ભેદ નહીં પાયો રે... છોડ દિલ મમતા ...૦

મામંદ

મન રૂપી મૃગને તમે મારો..

મન રૂપી મૃગલાને મારો, મામદ ક્યે છે , મન રૂપી મૃગલાને મારો !
જીવ મારીને બીજા જીવને જીવાડો , એમાં તે તોલ શું તમારો?
—મામદ ક્યે છે , મન રૂપી મૃગલાને મારો રે હો જી...૦
ક્ષત્રી કહે અમે શિકાર ખેલીએ, આદુનો ધરમ અમારો !
શિકાર કરો તો કાયાવાડીમાં કરજો, છૂટો ફરે છે છિંકારો !
—મામદ ક્યે છે મન રૂપી મૃગલાને મારો રે હો જી...૦
હું માને તુંમાં હરણ તરણમાં આતમ ન જાણો ન્યારો
બહાર ગોત્યેથી બૂડી જાશો,નથી ઉગરવાનો આરો..
—મામદ ક્યે છે મન રૂપી મૃગલાને મારો રે હો જી...૦
એક મૃગને પાંચ મૃગલી, પચીસ હેરણાં હેરાયો,
ઈ રે દળ પડયું ખેતરમાં, ખરો થિયો છે ભેરાયો !
—મામદ ક્યે છે મન રૂપી મૃગલાને મારો રે હો જી...૦
તત્ત્વ વિચારનો કરો તમંચો, જ્ઞાનની ગોળિયું ડારો,
બ્રહ્મભાવનો કરો ભડાકો, ઘાયલ થાય ચરનારો ..
—મામદ ક્યે છે મન રૂપી મૃગલાને મારો રે હો જી...૦
ઘાયલ મૃગને ઘેરી કરીને, તમે તૈયાર કરો તલવારો,
હકક પૂગે ત્યાં હલાલ કરો, નથી બીજાનો ગુજારો ..
—મામદ ક્યે છે મન રૂપી મૃગલાને મારો રે હો જી...૦
મૃગ મારીને પૂરો મંદિરમાં,દુરલભ મુક્તિ દેનારો
પરમ પદ તે નક્કી પ્રીછાવે,ધ્યાન વિચારનો ઈ ધારો..
—મામદ ક્યે છે મન રૂપી મૃગલાને મારો રે હો જી...૦
મામદને ગુરુ મુરશિદ મળ્યા,સાકી સરજનહારો
શિકાર મારીને શિકાર જીવાડયો, ખરો તોલ તોરાયો !
—મામદ ક્યે છે મન રૂપી મૃગલાને મારો રે હો જી...૦
મામંદને મિયાં અશરફ મળિયા,તારે એમ તરનારો,
સાન કરીને મું ને સમજાવ્યો, તારશે તારણહારો..
—મામદ ક્યે છે મન રૂપી મૃગલાને મારો રે હો જી...૦

મીઠો ઢાઢી (ઈ.સ.૧૭૯૪–૧૮૭૨ )

એ ઓધાજી એમ મારા વા'લાને વઢીને કે જો રે...

એ ઓધાજી એમ મારા વા'લાને વઢીને કે જો રે...
માને તો મનાવી લેજો રે, મારા...
મથુરાના રાજા થ્યા છો, ગોવાળુંને ભૂલી ગ્યા છો,

માનેતીને મોલે ગ્યા છો રે... મારા...
જમુનાને તીરે જતાં, માખણ લૂંટી ખાતાં,
ભૂલી ગ્યા ઈ જૂના નાતા રે... મારા...
એક વાર ગોકુળ આવો, માતાજીને મોઢે થાવો,
ગાયુંને સંભારી જાવો રે... મારા...
તમારી મરજીમાં રે'શું, જે જોઈએ તે લાવી દેશું,
કુબજાને પટરાણી કે'શું રે... મારા...
દાસ રે મીઠાના સ્વામી, પડી શું અમારી ખામી,
આવો હવે અંતરજામી રે... મારા...

કીધી મું ને ઘેલી રે ઓધા ! કીધી મું ને ઘેલી રે , કાનુડે કામણગારે..

કીધી મું ને ઘેલી રે ઓધા ! કીધી મું ને ઘેલી રે,
કાનુડે કામણગારે કીધી મું ને ઘેલી..
સાળુડાની સૂધ રે ભૂલી, ભાંગ પીધી લીલી ઓધા !
સેંથાને ઠેકાણે મેં તો ચોડી દીધી ટીલી રે...
– કાનુડે કામણગારે કીધી મું ને ઘેલી...૦
જળ જમનાનાં ગ્યા'તાં , માથે બેડાં મેલી ઓધા !
મુખડાની માયા રે લાગી, નવ ચડે હેલી રે..
– કાનુડે કામણગારે કીધી મું ને ઘેલી...૦
જમનાને તીરે વા'લો , ગૌધેન ચારે ઓધા !
મોરલી વગાડે કાનો , રૂડી ને રંગીલી રે..
– કાનુડે કામણગારે કીધી મું ને ઘેલી...૦
ઘર કેરો ધંધો ભૂલી , સગાં ને સાહેલી ઓધા !
કેમ કરી આવું ? હું તો કામકાજ મેલી રે..
– કાનુડે કામણગારે કીધી મું ને ઘેલી...૦
આંખલડીની માયા લાગી,જાણે અષાડની હેલી ઓધા !
મળ્યો રે મીઠાનો સ્વામી , રંગ ગયો રેલી રે..
– કાનુડે કામણગારે કીધી મું ને ઘેલી...૦

જાય છે જુવાની તારી જાય છે જુવાની રે ,હરિના ભજન વિના..

જાય છે જુવાની તારી જાય છે જુવાની
રે હરિના ભજન વિના જાય છે જુવાની...
માયા મમતા મેલી દેને ,થાને બડો જ્ઞાની ભાઈ !
ધન ને જોબનીયું તારૂં ઝાંઝવાનું પાણી રે...
– હરિના ભજન વિના જાય છે જુવાની...૦
પિતા તારી પાસ ન આવે , નો આવે ઘરની નારી
ભાઈ રે ઊભો રે બ્હારે, જુએ વારી વારી હે...
– હરિના ભજન વિના જાય છે જુવાની...૦
કંચનવરણી કાયા રે તારી,થાશે ધૂળ ધાણી રામા !
મુઆ પછી બાળી દેશે , ઉડી જાશે વાની રે...
– હરિના ભજન વિના જાય છે જુવાની...૦
વેદ કેરા વચનો સુણી ,વાતું લેજો જાણી રે રામા !
મળ્યો રે મીઠાનો સ્વામી,દુનિયા દીવાની રે..

– હરિના ભજન વિના જાય છે જુવાની...૦
(પાઠાંતર : નરસિંહ મહેતાના નામાચરણથી પણ ગવાય છે.)
જાતી રે'શે જુવાની ને,ઊતરી જાશે પાણી રે,
છાનામાના જમડા આવશે, લઈ જાશે તાણી રે..
માટે તમે માયા તજો, થઈ જાજો જ્ઞાની રે,
નરસૈયાનો સ્વામી સાચો, દુનિયા દીવાની રે..

મીરાંબાઈ (ઈ.સ.૧૪૯૮–૧૫૬૫ આશરે)

આતમાને ઓળખ્યા વિના રે , લખ ચોરાશી નહીં તો મટે..

આતમાને ઓળખ્યા વિના રે , લખ ચોરાશી નહીં તો મટે રે જી
ભ્રમણાને ભાંગ્યા વિના રે , હે જી ભવના ફેરા નહીં રે ટળે રે જી
—એવા આતમાને ઓળખ્યા વિના રે...૦
કોયલ ને કાગ રે , રંગે રૂપે એક છે હો જી
ઈ તો એની બોલી થકી ઓળખાય રે...
—એવા આતમાને ઓળખ્યા વિના રે...૦
હંસલો ને બગલો રે, રંગે રૂપે એક છે હો જી
ઈ તો એના ચારા થકી રે ઓળખાય રે..
—એવા આતમાને ઓળખ્યા વિના રે...૦
સતી ને ગુણકા રે રંગે રૂપે એક છે હો જી
સતી રાણી સેવા થકી રે ઓળખાય રે..
—એવા આતમાને ઓળખ્યા વિના રે...૦
ગુરુના પરતાપે રે , બાઈ મીરાં બોલિયા હો જી
દેજો અમને સંત ચરણમાં વાસ રે...
—એવા આતમાને ઓળખ્યા વિના રે...૦

કાનુડા ! તારી મોરલી રે, અમને દુઃખડાં દીએ છે દાડી દાડી.

કાનુડા ! તારી મોરલી રે , અમને દુઃખડાં દીએ છે દાડી દાડી,
માઝમ રાતની, મધુરા રે સ્વરની, મોરલી તે કોણે વગાડી ?
હું રે સૂતી'તી મારા શયન ભવનમાં , નિંદરાથી કોણે જગાડી ?
—કાનુડા ! તારી મોરલી રે...૦
સાસુ સસરાથી હું અછતી ઊઠી, હળવેથી બાર ઉઘાડી ,
વ્યાકુળ થઈ હું તો તનડામાં મારા, પહેરતાં ભૂલી ગઈ સાડી..
—કાનુડા ! તારી મોરલી રે...૦
કિયો રે કબાડી તું ને કાપી લાવ્યો ? કિયે રે સુતારે સંવારી ?
શરીર તારું જોને સંઘેડે ચડાવી તારા ,તનડામાં છેદ પડાવી..
—કાનુડા ! તારી મોરલી રે...૦
મોરલી કહે હું કામણગારી વ્હાલા ! હું છું વ્રજ કેરી નારી
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ , તનડામાં તાપ સમાવી...
—કાનુડા ! તારી મોરલી રે...૦

કાનુડાને કોઈએ ભાળેલ રે બાયું ,ગોકુળ ગામડાંનો રે ગારુડી..

કાનુડાને કોઈએ ભાળેલ રે , બાયું ! દીઠેલ રે , બેની ! ગોકુળ ગામડાનો રે ગારુડી...
—કાનુડાને કોઈએ ભાળેલ રે બાયું !...૦
કાનુડો બતાવે એને નવનિધિ આલુ રે બેની ! આપું મારા હૈયા કેરી હારડી રે...
—કાનુડાને કોઈએ ભાળેલ રે બાયું !...૦
ટચલી આંગળીયે બાયું ! ગોવરધન ઝાલ્યો વા'લે ,ગોધણ લીધા રે ઉગારડી રે...
—કાનુડાને કોઈએ ભાળેલ રે બાયું !...૦
કાળીનાગનાં કરડયાં બેની ! કોઈ નવ ઉગરે વા'લા !મીઠી મીઠી આવે મુને લેરડી રે...
—કાનુડાને કોઈએ ભાળેલ રે બાયું !...૦
બાઈ મીરાં ગાવે વા'લા ! ગિરિધરના ગુણ બેની ! તમને ભજી ને થઈ છું ન્યાલડી રે...
—કાનુડાને કોઈએ ભાળેલ રે બાયું !...૦

કાનુડો શું જાણે મારી પીડ ? બાયું ! અમે બાળ કુંવારાં રે..

કાનુડો શું જાણે મારી પીડ ? બાયું ! અમે બાળ કુંવારા રે ...કાનુડો શું જાણે મારી પીડ ?..
જળ રે જમુનાના અમે , પાણીડાં રે ગ્યાતાં બેની !
કાનુડે ઉડાડયાં આછા નીર, ઉડયાં ફરરરર રે...કાનુડો શું જાણે મારી પીડ ?..
વૃંદા રે વનમાં વા'લે રાસ રચ્યો રે બાયું !
સોળસો ગોપીના તાણ્યાં ચીર, ફાડયાં ચરરરર રે...કાનુડો શું જાણે મારી પીડ ?..
હું રે વેરાગણ કાના ! તમારા રે નામની રે ,
તાણીને માર્યા છે અમને તીર, વાગ્યા અરરરર રે...કાનુડો શું જાણે મારી પીડ ?..
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ વા'લા !
વાલીડે બાળીને કીધાં ખાક, ઉડી ખરરરર રે... કાનુડો શું જાણે મારી પીડ ?..

કેના રે મલાજા અમે કરીએ ? રાણાજી ! અમે..

કેના રે મલાજા અમે કરીએ ?
રાણાજી ! અમે , કેના રે મલાજા જો ને કરીએ ?
રામના રે નામના રાણા ! ગણેશ બેસાડીયા રે , પ્રેમની રે પીઠી અમે ચોળીયે...
—રાણાજી ! અમે , કેના રે મલાજા જો ને કરીએ ?...૦
આલા ને રે લીલા રાણા ! વાંસ રે વઢાવીયા રે , નવરંગ ચુંદડી અમે ધરીયે...
—રાણાજી ! અમે , કેના રે મલાજા જો ને કરીએ ?...૦
તાર ને તંબુરો રાણા ! તુલશીની માળા રે ,હરિના ભજનમાં અમે રહીયે...
—રાણાજી ! અમે , કેના રે મલાજા જો ને કરીએ ?...૦
મીરાંબાઈ ગાવે રાણા ! ગિરિધરના ગુણ , શામળિયા વરને અમે વરીયે...
—રાણાજી ! અમે , કેના રે મલાજા જો ને કરીએ ?...૦

ગોકુળીયામાં આવે કાનો ! ગોકુળીયામાં આવે, કાનુડાને કે'જો એકવાર..

ગોકુળિયામાં આવે કાનો ! ગોકુળિયામાં આવે ,

કાનુડાને  કે 'જો એકવાર ગોકુળિયામાં આવે...૦
નાનાં નાનાં હતાં તે'દી ભેળાં ભેળાં રમતા રે,
તમારા વિના કાનુડા ! ભોજનિયાં ન ભાવે...
કાનુડાને કે 'જો એકવાર ગોકુળિયામાં આવે...૦
બાળપણાની મારી પ્રીત રે ઘણેરી રે ,
તમારા વિના બીજું નજરે ના'વે...
કાનુડાને કે 'જો એકવાર ગોકુળિયામાં આવે...૦
રાણી રાધાજીના મોલ રે તજીને
કુબજાને મોલે વા'લો મોજ મનાવે...
કાનુડાને કે 'જો એકવાર ગોકુળિયામાં આવે...૦
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ
તમને ભજ્યા  વિના હવે નિંદરું ન  આવે...
કાનુડાને કે 'જો એકવાર ગોકુળિયામાં આવે...૦

ગોવિંદો પ્રાણ અમારો રે , મંને જગ લાગ્યો ખારો..

ગોવિંદો પ્રાણ અમારો રે , મને જગ લાગ્યો ખારો રે,
મને મારો રામજી ભાવે રે, બીજો મારી નજરે ના'વે રે...
મીરાંબાઈના મહેલમાં રે, હરિસંતન  કેરો વાસ ,
કપટીથી હરિ દૂર વસે , મારા સંતન કેરી પાસ...
–ગોવિંદો પ્રાણ અમારો રે...૦
રાણોજી કાગળ મોકલે રે, દેજો રાણી મીરાંને હાથ,
સાધુની સંગત છોડી દઈ , તમે વસો અમારી સાથ...
–ગોવિંદો પ્રાણ અમારો રે...૦
મીરાંબાઈ કાગળ મોકલે રે, દેજો રાણાજીને હાથ,
રાજ પાટ તમે છોડી રાણાજી, વસો સાધુ સંગાથ..
–ગોવિંદો પ્રાણ અમારો રે...૦
વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દેજો મીરાને હાથ ,
અમૃત જાણી મીરાં પી ગયાં, જેને સહાય શ્રી દીનોનાથ...
–ગોવિંદો પ્રાણ અમારો રે...૦
સાંઢવાળા સાંઢ શણગારજે,  મારે જાવું રે સો સો કોશ,
રાણાજીના દેશમાં મારે, જળ રે પીવાનો દોષ...
–ગોવિંદો પ્રાણ અમારો રે...૦
ડાબો મેલ્યો મેવાડ રે મીરાં, ગઈ  છે  પશ્ચિમ માં ય,
સર્વ છોડી  મીરાં નીસર્યા જેનું , માયામાં મનડું ન કાંય...
–ગોવિંદો પ્રાણ અમારો રે...૦
સાસુ અમારી સુષુમણા રે, સસરો પ્રેમ સંતોષ,
જેઠ જગજીવન જગતમાં , મારો નાવલીયો નિર્દોષ...
–ગોવિંદો પ્રાણ અમારો રે...૦
ચુંદડી ઓઢું તો રંગ ચૂવે રે , રંગબેરંગી હોય,
ઓઢું હું કાળો કામળો દૂજો ડાઘ ન લાગે કોય...
–ગોવિંદો પ્રાણ અમારો રે...૦
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર,રાખજો ઉરાઉર ,

સાધુ સંગાથે પ્રેમ ઘણો, ઓલ્યા કપટીથી દિલ દૂર...
—ગોવિંદો પ્રાણ અમારો રે...૦

જાગો ને અલબેલા કાના ! મોટા મુગટધારી રે..

જાગો ને અલબેલા કાના ! મોટા મુગટધારી રે,
સહુ દુનિયા તો સુતી જાગી પ્રભુ ! તમારી નિંદ્રા છે બહુ ભારી રે ...
—જાગો ને અલબેલા કાના ! ...૦
ગોકુળ ગામની ગાયો છુટી, વણજ કરે વેપારી રે,
દાતણ કરો તમે આદિ દેવા ! મુખ ધુઓને મોરારી રે...
—જાગો ને અલબેલા કાના ! ...૦
ભાતભાતનાં ભોજન નિપાયાં ,ભરી સુર્વણથાળી રે,
લવંગ સોપારી ને એલચી પ્રભુ ! પાનની બીડી વાળી રે...
—જાગો ને અલબેલા કાના ! ...૦
પ્રીત કરી ખાઓ પુરૂષોતમ ,ખવડાવે વ્રજ ની નારી રે,
કંસની તમે વંશ કાઢી, માસી પુતના મારી રે...
—જાગો ને અલબેલા કાના ! ...૦
પાતાળે જઈ કાળીનાગ નાથ્યો, અવળી કરી અસવારી રે,
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, હું છું દાસી તમારી રે ...
—જાગો ને અલબેલા કાના ! ...૦

જોશીડા ! મારા જોષ તો જુવો ને , કે'દાડે મળશે મું ને કાન ? ..

જોશીડા ! મારા જોશ તો જુવો ને , કે 'દાડે મળશે મું ને કાન ?
—જોશીડા ! મારા જોશ તો જુવો ને...૦
દેહ તો વહાલા દુરબળ થઈ છે, જેવા પાકેલાં પાન ...
—જોશીડા ! મારા જોશ તો જુવો ને...૦
સુખ તો વહાલા સરસવ જેટલું , દુઃખ તો દરિયા સમાન ...
—જોશીડા ! મારા જોશ તો જુવો ને...૦
સેજલડી વહાલા ! સુની રે લાગે , રજની યુગ સમાન ...
—જોશીડા ! મારા જોશ તો જુવો ને...૦
બાઈ મીરા કહે પ્રભુ ગિરિધરના ગુણ, ચરણકમલ ચિત્ત ધ્યાન...
—જોશીડા ! મારા જોશ તો જુવો ને...૦

નહીં રે વિસારૂં હરિ , અંતરમાંથી..

નહીં રે વિસારૂં હરિ ,
અંતરમાંથી નહીં રે વિસારૂં હરિ..
જળ જમુનાનાં પાણી રે જાતાં , શિર પર મટકી ધરી,
આવતાં ને જાતાં મારગ વચ્ચે, અમૂલખ વસ્તુ જડી..

—અંતરમાંથી નહીં રે વિસારૂં હરિ...૦
આવતાં ને જાતાં વૃંદાવનમાં, ચરણ તમારે પડી ,
પીળાં પીતાંબર જકશી જામા, કેસર આડ કરી..
—અંતરમાંથી નહીં રે વિસારૂં હરિ...૦
મોર મુગટ ને કાને રે કુંડળ, મુખ પર મોરલી ધરી,
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, વિઠ્ઠલવરને વરી..
—અંતરમાંથી નહીં રે વિસારૂં હરિ...૦

### રાધે ! તારા ડુંગરીયામાં બોલે ઝીણા મોર..

રાધે ! તારા ડુંગરીયામાં બોલે ઝીણા મોર..
મોર હી બોલે ,બપૈયા હી બોલે , કોયલ કરત કલશોર..
—રાધે ! તારા ડુંગરીયામાં બોલે ઝીણા મોર...૦
કાલી બદરિયામાં બીજલી હી ચમકે, મેઘ હુવા ઘનઘોર..
—રાધે ! તારા ડુંગરીયામાં બોલે ઝીણા મોર...૦
ઝરમર ઝરમર મેહુલો વરસે, ભીંજે મારા સાળુડાની કોર..
—રાધે ! તારા ડુંગરીયામાં બોલે ઝીણા મોર...૦
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, પ્રભુ મેર ચિતડાંનો ચોર..
—રાધે ! તારા ડુંગરીયામાં બોલે ઝીણા મોર...૦

### રામ રાખે તેમ રહીએ ઓધવજી..

રામ રાખે તેમ રહીએ , ઓધવજી ! રામ રાખે તેમ રહીએ..
આપણે તો ચિઠ્ઠીના ચાકર છૈ યે , ઓધવજી ! રામ રાખે તેમ રહીએ..
કોઈ દિન પેરણ હીર ને ચીર તો , કોઈ દિન સાદા રહીએ..
—ઓધવજી ! રામ રાખે તેમ રહીએ...૦
કોઈ દિન ભોજન શીરો ને પૂરી તો, કોઈ દિન ભૂખ્યા રહીયે ..
—ઓધવજી ! રામ રાખે તેમ રહીએ...૦
કોઈ દિન રહેવાને બાગ બગીચા તો ,કોઈ દિન જંગલ રહીયે ..
—ઓધવજી ! રામ રાખે તેમ રહીએ...૦
કોઈ દિન સુવા ને ગાદી તકિયા તો ,કોઈ દિન ભોંય પર સુઈયે ..
—ઓધવજી ! રામ રાખે તેમ રહીએ...૦
બાઈ મીરા કહે પ્રભુ ગિરિધરના ગુણ, સુખ દુઃખ સૌ સહી લઈયે ..
—ઓધવજી ! રામ રાખે તેમ રહીએ...૦

### વાગે છે રે વાગે છે , વૃંદાવન મોરલી વાગે છે...

વાગે છે રે વાગે છે ,વૃંદાવન મોરલી વાગે છે,
તેનો નાદ ગગનમાં ગાજે છે ,વનરાવન મોરલી વાગે છે ...
વનરા તે વનને મારગે જાતાં,
વા'લો દાણ દધિનાં માગે છે... વનરાવન મોરલી વાગે છે ...૦
વનરા તે વનમાં રાસ રચ્યો છે,

વા'લો રાસમંડળમાં બિરાજે છે... વનરાવન મોરલી વાગે છે ...૦
પીળાં પીતાંબર જરકસી જમો,
પીળો તે પટકો બિરાજે છે... વનરાવન મોરલી વાગે છે ...૦
કાને તે કુંડળ, બાજુબંધ બેરખા,
મુખ પર મોરલી બિરાજે છે... વનરાવન મોરલી વાગે છે ...૦
વનરા તે વનની કુંજગલીમાં.
વા'લો થનક થનક થૈ નાચે છે... વનરાવન મોરલી વાગે છે ...૦
બાઈ મીરાં કે પ્રભુ ગિરધર નાગર,
દર્શન થકી દુઃખ ભાગે છે... વનરાવન મોરલી વાગે છે ...૦

સાયાં ! મેં તો પકડી આંબલિયાની ડાળી રે...

સાયાં ! મેં તો પકડી આંબલિયાની ડાળી રે ,
જંગલ બીચમેં રે ખડી હો જી...
સરવર કાંઠે બેઠો એક બગલો,
હંસલો જાણીને કીધો મેં તો સંગ રે,
મોઢામાં લીધેલ માછલી રે હો જી...
–સાયાં ! મેં તો પકડી આંબલિયાની ડાળી રે , જંગલ બીચમેં રે ખડી હો જી...૦
ઊડી ગિયો હંસલો, ગાજે એની પાંખડી,
બાયું ! મારો પિયુડો ગિયો પરદેશ રે,
ફરુકે મારી આંખડી રે હો જી...
–સાયાં ! મેં તો પકડી આંબલિયાની ડાળી રે , જંગલ બીચમેં રે ખડી હો જી...૦
મીરાંબાઈ ગૂંથે હાર,ફૂલ કેરા ગજરા ,
બાઈ ! મારો શામળિયો રૂડો ભરથાર રે,
બીજા તે વરની આખડી રે હો જી..
–સાયાં ! મેં તો પકડી આંબલિયાની ડાળી રે , જંગલ બીચમેં રે ખડી હો જી...૦.
બાઈ મીરાં કે'છે પ્રભુ ગિરધરના ગુણ વા'લા,
શરણુંમાં રાખો મારા શ્યામ રે,
ભજન કરીએ ભાવથી હો જી...
–સાયાં ! મેં તો પકડી આંબલિયાની ડાળી રે , જંગલ બીચમેં રે ખડી હો જી...૦

મુક્તાનંદ સ્વામી (ઈ.સ.૧૭૫૮–૧૮૩૦)

સંત જન સોઈ સદા માહે ભાવે...

સંત જન સોઈ સદા માહે ભાવે...
દેહ ઈન્દ્રિય અરુ મન આદિક કે, સંગમેં નહીં લપટાવે...
સંતજન સોઈ...
કામ ક્રોધ અરુ લોભ મોહ વશ, હોય ન મન લલચાવે ;
મેરો હી ધ્યાન રટત મુખ મેરો, સો તજી અન્ય ન જાવે...
સંતજન સોઈ...

ક્ષર અક્ષર અરુ અક્ષર પરકી, સબ હી સમજ ઉર લાવે ;
સબ ગુન પૂરન પરમ વિવેકી, ગુણકો માન ન આવે...
સંતજન સોઈ...
પિંડ બ્રહ્માંડસે પર નિજ આતમ, જાની કે મમ ગુન ગાવે ;
મુક્તાનંદ કહત યું મોહન, સોઈ જન સંત કહાવે...
સંતજન સોઈ...

મૂળદાસ (ઈ.સ.૧૬૫૫–૧૭૭૯)

અનુભવીને એટલું કે, આનંદમાં રે'વું રે ..

અનુભવીને એટલું કે , આનંદમાં રે'વું રે ,
ભજવા પરિબ્રહ્મને , બીજું કાંઈ ન કે'વું રે..
—અનુભવીને એટલું કે , આનંદમાં રે'વું રે ...૦
એક જ જાણી આતમા, કોઈને દુઃખ નો દેવું રે
સુખ દુઃખ આવે સહેજમાં, ઈ તો સહીને રે'વું રે..
—અનુભવીને એટલું કે , આનંદમાં રે'વું રે ...૦
વેદ જોયા, પુરાણ જોયા , સહુ જોયા તપાસી રે,
રામના નામથી કાંઈ ન મોટું, સંત ઉપાસી રે..
—અનુભવીને એટલું કે , આનંદમાં રે'વું રે ...૦
સદગુરુને સેવતાં , જો મનડું મોહ્યું રે ,
કૃષ્ણજી કેરા મહાપદમાં , ચિતડું પ્રોયું રે..
—અનુભવીને એટલું કે , આનંદમાં રે'વું રે ...૦
જાપ અજપા જાપ જપે, ત્રણ લોકમાં તેવું રે ,
મૂળદાસ ક્યે મોહ માયા મૂકી, મહાપદમાં રે'વું રે...
—અનુભવીને એટલું કે , આનંદમાં રે'વું રે ...૦

જાગજો નર ! ચેતજો , આ છે છેલ્લી સનંધનો પોકાર રે..

જાગજો નર ! ચેતજો , આ છે છેલ્લી સનંધનો પોકાર રે ,
ભજનમાં ભરપૂર રહેજો, ભજનમાં તમે ભીના રહેજો ,
સત નામ તણે આધાર રે.. —જાગજો તમે ચેતજો....૦
થાકશો નહિં તમે થિર થઈ રહેજો વા'લા ! રાખણહારો રામ રે ,
ચંદનવનની શીતળ છાયા, તિયાં શું કરશે કળિકાળ રે..
– જાગજો તમે ચેતજો નર !...૦
ભાઈ ! થડકશો મા , સ્થિર રે'જો , રાખશે ગોપાળ રે,
સદા વંદની , સદા શીતળ, શું કરે કળિકાળ રે..
– જાગજો તમે ચેતજો નર !...૦

ભક્તિ તો વિશ્વાસની રે ભાઈ ! કરજો સંતની સેવા રે ,
સંત સાહેબને એક જ જાણો , જેનાં દર્શન દુર્લભ દેવા રે..
– જાગજો તમે ચેતજો નર !...૦
ધન્ય રે ધન્ય મારા સદગુરુ દેવને , દરશાવ્યા પરિબ્રહ્મ રે ,
સંતની સંગત જે કોઈ કરશે , તેનો દયા સમો નહી ધર્મ રે..
– જાગજો તમે ચેતજો નર !...૦
આગળ તો પ્રભુ ! અનેક ઓધાર્યા ,તમે છો તારણહાર જી,

મૂળદાસ કહે મહારાજ મોટા ! તમે ભક્ત કાજ લ્યો અવતાર રે,
મૂળદાસ કહે મહારાજ મોટા ! કરો સંતોની સાર રે..
– જાગજો તમે ચેતજો નર !...૦

તારો જનમ પદારથ જાય, વટાવડા વીરા ! વાટના રે. .

જી રે તારો જનમ પદારથ જાય, વટાવડા વીરા ! વાટના રે ,
વાટે ને ઘાટે રે વિલંબ નવ કીજિયે રે....
સપનામાં સૂતા રે , જન તમે જાગજો રે,હાં રે ભાઈ ! જનમ પદારથ જાય ,
દેવને ય દુર્લભ રે આ મનખા દેહ છે રે,હાં રે ભાઈ ! પૂરણ ભાગ્યે ઈ પમાય..
દેહ તો દુર્લભ રે , મોટા મોટા દેવ ને રે ,હાં રે વીરા ! પૂરણ ભાગ્યે જ પાય...
– વટાવડા વીરા ! વાટના રે ,વાટે ને ઘાટે રે વિલંબ નવ કીજિયે રે....૦
છતે ને હુતે રે વિત્ત નવ વાવર્યું રે, હાં રે ભાઈ ! અણછતી સરવે આથ ,
કાયા ને માયા રે, મિથ્યા કરી માનજો રે, સંઘરેલું નૈં આવે સાથ,
હાં રે ભાઈ ! ખાધું ને રે પીધું રે વિગતેથી વાવર્યું રે, ઈ તો કાયમ દેશે સાથ..
– વટાવડા વીરા ! વાટના રે ,વાટે ને ઘાટે રે વિલંબ નવ કીજિયે રે....૦
જાણો છો પોતાનું રે ,પણ આ છે પારકું રે, પુત્ર કલત્ર પરિવાર,
પરદેશી પરોણું રે આવ્યું ઘર આંગણે, વાયરા વિદેશના વાય ..
– વટાવડા વીરા ! વાટના રે ,વાટે ને ઘાટે રે વિલંબ નવ કીજિયે રે....૦
પોતાનું અરપીને ,પરને રે પોષીયે રે, ભાવે ભજીએ ભગવાન
આતમા ને પરમાત્મા એક કરી જાણજો રે, દયા રે સમું નહીં દાન...
–વટાવડા વીરા ! વાટના રે , વાટે ને ઘાટે રે વિલંબ નવ કીજિયે રે....૦
સરોવર ને તરુવર રે , પંડે પરમારથી , જેને ખપે તે વેડીને સહુ ખાય
નદીયું ન સંઘરે રે નીર રે પોતા તણાં રે , નીર તો નવાણે જાય..
–વટાવડા વીરા ! વાટના રે , વાટે ને ઘાટે રે વિલંબ નવ કીજિયે રે....૦
પંડે રે પોઢયો રે, પ્રાગ વડને પાંદડે રે , પંખીડાં વસે દોનું પાસ ,
કાળ તો કબાડી રે આવ્યો એને કારમો રે, નિત્ય રે પ્રલય, નિત્ય નાશ ...
–વટાવડા વીરા ! વાટના રે ,વાટે ને ઘાટે રે વિલંબ નવ કીજિયે રે....૦
સંસારિયો સૂતો રે , માયાના ઘેનમાં રે, એને અન્યની માયાની છે આશ ,
જાગ્યાતે હરિજન રે, શબદ રૂડા સાંભળી રે , મહાજન ગાવે મૂળદાસ..
–વટાવડા વીરા ! વાટના રે ,વાટે ને ઘાટે રે વિલંબ નવ કીજિયે રે...૦.

પ્રીતમ વરની ચૂંદડી રે મહાસંતો વોરવાને મળિયા રે.

પ્રીતમ વરની ચૂંદડી રે , મહાસંતો વોરવાને મળિયા રે ;
જે રે ઓઢે તે અમ્મર રે'વે , અકળ કળામાં જઈ ભળિયા રે..પ્રીતમ વરની..૦
પવન સરુપી મેહુલા ઊઠિયા, વરસે વેરાગની વાદળિયું રે ;
ગગન ગરજે ને ઘોર્યું દિયે , ચોઈ દશ ચમકી વીજળિયું રે..પ્રીતમ વરની..૦
વિચાર કરીને વણ વાવિયું , વણ તો મુનિવરનું ઠરિયું રે ;
આનંદ સ્વરૂપી ઊગિયું, ફાલી ફૂલડે બહુ ફળિયું રે..પ્રીતમ વરની..૦
વિગતેથી વણ ને વીણિયું, સીતારામ ચરખે જઈ ચડિયું રે ;

જ્ઞાન–ધ્યાનના એમાં બૂટા ભર્યા, વણનારા વેધુએ વણિયું રે..પ્રીતમ વરની..0
સોય લીધી સતગુરુ સાનની, દશનામ દોરા એમાં ભરિયા રે ;
સમદષ્ટિથી ખીલાવી ચૂંદડી, રંગ નિત સવાયા ચડિયા રે..પ્રીતમ વરની..0
મનનો માંડવડો નાંખિયો, ગીતડાં ગાયાં છે સાહેલિયું રે ;
માયાનો માણેકથંભ રોપિયો,ઉમંગની ખારેકું વેચાણિયું રે..પ્રીતમ વરની..0
શિવે બ્રહ્માને સોંઢયા જાનમાં, સરતી સમરતી જાનડિયું રે ;
ગમના ગણેશ બેસાડિયા, સાબદી થઈ છે વેલડિયું રે..પ્રીતમ વરની..0
હાકેમ રથ લઈને હાલિયા, જાનું અહોનિશ ચડિયું રે ;
ગુરુ પરતાપે મૂળદાસ બોલિયા, ઈ મારગે વૈંકુંઠ મળિયું રે..પ્રીતમ વરની..0

મનવો જાણે કે અમે સારા કામ કરશું ને, ઉલટો પડયો રે સંતાપ ..

મનવો જાણે રે અમે સારા કામ કરશું ને , ઉલટાનો પડયો રે સંતાપ, મન સમજાવી લે.....
શું રે કરે રે જેના , દલડામાં તપીયેલ તાપ, મન સમજ્યા વિના...
– મનવો જાણે રે અમે સારાં કામ કરશું ને...0
પરીક્ષિત રાજાને જે ’દી અજ્ઞાન ઉપજ્યાં ને ,ઋષિના ગળામાં નાખ્યો સાપ ,મન સમજ્યા વિના,
સાત સાત દિવસે એને સર્પદંશ લાગ્યા ને ,ઋષિના રે લાગ્યા એને શાપ...મન સમજાવી લે...
– મનવો જાણે રે અમે સારાં કામ કરશું ને...0
ઈન્દ્ર રાજાને જે ’દી અજ્ઞાન ઉપજ્યાં ને ગૌતમના ઘરમાં રિયો રાત, મન સમજ્યા વિના ,
એક જ ભંગને કારણે ઈ તો સહસ્રભંગ પામ્યો ને , ઋષિના લાગ્યા એને શાપ... મન સમજાવી લે...
– મનવો જાણે રે અમે સારાં કામ કરશું ને...0
રાજા રાવણને જે ’દી અજ્ઞાન ઉપજ્યાં ને ,રામના રે ઘરમાં નાખ્યો હાથ ,મન સમજ્યા વિના,
દશ રે મસ્તક એના છેદાઈ ગ્યા ને , કનકની લંકા થઈ રાખ... મન સમજાવી લે......
– મનવો જાણે રે અમે સારાં કામ કરશું ને...0
મૂળ રે ભગતી કેરો ભેદ નવ જાણ્યો ને અવળા બેસીને માંડે પાટ, મન સમજ્યા વિના,
અગમ નીગમની મુરખો ! વાતુ કરે છે રે એમ મહાજન ગાવે મૂળદાસ ...મન સમજાવી લે.....
– મનવો જાણે રે અમે સારાં કામ કરશું ને...0

બેની ! મારા રૂદિયામાં લાગી રે, મેરમની ચોધારી મારે કાળજે કટારી...

બેની ! મારા રૂદિયામાં લાગી રે, મેરમની ચોધારી મારે કાળજે કટારી...
બાયું ! મારા કલેજામાં મારી રે ,બેની ! મારા રૂદિયામાં મારી રે ,
મારી છે કટારી ચોધારી,મેરમની કટારી, મારા કલેજે કટારી...
ભેદુ વિનાની વાતું કોણે રે જાણી ? મેરમની ચોધારી, મારે કાળજે કટારી...
(સાખી )મારી કટારી મૂળદાસ ક્યે જુગતે કરી ને જોઈ,
કળા બતાવી કાયા તણી, કાળજ કાપ્યાં કોઈ ;
(હૃદય કમળમાં રમી રહી, કાળજાં ફાટયાં સોઈ,)
કાળજ કાપી કરૂણા કીધી, મુજ પર કીધી મહેર ,
જોખો મટાડયો જમ તણો ,મારે થઈ છે આનંદ લીલા લ્હેર રે...
–મેરમની ચોધારી મારે કાળજે કટારી....0
(સાખી )પહેલી કટારી એ પરીક્ષા કીધી બીજીએ સાંધ્યાં બાણ
ત્રીજી રમી ત્રણ ભુવનમાં , ચોથીએ વીંધાણા પ્રાણ

પ્રાણ વીંધાણા ને પ્રીતું બંધાણી, દેખાડયો દશમો દુવાર
કુંચીએ કરશનજીને વીનવું ,મારી સુરતાની લેજો સંભાળ રે...
—મેરમની ચોધારી મારે કાળજે કટારી....૦
(સાખી )આ કટારી કોઈના કળ્યામાં નાંવે , નઈ અણી ને નહીં ધાર ,
ઘાયલ કરી ગઈ પાંજરું ઈ તો ઊતરી આરંપાર ;
વારી વારી કહું છું વિઠ્ઠલા !મારા અવગુણનો ધરશો મા સાર,
બેડી મ દેશો મારી બૂડવા , મારી બેડલી ઉતારજો ભવપાર રે...
—મેરમની ચોધારી મારે કાળજે કટારી....૦
(સાખી )કુળમાં દાવો મેં છોડયો શામળા ! ફળની મેલી લાર ,
અટક પડે વ્હેલા આવજો , મારા આતમના આધાર ;
વારે વારે શું કહું વિઠ્ઠલા ! મારા અવગુણ ના ધરશો એક ,
શામળા ! વ્હાલા ! તરત સિધાવો મારી તરણા બરોબર ટેક રે...
—મેરમની ચોધારી મારે કાળજે કટારી....૦
(સાખી )સાચા સદગુરુ સેવિયા, જુગતે જાદવ વીર
મન પથ્થર હતા તે પાણી કીધાં , જેમ નીર ભેળાં કીધાં નીર
પાય લાગું પરમેસરા, તમે દેખાડયું નિજ ધામ રે
રામદાસ વચને મૂળદાસ બોલે,મારા ગુરુજીએ બતાવ્યું તરવાનું ઠામ રે..
—મેરમની ચોધારી મારે કાળજે કટારી....૦

લે તો લેજે નામ રામનું , કહે તો કૃષ્ણજી કહેજે..

લે તો લેજે નામ રામનું ,કહે તો કૃષ્ણજી કહેજે,
દહ તો દહજે તું કામને , રહે તો ગુરુ ચરણે રહેજે ..
—લે તો લેજે નામ રામનું...૦
મળ તો મળજે મહા સંતને , ટળ તો અવગુણથી ટળજે,
ભળ તો ભળે પરિબ્રહ્મમાં , ગળ તો જ્ઞાનમાં ગળજે..
—લે તો લેજે નામ રામનું...૦
સમરણ કરે તો સ્વરૂપનું , દમ તો ઈન્દ્રિયને દમજે ,
ઉદ્યમ કર તો ભગતિ તણો , રમ તો નિરંતરમાં રમજે...
—લે તો લેજે નામ રામનું...૦
તીરથ કર તો તેવું કરે , નિર્મળ જળમાં નહાવું ,
બ્રહ્મ સમુદ્રને ઝીલતાં , જળ ભેળું જળ થાવું ...
—લે તો લેજે નામ રામનું...૦
વંદે તો વંદે રે વેદાંતને, ભણ તો ગીતાજી ભણજે ,
સમજે તો સમજે સાનમાં , હણ તો મોહ ને હણજે...
—લે તો લેજે નામ રામનું...૦
મેલ તો સંશયને મેલજે, ભૂલ તો દેહને ભૂલે ,
અણછતું એહ જાણજે , નહીં મળે મોંઘે મૂલે...
—લે તો લેજે નામ રામનું...૦
નિશ્ચે થયું નિજ નામનું, વળતી વાસના નવ ડોલે ;
મૂળદાસ કહે અક્ષર મૂળગો, ઈ તો બાવન બારો બોલે...
—લે તો લેજે નામ રામનું...૦

વૈરાગ્યના પદને વિઘન આડાં ઘણાં ..

વૈરાગ્યના પદને વિઘન આડાં ઘણાં , કઠણ બંધ કામના કોક છૂટે ;

કનક ને કામીની ચોકી આડી શ્યામની, રામની રમતમાં એ જ લૂંટે..
—વૈરાગ્યના પદને વિઘન આડાં ઘણાં...૦
ભગતિ ભૂલી ગયો, પ્રકૃતિ વશ થિયો, નારીએ નેણને બાણ માર્યો ;
જોગ લીધા પછી ભોગ ઈચ્છા કરી, જીતેલી બાજી એમ જીવ હાર્યો...
—વૈરાગ્યના પદને વિઘન આડાં ઘણાં...૦
કામનું મૂળ તે જાણવી કલ્પના, ક્રોધ એ ભરમની ગાંઠ બાંધે ,
શીલ સંતોષના ચોબા દીધા વિના, જનમને મરણનો રોગ વાધે...
—વૈરાગ્યના પદને વિઘન આડાં ઘણાં...૦
મૂળ વૈરાગ્યમાં મન જેનાં ગળ્યાં, અચળ એ વાસનામાં ન ડોલે ;
કહે મૂળદાસ જે સંત સમજ્યા ખરું , વેદના વાક્યમાં ચિત્ત જોડે...
—વૈરાગ્યના પદને વિઘન આડાં ઘણાં...૦

હરિ વેણ વાય છે રે હો વનમાં...

હરિ વેણ વાય છે રે હો વનમાં , હાં રે એનો વ્રેહ વાધ્યો મારા તનમાં...
—હરિ વેણ વાય છે રે હો વનમાં...૦
ચિત્તમાં ચટપટી રે હો લાગી,જીવણ જોવાને હું જાગી...
—હરિ વેણ વાય છે રે હો વનમાં...૦
રસિયાજીને રે હો રાગે,વ્યાકુળ કીધાં છે વૈરાગે..
—હરિ વેણ વાય છે રે હો વનમાં...૦
સેંથે કાજળ રે હો સાર્યાં,વ્રેહમાં બાળકડાં વિસાર્યાં..
—હરિ વેણ વાય છે રે હો વનમાં...૦
ગતિ મતિ ભૂલી રે હો ગૃહની,વ્રજમાં વાંસલડી વાગી વ્રેહની..
—હરિ વેણ વાય છે રે હો વનમાં...૦
ધીરજ ટળિયું રે હો ધ્યાને,કાંકણ નેપુર ઘાલ્યાં કાને..
—હરિ વેણ વાય છે રે હો વનમાં...૦
પ્રીતે પરવશ રે હો કીધાં,લજ્યા લોપી મન હરી લીધાં...
—હરિ વેણ વાય છે રે હો વનમાં...૦
કઈ કઈ વાર્યાં રે હો કંથે,પિયુજીને મળવા ચાલ્યાં પંથે...
—હરિ વેણ વાય છે રે હો વનમાં...૦
ત્રિભુવન નિરખ્યા રે હો તંનમાં,મૂળદાસ મહાસુખ પામ્યા મનમાં...
—હરિ વેણ વાય છે રે હો વનમાં...૦

મેકરણ ડાડા

આગળના જુગ તો એવા હતા ,કોઈ સંત વીરલા જાણતા..

આગળના જુગ તો એવા રે હતા , કોઈ સંત વીરલા જાણતા ,
અલખ ધણીને આરાધતા ત્યાં , આરાધે ધણી મારો આવતા..
પાંચ વરસે પુત્ર જનમતા, પચીસે પારણાં બંધાવતા,
સો સો વરસે એની સગાઈયું કરતાં ,હજાર વરસે પરણાવતા,
ગાયો રે ત્યારે એવડી હતી જે , હાથીને અનુમાન હતી,
અનાજનાં ત્યાં બીજ રે નહોતાં , દૂધથી જીવન ગુજારતા
નર નારી બેઉ સાથે જમતા, એક જ ધરમે ચાલતા
કરમ ધરમ જે'દી કછુએ નોતા, નજરુંના ફળ લાગતા
હીરા રે જે'દી એવડા હતા જે શ્રીફળને અનુમાન હતા
ચાંદો સૂરજ જે'દી દોનું નો'તા , હીરલાના રે પ્રકાશ હતા

આગળની નારીઓ એવી હતી જે પતિના વચનો પાળતી
એકોતેર પેઢી ને સ્વર્ગે પહોંચાડી, પોતે અમરાપર મહાલતી
ત્રણ ત્રણ જુગ તો વહી ગયા ને ચોથાના એંધાણ રે
ગુરુ પ્રતાપે ગાય દાદો મેકરણ અસલના જુગની વાણ રે..

મારી મેના રે બોલે રે ગઢને કાંગરે..

મારી મેના રે બોલે રે ગઢને કાંગરે.....
કાયાના કુડા રે ભરોંસા , દેયુંના જૂઠા રે દિલાસા , મેના..
—મારી મેના રે બોલે રે ગઢને કાંગરે.....૦
એવી ધરતી ખેડાવો , રાજા રામની રે,
હીરલો છે રે ધરતીની માં ય , હીરલો છે રે ધરતીની માં ય , મેના...
—મારી મેના રે બોલે રે ગઢને કાંગરે.....૦
એવી છીપું રે સમદરિયામાં નીપજે રે,
મોતીડાં છે રે છીપની માં ય , મોતીડાં છે રે છીપની માં ય, મેના...
—મારી મેના રે બોલે રે ગઢને કાંગરે.....૦
એવો મૃગલો ચરે રે વનમાં એકલો રે,
કસ્તુરી છે રે મૃગલાની માં ય , કસ્તુરી છે રે મૃગલાની માં ય, મેના...
—મારી મેના રે બોલે રે ગઢને કાંગરે.....૦
એવી મેના ને મેકરણ બેઉ એક છેરે
એને તમે જુદા રે નવ જાણો , એને તમે જુદા રે નવ જાણો , મેના...
—મારી મેના રે બોલે રે ગઢને કાંગરે.....૦

મોરારસાહેબ (ઈ.સ.૧૭૫૮–૧૮૪૯)

આંબો અમર છે રે સાધુ ! કોક ભોમને ભાવે..

આંબો અમર છે રે, સાધુ ! કોક ભોમને ભાવે,
આંબો અમર છે રે, સંતો ! કોક ભોમને ભાવે...
ધરા તપાસી ધરતી ખેડાવો , કાલના ગુંડા કઢાવો રે,
સત નામનું બીજ લઈને , વિગત કરી વવરાવો...
—આંબો અમર છે રે, સંતો ! કોક ભોમને ભાવે...૦
અકલ કળાથી ઘડા મંગાવો, હેતની હેલો ભરાવો રે
નુરત સુરત દો ખડી પનીહારી, પ્રેમ કરીને પીવરાવો..
—આંબો અમર છે રે, સંતો ! કોક ભોમને ભાવે...૦
કાચા મહોર તો કામ નહીં આવે ફાલ ફુલ ખરી જાશે રે
સદગુરુ નામના ટોયા બેસાડો, પરિપૂરણ પકવાવો...
—આંબો અમર છે રે, સંતો ! કોક ભોમને ભાવે...૦
કાચાં કાચાં ભડદાં તો કામ નહીં આવે, જીરવીઆ કેમ જાવે ?
અલખના નુરીજન બેઠા હજૂરમાં, ખરી નીત શું ખાવે...
—આંબો અમર છે રે, સંતો ! કોક ભોમને ભાવે...૦
ધ્યાન કરીને ધરા તપાસી, ભાણ સાહેબ છે ભેળા રે
રજ મોરાર ને રવિ ગુરુ મળિયા, જેણે વરતી લીધી વેળા...

—આંબો અમર છે રે, સંતો ! કોક ભોમને ભાવે...૦

કહો ને ઓધાજી ! અમે કેમ કરીએ, મનડાં હેરાણાં મારાં મોરલીએ..

કહો ને ઓધાજી ! અમે કેમ કરીએ , જી રે મનડાં હેરાણાં મારા મોરલીએ ,
વ્યાકુળ થઈ ને વનમાં ફરીએ, હરિ હરિ તો મુખે ઉચરીએ...
—કહો ને ઓધાજી ! અમે કેમ કરીએ...૦
નથી રે રે'વાતું ચિત્ત ચોરી લીધાં, જી રે પ્રીતું કરી ને પરવશ કીધાં રે,
એને ચરણે અનેક નર સીધ્યાં, પ્રેમનાં પ્યાલા પાયાં ને પીધાં રે..
—કહો ને ઓધાજી ! અમે કેમ કરીએ...૦
દરશન દીયો તો મારે દીવાળી, જી રે વા'લા લાગો છો તમે વનમાળી રે,
ત્રિભુવનનાથસે લાગી તાળી, નેણાં રહ્યા છે મારા નિહાળી રે..
—કહો ને ઓધાજી ! અમે કેમ કરીએ...૦
વેદે નિષેધ કીધી નારી, જી રે ઓતમ જાણી વા'લે ઓધારી રે..
વહેતે પુરથી વાલે લીધાં વાળી,બહુનામીએ બીરદ સંભાળી રે,
—કહો ને ઓધાજી ! અમે કેમ કરીએ...૦
પ્રગટ રૂપે હરિને પ્રમાણું, જી રે જુગનો જીવણ મારે સાચું નાણું રે,
રજ મોરાર રવિનું બાનું, સાંત્યું સંતાડયું નહી કરી રહે છાનું રે..
—કહો ને ઓધાજી ! અમે કેમ કરીએ...૦

કે જો રે સંદેશો ઓધા ! શ્યામ ને..

કે'જો રે સંદેશો ઓધા ! શ્યામને...તમે છો મોયલા આધાર રે,
નીરખ્યા વિના રે મારા નાથજી,સૂનો આ લાગે સંસાર રે... કે'જો રે સંદેશો...
દિન દિન દુઃખડાં અતિ ઘણા, જોબન વહ્યાં વહ્યાં જાય રે ;
ગોવિંદા વિના રે ઘેલી ગોપીયું, અગની કેમ રે ઓલાય રે... કે'જો રે સંદેશો...
રતું રે પલટિયું વનડાં કોળિયા, બોલે બાપૈયા રૂડા મોર રે ;
પિયુ પિયુ શબદ સોહામણા, ચિત્તડું નો રિયે મારૂં ઠોર રે... કે'જો રે સંદેશો...
જીવન ઓધાજી ! મારું જે થકી, અળગા કેમ રે રે'વાય રે ;
જળ રે વિછોઈ જેમ માછલી, જળમાં રિયે તો સુખ થાય રે. કે'જો રે સંદેશો...
બળેલાંને શું બાળીએ ? કાનજી વિચારો મનડા માંય રે ;
દરદીને દુઃખડાં તું દઈશ મા, દરદ સહ્યાં નવ જાય રે... કે'જો રે સંદેશો...
આ રે સંદેશો વ્રજનારનો, વાંચીને કરજો વિચાર રે ;
દરશન દેજો મોરારને, સાનમાં સમજી લેજો સાર રે... કે'જો રે સંદેશો...

ગુરુજી ! નાવ્યા મારા દીન નો નાથ,આશાયું અમને દઈને રે. ..

ગુરુજી ! નાવ્યા મારા દીનનો નાથ, આશાયું અમને દઈને રે,
એમ કહીને ગિયા કીરતાર, પાછો ફેરો ન આવ્યા ફરીને રે..
—ગુરુજી ! નાવ્યા મારા દીનનો નાથ...૦
ગુરુજી ! જોઉ મારા વા'લાની વાટ, જોગણ હવે થઈને રે,

એમ વન વનમાં ફરું રે ઉદાસ, હાથે જંતર લઈને રે..
—ગુરુજી ! નાવ્યા મારા દીનનો નાથ...૦
ગુરુજી ! હરિ મારા હૈયા કેરો હાર, મેરામણનાં મોતી રે,
એમ સરવે સજી શણગાર, વાટું વહાલા જોતી રે..
—ગુરુજી ! નાવ્યા મારા દીનનો નાથ...૦
ગુરુજી ! શોકું રે તણો સંતાપ , કહેજો મારા સઈને રે,
ગિરધારી ઘેલા રે થયા છો કાન ! ઝાઝો સંગ લઈને રે..
—ગુરુજી ! નાવ્યા મારા દીનનો નાથ...૦
ગુરુજી ! મેલ્યાં મેં તો મા ને બાપ, મોહન તારે માટે રે,
એમ તજીયો સાહેલીનો સાથ , શામળીયો શિર સાટે રે..
—ગુરુજી ! નાવ્યા મારા દીનનો નાથ...૦
ગુરુજી ! બોલ્યા રવિ ને ગુરુ ભાણ , ત્રિકમ ! અમને તારો રે
પકડો મોરારની બાંય, ભવસાગર ઉતારો રે...
—ગુરુજી ! નાવ્યા મારા દીનનો નાથ...૦

મારી લેહ તો ભજનમાં લાગી,મૈયા ! મારો મનવો ભયો હે વેરાગી.. ..

મારી લેહ તો ભજનમાં લાગી, મૈયા ! મારો મનવો ભયો વૈરાગી, રે વૈરાગી ..
—મારી લેહ તો ભજનમાં લાગી...૦
જગ વેવાર હું સરવે વિસરીયો ,બેઠો સંસારીયો ત્યાગી , રે મનવો ભયો વૈરાગી...
—મારી લેહ તો ભજનમાં લાગી...૦
કામ ને કાજ મું ને કડવું લાગે , મારા મનડાની મમતા ભાંગી , રે મનવો ભયો વૈરાગી...
—મારી લેહ તો ભજનમાં લાગી...૦
મંત્ર સજીવન શ્રવણે સાંભળીયો , માંહી મોરલી મધુરી વાગી , રે મનવો ભયો વૈરાગી...
—મારી લેહ તો ભજનમાં લાગી...૦
રજ મોરારને રવિ ગુરુ મળિયા, મુક્તિ ચરણની માગી , રે મનવો ભયો વૈરાગી...
—મારી લેહ તો ભજનમાં લાગી...૦

મારૂં ચિતડું ચોરાયેલ રે , મારૂં મનડું વિંધાયલ રે ,કોડીલા વર કાનસે. ..

મારૂં ચિતડું ચોરાયલ રે , મારૂં મનડું વિંધાયલ રે, કોડીલા વર કાન સે...
હરિ વિના વાધેલ વ્રેહ ને વેરાગ રે, ઓધાજી ! વાતું કેને અમે કરીયે ?
—મારૂં ચિતડું ચોરાયલ રે...૦
પ્રીતું છે પૂરવની, હે જી નવીયું નથી નાથજી ! રે, હો મેં વારી જાઉં ,
છોડી નવ છૂટે, હો મર જાય શરીર રે, ઓધાજી ! વાતું કેને અમે કરીયે ?
—મારૂં ચિતડું ચોરાયલ રે...૦
ધીરજ કેમ ધરીયે ? રે વ્રેહ કેમ વીસરીએ રે , હો મેં વારી જાઉં,
તેણે કાંઈ , તપે હમારાં તન રે , ઓધાજી ! વાતું કેને અમે કરીયે ?
—મારૂં ચિતડું ચોરાયલ રે...૦
દિવસ જાય દોયલા, રે જુગ જેવડા રે , હો મેં વારી જાઉં ,
રજની કાંઈ, રુદન કરતાં વીહાઈ રે, ઓધાજી ! વાતું કેને અમે કરીયે ?
—મારૂં ચિતડું ચોરાયલ રે...૦
પ્રાણ ને પાંજરિયે, રે હરિ વળૂંભી રિયા રે , હો મેં વારી જાઉં ,
નેણે કાંઈ , નીરખવા નંદકુમાર રે, ઓધાજી ! વાતું કેને અમે કરીયે ?
—મારૂં ચિતડું ચોરાયલ રે...૦
મોરારના સ્વામી ! રે ગોપીજન વીનવે રે, હો મેં વારી જાઉં ,

દરશન અમને, દેજો દીન દયાળ રે, ઓધાજી ! વાતું કેને અમે કરીયે ?
—મારૂં ચિતડું ચોરાયલ રે...૦

લાવો લાવો કાગળિયો ને દોત...

લાવો લાવો કાગળિયો ને દોત, લખીએ હરિને રે ;
એવો શિયો રે અમારલો દોષ, નો આવ્યા ફરીને રે...
—લાવો લાવો કાગળિયો ને દોત...૦
વ્હાલા ! દૂધ ને સાકરડી પાઈ, ઉછેર્યા અમને રે ;
હવે વખડાં ઘોળો મા, મા'રાજ ! ઘટે નહીં તમને રે...
—લાવો લાવો કાગળિયો ને દોત...૦
હે જી હરજી ! હીરને હીંચોળે રાજ, હીંચોળ્યાં અમને રે,
હવે તરછોડો મા, મા'રાજ ! ઘટે નહીં તમને રે...
—લાવો લાવો કાગળિયો ને દોત...૦
હે જી હરજી ! પ્રેમના પછેડા રાજ ! ઓઢાડેલ અમને રે,
હવે ખેંચી લિયો મા, મા'રાજ ! ઘટે નહીં તમને રે...
—લાવો લાવો કાગળિયો ને દોત...૦
હે જી વ્હાલીડા ! ઊંડેરા કૂવામાં આજ, ઉતાર્યા અમને રે,
હવે વરત વાઢો મા ,મા'રાજ ! ઘટે નહીં તમને રે...
—લાવો લાવો કાગળિયો ને દોત...૦
ગુણલા ગાય છે રવિ—ગુરુ ભાણ, ત્રિકમ બેડી તારો રે,
એવી પકડો મોરારની બાંય, ભવસાગર ઉતારો રે...
—લાવો લાવો કાગળિયો ને દોત...૦

રતનદાસ

બેલીડા ! બેદલનો સંગ ના કરીએ...

બેદલ મુખસે મીઠાં બોલે , એની વાણીમાં વરમંડ ડોલે ,
બેલીડા ! બેદલનો સંગ ના કરીએ.....
કોયલડી ને કાગ દોનું બેઠાં આંબાડાળે જી ,
રંગ બેઉનો એક જ છે ,ભાઈ ! રંગ બેઉનો એક જ છે,પણ બોલી એક જ નાંય ...
—બેલીડા ! બેદલનો સંગ ના કરીએ.....૦
હંસલો ને બગલો બેઉ બેઠાં સરોવર પાળે જી,
રંગ બેઉનો એક જ છે , ભાઈ ! રંગ બેઉનો એક જ છે,પણ ચારો એક જ નાંય...
—બેલીડા ! બેદલનો સંગ ના કરીએ.....૦
શ્યામ મુખની ચણોઠડી ઈ તો હેમ સંગે તોળાય છે રે,
તોલ બેઉનો એક છે , ભાઈ ! તોલ બેઉનો એક જ છે,એનું મૂલ એક જ નાંય...
—બેલીડા ! બેદલનો સંગ ના કરીએ.....૦
ગુરુ પ્રતાપે ભણે રતનદાસ, સંત ભેદુને સમજાય જી ,
ધર્મરાજાને દ્વાર જાતાં, પ્રભુજીને દરબાર જાતાં, આડી ચોરાશીની ખાણ..
—બેલીડા ! બેદલનો સંગ ના કરીએ.....૦

રતનબાઈ

મારી કાયાના ઘડનારા...

મારી કાયાના ઘડનારા ! કાચી રે રામ ! કેમ ઘડી મારી કાયા ?
કાયા માયાના, બંદા ! કૂડા ભરોસા, કૂડા કૂડા ઠાઠ રચાયા.
—કાચી રે રામ ! કેમ ઘડી મારી કાયા ?..૦
ઘટડે મેં ચંદા ને ઘટડે મેં સૂરજ , ઘટડામાં નવ લખ તારા.
ઘટડે મેં મેડિયું ને ઘટડે મેં બંગલા, ઘટડે મેં બાગ લગાયા.
—કાચી રે રામ ! કેમ ઘડી મારી કાયા ?..૦
ઘટડે મેં એરણ, ઘટડે મેં લુહાર, ઘટડે મેં ઘાટ ઘડાયા.
ગુરુને પ્રતાપે બોલ્યાં રતનબાઈ, પતંગિયા રંગ લગાયા.
—કાચી રે રામ ! કેમ ઘડી મારી કાયા ?..૦

રણછોડ

દિલમાં દીવો કરો...

દિલમાં દીવો કરો રે, દીવો કરો,
કૂડા કામ—ક્રોધને પરહરો, રે દિલમાં દીવો કરો...
દયા દીવેલ પ્રેમ—પરણાયું લાવો,માંહીં સુરતાની દિવેટ બનાવો,
માંહીં બ્રહ્મ—અગ્નિને ચેતાવો...
—રે દિલમાં દીવો કરો...૦
સાચા દિલનો દીવો જ્યારે થાશે, ત્યારે અંધારું મટી જાશે,
પછી બ્રહ્મલોક તો ઓળખાશે...
—રે દિલમાં દીવો કરો...૦
દીવો અણભે પ્રગટે એવો, ટાળે તિમિરના જેવો,
એને તો નીરખીને લેવો...
—રે દિલમાં દીવો કરો...૦
દાસ રણછોડ ઘર સંભાળ્યું,જડી કૂંચી ને ઊઘડ્યું તાળું,
થયું ભો—મંડળમાં અજવાળું...
—રે દિલમાં દીવો કરો...૦

રવિસાહેબ (ઈ.સ.૧૭૨૭–૧૮૦૪)

અમ્મર પિયાલો મારા ગુરુજીએ પાયો..

અમ્મર પિયાલો મારા ગુરુજીએ પાયો,
મન મસ્તાન મે ફરૂં રે દીવાના ;
અમરાપુરની રે આશા કરો તો ,
છોડી દીયો તમે અભિમાના રામ !... અમ્મર પિયાલો મારા ગુરુજીએ પાયો...૦
કીતના લંબા, કીતના ચોડા ?
કીતના હે બ્રહ્મકા અનુમાના
સોઈ સબદકા ભેદ બતા દો
ઓર છોડો કૂડા કૂડા જ્ઞાના રે... અમ્મર પિયાલો મારા ગુરુજીએ પાયો...૦
આભ સે ઊંચા હો પવન સે ઝીણા,
આગમ હે અપરંપારા રે
વધે ઘટે એને રાખે બરાબર
કાયમ વરતે કીરતારા રે ... અમ્મર પિયાલો મારા ગુરુજીએ પાયો...૦
પતીજ વિનાના નર પંડિત કે'વાણા,
મર ને વાંચે પોથી પાનાં રે

વરતી જેની વાળી વળે નહીં
મર ને પંડિત નામ ઠેરાણા રે... અમ્મર પિયાલો મારા ગુરુજીએ પાયો...૦
ભેદ વિનાના હો ઘરોઘ ર ભટકે
મુરખા લજાવે ઉજળા બાના રે
આપ ન સૂઝે ઈ તો પથરાને પૂજે
ઓર ધરાવે કૂડા કૂડા ધ્યાના રે... અમ્મર પિયાલો મારા ગુરુજીએ પાયો...૦
અબ નહીં આવું , મેં તો અબ નહીં જાવું
અબ નહીં ધરૂં કૂડા ધ્યાનાં રે
કહે રવિરામ ગુરુ ભાણ પ્રતાપે
લિખ દિયા અમ્મર પરવાના રે... અમ્મર પિયાલો મારા ગુરુજીએ પાયો...૦

આનંદ ઘડી હેતે ભજવા હરિ મારા સંતો ! સાયબો સુહાગી મળિયા..

આનંદ ઘડી હેતે ભજવા હરિ, મારા સંતો !
સાયબો સુહાગી મળિયા, આનંદ ઘડી..
પ્રેમના રે પિયાલા મારા, ગુરુજીએ પાયા રે જી ,
જોતાં રે જોતાં તો અમને વસ્તુ જડી.. મારા સંતો !
–સાયબો સુહાગી મળિયા, આનંદ ઘડી...૦
રૂદિયા કમળમાં હુવા અંજવાળા રે જી
તખત ત્રિવેણી ઉપર જ્યોતું જલી.. મારા સંતો !
–સાયબો સુહાગી મળિયા, આનંદ ઘડી...૦
સતનો શબદ મારા ગુરુએ સુણાવ્યો રે જી
નુરતે ને સુરતે મેં તો નીરખ્યા હરિ.. મારા સંતો !
–સાયબો સુહાગી મળિયા, આનંદ ઘડી...૦
કહે રવિરામ સંતો ! ભાણને પ્રતાપે રે જી
ગુરુના ભજનમાં મારી સુરતા ખડી.. મારા સંતો !
અગમ આસન ઉપર સુરતા ચડી.. મારા સંતો !
–સાયબો સુહાગી મળિયા, આનંદ ઘડી...૦

એ જી એના ઘડનારાને તમે પરખો, જી રે રામ , કોણે બનાયો પવન ચરખો ..

એ જી એના ઘડનારા ને પરખો,
એ જી તમે નૂરતે સુરતે નિરખો,
જી રે રામ, કોણે બનાવ્યો પવન ચરખો...
આવે ને જાવે , બોલે બોલાવે , જિયાં જોઉં ત્યાં સરખો ,
દેવળ દેવળ કરે હોંકારા , પારખ થઈને પરખો...
–જી રે રામ, કોણે બનાવ્યો પવન ચરખો...૦
ધ્યાન કી ધૂન મેં જોત જલત હૈ મીટયો અંધાર અંતર કો,
ઈ અજવાળે અગમ સુઝે, ભેદ જડયો ઉન ઘરકો...
–જી રે રામ, કોણે બનાવ્યો પવન ચરખો...૦
પાંચ તત્વ કા બનાયા ચરખા, ખેલ ખરો હુન્નરકો,
પવન પૂતળી રમે પ્રેમ સેં , જ્ઞાની હોકર નીરખો ...
–જી રે રામ, કોણે બનાવ્યો પવન ચરખો...૦
રવીરામ બોલ્યાં પડદા ખોલ્યા, મેં ગુલામ ઉન ઘરકો

ઈ ચરખાની આશ ન કરજો , ચરખો નંઈ રિયે સરખો...
—જી રે રામ, કોણે બનાવ્યો પવન ચરખો...૦

એવો પ્યાલો મું ને પાયો..

એવો પ્યાલો મું ને પાયો રે ,દીધો ગુરુએ લગન કરી ,
એવા પરિબ્રહ્મને ભાળ્યો રે , અદ્વૈત શુન્યમાં સુભર ભરી..
સતગુરુએ શ્રવણે રસ રેડયો, ચોંટયો રૂદિયાની માં ય ;
સાંધે સાંધે રસ સાંચર્યો, ઉનમુન રિયો ઠેરાઈ ,
મારી સુરતા ગઈ છે શુનમાં રે, ઊતરે નહી એ ફરી રે ફરી... એવો પ્યાલો મું ને પાયો ...૦
કામ ક્રોધ લોભ મદ માયા , આવરણ પામ્યાં અસ્ત ;
નવ પંદર અભિયાસ અંતરથી, મટી ગઈ પીડા સમસ્ત ,
હવે નજરે કાંઈ નાવે રે , વિના કોઈ દુજો હરિ... એવો પ્યાલો મું ને પાયો ...૦
કથણી બકણી છુટી ક્રિયા , કોનાં ગાવાં રિયાં ગીત ;
ખોળણહારો માંઈ ખોવાણો ,આપે રિયો અદ્વૈત ,
એવો પાલો ગળીને પાણી રે , હતું તેમ રિયું ઠરી... એવો પ્યાલો મું ને પાયો ...૦
ગુંગે સાકર ગળી ગળામાં , સમજ સમજ મુસકાય ;
રવિરામ રસ કેવે કોણસેં , વસ્તુ વણ જીભ્યા ય ,
ઈ તો ઘટોઘટ બોલે રે , સ્વાંગ એવાં અનેક ધરી ... એવો પ્યાલો મું ને પાયો ...૦

રૂડા રામને સંભારો તારો મટી જાય ઘોર અંધારો ..

રૂડા રામને સંભારો , તારો મટી જાય ઘોર અંધારો ...
ઘણા જનમથી ગોથાં ખાતો, આવ્યો જીવ દુઃખિયારો,
ભવસાગરની ભુલવણીમાં, સદગુરુ તેં નવ ધાર્યો ...
—રૂડા રામને સંભારો , તારો મટી જાય ઘોર અંધારો ...૦
ભૂંડા માણસની ભાઈબંધી કરતો, ચરતો અખાજ ચારો ,
સંકટ પડયું ત્યારે હરિને સંભાર્યા કે હવે મને પાર ઉતારો...
—રૂડા રામને સંભારો , તારો મટી જાય ઘોર અંધારો ...૦
સદગુરુએ દાવો છોડી દીધો ત્યારે, જમડાએ કર્યો પડકારો ,
ગુરુ ને ગોવિંદ દોનું રીસાણા ત્યારે ઉગરવાનો ક્યાં આરો ?...
—રૂડા રામને સંભારો , તારો મટી જાય ઘોર અંધારો ...૦
ત્રણે ભુવનમાં તેજ તપે , માંહી વણજ કરે વણજારો ,
હાથીના મુખમાં પૂળો હતો, સદગુરુજી કાઢે બારો..
—રૂડા રામને સંભારો , તારો મટી જાય ઘોર અંધારો ...૦
સદગુરુનો મહિમા છે મોટો, પ્રીતેથી કારજ સુધારો ,
રવિરામ ગુરુ ભાણ પ્રતાપે , બાવન અક્ષરથી બારો...
—રૂડા રામને સંભારો , તારો મટી જાય ઘોર અંધારો ...૦

તન બંગલે કા કીયા કમઠાણા ..

તન બંગલે મે કીયા કમઠાણા જી , સોહી કારીગર ન્યારા હૈ..
ઓહમકારકી ઈંટ લગાઈ જી સોહમકાર કા ગારા હૈ ,
ચેતન ચૂનો માંહી માયાકા મસાલા , રંગ લગા રણુંકારા હૈ ..
— તન બંગલે મે કીયા કમઠાણા જી , સોહી કારીગર ન્યારા હૈ..૦

પાંચ કડીઆ , પચીસ મજૂરા ,    તીન લગા કે સુતારા   હૈ,
તીનસો સાઠ વાં કુ    ચીરાબંધ બાંધ્યા,  અસલ ધાતુકા ઢારા હૈ..
– તન બંગલે મે કીયા કમઠાણા જી  , સોહી કારીગર ન્યારા હૈ..૦
નવ દરવાજા દશમી બારી,  નવ લખ જાળિયા અપારા હૈ ,
ઉપર બેઠક, નીચે કચેરી ,   ચંદ્રા સૂરજ ઉજીયારા હૈ..
– તન બંગલે મે કીયા કમઠાણા જી  , સોહી કારીગર ન્યારા હૈ..૦
પાંચ ચોર ,ખબરદારી રાખે ,    ચાર ચાર ચોકીદારા હૈ ,
સૂન મંડળ મેં સેજ બીરાજે   અલખ પૂરૂષકા દીદારા હૈ..
– તન બંગલે મે કીયા કમઠાણા જી  , સોહી કારીગર ન્યારા હૈ..૦
અધર તખત પર આપ બીરાજે  ઝલ ઝલ જ્યોતિ ઉજીયારા હૈ,
કહે રવિદાસ ગુરુ ભાણ પ્રતાપે    સોઈ ભવ સાગરકા તારા હૈ..
– તન બંગલે મે કીયા કમઠાણા જી  , સોહી કારીગર ન્યારા હૈ..૦

દલ દરિયામાં અખંડ દીવો, દીઠા વિના મારું મન ડોલે..

દલ દરિયામાં અખંડ દીવો , દીઠા   વિના મારું મન ડોલે ,
ભ્રાન્તિના ભરિયા ભવ ભવ ભૂલ્યા ,  ગુરુજી વિના તાળાં કોણ ખોલે ?..
ગગનમંડળમાં ગુપત–ગેબી , બાવન બહાર સોહી બોલે,
નૂરત–તખત પર નામ નિરંતર,  નુરતે સૂરતે નર ખેલે...
આદિ અનાદિની જેને ઓળખાણો ,  મૂળ ભજન તે નહીં  મેલે,
લાગી પ્રીત જેને સદ્‌ગુરુથી ,   ફળ બહુ   લાગ્યા જેમ  વેલે...
આ મારગડે આવતાં–જાતાં  , આનંદ    ભયો   હવે મનમે ,
આ સંસારમાં ચેતો મારા ભાઈલા !  સંત પુકારે અવસર છેલ્લે...
પટા લખાયા સરકાર હજૂરીકા , અવર દિલ હવે નહીં ડોલે,
કહે રવિદાસ ગુરુ ભાણ પ્રતાપે , અમર પિયાલા અહોનિશ પીલે ..

ધર રે અધર સે અવાજ કેસે હોતા જી ..

ધર રે અધર સે અવાજ કૈસે હોતા ,   બીના રે દારૂ સે ઉડાતા હૈ
બંદૂક નો'તી વાંકુ ગજ પણ નો'તાં    બીના ગોલી મર જાતા હૈ..
કૌન ભરતા દાતા !  કૌન ઉડાતા !        કૌન નીશાન ઠેરાતા ! હૈ
ઓહમ ભરતા,  સોહંમ ઉડાતા     નિરભે નિશાન ઠેરાતા હૈ..
વો આવાજ કોઈ જ્ઞાની નર સુનતા   સમજ સમજ સુખ પાતા હૈ
કહે રવિરામ ગુરુ ભાણ પ્રતાપે      શબદ મેં સુરત મિલાતા હૈ....

મત કર નિંદરા જીવ અભાગી ..

મત કર નિંદરા જીવ અભાગી!  થોડા દિવસ સારૂ ક્યોં સોવે ?
મનખા જનમ હૈ રતન પદારથ,  એ હી જુગત ફીર નહીં હોવે,
હરિ ભજ્યા વિના ધીક હૈ જીવના ,   ક્યા મનખા એળે ખોવે ?
– મત કર નિંદરા જીવ અભાગી!  થોડા દિવસ સારૂ ક્યોં સોવે ?..૦
સાહેબ સુમરન સાબુ છોડકે   ,    કાદવ  કપડા કોઈ ક્યું ધોવે ?
હરિ સાગર    કુદઉં પાગથી , ખાબોચીયામાં   ક્યું    ડોવે ?
– મત કર નિંદરા જીવ અભાગી!  થોડા દિવસ સારૂ ક્યોં સોવે ?..૦
મુક્તા ફળકા ખેત છોડ કે  ,     જવાસ    તરણા   ક્યું   ટોવે !
અંબ સરખા અમૃત પરહરી  , થડ    થોરીકા    ક્યું   બોવે !

– મત કર નિંદરા જીવ અભાગી! થોડા દિવસ સારૂ ક્યોં સોવે ?..૦
અનભે સરખા આનંદ છોડોકર , કરમ ક્રિયા મેં ક્યા મો’વે ?
અચ્છા નીર ગંગાજળ છોડકે, મૂતે મુખડા ક્યા ધોવે ! ...
– મત કર નિંદરા જીવ અભાગી! થોડા દિવસ સારૂ ક્યોં સોવે ?..૦
એ હી શીખામણ સમજુ જનકું , મૂરખ મનમેં નહીં ગોવે,
કહે રવિદાસ ભાણ પ્રતાપે, કરમ કાળ ધોખા ધોવે...
– મત કર નિંદરા જીવ અભાગી! થોડા દિવસ સારૂ ક્યોં સોવે ?..૦

મૂળ રે વિનાનું કાયા ઝાડવું..

મૂળ રે વિનાનું કાયાં ઝાડવું જી રે , એ જી એને પડતાં નહીં લાગે વાર રે હાં...
– એવું મૂળ રે વિનાનું કાયા ઝાડવું હો જી....૦
એ જી એને પ્રેમનાં રે ખાતર પુરાવજો જી રે , એ જી એની પાળ્યો પહોંચી પિયાળ રે હાં...
– એવું મૂળ રે વિનાનું કાયા ઝાડવું હો જી....૦
એ જી એને સત્યનાં રે પાણીડાં સીંચાવજો જી રે, એ જી એની નૂરત સૂરત પાણીયારી રે હાં...
– એવું મૂળ રે વિનાનું કાયા ઝાડવું હો જી....૦
એ જી એને શીલ રે સંતોષ દોનું ફળ હુવા જી રે , એ જી ઈ તો અમર ફળ કહેવાય રે હાં..
– એવું મૂળ રે વિનાનું કાયા ઝાડવું હો જી....૦
ગુરુ ભાણને પ્રતાપે રવિ બોલિયા જી રે , પ્રભુને ભજો તો ઉતરો ભવપાર રે હાં...
– એવું મૂળ રે વિનાનું કાયા ઝાડવું હો જી....૦

મેં સિપાહી સદગુરુ સાહેબકા, લડું ટોપ બખ્તર પહેરી ..

મેં સિપાઈ સદગુરુ સાહેબ કા લડું ટોપ બખ્તર પહેરી...
શીલ સંતોષકા બખ્તર પહેરું , લઉ શમશેર સતગુરુ કેરી,
સાત સાહેર કા ઘૂંટ ભરાઉ મારૂં કાળ ક્રોધ દુશ્મન વેરી...
– મેં સિપાઈ સદગુરુ સાહેબ કા લડું ટોપ બખ્તર પહેરી...૦
સિંહ ને બકરી ભેળાં ચરાવું રાજા રંક કી એક શેરી
પાંચ પચીસ કોઈ જાન ન પાવે ,બ્રહ્મ મહેલ મેં જાઉ હેરી...
– મેં સિપાઈ સદગુરુ સાહેબ કા લડું ટોપ બખ્તર પહેરી...૦
સત સબદકી લગન ખુમારી સુન શિખર સુરતા મેરી
પરી બ્રહ્મ કે પરચે ખેલું કરું ટેલ સત સબૂરી...
– મેં સિપાઈ સદગુરુ સાહેબ કા લડું ટોપ બખ્તર પહેરી...૦
આદુ રાજ ને આદુ દુવાઈ મોરછાપ હોઈ પાદશાહ કેરી
કહે રવીરામ ભાણગુરુ કે આગે માંગું મોજ ચાકરી તેરી....
– મેં સિપાઈ સદગુરુ સાહેબ કા લડું ટોપ બખ્તર પહેરી...૦

રવિએ રમતાં દીઠો રે , બાવો છે ઝીણો, છે ઝીણો...

રવિએ રમતાં દીઠો રે , બાવો છે ઝીણો , છે ઝીણો...
લીલો ને પીળો , લાલ બે રંગી , સફેદથી રંગ સારો ,
એ પંખીડાને પાંખ જ નહીં , ચૌદ ભૂવનથી ન્યારો...
– રવિએ રમતાં દીઠો રે , બાવો છે ઝીણો , છે ઝીણો...૦
આગળ છાંયો ને પાછળ છાંયો , એ છાયા છે તમારો ,

એ છાયામાં છુપાઈ રિયો , છાંયા થી સદગુરુ ન્યારો રે...
– રવિએ રમતાં દીઠો રે , બાવો છે ઝીણો , છે ઝીણો...૦
આપે બાવો આપ સ્વરૂપી, ઝીણા માંહેલો ઝીણો ,
કહે રવિરામ સંતો ! ભાણ પ્રતાપે, બાવન અક્ષરથી બારો રે..
– રવિએ રમતાં દીઠો રે , બાવો છે ઝીણો , છે ઝીણો...૦

લગા કલેજે છેદ ગુરુકા , વેદ ન જાણે ઈ વાતું..

લગા કલેજે છેદ ગુરુકા , વેદ ન જાણે એની વાતું...
પતિવ્રતા હોય નાર પદમણી , સોઈ જાણે પિયુકી વાતું,
વ્યભિચારિણી હીંડે વલખતી, અણ લેખે ખાવે લાતું...
– લગા કલેજે છેદ ગુરુકા , વેદ ન જાણે એની વાતું...૦
તુટી પડે ધરણી આકાશા, સૂકાઈ જાયે સમદર સાતું,
તો હું ન બીછુવા હોય પિયાસે, નિરભે નેહ તણું નાતું...
– લગા કલેજે છેદ ગુરુકા , વેદ ન જાણે એની વાતું...૦
પલ પલ મેરે પિયાજી કું નિરખું ,ખંડીત ન હોય દિવસ રાતું,
તીન ભવન મેં જાકા ઉજીયારા અહોનીશ વરસત હૈ સ્વાતું...
– લગા કલેજે છેદ ગુરુકા , વેદ ન જાણે એની વાતું...૦
પ્રેમગલીમેં પિયાજી કું પામી , કોટિ સૂરજકી ન્યાં ક્રાન્તું,
પાપ પૂન્ય મિટ ગિયાં સજની, ભૂલી સરવે દૂજી ભ્રાંતું...
– લગા કલેજે છેદ ગુરુકા , વેદ ન જાણે એની વાતું...૦
તાળી લાગી ભ્રમણા ભાંગી રે તારે તારે મિલિયું તાંતું,
કહે રવિદાસ મેં સખી સદગુરુ કી, મન ન દોડે હવે દૂજે ધાતું..
– લગા કલેજે છેદ ગુરુકા , વેદ ન જાણે એની વાતું...૦

સંતો ! બૂઝે બાવન બારા,જાકે હરદે ગુરુગમ પ્રગટે, સો ખેલે ચોધારા..

સંતો ! બૂઝે બાવન બારા,
જાકે હરદે ગુરુગમ પ્રગટે, સો ખેલે ચોધારા...
–સંતો ! બૂઝે બાવન બારા...૦
પાંચ–પચીસ પરિબ્રહ્મસેં ઉપને, સયાના સમજી જાવે,
ચોઈ દિસે સોઈ રમે અકેલા, આપે નાવ ચલાવે...
–સંતો ! બૂઝે બાવન બારા...૦
નયનકમલસે નિરખ્યા નટવર, ખોલ્યા કરમ કપાટા,
દિલસે દરસ્યા દેવ નિરંતર, નકરા હુવા નિરાટા...
–સંતો ! બૂઝે બાવન બારા...૦
અકળ કળા કળ્યામેં નાવે, અનુભવી એને બૂઝે,
ઓહં સોહં શબદ ઓળખો, ચૌદ લોક તો સૂઝે...
–સંતો ! બૂઝે બાવન બારા...૦
ઝલકત જ્યોતિ નૂર અપારા, મનવા તિહાં મિલાયા,
કહે રવિરામ ભાણ પ્રતાપે, અજર અમર પદ પાયા...
–સંતો ! બૂઝે બાવન બારા...૦

સંતો ! માયા મૂળે નાંહી, વિના વિચાર સકળ જગ ભૂલે .

સંતો ! માયા મૂળે નાંહીં,

વિના વિચાર સકલ જગ ભૂલે, જ્ઞાન વિણ ગુંચવાઈ..
—સંતો ! માયા મૂળે નાંહીં..૦
માયા માયા સિધ્ધ– સાધ પુકારે, અચરજ એ જ કહાવે ,
ભોરીંગ જેવા સીંદરા ભોંય પર , દેખો એ કિસ વિધ ખાવે..
—સંતો ! માયા મૂળે નાંહીં..૦
માટી કેરા બન્યાં માળિયા, ચીંતર્યો વાઘ ચિતારે
એવો ભ્રમ દેખી જીવ ભટક્યો , વાઘ એ કિસ વિધ મારે ?
—સંતો ! માયા મૂળે નાંહીં..૦
ખેતર બડા બીન રખવાલા , ઓડા ઊભા કીના ,
અક્કલ વિનાનાં ઓડા નહીં ઓળખ્યા, દેખત હરણાં બીના..
—સંતો ! માયા મૂળે નાંહીં..૦
માયા નિંદર સપનાં જેવી, બિન ગુરુ ગમ અંધીયારા,
કહે રવિરામ ચેતન જબ જાગ્યા, ભયા બ્રહ્મ ઉજીયારા..
—સંતો ! માયા મૂળે નાંહીં..૦

રાજે ઈ.સ.૧૬૫૦–૧૭૨૦

મોહનજી ! તમે મોરલા, હું વારી રે..

મોહનજી ! તમે મોરલા, હું વારી રે,
કાંઈ અમો ઢળકતી ઢેલ, આશ તમારી રે...
જ્યાં જ્યાં ટહુકા તમે કરો, હું વારી રે,
ત્યાં અમ્મે તો માંડીએ કાન, આશ તમારી રે...
મોરપીંછ અમે મા'વજી ! હું વારી રે,
વ્હાલા ! વન વન વેર્યા કાંય ? આશ તમારી રે...
મોરલીએ મનડાં હર્યા, હું વારી રે,
વિસાર્યો ઘર–વહેવાર, આશ તમારી રે...
સંગ સદા લગી રાખજો, હું વારી રે,
રાજેના રસિયા નાથ, આશ તમારી રે...

રાઠો ભગત

ભજનની વાતું છે રે ઝીણીયું...

ભજનની વાતું છે રે ઝીણીયું , કોક હરિજન હીરલે જાણીયું,
કોઈ સંત વીરલે જાણીયું , ભાઈ ! ઈ વાતું છે રે ઝીણીયું...
મોટા કુહાડા કાંઈ નવ કાપે , લોઢાં કાપે નાની છીણીયું
—ભજનની વાતું છે રે ઝીણીયું ,ભાઈ ! ઈ વાતું છે રે ઝીણીયું...
વેળુમાં તે ખાંડ વેરાણી , વીણી કાઢે કીડીયું,
સૂના ગામમાં હાથી ઝૂલે, લાભ તોળે પે'લું વાણીયું...
—ભજનની વાતું છે રે ઝીણીયું,ભાઈ! ઈ વાતું છે રે ઝીણીયું...
મોટપમાં લેવાયા જાયે તો યે, કાંકરિયું એણીયું,
ઝીણા થઈને સંતો ચાલે, ધન્ય કમાયું તેણીયું...
—ભજનની વાતું છે રે ઝીણીયું,ભાઈ! ઈ વાતું છે રે ઝીણીયું...
પાણીમાં તો દૂધ ભેળાણું,પામી જાશે હંસીયું,
ગુરુ પ્રતાપે ભણે રાઠો, અમરાપુર એની રહેણીયું...
—ભજનની વાતું છે રે ઝીણીયું, ભાઈ! ઈ વાતું છે રે ઝીણીયું...

રામદે પીર

ભગતી કરા તો હરજી અગમ ભેદ જાણો..

ભગતી કરો તો હરજી આગમ ભેદ જાણો રે, અને કહું તે વચનું માં હાલો રે હાં
ધરમ જૂનો છે હરજી ! નિજારપંથ આદિરે,મોટા મુનિવર થઈને તમે મ્હાલો રે હાં..
જતિ રે સતીનો હરજી ! ભેદ જાણો રે હાં ,પછી નિજીયા ધરમ ઉર આણો રે હાં...
મૂળ રે વચનનો હરજી ! મરમ સમજી લ્યો ,તમે સાબીત રાખજો દાણો રે હાં...
જતિ રે પુરૂષને મોહઝાળ નહીં વ્યાપે રે હાં,એવી સતી નારી પર પુરૂષ નેં ત્યાગે રે હાં
વિષયની રે વાસના એના અંગડામાં નાવે,એને મોહનાં બાણ નવ લાગે રે હાં...
કામનાનાં બીજને હરજી ! પેલાં બાળો રે હાં, પછી રજ ને વીરજ ને સંભાળો રે હાં...
કર્મ રહિત હરજી ! ક્રિયા રે કમાવો તમે ગુરુના વચન ને પાળો રે હાં...
જતિ રે પુરૂષ વિના જામો નહીં જામે રે હાં, સતી વીનાનો ધરમ નહીં હાલે રે હાં...
આતમાને ઓળખી ને હરજી! દેહ ભાવ મટાડો પછી મનડાને બાંધોને વેરાગે રે હાં...
લિંગ ને રે ભંગનો હરજી ! ભાવ મટાડો રે, એવી યોગની ક્રિયાને કમાવો રે હાં...
કરમ કરશો તો હરજી ! ધરમ જાશો હારી એવા અંતરે વચન સાંભળો રે હાં...
સતિયા રે થઈ ને તમે સતમાં ખેલો રે હાં ,એવી સતની સદા છે સવાઈ રે હાં...
બાળ નાથ ચરણે બોલ્યાં સિદ્ધ રામદે ,પછી સતની આગળ નથી બીજું કાંઈ રે હાં...

રાવત રણશી

કર મન ભજનનો વેપાર જી..

કર મન ભજનનો વેપાર જી, ભજનનો વેપાર ,
ધણી ! તારા નામનો આધાર,બેડલી ઉતારે ભવપાર..
—કર મન ભજનનો વેપાર જી...૦
પ્રથમ સમરૂં શારદાને , ગણપત લાગું પાય જી
દેવના ગુરુ દેવને સમરૂં, જ્ઞાની જ્ઞાન બતાય...
—કર મન ભજનનો વેપાર જી...૦
જે દિશાએ મન ન માને , તે દિશાએ મત જાય જી,
અમ્મર પ્યાલા સભર ભરિયા, દેખતાં વિખ ખાય !..
—કર મન ભજનનો વેપાર જી...૦
કાગ વાણી છોડ માંયલા, હંસની ચાલે ચાલ જી,
પીંજરમાં જેમ પંખી બોલે , એમ રામ શું લેહ લાય...
—કર મન ભજનનો વેપાર જી...૦
માયલાથી ભાવ રાખો, હરિ શું રાખો હેત જી,
નુગરા નરથી દૂર રહેનાં, એમાં પત પોતાની જાય...
—કર મન ભજનનો વેપાર જી...૦
પાંચા, સાતા, નવાં, બારા, ક્રોડ તેંત્રીસ આરાધ જી,
રાવત રણશી બોલિયા, મારો ગુરુ બેડલો તાર...
—કર મન ભજનનો વેપાર જી...૦

પરથમ પહેલાં સમરીયે રે , સ્વામી તમને સૂંઢાળા..

પરથમ પહેલાં સમરીયે રે, સ્વામી ! તમને સૂંઢાળા હાં હાં હાં ,

રિદ્ધિ સિદ્ધિના દાતાર દેવતા ! ઋષિ મુનિના આગેવાન મારા દેવતા !
મહેર કરોને મહારાજ રે...
—પરથમ પહેલાં સમરીયે રે...૦
માતાજી રે કહીએ જેનાં પારવતી રે સ્વામી ! તમને સુંઢાળા ,
માતાજી રે કહીએ જેનાં હાં હાં હાં ,એ..પારવતી રે,સ્વામી તમને સુંઢાળા..
પિતાજી રે શંકર દેવ, દેવતા ! મહેર કરોને મહારાજ રે...
—પરથમ પહેલાં સમરીયે રે...૦
ઘી રે સીંદુરની સેવા ચડે રે સ્વામી ! તમને સુંઢાળા ,
ઘી રે સીંદુરની રે હાં હાં હાં , એ.. સેવા ચડે રે સ્વામી ! તમને સુંઢાળા ,
ગળામાં ફુલડાના હાર મારા દેવતા ! મહેર કરો મહારાજ રે...
—પરથમ પહેલાં સમરીયે રે...૦
કાનમાં કુંડળ ઝળહળે રે સ્વામી ! તમને સુંઢાળા ,
કાનમાં કુંડળ હાં હાં હાં ,એ... ઝળહળે રે સ્વામી ! તમને સુંઢાળા ,
કંઠે મોતીડાંની માળ મારા દેવતા ! મહેર કરો મહારાજ રે..
—પરથમ પહેલાં સમરીયે રે...૦
રાવત રણશીની વિનતિ રે સ્વામી ! તમને સુંઢાળા ,
રાવત રણશીની હાં હાં હાં , એ... વિનતિ રે સ્વામી ! તમને સુંઢાળા ,
ભગતોને કરજો સહાય મારા દેવતા ! મહેર કરો મહારાજ રે..
—પરથમ પહેલાં સમરીયે રે...૦

રૂખડિયો—

તમે ભાંગો મારા દલડાની ભ્રાંતા, ગુણપતિ દાતા રે..

તમે ભાંગો મારા દલડાંની ભ્રાંતા,તમે તોડો મારા રૂદિયાનાં તાળાં
મેરા દુઃખ દારિદ્ર મટી જાતા ,ગુણપતિ દાતા ! મેરે દાતા..હો જી..

મૂળ મહેલ મેં વસે ગુણેશા ,અનુભવ સે ગમ પાતા...
ગુણપતિ દાતા ! મેરે દાતા..હો જી...૦
ધુપ દીપ ને ફુલડાની માળા ગુગળ ધુપ ચડંતા..
ગુણપતિ દાતા ! મેરે દાતા..હો જી...૦
રૂમઝુમ રૂમઝુમ નેપુર વાજે, મધુરી ચાલ ચલંતા..
ગુણપતિ દાતા ! મેરે દાતા..હો જી...૦
વેલનાથ ચરણે બોલ્યો રૂખડીયો, મરજીવા મોજું પાતા..
ગુણપતિ દાતા ! મેરે દાતા..હો જી...૦

ધન ગુરુ ! દાતા ને ધન ગુરુ દેવા ..

ધન ગુરુ ! દાતા ને ધન ગુરુ દેવા ! મારા સદગુરુએ શબદ સુણાયો જી.
ગુરુજીનો મહિમા પલ પલ વખાણું રે ,મારાં પ્રાછત સઘળાં જાવે જી...
સૂતાં રે જગાડયો મુંને દેશ તો દેખાડયો ને , અલખ પુરુષ ઓળખાયો જી ,
બૂડતાં મારા ગુરુજીએ તાર્યો ને જમને હાથેથી છોડાયો જી...
—ધન ગુરુ ! દાતા ને ધન ગુરુ દેવા ! મારા સદગુરુએ શબદ સુણાયો જી..૦
ખાલ કઢાવું મારા શરીર તણી ને , ઉપર સોનેરી રંગ ચડાવું જી,
મોજડી સીવડાવી મારા ગુરુજી ને પહેરાવું ને ,તો ય ગણ—ઓશિંગણ કેમ થાવું જી...
—ધન ગુરુ ! દાતા ને ધન ગુરુ દેવા ! મારા સદગુરુએ શબદ સુણાયો જી..૦

કન્યાદાન દેવે મર ને ,     ભોમી  દાન  દેવે નેભર્યા કંચનના મહેલ લૂંટાવે જી,
કાશી ક્ષેત્રમાં જઈને  ક્રોડ કન્યાદાન દેવે તો યે   નાવે મારા ગુરુજીને તોલે જી...
–ધન ગુરુ ! દાતા ને ધન ગુરુ દેવા ! મારા સદગુરુએ  શબદ સુણાયો જી..૦
સદગુરુ મળિયા મારા સંશય  ટળિયા ને , લખ રે ચોરાશીથી  છોડાયો જી,
ગુરુના પ્રતાપે બાવો રૂખડિયો બોલીયાં ને , મુંને મુગતીનો મારગ બતાયો જી...
–ધન ગુરુ ! દાતા ને ધન ગુરુ દેવા ! મારા સદગુરુએ  શબદ સુણાયો જી..૦

રૂપાંદે

આ  રે કાયાનો હીંડોળો રચીયો ,ઝગમગ ઝોલાં ખાય રે માયલા...

આ રે કાયાનો હીંડોળો રચીયો , ઝગમગ ઝોલાં ખાય રે માયલા ! ચેતી ચાલો ભાઈ રે...
ચેતી ને ચાલશો તો પાર લંઘી જાશો આ ભવ સાગરની માંય રે માયલા ! ચેતી ચાલો ભાઈ  રે...
કાયાવાડીની હુઈ ગઈ તૈયારી , સુકરત કર મારા ભાઈ રે માયલા ! ચેતી ચાલો ભાઈ  રે...
કાયાવાડીનો કિલ્લો લુંટાશે ,આંખ ફરૂકી તારી જાય રે માયલા ! માયલા ! ચેતી ચાલો ભાઈ  રે...
બાલાપણ બચપનમાં ખોયું ,તારું જોબન ઝોલાં ખાય રે  માયલા ! ચેતી ચાલો ભાઈ  રે...
બુઢ્ઢો થયો રે ત્યારે માળા પકડી,    સોઈ ગત ભારી થાય રે  માયલા ! ચેતી ચાલો ભાઈ  રે...
આ રે મારગડે અનેક નર સિધ્યાં ,તોળી રાણી સાધ કેવાય રે માયલા ! ચેતી ચાલો ભાઈ  રે...
ગુરુ પ્રતાપે રૂપાંદે બોલ્યાં,  માલદેની વિનંતી સુણાય રે માયલા ! ચેતી ચાલો ભાઈ  રે...

લખમો માળી

કોઈ કામ ક્રોધને હટાવે રે,મન માંયલાની ખબરું લાવે રે..

કોઈ કામ ક્રોધને હઠાવે રે, મન માયલાની ખબરું લાવે રે , કોઈ એસા નૂરિજન નજરે આવે.
–કોઈ કામ ક્રોધને હઠાવે રે, મન માયલાની ખબરું લાવે રે...૦
જ્ઞાની હોય સો જ્ઞાન બતાવે, બ્રહ્મકા ભેદ સુણાવે ,
રામ નામની રટણા કરી લે, તેરો અંધિયારો મટી જાવે રે... એસા નૂરિજન નજરે આવે.
–કોઈ કામ ક્રોધને હઠાવે રે, મન માયલાની ખબરું લાવે રે...૦
સંસારસાગર મહાજળ ભરિયો, હરિજન વહાણ હંકારે રે,
પકડ કરી લેવે કોઈ માલમી, બેડલી પાર ઉતારે રે... એસા નૂરિજન નજરે આવે.
–કોઈ કામ ક્રોધને હઠાવે રે, મન માયલાની ખબરું લાવે રે...૦
નિરભે નામના નાંગળ નાથે, પવન પુરુષ પધરાવે ,
રામ નામની અમર વાદળી, મોતીડે વરસાવે રે... એસા નૂરિજન નજરે આવે.
–કોઈ કામ ક્રોધને હઠાવે રે, મન માયલાની ખબરું લાવે રે...૦
સતકી રોટી સબસે મોટી, પ્યાસી હોય ઈ ભલે પાવે,
કહે માળી લખમો ગોરાંને ચરણે, તેરા ક્ર્યા કરમ મીટ જાવે રે ... એસા નૂરિજન નજરે આવે.
–કોઈ કામ ક્રોધને હઠાવે રે, મન માયલાની ખબરું લાવે રે...૦

ખલકા ખૂબ બનાયા, માંહી અમર પુરુષ પધરાયા..

ખલકા ખૂબ બનાયા મેરે દાતા ! માંહી અમર પુરૂષ પધરાયા મેરે દાતા !
ખલકા ખૂબ બનાયા રે હો જી, હો જી...
સુખમણ નાડી સુતર કાંતે સુખમન તાર મીલાયા રે હો  જી, હો જી..
તીન તાંતકી નળી બનાઈ, પાંચ તંતકા તાણા મેરે દાતા ! ખલકા ખૂબ બનાયા રે હો જી, હો જી...
આપ કવેશ્વર વણકર બેઠો , તરીયા તાર મીલાયા રે હો  જી, હો જી..
નવ માસ તો વણતાં લાગ્યાં પંચરંગી રેજા બનાયા મેરે દાતા ! ખલકા ખૂબ બનાયા રે હો જી, હો જી...
સતકી સૂઈ શબદકા ધાગા , સીવણહાર કીરતારા રે  હો  જી , હો જી..

ટુકડા ટુકડા ભેલા કરી ડાલા, સાંધા ઠીક ઠેરાયા મેરે દાતા ! ખલકા ખૂબ બનાયા રે હો જી, હો જી...
સદગુરુ સ્વામી સતકા નાતી, શુન ગઢ શિખર ઘેરાયા રે હો જી, હો જી..
દોઈ કર જોડી માળી લખમોજી બોલ્યાં , હરદમ બોલે પ્યારા મેરે દાતા ! ખલકા ખૂબ બનાયા રે હો જી, હો જી...

જેને દીઠે મારાં નેણાં ઠરે ,બાયું ! અમને એડા એડા સંત મળે..

જેને રે દીઠે મારાં નેણાં ઠરે, બાયું ! અમને એડા એડા સંત મળે.
ઉદરમાંથી એક બુંદ પડે ઈ ભગતનું નામ ધરે ,
નરક છોડાવીને ન્યારાં કરે ઈ તો અમર લોકને વરે...
– બાયું ! અમને એડા એડા સંત મળે...૦
ચાલતાં નર ધરતી ન દૂભવે, પાપ થકી તો ડરે ;
શબદ વિવેકી શુદ્ધ સુલક્ષણા ,પૂછી ને પાય ધરે....
– બાયું ! અમને એડા એડા સંત મળે...૦
ત્રિગુણ પૂતળી રમે શુન્યમાં ,અનઘડ ઘાટ ઘડે ;
ગુરુજીના શબદ અગાધ છે ભાઈ! ખાજે એને ખબરું પડે ...
– બાયું ! અમને એડા એડા સંત મળે...૦
કાયા વાડીનો ભમરલો તે ભાઈ ! સહેજે ઓથ ધરે ;
આરે સંસારીયામાં સંત સોહાગી, બેઠા બેઠા રે ભજન કરે..
– બાયું ! અમને એડા એડા સંત મળે...૦
વર્ષાઋતુનો એક હિમ પરપોટો , નીરમાં નીર થઈ મળે ;
લખમાના સ્વામી સંગે રમતાં, સ્વાતિનાં બુંદ ઠરે...
– બાયું ! અમને એડા એડા સંત મળે...૦

લખીરામ

પિયાલો અમને પાયો રે , ગુરુએ મારે પ્રેમે કરી..

પિયાલો અમને પાયો રે ગુરુએ મારે પ્રેમે કરી
મારી દેયુંમાં દરસાણા રે , હરો હર આપે હરિ...
–એવો પિયાલો અમને પાયો રે, ગુરુએ મારે પ્રેમે કરી...૦
પહેલો પ્યાલો લખીરામનો , વળી જુગતે પાયો જોઈ ,
કૂંચી બતાવી આ કાયા તણી, વળી કળા બતાવી કોઈ ;
ત્રિકૂટી કેરા તાળાં ઉઘડિયાં, શુન્યમાં દરસાણા સોઈ ,
એવું નગર બધું યે નિહાળ્યું રે , જોયું મેં તો જરી યે જરી.....
–એવો પિયાલો અમને પાયો રે, ગુરુએ મારે પ્રેમે કરી...૦
બીજે પિયાલે બુદ્ધિ વાપરી, આવી સંતોની સાન ,
વૈરાટ સ્વરૂપીને વીનવું , મારે જોવાં જમીં આસમાન ;
આ દેહીમાં દરસાણા સાચા, સતગુરુ મારા શ્યામ ,
એવી લગની મું ને લાગી રે , બેઠો હું તો ધ્યાન ધરી...
–એવો પિયાલો અમને પાયો રે, ગુરુએ મારે પ્રેમે કરી...૦
ત્રીજે પિયાલે ત્રણ ગુણ પ્રગટયાં , પાંચ તત્વનો પ્રકાશ ,
શૂન્ય શિખરમાં શ્યામ બિરાજે ,અલખ પુરુષ અવિનાશ ;
નવ ખંડ ઉપર નાથજી! મારે રવિ ઊગ્યાની આશ ,
એવી અગમની ખબરું રે, ગુરુએ મારે દીધી ખરી...
–એવો પિયાલો અમને પાયો રે, ગુરુએ મારે પ્રેમે કરી...૦

ચોથે પિયાલે સાન કરીને, હરિએ ગ્રાહ્યો હાથ ,
એકવીસ બ્રહ્માંડ ઉપરે , મારે વાલે બતાવી વાટ ;
એક વાત નિશ્ચે થઈ, તેણે મળીયા મારો નાથ
એવા અમ ગરીબું ઉપરે રે , કેશવરાયે કરુણા કરી...
—એવો પિયાલો અમને પાયો રે, ગુરુએ મારે પ્રેમે કરી...૦
પાંચમો પિયાલો પૂરણ થિયો , ત્યારે ભેટયા ભૂધર રાય ,
અખંડ અમૃત ધારા વરસે, ગેબી ગરજના થાય ;
રૂદિયે રવિ પરગટ થિયો, એને જોતાં રજની જાય ,
એવા સ્વાતિના સરવડાં રે , ઝરમર ઝરમર નૂર તો ઝરે..
—એવો પિયાલો અમને પાયો રે, ગુરુએ મારે પ્રેમે કરી...૦
છઠે પિયાલે સતગુરુ મળિયા, નિરભે થિયો લખીરામ ,
ઘણા જનમથી ડોલતાં , મારે ગુરુએ બતાવ્યાં જ્ઞાન ;
કરમણ ચરણુંમાં લખીરામ બોલ્યા,મેં તો પૂરણ પામી ધામ ,
એવા ગુરુ ચરણે ચિત્ત રાખો રે, ફોગટ ફેરા ઘણા યે ફરી...
—એવો પિયાલો અમને પાયો રે, ગુરુએ મારે પ્રેમે કરી...૦

બેની મું ને ભીતર સતગુરુ મળિયા રે..

બે'ની રે ! મું ને ભીતર સદ્ગુરુ મળિયા રે
વરતાણી છે આનંદ લીલા, મારી બાયું રે !
—બેની ! મું ને...૦
કોટિક ભાણ ઊગ્યા દિલ ભીતર, ભોમકા સઘળી ભાળી ;
શૂનમંડળમાં મેરો શ્યામ બિરાજે, ત્રિકુટિમાં લાગી મું ને તાળી..મારી બાયું રે...
—બેની ! મું ને...૦
અખંડિત ભાણ ઊગ્યા દલ ભીતરે, મું ને સાતે ય ભોમકા દરશાણી ;
કાળાં અંજન કરમણે આંજ્યાં, તનડામાં લાગી ગઈ છે તાળી..મારી બાયું રે...
—બેની ! મું ને...૦
અગમ ખડકી જોઈ ઉઘાડી,તિયાં સામા સદગુરુ દીસે ;
ખટ પાંખડીયાં સિંહાસન બેસી,ઈ ખાંતે ખળખળ હસે..મારી બાયું રે...
—બેની ! મું ને...૦
બાવન બજારૂં ને ચોરાશી ચૌટા, કંચનના મોલ કીના ;
ઈ મોલમાં મારો સદગુરુ બીરાજે , દોઈ કર જોડી આસન દીના..મારી બાયું રે...
—બેની ! મું ને...૦
ઘડીઘડીમાં ઘડિયાળાં વાગે, છત્રીસે રાગ—રાગિણી ;
ઝળકત મહોલ ને ઝરૂખા—જાળિયાં, ઝાલરી વાગે ઝીણી ઝીણી..મારી બાયું રે...
—બેની ! મું ને...૦
પવન પૂતળી સિંગાસણ શોભતી, મારા નેણે નખ શિખ નીરખી ;
અંગનાં ઓશીકાં ને પ્રેમનાં પાથરણાં, ગુરુજીને દેખી હું તો હરખી..મારી બાયું રે...
—બેની ! મું ને...૦
સોના જળમાં સહસ કમળનું ,શોભે છે સિંહાસન ;
નજરો નજર દેખ્યા હરિને,તોય લોભી નો માને મંન..મારી બાયું રે...
—બેની ! મું ને...૦
સત—નામનો સંતાર લીધો, ગુણ તખત પર ગયો ;
કરમણ—શરણે લખીરામ બોલ્યા, ગુપત પિયાલો અમને પાયો..મારી બાયું રે...
—બેની ! મું ને...૦

લીળલબાઈ(મજેવડી)

ચૂંદલડીનું ચટકું દાડા ચાર રે , રંગાવો રામા ચૂંદલડી..

એવી ચૂંદલડીનું ચટકું દાડા ચાર રે રંગાવો રામા ! ચૂંદલડી...
રૂ તો મંગાવ્યાં હરજીવનના હાટના રે મન વિચાર કરી લે !
વોર્યા વોર્યા આગું ને આધાર રે રંગાવો રામા ! ચૂંદલડી..
ચૂંદલડીના સુતર સુકુળવંતીએ કાંતિયાં રે મન વિચાર કરી લે !
કાંત્યાં કાંત્યાં કાંઈ નવ મહિના નવ ટાંક રે રંગાવો રામા ! ચૂંદલડી..
ચૂંદલડીનો તાણો એ જી બ્રહ્માજીએ તાણિયો રે મન વિચાર કરી લે !
અને તાણ્યો છે કાંઈ હે જી જર્મી ને આસમાન રે.... રંગાવો રામા ! ચૂંદલડી...
ચોરાસી યોજનમાં આવી ચૂંદલડીનો તાણો તણ્યો રે મન વિચાર કરી લે !
એનો વણનારો છે ચતુર સુજાણ રે રંગાવો રામા ! ચૂંદલડી..
ચૂંદલડી ચારે છેડે મોરલા રે, મન વિચાર કરી લે !
અને વચમાં છે કાંઈ પૂનમ કેરો ચાંદ રે.... રંગાવો રામા ! ચૂંદલડી...
ચૂંદલડીને છેડે જો ને રૂડાં બીબાં પાડિયાં રે મન વિચાર કરી લે !
પાડી પાડી ચોખલીયાળી ભાત રે રંગાવો રામા ! ચૂંદલડી
ચૂંદલડી ઓઢીને અમે બજારૂંમાં નિસર્યા રે મન વિચાર કરી લે !
અને નિરખવા કાંઈ હે જી ધ્રુવ ને પ્રેહલાદ રે.... રંગાવો રામા ! ચૂંદલડી...
ઉગમશીની ચેલી સતી લીળલબાઈ બોલિયાં રે મન વિચાર કરી લે !
આવી ચૂંદલડી ઓઢયાની ઘણી મુંને હામ રે.. રંગાવો રામા ! ચૂંદલડી...

જી રે વીરા ! ઘાટ રે લુહારી તમે..

જી રે વીરા... ઘાટ રે લુહારી તમે હરિજન ઘડજો, જેને વિશ્વ બધુંએ વખાણે રે હાં...
જી રે વીરા... બુદ્ધિ રૂપી કોયલા કરોડો આ કાયામાં,એને તમે બ્રહ્મ અગ્નિથી પરજાળજો રે હાં...
જી રે વીરા... ધુમાડો ધુંધવે ત્યાં લગી ધારણા રાખો,પછી એને બાંધી કઠણ તાએ તાવો રે હાં...
જી રે વીરા... બંકનાળેથી ધમણ ધમાવો, ઊલટા પવનને સૂલટ ચલાવો રે હાં...
જી રે વીરા... હું ને મારું ઈ તો બે લોઢાના છે કટકા,એને મન કરમ વચને મિલાવો રે હાં...
જી રે વીરા... આવા આવા ઘાટ તમે સંસારમાં ઘડજો,તો તો તમે ખોટ જરિયે ન ખાશો રે હાં...
જી રે વીરા ...ઉગમશી પ્રતાપે સતી લીળલબાઈ બોલિયાં , ત્યારે તમે સાચા કસબી ગણાશો રે હાં...

લીરલબાઈ

આવો મારા શબદુંના સોદાગર..

આવો મારા શબદુંના સોદાગર વીરા ! મારા ,
ઘડી એક હીરલો દેખી, વણજું કરીએ રે હો જી...
આવો મારા શબદુંના સોદાગર વીરા ! મારા...૦
કાયા કર કોટડીને વીરો વણઝારો દાતા ! કાયા કર કોટડીને વીરો વણઝારો ,
શબદુરા ગુણ બોલીજે... આવો મારા શબદુંના સોદાગર વીરા ! મારા...૦
જહાં દેખું તિયાં બોલણહારો દાતા ! જિયાં રે દેખું તિયાં બોલણહારો ,
નમતી ધારણ કીજે ... આવો મારા શબદુંના સોદાગર વીરા ! મારા...૦

તન કર ત્રાજવાં રે મન કર તોલાં દાતા ! તન કર ત્રાજવાં રે મન કર તોલાં ,
સુંદર કાયા તોલીજે... આવો મારા શબદુંના સોદાગર વીરા ! મારા...૦
એક મેરા બેલીડાને આદર દઈએ દાતા ! એક મેરા બેલીડાને આદર દઈએ ,
પગ ધોઈ પાવળ લીજે... આવો મારા શબદુંના સોદાગર વીરા ! મારા...૦
ઉજળાને ઉજળા ફૂલ ફટકીયા દાતા ! ઉજળાને ઉજળા ફૂલ ફટકીયા દાતા ,
વાકો સંગ ન કીજે... આવો મારા શબદુંના સોદાગર વીરા ! મારા...૦
આપ બુડેને ઓરકું બુડાવે દાતા ! આપ બુડેને ઓરકું બુડાવે ,
દોનું મિલીને બુડી જે... આવો મારા શબદુંના સોદાગર વીરા ! મારા...૦
એક મારો બેલીડો ને સાહેબ સરીખા દાતા ! એક મારો બેલીડો ને સાહેબ સરીખા,
વાકો સંગ કરીજે... આવો મારા શબદુંના સોદાગર વીરા ! મારા...૦
આપ તરે ને ઓરન કું તરાવે દાતા ! આપ તરે ને ઓરન કું તરાવે ,
દોનું મિલીને તરીજે... આવો મારા શબદુંના સોદાગર વીરા ! મારા...૦
માઝમ રાતના હુવા ભુજ મેલા દાતા ! માઝમ રાતના હુવા ભુજ મેલા,
સમસ્યાયે સાધ મળી જે... આવો મારા શબદુંના સોદાગર વીરા ! મારા...૦
કર જોડીને લીરલબાઈ બોલ્યાં દાતા ! કર જોડીને લીરલબાઈ બોલ્યાં,
મન માને ભાવ ભરી જે... આવો મારા શબદુંના સોદાગર વીરા ! મારા...૦

એવા અધુરિયાંસે નો હોય દિલડાંની વાતું , મારી બાયું રે,નર પૂરા રે મળે તો....

અધૂરિયા સે નો હોય દલડાંની વાતું , મારી બાયું રે...નર પૂરા રે મળે તો રાવું રેડીએ રે...
એવા ખાડા રે ખાબોચિયાં કેરી દેડકી રે,
ઈ શું જાણે સમંદરિયાની લ્હેરૂં ,મારી બાયું રે...નર પૂરા રે મળે તો રાવું રેડીએ રે ...
કૂવાની છાંયા રે કૂવામાં જ વિસમે રે,
વળતી–ઢળતી કોઈને ન આવે એની છાંય , મારી બાયું રે...નર પૂરા રે મળે તો રાવું રેડીએ રે ...
દૂધ ને સાબુએ રે ધોયા ઓલ્યા કોયલા રે,
ઈ કોયલા કોઈ દી' ઉજળા નો થાય , મારી બાયું રે...નર પૂરા રે મળે તો રાવું રેડીએ રે ...
એવાં દૂધડાં પાઈને રે વસિયર સેવયો રે,
મૂકે નહીં ઈ મુખડાં કેરાં ઝેર , મારી બાયું રે...નર પૂરા રે મળે તો રાવું રેડીએ રે ...
દુરજનિયાની રે આડા મોટા ડુંગરા રે,
એ જી મારા હરિજનિયાની હાલું મોઢામોઢ, મારી બાયું રે...નર પૂરા રે મળે તો રાવું રેડીએ રે ...
ગુરુના પ્રતાપે રે લીરલબાઈ બોલિયાં રે,
એ જી મારા સાધુડાંનો બેડલો સવાયો , મારી બાયું રે...નર પૂરા રે મળે તો રાવું રેડીએ રે ...

ગુરુ મારા સતની વેલડિયે રે..

ગુરુ મારા સતની વેલડીએ
એવાં રૂડાં દત્તફળ લાગ્યા રે હાં...હે જી ગુરુ મારા સતની વેલડીએ રે...
બીજ વરતી બીજક જાણી, વાવી છે વિસવાસ આણી,
કરણીના ક્યારા બાંધ્યા, પ્રેમ હુંદા પાણી...ગુરુ મારા સતની વેલડીએ રે...
ઊગી છે કાંઈ અમરવેલી, એની પાડું તો પિયાળે મેલી,
ફાલી ને ફૂલી છે કાંઈ નિજિયા ધરમની વેલી...ગુરુ મારા સતની વેલડીએ રે...
ભાઈલાના ભાગ્ય જાગ્યા, વેલડીએ દત્ત ફળ લાગ્યાં,
ખરી વરતીમાં ખેલ્યાં મું મના ,અમરાપરમાં માલ્યાં....ગુરુ મારા સતની વેલડીએ રે...
વાતું તો પ્રેહલાદે જાણી, રાજા હરિશ્ચન્દ્ર તારાદે રાણી,
પાંચ પાંડવ દ્રૌપદી ,રાજા બલિને ઓળખાણી...ગુરુ મારા સતની વેલડીએ રે...
ભાયલા સું ભાવ રાખો, ડાળ્યું મેલી ફળ ચાખો ,

બોલિયા લીરલબાઈ ,દલડું હરિચરણે રાખો...ગુરુ મારા સતની વેલડીએ રે...

રમતો જોગી રે, ક્યાંથી આવ્યો ? આવી મારી નગરીમાં અલેખ જગાયો રે.

રમતો જોગી રે ક્યાંથી આવ્યો ?
હો જી રે, રમતો જોગી રે ક્યાંથી આવ્યો ?
આવી મારી નગરીમાં અલખ જગાયો રે ..
વેરાગણ હું તો બની...રમતો જોગી રે....૦
કાચી કેરી રે આંબા ડાળે હો જી રે , કાચી કેરી રે આંબા ડાળે ,
એ જી એની રક્ષા રે કરે છે કોયલ રાણી રે..
વેરાગણ હું તો બની...રમતો જોગી રે....૦
કોરી ગાગર રે ઠંડા પાણી હો જી રે , કોરી ગાગર રે ઠંડા પાણી ,
એવા પાણીડા ભરે છે નંદ ઘેર રાણી રે ..
વેરાગણ હું તો બની...રમતો જોગી રે....૦
કાને કુંડળ રે જટાધારી હો જી રે , કાને કુંડળ રે જટાધારી ,
એ જી એની નમણું કરે છે નર ને નારી રે..
વેરાગણ હું તો બની...રમતો જોગી રે....૦
બોલ્યા બોલ્યા રે લીરલ બાઈ હો જી રે , બોલ્યા બોલ્યા રે લીરલ બાઈ ,
મારા સાધુડાં તો અમરાપુરમાં મહાલે રે..
વેરાગણ હું તો બની...રમતો જોગી રે....૦

હાં હાં રે ગુરુજી ! કહો ભજન કેમ કરીએ..

હાં હાં રે ગુરુજી ! કહો ભજન કેમ કરીએ ?
અમને મળિયા અંતરજામી રે હાં... હાં હાં રે ગુરુજી ! કહો ભજન કેમ કરીએ ..
હાં... લેવાય તો રામનામ લેજો, એ જી દેવાય તો તમે ટૂકડો દેજો,
એ... હીરો પડયો મેદાનમાં , તમે લેવાય તો રામ લેજો... હાં હાં રે, ગુરુજી ! કહો ભજન...
હાં... મોટા ધણીની ફેરો માળા, તમે છોડી દ્યો આ જગતના ચાળા,
એ... ઝીણાં માંયલા ઝીણા છે મારા ગુરુજી પરવાળા...હાં હાં રે, ગુરુજી ! કહો ભજન...
હાં... બાવન છે બજારું એમાં વિરલા નર તો કોક જાવે,
એ... ધ્યાન ધરી લ્યો શૂનમાં તો તો ઝીણાં ઝંતર વાગે... હાં હાં રે, ગુરુજી ! કહો ભજન...
હાં... નિજ નામના પડદા ખોલે, ધરતી ને અંકાશ ડોલે,
એ... બોલિયા રે લીરલબાઈ મને સંત મળ્યા મોંઘા મૂલે...હાં હાં રે, ગુરુજી ! કહો ભજન...

લોયણ

ગુરુજી આવે તો તાળાં ઉઘડે , કુંચી મારા મેરમ ગુરુજીને હાથ..

ગુરુજી આવે તો તાળા ઉઘડે , કૂંચી મારા મેરમ ગુરુજીને હાથ , લાખા...
લોયણ અબળા એમ ભણે...
લાખા...હાં... કાશી રે નગરને મારગે , લખ રે આવે ને લખ જાય ,
મારા રે સાધુનો સંદેશડો, મુખેથી કહ્યો નવ જાય... લાખા ...
ગુરુજી આવે તો તાળા ઉઘડે...૦
લાખા...હાં... કાશી રે નગરને ચોવટે કસબે પડયો પોકાર ,
હરીચંદ્ર વેચે તારા લોચનાં, સાથે કુંવર રોહીદાસ ... લાખા ...
ગુરુજી આવે તો તાળા ઉઘડે...૦
લાખા...હાં... અમૃત આંબો બહુ ફળ્યો , એનાં મૂળ તો ગિયાં છે પિયાળ,

પાખું રે સરગાપુરમાં પોંચીયું , વેડનહારો રુદિયા મોજાર ... લાખા ...
ગુરુજી આવે તો તાળા ઉઘડે...૦
લાખા...હાં... ખૂંદી રે ખમે માતા ધરણી, વાઢી રે ખમે વનરાય,
કઠણ વચન મારા સંત ખમે, નીર તો સાગરમાં સમાય ... લાખા ...
ગુરુજી આવે તો તાળા ઉઘડે...૦
લાખા...હાં... જળ રે વછોઈ એક માછલી, માવતર વછોયાં નાનાં બાળ,
ટોળાં રે વછોયો એક મૃગલો , નીશ્ચે ભેળા નવ થાય ... લાખા ...
ગુરુજી આવે તો તાળા ઉઘડે...૦
લાખા...હાં... સૂરજ સમો નહીં ચાંદલો, ધરણી સમો નહીં આકાશ,
ગુરુ રે સમો નહીં ચેલકો , નિંદા સમું રે નહીં પાપ ... લાખા ...
ગુરુજી આવે તો તાળા ઉઘડે...૦
લાખા...હાં...લાખો લાખુંમાં માણતો, કરતો હીરાનાં વેપાર,
કરણી ચૂકયો ને થિયો કોઢીયો, નો રહ્યો કોડીને મૂલ ... લાખા ...
ગુરુજી આવે તો તાળા ઉઘડે...૦
લાખા...હાં... બાર બાર વરસે ગુરુ આવીયા, લેવા લાખાની સંભાળ,
હાથ રે ફેરવ્યો ને કાયા હેમની, બોલ્યાં છે લોયણબાઈ ... લાખા ...
ગુરુજી આવે તો તાળા ઉઘડે...૦

જી રે લાખા ! ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો..

હે જી રે લાખા ! ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો જી,
એ જી તમે મન રે પવનને બાંધો રે હાં...
હે જી રે લાખા ! નુરતે નીરખો ને સુરતે પરખો જી
તમે સુરતા શુન્યમાં સાંધો રે હાં...
હે જી રે લાખા ! ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો .....૦
હે જી રે લાખા ! નાદ રે બુંદની તમે ગાંઠ રે બાંધો
મૂળ વચને પવન થંભાવો રે હાં...
હે જી રે લાખા ! ઉલટા પવન થંભાવો એને સુલટમાં લાવો જી
એવી રીતે એક ઘરમાં આવો રે હાં...
હે જી રે લાખા ! ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો .....૦
હે જી રે લાખા !ઈંગલા પીંગલા સુષમણા રે સાધો જી
તમે ચંદ્ર સૂર્ય એક ઘરમાં લાવો રે હાં...
હે જી રે લાખા ! ત્રીવેણીનાં મોલમાં દેખો તપાસી જી
પછી જોતમાં જ્યોત મીલાવો રે હાં...
હે જી રે લાખા ! ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો .....૦
હે જી રે લાખા ! અનભે પદને ઓળખાવાને માટે
તમે જ્યોત ઓળાંડી આઘા ચાલો રે હાં...
હે જી રે લાખા ! શેલર્ષીની ચેલી સતી લોયણ બોલ્યાં
તમે અકર્તાના ઘરમાં આવો રે હાં...
હે જી રે લાખા ! ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો .....૦

જી રે લાખા બ્રહ્મમાં ભળવું રે હોય તો હેત વધારો..

હે જી રે લાખા ! બ્રહ્મમાં ભળવું રે હોય તો હેત વધારો જી
અને મનના પ્રપંચને મેલો રે હાં..
હે જી રે લાખા ! નુરત સુરતથી કરો ને મેળાવા જી

અને ફળની ઈચ્છાને  તમે ત્યાગો રે હાં...
હે  જી રે લાખા ! બ્રહ્મમાં ભળવું રે હોય તો હેત વધારો...૦
હે  જી રે લાખા ! તરણા બરોબર આ જગતની માયા છે
એને જાણજો મનથી જુઠી રે હાં..
હે  જી રે લાખા ! કાળને ઝપાટે એ તો ઝડપાઈ જાશે
ત્યારે જીવડો  તે જાશે ઉડી રે હાં...
હે  જી રે લાખા ! બ્રહ્મમાં ભળવું રે હોય તો હેત વધારો...૦
હે  જી રે લાખા ! જાગી ને જોશો તો તમને ઈશ્વર મળશે
ત્યારે તો મનની ભ્રાંતિ ભાંગી પડશે રે હાં
હે  જી રે લાખા !સંકલ્પ વિકલ્પની ગાંઠું બંધાણી જી
એ તો ગુરુજીનાં વચનોથી ગળશે રે હાં...
હે  જી રે લાખા ! બ્રહ્મમાં ભળવું રે હોય તો હેત વધારો...૦
હે  જી રે લાખા ! હાર ન પામો તમે હિંમત રાખો જી
અને ગુરુજીનાં વચન રસ ચાખો રે હાં
હે  જી રે લાખા ! શેલર્ષીની ચેલી સતી લોયણ બોલ્યાં
તમે વચન સમજીને સુખ માણો રે હાં..
હે  જી રે લાખા ! બ્રહ્મમાં ભળવું રે હોય તો હેત વધારો...૦

### જી  રે લાખા ! મૂળ   રે વચનનો મહિમા છે મોટો..

હે  જી રે લાખા ! મૂળ રે વચનનો મહિમા બહુ મોટો જી  હો  જી
એને સંત જ વીરલા જાણે રે હાં..
હે  જી રે લાખા ! વચન થકી જે કોઈ હોય અધૂરા    જી હો   જી ,
ઈ તો પ્રેમ રસને શું પીછાને   રે હાં ?
હે  જી રે લાખા ! મૂળ રે વચનનો મહિમા બહુ મોટો...૦
હે  જી રે લાખા ! વચન થકી તો બ્રહ્માએ સૃષ્ટિ રચાવી જી હો જી,
એ વચન થી પૃથ્વી ઠેરાણી રે હાં..
હે  જી રે લાખા ! ચોદ લોકમાં એક વચન રમે છે જી હો જી,
તેને જાણે પુરુષ પુરાણી રે હાં..
હે  જી રે લાખા ! મૂળ રે વચનનો મહિમા બહુ મોટો...૦
હે  જી રે લાખા ! એ રે વચનની જેને પ્રતીતિ આવે જી હો જી,
એ તો કદી ચોરાશીમાં નાવે રે હાં...
હે  જી રે લાખા ! વચનના ભરો સે જે કોઈ વરતે જી હો જી
એની સુરતા શુન્યમાં સમાવે રે હાં..
હે  જી રે લાખા ! મૂળ રે વચનનો મહિમા બહુ મોટો...૦
હે  જી રે લાખા ! એ રે વચન મળે શિરને સાટે જી હો જી
એ તો ઓછા માણસ ને ના કહેવું રે હાં..
હે  જી રે લાખા !સદગુરુ આગળ શીશ નમાવી જી હો જી
એના હુકમમાં હંમેશા રહેવું રે હાં..
હે  જી રે લાખા ! મૂળ રે વચનનો મહિમા બહુ મોટો...૦
હે  જી રે લાખા ! આદિ અનાદિમાં વચન છે મોટું  જી હો જી
એને જાણે વિવેકી નર પૂરા રે હાં..
હે  જી રે લાખા ! શેલરશીની ચેલી સતી લોયણ બોલ્યાં
જેને નયણે વરસે નૂરા રે હાં..
હે  જી રે લાખા ! મૂળ રે વચનનો મહિમા બહુ મોટો...૦

જી રે લાખા ! હરિ ગુરુ સંતને તમે એક રૂપ જાણો..

હે જી રે લાખા ! હરિ ગુરુ સંતને તમે એક રૂપ જાણો જી
એમાં જુદાપણું ઉરમાં નવ આણો રે હાં ..
હે જી રે લાખા ! ગુરુમાં હરિ ,હરિમાં ગુરુ એક મેકા હો જી
એને એક જાણીને રસ માણો રે હાં..
હે જી રે લાખા ! હરિ ગુરુ સંતને તમે એક રૂપ જાણો...૦
હે જી રે લાખા ! ગુરુના વિષે કદી અભાવો ન લાવો જી હો જી
ઈ જ છે સમજણ મોટી રે હાં..
હે જી રે લાખા ! જ્યાં લગી ગુરુમાં વરણ ભેદ ભાળો જી હો જી
ત્યાં લગી વાતું છે ખોટી રે હાં..
હે જી રે લાખા ! હરિ ગુરુ સંતને તમે એક રૂપ જાણો...૦
હે જી રે લાખા ! ગુરુ ને ગોવિંદ કોઈ દી' નથી જુદા જી હો જી
એવો ભરોસો ઉરમાં આવે રે હાં..
હે જી રે લાખા ! મૂળ રે વચનમાં એ છે અધિકારી જી હો જી
એને ખરેખરા ભજન દિલમાં ભાવે રે હાં..
હે જી રે લાખા ! હરિ ગુરુ સંતને તમે એક રૂપ જાણો...૦
હે જી રે લાખા ! ગુરુના ચરણુંના જે છે વિસવાસી જી હો જી
તે તો રહેણી કહેણીના ખાસા રે હાં..
હે જી રે લાખા ! શેલરસીની ચેલી સતી લોયણ બોલીયાં
ઈ તો કોઈ દી' પડે નહીં પાછા રે હાં..
હે જી રે લાખા ! હરિ ગુરુ સંતને તમે એક રૂપ જાણો...૦

વિશ્રામસાહેબ (જન્મ ઈ.સ.૧૮૨૬ અવ.ઈ.સ.૧૮૭૭)

દેખ અધર ઝણકારા જા કા ભેદ વેદ સે ન્યારા...

દેખ અધર ઝણકારા જા કા ભેદ વેદ સે ન્યારા...
સતગુરુ આયા શબદ સુનાયા, તંત મિલ્યા એકતારા,
હરદમ ધ્યાન લગાયા હરદેમેં, ખૂલ ગ્યા અગમ દુવારા...
દેખ અધર ઝણકારા જા કા ભેદ વેદ સે ન્યારા...૦
શુન શિખરમેં ધુન લગાયા, સોહં શબદ પસારા ;
ઝલમલ જ્યોતિ જાગ રહી નિશદિન, સાહેબકે દરબારા...
દેખ અધર ઝણકારા જા કા ભેદ વેદ સે ન્યારા...૦
નુરત–સુરતસેં નીરખે જોગી, જે સતગુરુકા પ્યારા ;
ગુરુગમ વિના ખોજ ન પાવે, સો નર હોત ખુવારા...
દેખ અધર ઝણકારા જા કા ભેદ વેદ સે ન્યારા...૦
કહે વિશરામ નેંનસે નીરખ્યા, સતગુરુ પ્રેમ હમારા ;
સચરાચર ભર્યા ભરપૂરા, અજર અમર અવતારા..
દેખ અધર ઝણકારા જા કા ભેદ વેદ સે ન્યારા...૦

શાદુળપીર

જો જો રે દેવંગી માની ચૂંદડી રે..

જો જો રે દેવંગીમાની ચૂંદડી, સાચી રે અમરમાની ચૂંદડી...
પરબે પૂજાય માની ચૂદડી...
પછમ ધરાના ખેતર ખેડયા, એના વાવનહારા જસો ને વોળદાન રે

જો જો રે દેવંગીમાની ચૂંદડી...
સતજુગમાં વણ એવા વાવ્યા, કળજુગમાં ઊગર્યો કપાસ ;
શુદ્ધ બુદ્ધનો ચરખો માંડયો, કૂડના કપાસિયા કાઢ...
જો જો રે દેવંગીમાની ચૂંદડી...
એની રે બાંધી દોનું ગાંસડી, હું તો પ્રેમે પીંજાવાને જાશ ;
અમરમાએ ઝીણાં સુતર કાંતિયાં, એનો વણનારો છે કબીરદાસ...
જો જો રે દેવંગીમાની ચૂંદડી...
એના રે વણિયા દો દો ફાળિયાં, એક ધરતી ને દૂજો આકાશ,
પ્રેમના પાસમાં ફાંસિયાં, બીબે પાડી રૂડી ભાત...
જો જો રે દેવંગીમાની ચૂંદડી...
ચૂંદડી ઓઢીને પરબે હાલ્યાં, સામા મળ્યા પરબના પીર ;
સાદલપીરે ગાઈ સાચી ચૂંદડી, ગરવા દેવંગી માને પરતાપ...
જો જો રે દેવંગીમાની ચૂંદડી...

શીલદાસ

જી રે સંતો ! આજ મંડપમાં આનંદ વાધ્યો રે..

હે જી રે સંતો ! આજ મંડપમાં આનંદ વાધ્યો રે જી,
તમે જતિ સતી મળીને જાગો રે હાં.
હે જી રે સંતો ! પ્રેમે રે ગુરુજીના પાંવ પખાળો જી,
તમે મનગમતા ફળ માગો રે હાં..
હે જી રે સંતો ! પ્રથમ પારવતીએ શિવજીને પૂજ્યા જી,
ઈ તો મુક્તિના ધર્મને માટે રે હાં,
હે જી રે સંતો ! ધન્ય ધન્ય બીજધર્મનું મહાતમ જી ,
ઈ તો સાટવિયું શિરને સાટે રે હાં.
હે જી રે સંતો ! બ્રહ્મા રે બ્રહ્માણી, ઈશ્વર ને પારવતી જી,
ઈ તો પંથ રૂડા પરવરિયા રે હાં,
હે જી રે સંતો ! હંસગીતાનો હાર નારદજી લઈને જી ,
ઈ તો ધર્મ લાખેણો વરિયા રે હાં.
હે જી રે સંતો ! ભક્તિ ને ભોળપણ ભેગું ન ચાલે,
તમે ચતુરાઈથી ભક્તિ સાધો રે હાં,
હે જી રે સંતો ! શીલદાસ કહે છે, આ છેલ્લો જનમ છે જી,
પછી તો જોગ મળે તે જોજો રે હાં.

સદરદીન પીર

સખી ! મહાપદ કેરી વાત..

સખી ! મહાપદ કેરી વાત, કોઈ જન જાણે રે ;
જેને સદ્‌ગુરુ મળિયા સાથ, સોહી તો પિછાણે રે...
સખી ! મહાપદ કેરી વાત...૦
સખી ! નાભિ ચક્ર ઘટમાંય, સોહમ્ ઊઠે રે ;
હંસ જપે રે અજંપાજાપ, તાર નહિ તૂટે રે...
સખી ! મહાપદ કેરી વાત...૦
સખી ! પંચકોશ પર ધામ, નિશાના ધારી રે ;
એનું ધરવું સુરતાથી ધ્યાન, શ્વાસને મારી રે...
સખી ! મહાપદ કેરી વાત...૦
સખી ! ઈંગલા પિંગલા સાર, સુખમણા નાડી રે ;

જ્યાં નુરત સુરત માત્ર હોય, મનસાને મારી રે...
સખી ! મહાપદ કેરી વાત...૦
સખી ! હિંચે હિંડોળાખાટ, શ્વાસઉશ્વાસે રે ;
એના અંગડામાં ઊઠે લ્હેર, જાવે પિયુની પાસે રે...
સખી ! મહાપદ કેરી વાત...૦
સખી ! અરસપરસના કોડ, જોયાં પરખી રે ;
એમાં સાત દીપક નવ ખંડ, જોયાં નિરખી રે...
સખી ! મહાપદ કેરી વાત...૦
સખી ! રોમે રોમે રણુંકાર, લાગ્યાં જપવા રે ;
પછી સઘળા ઘટના ચોર, લાગ્યા છીપવા રે...
સખી ! મહાપદ કેરી વાત...૦
સખી ! કહ્યા રે જેવો નહીં કાંઈ, અમારલો સ્વામી રે ;
હું તો પૂરણ પામી ભેદ, ઈ અંતરજામી રે...
સખી ! મહાપદ કેરી વાત...૦
સખી ! અલખ નિરંજન રૂપ, દેખીને મન મોહ્યાં રે ;
એમ ભણે રે સદરદીન પીર, મેં નજરે જોયાં રે...
સખી ! મહાપદ કેરી વાત...૦

જાગો રિખિસર મ સુમિયો..

જાગો રિખિસર મ સુમિયો , નુર શાહ પરગટ ભલે હુવા જી
જેણે રે ઉપાયા હી જીવ પિંડકું સંસાર રચી રચી ઢોયા જી...
જાગો રિખિસર...૦
મેઘ અંધારી જેમ વરસે, નદીએ નીર ઘટશે જી,
ચહુ દિશે ચમકે વિજળી, રહો ભાઈ ! ધરણી ગાજશે જી.
જાગો રિખિસર...૦
મેર પરવત ડુંગરા ગઢ, તે શિર મચ્છા તરશે જી,
આપ મતીલા જે મન હઠી, કાયર ડૂબી મરશે જી...
જાગો રિખિસર...૦
સચ્ચાં યારાં ને શીલવંતા, તરી પારે લગશે જી,
પીર સદરદીન બોલિયા, સચ્ચા યારાં તરશે જી...
જાગો રિખિસર...૦

સવા ભગત

જેણે સેવ્યા સાચા સંત રે..

જેણે સેવ્યા સાચા સંત રે , જેને મળિયા હરિ ગુરુ સંત રે,
અડગ મન કોઈ દી' ડગે નહીં...
ધરમીને પીડતાં અંતર દુઃખડાં ઉપજે રે, તું વિચારી જો ને ;
સદ્ગુરુ એના લાજે, જેના કુળમાં હોઈ કલેશ રે.
અડગ મન કોઈ દી ડગે નહીં...
સવરીબાઈના વચનો , હે પ્રહલાદ રાજાએ પાળીયા રે, તું વિચારી જો ને ;
પિતાએ હોમ્યા લઈ હોળીમાંય રે.
અડગ મન કોઈ દી ડગે નહીં...

સત રે છોડાવા વિશ્વામિત્ર આવિયા રે. તું વિચારી જોને ;
સત નવ છોડયું હરિશ્ચંદ્રરાય રે.
અડગ મન કોઈ દી ડગે નહીં...
દ્રૌપદીને મહેલે દુઃશાસન આવિયો રે, તું વિચારી જોને ;
ભરી સભામાં હરિએ પૂર્યાં ચીર રે.
અડગ મન કોઈ દી ડગે નહીં...
મીરાંબાઈના દુઃખને જોવા મળી'તી મેદની રે, તું વિચારી જોને ;
પણ નવ છોડયો એણે સંતો કેરો સંગ રે.
અડગ મન કોઈ દી ડગે નહીં...
નરસૈયાની નિંદા માંડી ઓલા નાગરે રે, તું વિચારી જોને ;
હુંડી સ્વીકારી, હરિએ આપ્યો હાર રે.
અડગ મન કોઈ દી ડગે નહીં...
દાસ સવો કહે છે, આ દુરિજન આવ્યા ડુબાડવા રે, તું વિચારી જોને ;
જેને હરિ ચરણમાં નેમ રે, પ્રભુ ચરણમાં પ્રેમ રે.
અડગ મન કોઈ દી ડગે નહીં...

જેને વ્હાલાંથી વિયોગ રે જેને હરિથી વિજોગ રે..

જેને વ્હાલાંથી વિયોગ રે જેને હરિથી વિજોગ રે ,
સુખેથી મન કોઈ દી' રે સૂવે નહીં...
લોચન તો લોચે છે ,કોમળ મુખને કારણે રે આતમ રે'વે નહીં..
દીન તો કરીને ગિયો છે દીનોનાથ રે..સુખેથી મન કોઈ દી' રે સૂવે નહીં...
જેને વ્હાલાંથી વિજોગ રે, જેને પિયુજીથી વિજોગ રે..સુખેથી મન કોઈ દી ' સૂવે નૈં..૦
પતિવ્રતા નારી જેનો પીયુ ગિયો પરદેશમાં રે આતમ રે'વે નહીં..
પતિના વિયોગે એ જી તલખે એના પ્રાણ રે..સુખેથી મન કોઈ દી' રે સૂવે નહીં...
જેને વ્હાલાંથી વિજોગ રે, જેને પિયુજીથી વિજોગ રે..સુખેથી મન કોઈ દી ' સૂવે નૈં..૦
પુત્રને પોઢાડી જો જનેતા ભૂલે એનું પારણું રે આતમ રે'વે નહીં..
બાળકને બળાપે એ જી છાંડે એના પ્રાણ રે..સુખેથી મન કોઈ દી' રે સૂવે નહીં...
જેને વ્હાલાંથી વિજોગ રે, જેને પિયુજીથી વિજોગ રે..સુખેથી મન કોઈ દી ' સૂવે નૈં..૦
જળથી વીખુટી એ જી છુટી જેમ માછલી રે આ તન રે'વે નહીં.....
બળતા તાપે એ જી એના છાંડે પ્રાણ રે..સુખેથી મન કોઈ દી' રે સૂવે નહીં...
જેને વ્હાલાંથી વિજોગ રે, જેને પિયુજીથી વિજોગ રે..સુખેથી મન કોઈ દી ' સૂવે નૈં..૦
ટોળા થી વછુટી એજી ઝુરે જેમ એક મૃગલી રે આ તન રે'વે નહીં..
પારધીને ભાળી એ જી છાંડે એના પ્રાણ રે ..સુખેથી મન કોઈ દી' રે સૂવે નહીં...
જેને વ્હાલાંથી વિજોગ રે, જેને પિયુજીથી વિજોગ રે..સુખેથી મન કોઈ દી ' સૂવે નૈં..૦
દાસ સવો કે'છે એ જી વીજોગણની વીનતી રે – આતમ રે' વે નહીં..
દરશન દેજો એજી દીન ને દીનાનાથ રે .સુખેથી મન કોઈ દી' રે સૂવે નહીં...
જેને વ્હાલાંથી વિજોગ રે, જેને પિયુજીથી વિજોગ રે..સુખેથી મન કોઈ દી ' સૂવે નૈં..૦

પૂરણ હારો પીર રામો, સંતોનો સમરથ ધણી..
એ જી પૂરણહારો પીર રામો , સંતોનો સમરથ ધણી ,
ઓથ રાખો ભાઈ! ઓલીયાની રિદ્ધિ સિધ્ધિ આપે ઘણી...
હો જી પૂરણહારો પીર રામદે....૦
એ જી નરસિંહ મહેતા નિરધન હતાં, નાગરોએ હાંસી કીધી ઘણી,

સાતસો રૂપિયા એ સામળિયે આવીને દુવારકામાં દીધાં ગણી...
હો જી પૂરણહારો પીર રામદે....૦
એ જી વિપ્ર સુદામે વિપત વેઠી, ખાલ સુકાણી એની દેહું તણી,
કાયમ ધણીએ કારીગર થઈને , મહેલ કંચનનાં દીધાં ચણી...
હો જી પૂરણહારો પીર રામદે....૦
એ જી દુર્યોધનને દુરમત સૂઝી , ત્રિકમ પધાર્યા તેના ભણી ,
દ્રૌપદીની  લાજ રાખી,  સાડી ઓઢાડી વગર ગણી...
હો જી પૂરણહારો પીર રામદે....૦
એ જી પશ્ચીમ ધરામાં પીર પ્રગટિયા, ખબરું લેવાને મારા ખાવન ધણી,
દાસ સવાની  દોલે આવ્યા, હરિજનોનાં મુગટ મણી...
હો જી પૂરણહારો પીર રામદે....૦

સાંઈ વલી

એવી પ્રેમ કટારી લાગી...

એની પ્રેમકટારી લાગી, લાગી રે... અંતર જોયું ઉઘાડી ;
એવી ઝળહળ જ્યોતું જાગી, જાગી રે... દસ દરવાજા નવસેં નાડી...
એવી પ્રેમ કટારી લાગી...
શબદ કટારી કોઈ શૂરા નર ઝીલે, નહીં કાયરનાં કામ,
શૂરા હોય ઈ સનમુખ લડે, ભલકે પાડી દયે નિશાન ;
એવા લડવૈયા નર શૂરા... શૂરા... રે નૂરતે નિશાનું દિયે છે પાડી...
એવી પ્રેમ કટારી લાગી...
માથડાં ગૂંથી, નેણલાં આંજી બની હું વ્રજ કેરી નાર,
પિયુને રીઝવવા તરવેણી હાલી સજ્યા સોળે શણગાર ;
એવાં રૂમઝૂમ ઝાંઝર વાગ્યાં... વાગ્યાં... રે ઓઢી મેં તો અમ્મર સાડી...
એવી પ્રેમ કટારી લાગી...
હું ને મારો પિયુજી સેજમાં પોઢયાં, નિંદા કરે નુગરા લોક ,
સારા શહેરમાં ઢંઢેરો પીટાવ્યો, અમે ઊભાં રયાં માણેક ચોક ;
એવા નુગરા મોઢે મીઠાં, એવા નિર્ગુણ નુગરાં દીઠાં... દીઠાં... રે...
મુખ મીઠાં ને અંતર જારી... પાછળથી ઈ કરે છે ચાડી...
એવી પ્રેમ કટારી લાગી...
પ્રેમના પ્યાલા સતગુરૂએ પાય, માંઈ ભરીયલ અમીરસ જ્ઞાન ;
અંધારું ટળ્યું ને જ્યોતું જાગી, સતનામની જાગી ગઈ સાન ;
એવા સાંઈવલી ક્યે છે રે હરખું હું તો દાડી રે દાડી...
એવી પ્રેમ કટારી લાગી...

સુખરામ

ભાલા વાળા રે મારી ભેરે  રે'જો...

ભાલા વાળા રે મારી ભેરો રે'જો ,  રામ રણુંજા વાળા રે ,
દેવ દુવારકા વાળા રે ,  ભાલા વાળા રે મારી ભેરો રે'જો..
—ભાલા વાળા રે મારી ભેરો રે'જો...૦
કળજુગમાં બીજું કોણ ઉગારે ? અદ્દભુત ખેલ અત્યારે  રે ,
વિઘન સઘળા કોણ વારે ? નજરું કરો ને નેજા વાળા રે...
—ભાલા વાળા રે મારી ભેરો રે'જો...
દુઃખ તણો  રે બાપા !  દરીયો ફેલ્યો, મૂળ ધરમ ઘણાએ મેલ્યો  ,
યુગ આવ્યો છે આ  તો છેલ્લો ,  નિશ્ચે  માનજો નૂરાળા રે ...
—ભાલા વાળા રે મારી ભેરો રે'જો...

પ્રપંચ પાખંડ  સૌને પીડે ,  વખત  પરમાણે સહુને  વેડે  ,
કોઈનું  નો હાલે ધરમને કેડે , વારે ચડોને ઘોડા વાળા રે...
—ભાલા વાળા રે મારી ભેરો રે'જો...
સુખરામ કે'  મારી સનમુખ રે 'જો ,  મારો મજરો માની લેજો ,
અટક પડે હરિ ઊભા રે' જો , સ્હાય કરોને  છોગાળા રે  ...
—ભાલા વાળા રે મારી ભેરો રે'જો...૦

સામત બારોટ

એકલડાના બેલી ! રામા પીર ! વારું  કરજો વેલી, આ  ઘડીએ રે..

એકલડાના બેલી  !  રામાપીર !  વારું કરજો વેલી,   રે આ ઘડીએ  રે  જી ,
કાયા નગરીને કાચો કોટ,   એમાં જમડે માંડી દોટ ,
જીવડાને લેવા ચાલી ચોટ ,  રે   આ ઘડીએ ...
—એકલડાના બેલી  !  રામાપીર !  વારું કરજો વેલી, રે આ ઘડીએ રે..૦
મન તું મેવાડો થા ,   ગઢ રણુજામાં  જા ,
સૂતા પીર રામદેને જગાડો ,  રે આ ઘડીએ...
—એકલડાના બેલી  !  રામાપીર !  વારું કરજો વેલી, રે આ ઘડીએ રે..૦
પીર !  લીલો ઘોડો છોડો ,  વણ રે  પલાણે ચડો ,
સાથે લેજો વીરમદેની જોડો ,  રે આ ઘડીએ...
—એકલડાના બેલી  !  રામાપીર !  વારું કરજો વેલી, રે આ ઘડીએ રે..૦
પીરે ઘોડો છોડયો ઝટ ઠેકાડયો રણુજાનો કોટ ,
જમડાને મારી દીધી ઠોટ , રે આ ઘડીએ ...
—એકલડાના બેલી  !  રામાપીર !  વારું કરજો વેલી, રે આ ઘડીએ રે..૦
પીરે ભાલા માર્યા ભમ્મ , જમડાનો કાઢી નાખ્યો દમ ,
હવે મારો તો વીરમદેના સમ,  રે આ ઘડીએ ...
—એકલડાના બેલી  !  રામાપીર !  વારું કરજો વેલી, રે આ ઘડીએ રે..૦
જમદૂત ભાગ્યા જાય ,એને વળી કયે છે ધરમરાય,
ઈ ઘર જાજો મા, મારા ભાઈ !   રે આ ઘડીએ...
—એકલડાના બેલી  !  રામાપીર !  વારું કરજો વેલી, રે આ ઘડીએ રે..૦
સામત બારોટે ગાયો ,   રામદાસે સુધાર્યો ,
મહિમા મારા વા'લા એ વધાર્યો , આ ઘડીએ...
—એકલડાના બેલી  !  રામાપીર !  વારું કરજો વેલી, રે આ ઘડીએ રે..૦

હમીરો

મારો હંસલો ગંગાજી નાય,ગુરુજી મારા !  ભૂલ્યા નર ભીંતુંમાં ભટકાય..

મારો હંસલો ગંગાજીમાં નાય
—ગુરુજી મારા !   ભૂલ્યા નર ભીત્યુંમાં ભટકાય...૦
પોતાના મંદિરિયાની પ્રતીત નથી  પાળતો  ને
પારકે મંદિરિયે પૂજવા ધાવે
આડા ને અવળા મુરખો ફેરા  રે   ફરે છે
ઈ તો લખ રે ચોરાશીમાં જાય..
—ગુરુજી મારા !   ભૂલ્યા નર ભીત્યુંમાં ભટકાય...૦
શૂરા હોય ઈ તો સનમુખ રે'વે    ને
કાયર કંપે રૃદિયાની  માંય
મૂરખ મનડાને    ઘણું   સમજાવું
તો યે ગાફલ ગોથાં ખાય..

—ગુરુજી મારા ! ભૂલ્યા નર ભીત્યુંમાં ભટકાય...૦
સૂમની પેઠે મુરખે માયા ભેળી કીધી
નવ ખરચે નવ ખાય
પુન્યને નામે ભાઈ! પાઈ ન વાપરી
એના મનડાંને મુગતી ક્યાંથી થાય..
—ગુરુજી મારા ! ભૂલ્યા નર ભીત્યુંમાં ભટકાય...૦
મુજ પર મહેર કરી પ્રભુ પધારો તો
દાસનાં દુઃખડા દુર થાય
શેલાણીને ચરણે બોલ્યા દાસ હમીરો
મીઠા મીઠા અમીરસ પાય..
—ગુરુજી મારા ! ભૂલ્યા નર ભીત્યુંમાં ભટકાય...૦
(આ રચના દાસી જીવણના નામે પણ ગવાય છે.)

હરજી ભાટી

અરજી મારી સાંભળો ને રણુંજાના રાય..

અરજી મારી સાંભળો ને રણુજાના રાય રે હાં...
– એવા પડઘમ વાજાં વાગ્યાં રે પશ્ચિમવાળા પીરનાં રે હો જી..
હરજી ભાટી પુરાણા રે જોધાણાની જેલમાં રે હો જી
કીધો એણે રામા ધણીને પોકાર રે હાં...
– એવા પડઘમ વાજાં વાગ્યાં રે પશ્ચિમવાળા પીરનાં રે હો જી..
રામદે ને વીરમદે રે બેઠા રમે સોગઠે રે હો જી
સોગઠે રમતાં પીરને કાને ગયો અવાજ રે હાં..
– એવા પડઘમ વાજાં વાગ્યાં રે પશ્ચિમવાળા પીરનાં રે હો જી..
ભમરીયો ભાલો રે લીધો પીરજીએ હાથમાં રે હો જી
વહારે કાંઈ આવ્યા છે નકળંગી નાથ રે હાં..
– એવા પડઘમ વાજાં વાગ્યાં રે પશ્ચિમવાળા પીરનાં રે હો જી..
પલંગથી પછાડયો રે, જોધાણાનો બાદશાહ રે હો જી
થર થર કાંપે રે જોધાણા કેરો રાય રે હાં..
– એવા પડઘમ વાજાં વાગ્યાં રે પશ્ચિમવાળા પીરનાં રે હો જી..
ભાટી હરજી ગાવે રે , રામાપીરની સાવળો રે હો જી
જેલમાં કાંઈ પીરજીની સ્થાપનાયું થાય રે હાં..
– એવા પડઘમ વાજાં વાગ્યાં રે પશ્ચિમવાળા પીરનાં રે હો જી..

આજ રામાપીર પાટે પધારો..

આજ રામદેવજી પાટે પધારો, સેવા બંદગી કરૂં રે તમારી ,
ભવસાગરમાંથી બુડતાં તારો , નાથ પકડી લ્યો ને બાંહ્ય મારી રે..
—આજ અજમલરા રામા પાટે પધારો...૦
સુનિજન મુનિજન તમને સમરે, ગોપીયું મંગળ ગાય તારાં રે ,
રાણા રાજેશ્વર , બડા તપેશ્વર, તું હી , તું હી, નામ જપે તારાં રે..
—આજ અજમલરા રામા પાટે પધારો...
લીલુડે ઘોડે પીર રામદે ચડિયા, વનમાં વાણિયાની વારે ચડયાં રે,
માર્યો ચોર ને માલ પાછો વાળ્યો ,મુએલ વાણીયો સજીવન કર્યો
—આજ અજમલરા રામા પાટે પધારો...
ધાઈ ધસીને રાક્ષસ ભૈરવાને માર્યો, ગુરુ બાળનાથનો હાથ ગ્રહી રે,
ધરણીધર થઈ વા'લે વાણ બચાવ્યું, મીસરીની તો એણે લુણ કરી રે...

—આજ અજમલરા રામા  પાટે પધારો...૦

લાખ ગુણ રામદેવના જાણું ,    મેં ધણી તારો    પરચો ભાળ્યો
હરિ ચરણે ભાટી હરજી બોલ્યા , સાચો ધણી મેં તો તું ને  ધાર્યો..

—આજ અજમલરા રામા  પાટે પધારો...૦

એવા ધુપ ને રે ધુવાડે વેલા આવજો..

એવા ધૂપ ને    રે   ધુવાડે   વેલા આવજો, એવા   આરતી   ટાણે   વેલેરા  આવજો.
આવજો આવજો અજમલના કુંવર રે રણુજાના રાજા, આરતી તાણે વેલેરા આવજો.
એવા માતા રે મીનળદે કાગળ મોકલે  સગુણા બેની જુવે તમારી વાટ રે,રણુજાનાં રાજા..
એવા પિતા રે અજમલજી કાગળ મોકલે,વીરમદેજી જુવે તમારી વાટ રે રણુજાના રાજા..
એવી ડાલીબાઈ દિલાસા મોકલે , હરજી ભાટી જુએ તમારી વાટ રે રણુજાના રાજા...

—આરતી ટાણે વેલેરા આવજો....૦

તમને ઘણી ખમ્મા પીર રામા, તમને ઝાઝી રે ખમ્મા..

તમને ઘણી ખમ્મા પીર રામા તમને ઝાઝી ખમ્મા પીર રામા
એવા પેરો પીતાંબર જામા રે... જી... હે... જી
ઢોલ નગારાં વાગે, પીરના, ઢોલ નગારાં વાગે
મારા રામદેવ પીરના આગે  રે... જી... હે... જી
પીરના લીલુડા નેજા ફરકે, પીરના, લીલુડા નેજા ફરકે
સારી દુનિયા જોઈ હરખે   રે... જી... હે... જી
પીરજીએ ભૈરવો રાક્ષસ માર્યો ,પીરજીએ ભેરવો રાક્ષસ માર્યો ,
એવા રણમાં દૈત્ય સંહાર્યો  રે... જી... હે... જી
રામા ધણી દ્વારકાના વાસી, રામા ધણી દ્વારકાના વાસી
એવા સમયે પીર પુરજો આશી  રે... જી... હે... જી
પીર નકળંગ નેજાધારી, પીર નકળંગ નેજાધારી
એવા અજમલ ઘેર અવતારીરે... જી... હે... જી
પીરના ગુણ હરજી ભાટી ગાવે.
એવા ચરણે  શીશ નમાવે હો  રે... જી... હે... જી

ધન ધન રામા પીર, લજીયા રાખજો...

ધન ધન રામાપીર લજીયા રાખજો ,પલ પલ સમરૂં  પીર, લજીયા રાખજો...
લજીયા રાખી તમે નરસી મહેતાની મામેરાની માંય  ....           લજીયા રાખજો....૦
લજીયા રાખી તમે મીરાબાઈની ઝેર કટોરાની માંય ....         લજીયા રાખજો....૦
લજીયા રાખી તમે ભક્ત પ્રહલાદની ધગતા થંભની માંય.... લજીયા રાખજો....૦
લજીયા રાખી તમે સુધન્વાની તેલ કઢાની માંય ....       લજીયા રાખજો....૦
લજીયા રાખી તમે રોહીદાસની ચર્મકુંડની માંય ....      લજીયા રાખજો....૦
લજીયા રાખી તમે ભાટી હરજીની બીડયા ગઢની માંય ....        લજીયા રાખજો....૦
હરિના  ચરણોમાં હરજી બોલ્યા, તમે  રાખો ચરણની માંય ....  લજીયા રાખજો....૦

માતા  રે મીનળદેના જાયા પીર રામ દે..

માતા રે મીનળદેના,   જાયા પીર રામ   દે
પીર મારા નોધારાના આધાર, મારા હે બાવા ... —માતા રે...૦
ખાંધે રે કામળો ને હાથમાં ગેડીયો  રે
પીર બન્યા ગાયુંના ગોવાળ, મારા હે બાવા ... —માતા રે...૦

રામો રે રમે છે રંગ મોલમાં જી રે
પીર રમે દેવળની મોજાર, મારા હે બાવા ... –માતા રે...૦
સમુન્દરમાં પોકારે ઓલો વાણિયો જી રે
પરચો પુર્યો સમન્દર મોજાર, મારા હે બાવા ... –માતા રે...૦
વણઝારાના વચનો પીરે સાંભળ્યાં જી રે
મીસરીનું લુણ પીરજી એ કીધું, મારા હે બાવા ... –માતા રે...૦
હરિને ચરણે ભાટી હરજી બોલિયા રે
દેજો અમને તમારા ચરણોમાં વાસ, મારા હે બાવા ... –માતા રે...૦

રમો રમો રામદે ખેલો કુંવર મારી પત રાખો..

રમો રમો રામદેવ ખેલો કુંવર મારી પત રાખો હર ગંગા જી
– તમે જીઓ રામદેવજી...૦
ઊગિયા ભાણને કિરણો રે કાઢી જે ' દિ
વાણિયાના વાણ હંકાર્યા જી –તમે જીઓ રામદેવજી...૦
વાણિયાના વાણ જે 'દિ બુડવાને લાગ્યાં ત્યારે
રામદેવ પીરને સમરિયા જી –તમે જીઓ રામદેવજી...૦
ખાંધે કામળીયો ને હાથમાં છે ગેડિયો
રણુજાથી પીર આવ્યા જી –તમે જીઓ રામદેવજી...૦
સોનાની લાકડી ને રૂપાની ચાખડી, ને
રૂમઝુમ કરતા આવ્યાં જી –તમે જીઓ રામદેવજી...૦
એબ રે ગેબના વાજા રે વાગ્યા ત્યારે, કાને
મંજીરા સુણાવ્યાં જી –તમે જીઓ રામદેવજી...૦
હરિ ચરણે ભાટી હરજી બોલ્યા,
તમે બાનાની પત રાખો જી –તમે જીઓ રામદેવજી...૦

રામા પીરની સમાધ્યું ગળાય, કોઈ રોકી લ્યો રોકી લ્યો..

રામા પીરની સમાધ્યું ગળાય , કોઈ રોકી લ્યો ,રોકી લ્યો , રામાપીરને...હો જી...૦
એવી માલણ લાવે રે સુગંધી ફુલડાં રે,
એમાં સુગંધ નહીં હોય રે હાં... – કોઈ રોકી લ્યો ,રોકી લ્યો , રામાપીરને...હો જી...૦
માતા મીનલ દે ઝાલ્યા છે ઘોડાના પેંગડા રે,
નેતલદેએ ઝાલી રે લગામ રે હાં...– કોઈ રોકી લ્યો ,રોકી લ્યો , રામાપીરને...હો જી...૦
વીરમદે રૂવે છે રંગ મોલમાં રે ,
ડેલીએ રૂવે છે દીવાન રે હાં... – કોઈ રોકી લ્યો ,રોકી લ્યો , રામાપીરને...હો જી...૦
હાટે રે રૂવે છે હાટ વાણીયા રે,
ચોરે રૂવે છે ચારણ ભાટ રે હાં...– કોઈ રોકી લ્યો ,રોકી લ્યો , રામાપીરને...હો જી...૦
હરિ ના ચરણોમાં હરજી ભાટી બોલીયાં રે,
દેજો અમને તમારા ચરણે વાસ રે હાં... – કોઈ રોકી લ્યો ,રોકી લ્યો , રામાપીરને...હો જી...૦

વાગે ભડાકા ભારી ભજનના..

વાગે ભડાકા ભારી ભજનના, વાગે ભડાકા ભારી રે હો જી...
બાર બીજના ધણીને સમરૂં નકળંગ નેજા ધારી...
–ભજનના વાગે ભડાકા ભારી રે...૦

ધ્રુવ રાજાએ અવીચળ સ્થાપ્યો, પ્રહલાદ લીધો ઉગારી રે હો જી...
સંધ્યા ટાણે દૈત્ય સંહાર્યો , હરિએ નોર વધારી....
—ભજનના વાગે ભડાકા ભારી રે...૦
તારાદેનું સત રાખવા માળી બન્યા' તા મોરારી રે હો જી...
સુધન્વાને નાખ્યો કડામાં , ઉકળતી દેગ ઠારી....
—ભજનના વાગે ભડાકા ભારી રે...૦
તોળી રાણીએ ત્રણ નર તાર્યા , જેસલ ઘરની નારી રે હો જી...
માલે રૂપાનાં હેરણાં હેર્યાં , આરાધે મોજડી ઉતારી...
—ભજનના વાગે ભડાકા ભારી રે...૦
પળે પળે પીર રામદેને સમરૂં , એ છે અલખ અવતારી રે હો જી...
હરિ ચરણે ભાટી હરજી બોલ્યા , ધણી ધાર્યો નેજાધારી...
—ભજનના વાગે ભડાકા ભારી રે...૦

હરભુજીને હેડે હરખ ન માય રે હાં..

હરભુજી ને હૈયે હરખ નવ માય રે હાં...
એવા ઘોડલા ચરંતા રે દીઠા રામા પીરનાં રે હો જી ...
આવી રે વધાયું રે , માનવ મેળો ઉમટયો રે હો જી ..
કરવા કાંઈ પીરજી તણાં દીદાર રે હાં... – એવા ઘોડલા ચરતાં રે....૦
હેતે ને પ્રીતે રે બેઉ બાંધવ ભેટીયા રે હો જી ...
કીધી કાંઈ કસુંબા તણી મનવાર રે હાં ... – એવા ઘોડલા ચરતાં રે....૦
વચનુંનાં વધાવે રે , પીરજી પોતે આવીયા રે હો જી...
પીરજી તમે નકળંગી છો અવતાર રે હાં ... – એવા ઘોડલા ચરતાં રે....૦
હરિના ચરણમાં રે ભાટી હરજી બોલીયા રે હો જી...
દેજો અમને તમારા ચરણોમાં વાસ રે હાં... – એવા ઘોડલા ચરતાં રે....૦

હીરદાસ

લખિયા નહીં તો મટે...

લખિયા નહિ તો મટે , જવતલ જરા નહીં ઘટે,
મેરે સાધુ રે , લખિયા લેખ નહિ તો મટે....૦
રાજા દશરથને શાપ થયો , ને સરવણ નીર તો ભરે,
તાણીને માર્યો તીરલો ને આંધળા રૂદન કરે....
– લખિયા નહિં તો મટે....૦
રામજી વનમાં પધારિયા ને શત્રુઘન રાજ કરે.
લખમણજી તો વનમાં પધારિયા ને કૌશલ્યા રૂદન કરે...
– લખિયા નહિં તો મટે....૦
હરિશ્ચંદ્રનાં રાજ ગયાં , ને નીચ ઘેર પાણી ભરે,
સતને કારણે ત્રણે વેચાણાં , રોઈદાસ રૂદન કરે...
– લખિયા નહિં તો મટે....૦
પારાધીએ બાંધ્યો ફાંસલો, ને હરણી વનમાં ચરે,
તાણીને માર્યો તીરલો રે પારધી ફંદમાં પડે....
– લખિયા નહિં તો મટે....૦
દોઈ કર જોડી હીરદાસ બોલિયા, ગુરુ મારો જ્ઞાન કરે,
લીખનવાલો લીખ ગયો રે , કરણીયે પાર ઉતરે....
– લખિયા નહિં તો મટે....૦

હોથી (અવ.ઈ.સ.૧૮૪૯)

આ તે રંગ શેનો રે, બીબે બીજી ભાત પડી..

આ તે રંગ શેનો રે, બીબે બીજી ભાત પડી ,
એવા વાલમ વ્રેહની રે, એ જી મું ને નિશાની જડી... આ તે રંગ શેનો ...૦
આતમ ચિન્યા વિના કથણી કથે, કૂડાં બ્રહ્મ ગિનાન,
ભક્તિ તણો જેને ભેદ ન લાધ્યો, મેલે ઢૂંસાની પરાણ,
એવા વાદ વદીને રે , કાઢે છે ઈ હડિયાહડી... આ તે રંગ શેનો ...૦
નટવા હોકર નાટક ખેલે, ઊભે વાંસ ચડી ,
આ પલ ચૂક્યો આતમા, અધવચ રહીશ અડી,
એવો જોગ ન સાધ્યો રે, ખેલ છે આ ખરાખરી... આ તે રંગ શેનો ...૦
શૂરા હોય તે સનમુખ રે'વે, આગુની ઓળખાણ,
પૂરવના નર પરગટ હોશે, નિત નિત અદકી સુવાસ,
એવા રણવટ ચડિયા રે, હાથે લઈને ગિનાન છડી... આ તે રંગ શેનો ...૦
નિરવિખ હો કર સમરણ કર લે, ત્રિવેણી ટંકશાળ,
દાસ હોથી ને ગુરુ મોરાર મળિયા, સબળે લીધી સાર
એવો ત્યાંથી રંગ લાગ્યો રે , કબુદ્ધિને કાઢી પરી... આ તે રંગ શેનો ...૦

એવા સતધરમે સહુ ચાલો ...

એવા સતધરમે સહુ ચાલો, ચાલો રે... શબદું કેરા અરથ કરી...
એવા જોઈ જોઈ પગલાં ભરજો, ભરજો રે... ખેલ ધરમનો ખરાખરી...
—એવા સતધરમે સહુ ચાલો...
ઓઘટ ઘાટને ઉલટા છે રસ્તા, વસમી વિકટ છે વાટ ;
શ્વાસો શ્વાસની ધૂન સાંધતાં, ઉઘડી જાય કપાટ ;
એવા પૂરણ પરિબ્રહ્મ પરખ્યા, પરખ્યા રે... જેની સુરતા સંતને ચરણે ઠરી.
—એવા સતધરમે સહુ ચાલો...
બ્રહ્મ વિછોયાં ભેદ શું જાણે, મારગડે અથડાય ;
રગવગડામાં હાલે રવડતા, ઈ તો ગાફલ ગોથાં ખાય,
જેનો દિવસ સમોવડ થાતો, થાતો રે... માથડાં એનાં ગિયાં છે ફરી...
—એવા સતધરમે સહુ ચાલો...
દાસ હોથી પર દયા કરીને, દરશન દીધા દીદાર ;
સેવક જાણી શરણે રાખ્યો, ભવજળ તારણહાર
એવા મોરાર ગુરુ મુંને મળિયાં મળિયા રે, તિયાંથી મું ને ખબર્યું પડી...
—એવા સતધરમે સહુ ચાલો...

વૈરાગ્ય તો લાગ્યો રે ગુરુજીની વાતડીયે,હાલો મારા હરિજનની હાટડિયે..

વેરાગ તો લાગ્યો રે ગુરુની વાતડીએ,
હાલો મારા હરિજનની હાટડીએ...
હીરલાની વણજું તમે કરોને વેપારી રે,
ખોટ નહીં આવે તારે ગાંઠડીએ ..
—હાલો મારા હરિજનની હાટડીએ...૦
પ્રેમના પાલવડા તમે પેરોને સોહાગણ,
ભાત પડી જાય બીજી ભાતડીએ...
—હાલો મારા હરિજનની હાટડીએ...૦
નાથજીને મેં તો મારા નેણેથી નીરખિયા,

અનુભવ કીધો મારી આંખડીએ ...
—હાલો મારા હરિજનની હાટડીએ...૦
દાસ રે હોથીને ગુરુ મોરાર મળિયા,
તાળી લાગી ગુરુ તમ વડીએ...
—હાલો મારા હરિજનની હાટડીએ...૦

સમરૂં તો સુધરે મનખા મેરા, અલ્લા હો નબીજી..

સમરૂં તો સુધરે મનખા મેરા, સમરૂં તો સુધરે મનખા મેરા રે નબીજી...
અલ્લા હો નબીજી રે, રામ ને રહેમાન તમે એક કરી માનો દાતા ! તૂં હી રે, નબીજી...
મિટ જાય ચોરાશી કા ફેરા, મટી જાય ચોરાશી કા ફેરા રે.. નબીજી ! હો , અલ્લા હો નબીજી...૦
– સમરૂં તો સુધરે મનખા મેરા રે નબીજી....૦
અલ્લા હો નબીજી રે, હાથે રે મિંઢોળ દાતા કેસરિયા વાઘા દાતા ! તૂં હી રે ,નબીજી...
શિર પે ફૂલડાં હુંદા શેરા... શિર પર ફૂલડા હુંદા શહેરા રે નબીજી ! હો , અલ્લા હો નબીજી....૦
– સમરૂં તો સુધરે મનખા મેરા રે નબીજી....૦
અલ્લા હો નબીજી રે, કાચી રે માટીકા પૂતલા બનાયા, મૌલા ! તૂં હી રે, નબીજી...
રંગ તો લગાયા ઘેરા ઘેરા... રંગ તો લગાયા ઘેરા ઘેરા રે ..નબીજી હો... અલ્લા હો નબીજી...૦
– સમરૂં તો સુધરે મનખા મેરા રે નબીજી....૦
અલ્લા હો નબીજી રે, ખૂટ ગિયા તેલ, વા મેં બૂઝ ગઈ બતિયાં મૌલા તૂં હી રે, નબીજી...
ઘટડા મેં હૂવા રે ઘોર અંધેરા... એક દિન જંગલ બીચ મેં ડેરા રે ...નબીજી હો ... અલ્લા હો નબીજી...૦
– સમરૂં તો સુધરે મનખા મેરા રે નબીજી....૦
અલ્લા હો નબીજી રે , સિકંદર સુમરાની લજ્જા તમે રાખી દાતા ! તૂં હી રે, નબીજી...
હોથી હજુરી ગુલામ તેરા... હોથી તો ગરીબ ગુલામ તેરા રે ...નબીજી હો ... અલ્લા હો નબીજી...૦
– સમરૂં તો સુધરે મનખા મેરા રે નબીજી....૦

## પરિશિષ્ટ : ૧

પદ–ભજનોના રચયિતા સંત–ભક્ત કવિઓનો ટૂંક પરિચય

૧ અક્કલદાસ

રવિભાણ સંપ્રદાયના સંત–કવિ . ભીમ સાહેબ(જન્મ–ઈ.૧૭૧૮)ના શિષ્ય. થાનગઢ (જિ. સુરેન્દ્રનગર)ના ગેડિયા બ્રાહ્મણ. ગુરુભાઈ : દાસી જીવણ.(ઇ.૧૭૫૦–૧૮૨૫)

૨ અખો (ઈ.સ.૧૬૧૫–૧૬૭૫)

મધ્યકાલીન જ્ઞાનમાર્ગી–વેદાન્તી કવિ. જન્મ જેતલપુર(જિ.અમદાવાદ)માં સોની જ્ઞાતિમાં.

૩ અખૈયો

સમર્થ જ્ઞાનમાર્ગી વાણીના સર્જક સંત કવિ. જેની ભજનવાણીમાં ગુરુમહિમા અને ભકિત–જ્ઞાન ઉપાસનાનો સમન્વય થયો છે. ભૂતનાથ (ઈ.સ. ૧૭૬૨)ના શિષ્ય. આદરિયાણા (તા.દસાડા–કે પાટડી ? જિ.સુરેન્દ્રનગર.) ગામે ભાલિયા નાડોદા રાજપૂત જ્ઞાતિમાં જન્મ.ત્યાં અખૈયાની જાળનું વૃક્ષ અને ભૂતનાથનો ચોરો છે. જગ્યા છે. ગુરુ ભૂતપુરી મુંજપુરમાં રહેતા, અખૈયો રોજ ત્યાં જાય.વરસતા વરસાદે પહોંચ્યા.એક રબારી રોજ ભૂતનાથને દૂધ આપવા આવતો, એણે ગુરુએ આપેલ દૂધ ન પીધું, અખૈયાને પાયું ને એની ચેતના જાગૃત થઈ ગઈ. કેટલાક ભજનિકો ભૂતનાથને રામદેવપીરના ગુરુ બાળનાથના ગુરુ તરીકે પણ ઓળખાવે છે,એ મુજબ ભૂતનાથ શિષ્ય અખૈયો રામદેવપીરનો કાકાગુરુ થાય અને અખૈયાની દીકરી ડાલીબાઈ બહેન થાય..પણ આ વાતને કોઈ જ પ્રમાણ મળતાં નથી..

૪ અત્તરશાહ

સૂરજગરના શિષ્ય. જ્ઞાનમાર્ગી ભજન–વાણીના રચયિતા. સંત–કવિ.

૫ અમરબાઈ

પરબના સંત દેવીદાસ (ઈ. ૧૭૨૫–૧૮૦૦) નાં શિષ્યા સંત કવયિત્રી. પીઠડિયાના ડઉ શાખાના મછોયા આહિરનાં દીકરી. સાસરે જતાં રસ્તામાં પરબની જગ્યામાં રકતપિત્તિયાઓની સેવા કરતા સંત દેવીદાસને જોઈને અંતરમાં ભકિતભાવ જાગ્યો અને વૈરાગ્યવૃત્તિ પ્રબળ બનતાં સંસાર ત્યાગ કર્યો. એમના વિશે અનેક ચમત્કારો નોંધાયા છે. અનુમાને ઈ. ૧૭૫૦–૬૦ માં અમરબાઈએ દીક્ષા લીધી હશે.

૬ અમરસંગ રાજા (રાજ્યકાળ ઈ.સ. ૧૮૦૪ થી ૧૮૪૩)

સૌરાષ્ટ્રના નાનકડા ધ્રાંગધ્રા રાજ્યના રાજવી ધ્રાંગધ્રામાં 'રામ મહેલ' નામે ઓળખાતું મંદિર બંધાવ્યું લોકો ભક્તરાજ તરીકે ઓળખતા ,ભજનોની રચનાઓ મળે છે.

૭ અરજણ (ઈ.સ. ૧૯ મી સદી પૂર્વાર્ધ)

રવિ–ભાણ સંપ્રદાયના સંતકવિ. દાસી જીવણ (ઈ.૧૬૨૫–૧૮૫૦) ના શિષ્ય. જામકંડોરણા પાસેના ભાદરા ગામના રાજપૂત. દીક્ષા ઈ. ૧૮૦૯–૧૦ માં કબીર પરંપરાની યોગ જ્ઞાનમાર્ગી ભજનવાણીના સર્જક. પ્રેમસાહેબ (ઈ.૧૭૯૨–૧૮૬૩)ના ગુરુભાઈ .

૮ આનંદઘન (ઈ.સ.૧૬૫૦માં હયાત)

જૈન સંપ્રદાયના સાધુકવિ. મૂળ નામ લાભાનંદ. સિધ્ધ– અવધૂત પરંપરાના યોગી –પ્રેમી–ભક્ત મહાપુરુષ.

૯ આંબાભગત/આંબેવ (અવ. સં. ૧૯૩૦)

ચુડા (જિ. જુનાગઢ) ના કોળી પટેલ જ્ઞાતિમાં જન્મેલા ભકતકવિ. ભીમગરજી મહારાજના શિષ્ય. પત્ની : મીણાંબાઈ, પુત્ર : હરજી, પૌત્ર : ડાયાભગત. ચુડામાં રામદેવજીનું મંદિર બંધાવ્યું. કેટલાક ભજનો–પદોની રચના. શિષ્ય : ગોવિંદ ભગત. દાસી ભાવે પદોની રચના અવ.સં. ૧૯૩૦

૧૦ કચરો – મેઘ કચરો

હરિજન–મેઘવાળ સમાજના, મહાપંથી સંતકવિ.

૧૧ કતીબશા

જેસલ–તોરલ,રૂપાંદે–માલદે(ઈ.સ.૧૩૨૬–૧૪૦૦)ના સમકાલીન રાજસ્થાની મહાપંથી સંતકવિ.જેમણે કદાચ કચ્છ–સૌરાષ્ટ્રમાં પણ પરિભ્રમણ કર્યુ હશે એમ એમની રાજસ્થાની–મારવાડી ભાષામાં રચાયેલી ભજન રચનાઓની લોકપ્રિયતા અને ગુજરાતીકરણ પામેલાં ભજનો જોતાં લાગે છે.

૧૨ કનડપરી

દશનામી શૈવ પરંપરાના સંતકવિ.

૧૩ કબીર ( ઈ.સ. ૧૩૯૮–૧૫૧૮)

ભારતવર્ષના મુખ્ય સંત, સ્વામી રામાનંદના શિષ્ય, જન્મસ્થળ : કાશી, અવસાન : મગહર. રચના : સાખી, પદ, શબદી, રવૈણી આદિ. પ્રસિદ્ધ ગ્રંથ : 'બીજક'.

૧૪ કરમણ (ઈ.સ. ૧૮૨૫માં હયાત))

રવિ ભાણ સંપ્રદાયના હરિજન સંતકવિ. મોરાર સાહેબ(૧૭૫૮–૧૮૪૯)ના શિષ્ય. વાવડી (જિ. સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા નજીક)માં વણકર જ્ઞાતિમાં જન્મ. લખીરામના ગુરુ.

૧૫ કલ્યાણ (ઈ.સ.૧૮૨૭માં હયાત)

ડાકોરના સાધુ કવિ. 'ભક્તિ એવી રે ભાઈ એવી જેમ તરસ્યાંને પાણી જેવી...'જેવાં ભજનોના રચયિતા.

૧૬ કાજી મામદશા

નાનકશાના પિતા. દીન દરવેશના શિષ્ય ભકિતમાર્ગી અને જ્ઞાન–વૈરાગ્યલક્ષી ભજનોના રચિયતા.એમના વિશે નોંધાયેલી વિગતો મુજબ ખેડા જિલ્લાના બીરપુર ગામે ઈ.સ.૧૪૬૮માં જન્મ.પિતા :કાજી હમીદ જેઓ અમદાવાદના શાહ આલમના શિષ્ય તરીકે શાહ ચાલન્દા તરીકે પણ ઓળખાતા. કાજી મામદશાનું મૂળ નામ કાજી મહેમૂદ દરિયાઈ હતું. રાજસ્થાની સાહિત્યના ઈતિહાસમાં નોંધાયેલા સંત કવિ કાઝી મહમૂદ (૧૫મી સદી)નાં ૪૫ જેટલાં પદો વિવિધ હસ્તપ્રતોમાંથી મળે છે. જૂનામાં જૂની હસ્તપ્રત ઈ.સ.૧૬૨૫ની સાલની છે.જ્યારે ઈ.સ. ૧૫૨૫ માં સહજસુંદર નામના જૈન કવિએ' રત્નસાર ચોપાઈ'માં કાઝી મહમૂદના એક પદ 'ભૂલા ભમરલા કાંઈ ભમઈ એ'ના ઢાળ મુજબ રચના કરી છે.

૧૭ કાપડી બાવો

કાપડી પંથના–સંભવતઃ કચ્છના અજ્ઞાત સાધુકવિ.

૧૮ કાળાભગત (ઈ.સ. ૧૮૫૪)

થોરખાણ (બાબરા પાસે) ના હરિજન ભકત કવિ. જન્મ વિ.સં.૧૯૧૦ ઈ.સ. ૧૮૫૪. ગુરુ : દેહાભગત રચના : ભજનો.

૧૯ કાળુજી (જન્મ ઈ.સ. ૧૮૭૧, અવ. ઈ.સ. ૧૯૪૧)

મેઘપુર (ટંકારા પાસે, જિ. રાજકોટ)માં ઝાલા ગરાસિયા કુટુંબમાં સં. ૧૯૨૭ ચૈત્ર સુદ–૪ મંગળવારે જન્મ. પિતા : ખેંગારજી, માતા : ફઈબા. વિવાહઃ કરણીબા સાથે(૧૯૪૬ માગશર સુદ–૧૦) ઈ.સ. ૧૮૯૦ ગુરુ : મંગળગરજી (મારવાડના બખશાજી મહારાજની પરંપરાના) પાસે ઈ.સ. ૧૮૯૩ સં. ૧૯૪૯ ભાદરવા સુદ ૨ ને દિવસે દીક્ષા લીધી. રચના : ભક્તિ, જ્ઞાન, યોગ અને ઉપદેશની ભજનવાણી જેમાં કીર્તન, કુંડળિયા, ભજન, પદ, બારમાસ, કાફી, સંધ્યા, પ્રભાતી, સાવળ, પ્યાલો, ઝીલણિયાં, ધોળ, સરવડાં, થાળ, અંતકાળિયાં, આરતી, સ્તુતિ, રાસ, રાસડા, તિથિ, વાર, મહિનો, પરજ અને સાખીયો જેવી રચનાઓ ઉપરાંત ૧૪૦ જેટલી પંકિતઓમાં 'ચિંતામણી' ૧૨૫ જેટલી પંકિતઓમાં ' ક્કકા' ૩૦ જેટલા

'કુંડળિયા' અને ૧૫૦ જેટલી સાખીઓ પ્રકાશિત થઈ છે. ખેંગારજી અવ.ઈ.સ.૧૯૧૩. માતા ફઈબા અવ.ઈ.સ.૧૯૧૯ પત્ની અવ.ઈ.સ. ૧૯૨૦

૨૦ કાયમદીન – પીર કાયમુદ્દીન ચિશ્તી (ઈ.સ.૧૬૯૦–૧૭૬૮)

ચિશ્તિયા સૂફી પરંપરાના સંતકવિ. જન્મ :મહેસાણા જિલ્લાના કડી ગામે, પિતા : સુફી સંત બદરૂદ્દીનસાહેબ. અવસાન–મહારાષ્ટ્રના નંદરબાર નજીકના કોઈ ગામે, તેમના દેહને એકલબારા (તા.પાદરા, જિ.વડોદરા) ભૂમિદાહ અપાયો,અને દરગાહ બાંધી છે. શિષ્યા–સંત કવયિત્રીઓ રતનબાઈ,દીવાળીબાઈ વગેરે..

૨૧ કેશવલાલ સાયલાકર (ઈ.સ.૧૮૯૫–૧૯૭૨)

અર્વાચીન સમયના આખ્યાનકાર–સંતસાહિત્ય સંશોધક અને કવિ–ભજનિક. જેમણે 'રામદેવ રામાયણ'ગ્રંથ દ્વારા ગુજરાતમાં રામદેવપીરનો વિશેષ પ્રચાર–પ્રસાર કર્યો છે.'મહાત્મા મૂળદાસ', 'સતી લોયણ', 'સતી તોરલ', 'દેવાયત પંડિત', 'શેઠ સગાળશા', 'ગોરખ નાથ', 'ભતૃહરિ', 'ગંગાસતી' વગેરે આખ્યાનો તથા કાવ્યસંગ્રહો 'રામસાગર', ' કડવાભગતની વાણી'.

૨૨ ખીમરો કોટવાળ

મહાપંથના સંત. નિજિયાપંથી, બીજમાર્ગી પાટપૂજાના સમયે કોટવાળ થવાની લાયકાત ધરાવનાર હરિજન (મેઘવાળ) ચમાર કે વણકર ભકત. મૂળ રાજસ્થાનના પોકરણ તરફના વતની ને પછી ઢેલડી (આજનું મોરબી કે એની પાસેનું કોઈ ગામ) માં નિવાસ. પત્ની : દાડલદે રાજા રાવત રણસિંહને સતધર્મનો ઉપદેશ આપી મહાપંથની દીક્ષા આપનાર સંતકવિ. એમની વાણીમાં મહાપંથની સાધના, તેના સિધ્ધાંતો અને સંતોની યાદી મળે છે. અધ્યાત્મબોધ, આગમ અને રૂપકાત્મક પદો–ભજનોના રચયિતા . રાજસ્થાનમાં ખીંવણજી નામના એક સંત કવિની રચનાઓ ગવાય છે એ ખીંવણજી રાજસ્થાનના જૂની દૂધુ ગામે ભાટીવંશમાં થઈ ગયા. જે વિ.સં.૧૨૫૦માં પીર શમસના શિષ્ય બનેલા.

૨૩ ખીમસાહેબ / ખેમદાસ / ખીમદાસ (ઈ.સ. ૧૭૩૪–૧૮૦૧)

રવિભાણ સંપ્રદાયના તેજસ્વી સંતકવિ. સંપ્રદાયના આદ્યપુરુષ ભાણસાહેબના પુત્ર અને શિષ્ય. માતા ભાણબાઈ જ્ઞાતિએ લોહાણા. જન્મ : વારાહી (તા. સાંતલપુર, જિ. બનાસકાંઠા). ખીમસાહેબને આ સંપ્રદાયના અનુયાયીઓ 'ખલક દરિયા ખીમ' કે 'દરિયાપીર' તરીકે પણ ઓળખાવે છે. એમના જીવન વિશે અનેક ચમત્કારો આલેખાયા છે. કચ્છના ખારવાઓમાં એમણે 'રામકબીરપંથ' નો પ્રચાર કરેલો. હરિજન જ્ઞાતિના ત્રિકમ–ભગતને દીક્ષા આપીને એમણે 'રવિ–ભાણ સંપ્રદાય'માં વાડીના સાધુઓની તેજસ્વી સંત કવિઓની આખી પરંપરાના બીજ રોપ્યાં હતા. જેમાંથી ત્રિકમસાહેબ. ભીમસાહેબ. દાસીજીવણ જેવા સંત રત્નો મળ્યાં. ઈ.સ. ૧૭૭૧ માં રાપર (જિ. કચ્છ) માં ખીમસાહેબે જગ્યા બાંધી, એ જ સ્થળે ઈ.સ. ૧૮૦૧ માં જીવતાં સમાધિ લીધી. રચના : 'ચિંતામણી'/ખીમદાસ કૃત 'ચેતામણી' (હિન્દી રચના) ઉપરાંત કાફી, ગરબી, આરતી. અને વિવિધ પ્રકારનાં ભજનો. હિન્દી, ગુજરાતી અને કચ્છી બોલીમાં.રવિસાહેબ પાસેથી પણ સાધના માર્ગદર્શન મેળવેલું. .સાખી –ચોપાઈ બંધની ૫૮ કડીની જ્ઞાનમાર્ગી હિન્દી 'ચિંતામણી' (૨.ઈ.૧૭૭૦)

૨૪ ગણપતરામ

નિરાંત(ઈ.સ.૧૭૪૭–૧૮૫૨) સંપ્રદાયના જ્ઞાનમાર્ગી કવિ, જન્મ અને વતન : ઝણોર (ભરૂચ)જ્ઞાતિએ મેવાડા સુથાર.. સમય : ઈ.સ.ની ઓગણીસમીનો પૂર્વાર્ધ, ગુરુમહિમા અને જ્ઞાનવૈરાગનાં પદો ભજનોના રચયિતા. બીજા ગણપતરામ પણ ભરૂચ જિલ્લાના સિસોદરા ગામના બ્રાહ્મણ કવિ હતા.જેના હિન્દી–ગુજરાતી વેદાન્તી જ્ઞાનમાર્ગી પદો હસ્તપ્રતોમાં મળે છે.

૨૫ ગંગાદાસ –ગંગારામદાસબાપુ

કેશોદ તાલુકાનું ગેલાણા ગામ.મઢી– આશ્રમ. જન્મ : આગ્રાથી ૧૨ માઈલ ઠકરઈ ગામે. ઈ.સ. ૧૮૯૦. આઠ વર્ષે ઘર છોડયું.ભરતપુરના રામભુષણદાસજી પાસે દીક્ષા.૪૧ વર્ષ દેશાટન કર્યું.ઈ.સ. ૧૯૫૩માં ગુરુનું અવસાન.૮૭વષે ૧૯૭૭ ફાગણ વદી ૫ ગુરુવારે દેહત્યાગ.

૨૬ ગંગાબાઈ– ગંગામાતાજી / ગંગાદાસજી

પરબના સંત, કાનદાસજીના અવ.સં.૧૯૬૧ પછી મહંત પદે. સં.૨૦૦૨ શ્રાવણ વદી ૪ અવસાન એ પહેલાં સં.૧૯૯૨ આસો સુદ. ૧૦ રવિવારે બાળકદાસજીને મહંત પદે સ્થાપેલાં.

૨૭ ગંગાસતી (સમાધિ : ઈ.સ. ૧૮૯૪)

સંત કવયિત્રી. સમઢિયાળા (જિ. ભાવનગર ધોળા જંકશન પાસે)ના કહળુભા/કસળસિંહ ગોહિલનાં પત્ની. ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકામાં આવેલ રાજપરા ગામે ક્ષત્રિય જ્ઞાતિમાં ભાઈજીભી સરવૈયા અને માતા રૂપાળીબાને ત્યાં જન્મ. લગ્નના દાયજામાં પઢીયાર શાખના હમીરભાઈ ખવાસની દીકરી પાનબાઈને સમઢીયાળા લઈ ગયેલ (વિ.સં. ૧૯૨૦). સંતાનો : પુત્રી–બાઈરાજબા (જન્મ સં. ૧૯૨૨), હરિબા–(જન્મ સં. ૧૯૨૪). દેહત્યાગ વિ.સં. ૧૯૫૦, ફાગણ સુદ ૮, ગુરુવાર તા. ૧૫–૩–૧૮૯૪ સમઢીયાળા ગામે. સંભવત : ભોજાભગતના ગુરુ રામેતવનનાં શિષ્યા. તેમના પતિએ પોતાની ભકિતની કપરી કસોટી આપવાનો સમય આવ્યો ત્યારે થયેલા ચમત્કારને કારણે વ્યકિતપૂજાની બીકથી સમાધિ લેવાનો સંકલ્પ કર્યો એની સાથે ગંગાસતી સમાધિ લેવા તૈયાર થયાં પણ પતિ આજ્ઞાએ પાનબાઈને બાવન દિવસ સુધી રોજ ભજનવાણીની રચનાઓ કરીને મહામાર્ગનો પૂર્ણ ઉપદેશ આપ્યા બાદ સમાધિ લીધી. એમની ભજનવાણીમાં 'નિજારપંથ' 'બીજમાર્ગે', મહાપંથની સાધનાનું આલેખન થયું છે. શીલ, સત્સંગ, ગુરુઉપાસના, વૃત્તિવિરામ. મિતવ્યવહાર અને યોગક્રિયા ઈત્યાદિ પગલાંની બનેલી વિકટવાટનું સદષ્ટાંત દર્શન કરાવતાં તેમનાં ભજનો સૌરાષ્ટ્રની 'સંતવાણી' ની આગવી મૂડી છે. કહળુભા અને ગંગાસતીની તથા પાનબાઈની સમાધિઓ સમઢિયાળા ગામે કાળુભાર નદીને કાંઠે આવેલી છે.

૨૮ ગંગેવ (કંથડનાથ શિષ્ય)

નાથ સંપ્રદાયના અનુયાયી સંતકવિ. સધુક્કડી ગુજરાતી–હિન્દી ભાષામાં ભજનોના રચયિતા.

૨૯ ગંગેવ

પરબની જગ્યાના ભજનિક કવિ. મા હુરાંના શિષ્ય. રચના : ભજનો. સમાધિ : ધોરાજીમાં –માં હુરાંની સમાધિ પાસે. પરબની મોટી જગ્યા.કેટલાક ભજનિકો પરબના ગંગાબાઈ–ગંગામાતાજીએ જ ગંગેવદાસી નામાચરણથી ભજનો ગાયાંછે એમ માને છે.

૩૦ ગેમલ (ઈ.સ.૧૮૫૦માં હયાત)

જ્ઞાનમાર્ગી કવિ. કૂકડ (જિ.ભાવનગર). તેમની સમાધિ કેવદ્રા (જિ.જૂનાગઢ) મુકામે તેમની દીકરીના ગામમાં આવેલી છે. રામનાથ (બીલખા, જૂનાગઢ)ના જેરામ ભારતી અને રામેતવન ('ભારતી' અને 'વન')ની દશનામી પરંપરાના હરિદાસ(ખદડપર)ના ઉપદેશથી જીવનપરિવર્તન, તેમના ઉપદેશનાં ભજનો ખૂબ લોકપ્રિય છે.

૩૧ ગોરખનાથ (ઈ.સ.૯૦૦ આસપાસ હયાત)

નવનાથમાંના એક, મત્સ્યેન્દ્રનાથના શિષ્ય, જન્મસ્થળ પેશાવર (વર્તમાન પાકિસ્તાન). સમય : ઈ.સ.ની નવમી સદી. યુવાવસ્થામાં ગૃહત્યાગ, ભારતભ્રમણ, નેપાળ અને સૌરાષ્ટ્ર–ગિરનારમાં તપશ્ચર્યા. ઉત્તરાવસ્થા અને અવસાન : ગોરખનાથમઢી, સોમનાથના દરિયાકિનારે. રચના : સંસ્કૃત, અપભ્રંશ અને હિન્દીમાં સાખી, આરતી, પદ શબદી, ગોષ્ઠી વગેરે.

૩૨ ગોવિંદ–ગોવિંદગર

આધ્યાત્મિક જ્ઞાન–ભકિત વિષયક ભજનોના કર્તા. ઈ.સ. ૧૯૦૦ ની હસ્તપ્રતમાં રચનાઓ.
નરસંડા (તા.આણંદ) ગામના. સં.૧૯૪૧માં ચેતવણી. સાખી, જ્ઞાનમાર્ગી ભજનો...

૩૩ ગૌરીબાઈ (ઈ.સ.૧૭૫૯–૧૮૦૯)

જ્ઞાનમાર્ગી સંતકવયિત્રી,વડનગરા નાગર જ્ઞાતિમાં ડુંગરપુર ગામે જન્મ.છસો ઉપરાંત ગુજરાતી–હિન્દી–રાજસ્થાની પદો–ભજનોના રચયિતા સાધ્વી.

૩૪ છોટમ (૧૮૧૨–૧૮૮૫)

છોટાલાલ કાળિદાસ ત્રિવેદી–ત્રવાડી. સાઠોદરા નાગર જ્ઞાતિમાં મલાતજ(તા.પેટલાદ,જિ.ખેડા) ગામે જન્મ. વ્રજલાલ કાળિદાસ શાસ્ત્રીના મોટાભાઈ.ગુજરાતી તથા વ્રજભાષામાં ચારસોથી વધુ પદો–ભજનો–કાવ્યોનું સર્જન.

૩૫ જેઠીરામ (ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ)

કચ્છ પ્રદેશના સંતકવિ. દેવા સાહેબના પટ્ટશિષ્ય. કચ્છના રાવ રાયઘણજી–૧ની પાંચમી પેઢીના સંતાન. જાડેજા રાજપૂત કુટુંબમાં સતાજી જાડેજાને ત્યાં જન્મ. જન્મનામ જેઠુજી દેવાસાહેબનું અવસાન થતાં હમલા (કચ્છ) ની ગાદી પોતે ન સંભાળતાં દેવાસાહેબના પૌત્ર રામસિંહજી ઉંમરલાયક થયા ત્યાં સુધી તેમના વતી વહીવટ કરેલો. અનેક ભાવવાહી ભજનો સંતવાણીની રચના. હિન્દીની છાંટવાળી ગુજરાતી ભાષામાં અને કચ્છી–હિન્દી ભાષામાં રચાયેલાં આ ભજનો સૌરાષ્ટ્રના ભજનિકોમાં ખૂબ લોકપ્રિય છે. વિ.સં.૧૮૧૭ ઈ.સ. ૧૭૬૧ માં કચ્છ પડેલા દુષ્કાળ વખતે અન્નદાન ને લોકસેવા પણ તેમણે કરેલા.

૩૬ જેમલભારથી– સંભવતઃ જેમલજી (ઈ.સ.૧૮૨૦)

ધ્રાફાના જાડેજા રાજપુત કુટુંબમાં જન્મ. સંતકવિ. મૂળનામ : જાલમસિંહજી જાડેજા. રચના : ભજનો.ગુરુ : જમનાનંદજી બાપુ, ફુલઝર નદીને કાંઠે આવેલી ટેકરી પર દતાત્રેયના પગલાં પધરાવ્યાં ત્યાં જગ્યા આશ્રમ મોજુદ છે.

૩૭ જેસલ/જેસલપીર (ઈ.સ.૧૩૮૦માં હયાત)

કચ્છના આ સંતકવિનું ચરિત્ર જુદા જુદા પ્રકારે આલેખાયું છે. મહાપંથના બીજમાર્ગી નિજારી સંપ્રદાયના અનુયાયી જેસલનો જન્મ કચ્છના દેદા વંશના જાડેજા રાજપૂત ચાંદોજીને ત્યાં થયો હતો એમ નોંધાયું છે. જેસલનું પૂર્વજીવન રાજય સામે બહારવટે ચડેલા કાળજાળ લૂંટારા તરીકે સર્વત્ર આલેખાયું છે. સૌરાષ્ટ્રના સલડી / સરલી / વાંસાવડ ગામના સંત રાજવી સાંસતિયા કાઠીને ત્યાં તેની ઘોડી અને તલવાર ચોરવા જતાં પાટપૂજન વિધિ સમયે અચાનક સાંસતિયાની પત્ની તોરલને જોઈ. કુર અને પાપી જેસલના જીવનનો ઉદ્ધાર કરવાના આશયથી સાંસતિયાને પોતાની ઘોડી–તલવાર સાથે તોરલ/તોળીરાણી પણ જેસલને સોંપી દીધી. અનેક કસોટીઓની વચ્ચે તોરલે એનો બચાવ કર્યો અને ધીરે ધીરે જેસલનું હૃદય પરિવર્તન થતાં મહામાર્ગમાં દીક્ષિત થયા પછી એણે ભજનવાણીની રચનાઓ કરી છે. જેમાં પોતાના પાપોનું પ્રાયશ્ચિત અને હૃદયવ્યથાનું નિરૂપણ છે. અંજાર (કચ્છ)માં જીવતાં સમાધિ લઈ લેનાર જેસલ આજે 'જેસલપીર' તરીકે પુજાય છે. રાજસ્થાનના ભાટી ઉગમશીના શિષ્ય સંત માલદે–રાવ મલ્લીનાથ(ઈ.સ.૧૩૨૮ અથવા ૧૩૩૧માં જન્મેલા અને ઈ.સ.૧૩૯૯માં જેમણે સજોડે જીવંત સમાધિ લીધી એવા મેઘ ધારૂનાં શિષ્યા સંત કવયિત્રી સતી રૂપાંદેના પતિ) સાથેની જેસલની મૈત્રી અને મેળાપના ઉલ્લેખો ધરાવતાં ભજનો મળે છે. જેસલની સમાધિ વખતે માલદેની હાજરી અંજારમાં છે.આ રીતે જેસલ–તોરલ અને રૂપાંદે–માલદે રામદેવપીર(ઈ.સ.૧૩૫૧–૧૪૫૯ વિ.સં.૧૪૦૭–૧૫૧૫)ના પૂરોગામી પાટ ઉપાસક મહાપંથી સાધકો છે. રામદેવપીર રચિત 'ચૌબીસ પ્રમાણ' કૃતિમાં જેસલ–તોરલ, રૂપાંદે–માલદે,ભાટી ઉગમશી વગેરે ભક્તોનાં નામો પણ મળે છે.

૩૮ ડુંગરપૂરી

(ઈ.સ. ૧૭૯૪માં હયાત) મારવાડ–રાજસ્થાનના સંત કવિ. ભાવપૂરીના શિષ્ય. જોધપુર પાસેના ચીહઠણ ગામે તેમનો આશ્રમ છે. પૂર્વાશ્રમમાં તેઓ જેસલમેરના પુરોહિત બ્રાહ્મણ હતા તેવું મનાય છે, તો વિરમગામ તાલુકાના દેત્રોજ ગામના વણકર માવજી ભગત અને માતા રૂડીબાને ત્યાં જન્મેલા એવી દંતકથા પણ મળે છે. પાલનપુર તાલુકાના અમીરગઢમાં સમાધિ લીધેલી. રચના : હિન્દી, ગુજરાતી, મારવાડી ભજનો.

૩૯ તિલકદાસજી (ઈ.સ. ૧૮૫૯–૧૯૩૨)

કબીરપંથી–રવિભાણ સંપ્રદાયના હરિજન સંત. જન્મ નામ : તેજાભાઈ. માનસદાસજી મહારાજ પાસે પુનઃ દીક્ષા–ગુરુમંત્ર. ૭૫ વર્ષની વયે ઈ.સ. ૧૯૩૨ માં સમાધિસ્ત થયા. ભારાપર (કચ્છ)માં તેમની ગુફા છે. કચ્છના વિરાણી ગામે હરિજન કુટુંબમાં જન્મ નાની ઉમરે ઘર છોડી ભાગ્યા, ભાણસંપ્રદાયના સાધુ બાલકદાસજી પાસે દીક્ષા તેજાભાઈને બદલે તિલકદાસ નામ. જન્મઃવિ.સં.૧૯૧૫ કારતક સુદ પૂનમ અનેસોમવાર તથાદેહત્યાગ વિ.સં.૧૯૮૮માગશર વદ આઠમ ને શુક્રવાર.

૪૦ તુલસીદાસ

ગુજરાતમાં તુલસીદાસ નામના ત્રણ કવિઓ નોંધાયા છે.તુલસીદાસ–૧(ઈ.૧૬૭૬માં હયાત)ધોળકા પાસેના લીલાવતી લીલાપુરના વતની જ્ઞાતિએ રાયકવાળ બ્રામ્હણ પિતા–મંગલ. ૧૧૪ અધ્યાયની 'પાંડવાશ્વમેધ '(૨.ઈ.૧૬૭૬) તુલસીદાસ–૨ ,મધ્યકાલીન આખ્યાન કવિ. કુતિયાણા (જિ. જૂનાગઢ)ના સારસ્વત બ્રાહ્મણ કુટુંબમાં માધવ / માધવજીને ત્યાં જન્મ : રચના : ધ્રુવાખ્યાન, ઈ.સ. ૧૬૨૮ થી ૫૮ વચ્ચે હયાત હોવાનું નોંધાયું છે. આ રચના હાથપ્રતોમાં તેમના પુત્ર વૈકુંઠના નામે પણ મળે છે. તુલસીદાસ–૩ ,લીલિયા (જિ. અમરેલી) ના મધ્યકાલીન સર્જક. રચના 'અ મેઘ' પર્વ ઈ.સ. ૧૬૬૬.એ ઉપરાંત 'રામ ચરિત માનસ'ના રચયિતા તુલસીદાસજીનાં કેટલાંક પદો ગુજરાતીકરણ પામીને પણ લોકભજનિકોમાં ગવાય છે.

૪૧ તોરલ/તોળલ/તોળાંદે/તોળીરાણી (ઈ.સ.૧૩૮૦માં હયાત)

મહાપંથનાં સંત કવયિત્રી. ગુજરાતી ભાષાનાં આદ્ય કવયિત્રી. બીજમાર્ગી નિજારી પાટપૂજામાં 'સતી' તરીકેનું સ્થાન ધરાવનારાં, સૌરાષ્ટ્રના સરલી/સલડી કે વાંસાવડના સંત રાજવી સાંસતિયા કાઠીનાં પત્ની. જેમણે જેસલ જાડેજાને 'જેસલ પીર' બનાવ્યો. સમાધિ : કચ્છ– અંજાર. એમની ઘણી ભજનરચનાઓ અત્યંત લોકદાર પામી છે.ધારી પાસે સરસીયા ગામે તોરલ અને સાસતિયાની જગ્યા છે એમ કહેવાય છે. સાસતિયાની સમાધિ ભૂચરમોરીના સ્થાને. સઘીર શેઠ વહાણિયાનું સ્થાન પણ સરસીયા ગામે હોવાનું કહેવાય છે.પરંતુ આ સ્થળો વિશે કોઈ ઐતિહાસિક પ્રમાણો સાંપડતાં નથી.

૪૨ તોરલપુરી– તુડાપુરી/તુલાપુરી

ગિરનારી રૂખડિયા સંત–કવિ. હિન્દી ગુજરાતી મિશ્ર ભાષામાં ગણપતિ સ્તુતિનાં અને અન્ય અધ્યાત્મ વિષયક ભજનો. આ ભજનોમાં પાઠાંતરે તોડાપુરી કે તોરલપરી નામ પણ મળે છે.

૪૩ ત્રિકમસાહેબ (ઈ.સ.૧૭૨૬–૧૮૦૧)

રવિ–ભાણ સંપ્રદાયના સંતકવિ. ખીમસાહેબના શિષ્ય. કચ્છમાં રામવાવ ગામે (તા. રાપર) હરિજન ગરોડા જ્ઞાતિમાં જન્મ, રામગિર નામના જોગી મહાત્માની પ્રેરણાથી ભાણસાહેબના પુત્ર ખીમસાહેબના નાદશિષ્ય બન્યા. કચ્છના વાગડ વિસ્તારમાં ચિત્રોડ ગામે ગાદીની સ્થાપના કરી. ત્રિકમસાહેબના આગમનથી રવિ–ભાણ સંપ્રદાયમાં હરિજનોને સ્થાન મળ્યું અને આગળ જતાં 'વાડીના સાધુ' તરીકે ઓળખાતા હરિજન સંત–ભકતો–કવિઓની સમૃદ્ધ પરંપરા મળી. હિન્દી અને ગુજરાતી ભાષામાં રચાયેલી એમની ભજનવાણી ઉપર કબીરસાહેબની અને તેમની વાણીનો વ્યાપક પ્રભાવ પડયો છે. એમાં આધ્યાત્મિક ઉન્માદની લહેરો વ્યકત થઈ છે. શિષ્યો : ભીમસાહેબ (આમરણ) અને નથુરામ (રાધનપુર)

સમાધિસ્થાન : રાપર ગામે. ( જન્મ તા. ૫.૮.૧૭૨૬ શ્રાવણ વદ ૮ સોમવાર વિ.સં.૧૭૮૨ ,સમાધિ વિ.સં.૧૮૫૭ ચૈત્ર સુદ બીજઈ.સ.૧૮૦૧ .

૪૪ દયાનંદ/મુંડિયા સ્વામી (ઈ.સ. ૧૮૫૨–૧૯૨૯)

ડમરાળા ગામે શ્રીગોડ માળવી બ્રાહ્મણ જ્ઞાતિમાં કાશીરામ અને પાનબાઈને ત્યાં ઈ.સ.૧૮૫૨માં વિ.સં. ૧૯૦૮માં ભાદરવા સુદ ૧૫ સોમ જન્મ. જામનગરના સાધુ બ્રહ્માનંદ પાસે ઈ.સ. ૧૮૮૬માં દીક્ષા. જૂનાગઢના રેવન્યુ ખાતામાં અથવા પોલીસ ખાતામાં નોકરી કરતા. એકવાર વિના કારણ નિરપરાધીને દંડ કર્યો, પાછળથી પશ્ચાતાપ થતાં રાજીનામું આપી સન્યસ્ત ધર્મ સ્વીકાર્યો. ઈ.૧૯૨૯માં જામનગરમાં ગુરુ બ્રહ્માનંદની સમાધિ પાસે સમાધિ લીધી. રચના : ઉપદેશાત્મક જ્ઞાનમાર્ગી સંતવાણી ભજનો. અખાની પરંપરાની જ્ઞાનમાર્ગી કવિ.

૪૫ દયારામ (ઈ.સ.૧૭૭૭–૧૮૫૩)

મધ્યકાળના અંતિમ સમયના ગણાતા ,પ્રેમલક્ષણા ભક્તિધારાના પ્રમુખ ભક્તકવિ.વડોદરા જિલ્લાના ચાણોદના વતની. જન્મ : ચાણોદ અથવા મોસાળના ડભોઈ ગામે. સાઠોદરા નાગર જ્ઞાતિમાં પ્રભુરામ ભટ્ટ અને માતા રાજકોરબાને ત્યાં વિ.સં.૧૮૩૩ ભાદરવા સુદ ૧૧ શનિવારે, અવસાન : વિ.સં.૧૯૦૯ મહા વદ ૫ સોમવાર. ઈષ્ટદેવ હાટકેશ્વર,કુલધર્મ પુષ્ટિમાર્ગી વૈષ્ણવ.

૪૬ દલુ વાણિયો

'રામદેવપીરનો હેલો' જેવી મારવાડી–ગુજરાતી ભાષાઓમાં ગવાતી અત્યંત લોકપ્રિય રચનાના રચયિતા ભક્તકવિ. સંભવતઃ રાજસ્થાન–મારવાડના વતની. ભાટી હરજી(ઈ.સ.૧૭૦૧–૧૭૮૧)ના સમકાલીન હોવાનો સંભવ છે.

૪૭ દાસી જીવણ/જીવણસાહેબ/જીવણદાસજી (ઈ.સ. ૧૭૫૦–૧૮૨૫)

રવિ ભાણ સંપ્રદાયના તેજસ્વી સંત કવિ. ભીમસાહેબના શિષ્ય. જન્મ વિ.સં.૧૮૦૬ ઈ.સ. ૧૭૫૦માં ઘોઘાવદર (તા. ગોંડલ, જિ. રાજકોટ) ગામે હરિજન ચમાર કુટુંબમાં દાફડા શાખના જગાભગત–સામબાઈને ત્યાં. દાસી ભાવે પરમાત્માની ઉપાસના કરનારા આ સંત કવિ લોકોમાં 'રાધાનો અવતાર' તરીકે ઓળખાય છે. નિર્ગુણ–નિરાકારની સાથે સગુણ–સાકારની ઉપાસનાનો સમન્વય કરી પ્રેમલક્ષણા–દાસીભાવ, જ્ઞાન, યોગ, વૈરાગ્ય, ચેતવણી, બોધ–ઉપદેશ ગુરુમહિમા એમ વિવિધ ભાવસૃષ્ટિ ધરાવતાં ભજનોના રચયિતા સંત–કવિ તરીકે સૌરાષ્ટ્રના ભજનસાહિત્યમાં દાસીજીવણે મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. એમનાં પ્યાલો, કટારી, બંસરી, બંગલો, મોરલો, હાટડી, ઝાલરી વગેરે રૂપકાત્મક ભજનો ઉચ્ચ પ્રકારની સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે. દાસી જીવણે સં. ૧૮૮૧ આસો વદી અમાસ–દીવાળીને દિવસે (ઈ.સ. ૧૮૨૫) ઘોઘાવદરમાં જ જીવતા સમાધિ લીધેલી. પત્ની : જાલુમા. પુત્ર : દેશળભગત. શિષ્યો : પ્રેમસાહેબ (કોટડા સાંગાણી), અરજણ (ભાદરા).

૪૮ દેવળદે (ઈ.સ. ૧૪૬૦ આસપાસ હયાત)

મહાપંથના અનુયાયી સંત કવયિત્રી. દેવાયત પંડિતનાં પત્ની. દેવાયત પંડિતના અવસાન સમયે રચાયેલું ગણાતું એક ભજન 'હંસારાજા રહી જાઓ આજુ કેરી રાત...' દેવળદેની રચના તરીકે, લોકભજનિકોમાં અત્યંત લોકપ્રિય ભજનવાણી તરીકે જાણીતું છે. જીવ જયારે કાયામાંથી વિદાય લે છે ત્યારે કાયાનો વિલાપ દર્શાવતું આ ભજન ઉચ્ચ સાહિત્યિક ગુણવત્તા ધરાવતું કરુણ પ્રશસ્તિ કાવ્ય છે. જન્મસ્થળ : બોખીરા (પોરબંદર). સમાધિસ્થળ : કોળિયાક (જિ.ભાવનગર).બોખીરા (પોરબંદર) નંદેશ્વરની જગ્યા જે દેવતણખીની જગ્યા તરીકે ઓળખાય છે.

૪૯ દેવાયત પંડિત (ઈ.સ. ૧૪૬૦ આસપાસ હયાત)

ગુજરાતી ભાષામાં 'આગમ' પ્રકારની ભજનવાણી રચનાર પ્રસિદ્ધ મહાપંથના સંત–કવિ. પત્ની : દેવળદે. ગુરુ : શોભાજી/સુબાજી કે શંભુજી(ઈ.સ.૧૪૩૦માં જેમની નિમણુંક ઉપદેશક તરીકે થયેલી એવા પીર સદરૂદ્દીન–જેમણે શંભુજી કે સહદેવ જોશીના નામે, માલદે રચિત ભજનોમાં માત્ર નામાચરણો પોતાનાં મૂકીને ભજન રચનાઓ આપી છે.). દેવાયત વિશે અનેક ચમત્કારમય દંતકથાઓ સાંપડે છે. કોઈ તેમને થાનના બ્રાહ્મણ, કોઈ બરડા (બીલેસર)ના હરિજન બ્રાહ્મણ, કોઈ વંથલીના ઉદયશંકર ગોરના પુત્ર, તો કોઈ માલધારી જાતિના સંત તરીકે ઓળખાય છે. માર્ગીપંથના ખોજા કવિ કેશવની રચનાઓ પણ દેવાયતના નામે રચાયેલી હોવાનું નોંધાયું છે. અને દેવાયત કૃત માર્ગીપંથના ભજનો તથા 'મેદી પુરાણ' જેવો ગ્રંથ એમણે રચ્યો હોવાની નોંધ ખોજા જ્ઞાતિના પુસ્તકોમાંથી મળી આવે છે. 'મેંદીપુરાણ','દેલમી આરાધ' વગેરે દેવાયત રચિત ઘણી કૃતિઓ ખોજા લોકોમાં પ્રચલિત છે. અમદાવાદ જિલ્લાના મોડાસર(તા.સાણંદ) ગામે વિ.સં. ૧૮૬૫નો પાળિયો દેવાયત પંડિતના પાળિયા તરીકે પ્રસિદ્ધ છે, તો ભાવનગર જિલ્લાના કોળિયાક ગામે નકળંકનો મેળો ભરાય છે. ત્યાં માલણ નદીને કાંઠે દેવાયત–દેવલદે તથા સાલો અને સૂરોની સમાધિઓ હોવાનું સંભળાયું છે. ગુજરાતી ભજનસાહિત્યમાં એમનાં 'આગમ' પ્રકારનાં ભજનો અદ્વિતીય છે. પોતાની પત્ની દેવલદેને ઉદેશીને એમણે આ આગમોની રચના કરી છે. તેમના શિષ્ય મંડળમાં દેવતણખી લુહાર, લીરલબાઈ, રબારી ભકત હાલો, આહિર ભકતસુરો અને કુંભાર ભક્તઢાંગો તથા વણવીરનો સમાવેશ થાય છે.રામદેવપીર કૃત 'નિરંજનપ્રમાણ'માં દેવાયત પંડિતનો ઉલ્લેખ મળે છે. જ્યારે શ્રી નરોત્તમ પલાણના મત મુજબ સમય : ઈ.સ.૧૬૧૨માં હયાત. અકબર પ્રણિત 'દીન–એ–ઈલાહી' (સ્થાપના : ઈ.સ. ૧૫૮૧)માં જે મુખ્ય સહાયકો હતા, તેમાં શાહજી–શોભાજી નામના એક ખોજા ધર્મગુરુ હતા, જેમણે ૧૬૧૨માં કચ્છ સૌરાષ્ટ્રમાં ધર્મપ્રચારર્થ યાત્રા ર્ક્યાના ઉલ્લેખો મળે છે. આ સમયે દેવાયત પંડિત સાથે એમની મુલાકાત થઈ છે .

૫૦ દેવારામ ( અવસાન ઈ.સ.૧૯૪૩)

રવિભાણ પરંપરાના સંતકવિ. રાપર (કચ્છ)ના જાનકીદાસજી રાવલ (સૌરાષ્ટ્ર)માં આવી જગ્યા બાંધે છે, તેની પરંપરાના રામગુરુના શિષ્ય. જન્મસ્થાન અને વતન : રાવલ (જિ.જામનગર) સમાધિ સ્થાન દેગામ (પોરબંદર). તેમના ગુરુ–રામગુરુ પોરબંદર પાસેના રામવાવ આશ્રમના મહિલા સંત હતા, તેમની તથા દેવારામની સમાધિ હાલ પોરબંદર

પાસે દેગામમાં આવેલી છે. દેગામના પાદરમાં દેવારામનો વિશાળ આશ્રમ પણ છે. રચના છૂટક–ભજનો તેમ ગુરુમહિમાની સ્તુતિ. હસ્તપ્રત પ્રાપ્ત છે.

૫૧ દેવીદાસ (ઈ.સ. ૧૭૨૫–૧૮૦૦)

પરબવાવડી (તા. ભેસાણ, જિ. જુનાગઢ)ની પ્રસિદ્ધ જગ્યાના સ્થાપક સંત કવિ. મુંજિયાસર ગામે રબારી જ્ઞાતિના જીવાભગત / પુંજાભગત અને માતા : સાજણબાઈને ત્યાં એકાશીયા કાળ પછી જન્મવિ.સં.૧૭૮૧ થી ૧૭૮૫ લગ્ન સંસાર અને બે પુત્રોના જન્મ પછી સંસાર ત્યાગ. એમના ગુરુ તરીકે લોહલંગરી જીવણદાસજીના આદેશથી પરબની જગ્યા બાંધી હોવાના ઉલ્લેખો મળેછે. એ સિવાય ગુરુ તરીકે જેરામભારથી કે જયરામગિરિનાં નામો પણ નોંધાયા છે.એમના ઉપર નૂરશાહની અમીનજર હતી. જીવનભર રકતપિત્તિયાઓની સેવા. શિષ્યો : શાદુળભગત ખુમાણ અને આહિર કન્યા : અમરબાઈ.

૫૨ ધનાભગત (અવસાન ઈ.સ.૧૭૭૫)

ધોળા જંકશન ( તા.ઉમરાળા, જિ. ભાવનગર)ગામના કાકડિયા અટકના કણબી જ્ઞાતિના સંત–કવિ. પિતાનું નામ કેશવ. સાધુ–સંતોને અનાજ ખવરાવી ખેતરમાં વેળુ વાવી, પ્રભુકૃપાએ અનાજ મળ્યું એવી દંતકથા ધનાભગત વિશે નોંધાઈ છે. રચના : ભજન ‘રામબાણ વાગ્યાં રે હોય તે જાણે...’. પુત્ર દિયાળ બાપાએ ઈ.સ.૧૮૪૫–વિ.સં.૧૯૦૧માં રામજીમંદિર ને ધનાભગતની ચરણપાદુકા પધરાવી. દિયાળભગત પછી તેની દીકરીનો પરિવાર કાળાભગતના ગોપાળ, જાદવ અને જાદવના પરશોત્તમ.

૫૩ ધીરોભગત (અવસાન ઈ.સ.૧૮૨૫)

મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કવિ. ગોઠડા (સાવલી પાસે, જિ.વડોદરા) ગામે બ્રહ્મભટ્ટ–બારોટ જ્ઞાતિમાં જન્મ.પોતાનાં જ્ઞાન–વૈરાગ્યનાં પદો વાંસની ભુંગળીમાં વહેતાં મૂકી દેનારા સંત.આયુષ્ય ૭૨ વર્ષનું. શિષ્યો –બાપુસાહેબ ગાયકવાડ વગેરે..

૫૪ નથુરામ

હરિજન બ્રાહ્મણ, ત્રિકમસાહેબના ભાણેજ તથા શિષ્ય. ભીમ સાહેબના ગુરુભાઈ, આશ્રમ રાધનપુર જિ.મહેસાણા માં ઈ.સ.૧૭૭૫ આસપાસ હયાત . સમાધિ કારતક વદ ૮ ગુરુવાર તા.૧૮/૧૧/૧૮૫૨ બાલકસાહેબના ગુરુ. રવિ–ભાણ સંપ્રદાય.

૫૫ નરભેરામ (અવસાન ઈ.સ.૧૮૫૨)

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિ. જન્મ : ચતુર્વેદી મોઢ બ્રાહ્મણ જ્ઞાતિમાં પીજ(તા. પેટલાદ)ગામે.પાછળથી જીવનના અંત સુધી અમદાવાદ રહ્યા હતા.

૫૬ નરસિંહ મહેતા (ઈ.સ. ૧૪૦૮–૧૪૮૦) (ઈ.સ. ૧૪૧૪–૧૪૭૪)

ગુજરાતી મધ્યકાલીન સાહિત્યમાં આદિ કવિનું બિરુદ મેળવનારા સંત–ભકત–કવિ. તળાજામાં વડનગરા નાગર જ્ઞાતિના કૃષ્ણદાસ મહેતાને ત્યાં જન્મ. માતા : દયાકુંવર, પત્ની : માણેકબાઈ. સંતાનો : શામળદાસ, કુંવરબાઈ. ગૃહત્યાગ પછી ગોપનાથની કૃપાથી રાસલીલાનું દર્શન. અનેકવાર ભકિતની આકરી કસોટી તાવણીમાંથી પાર ઊતર્યા. પુત્ર વિવાહ, પિતાનું શ્રાદ્ધ, પુત્રીનું મામેરું, હુંડી ને હારમાળા જેવા પ્રસંગોએ ઈ રી સહાય મળતી રહી. જીવનની અંતિમ અવસ્થા એણે માંગરોળમાં ગાળી હોવાની સંભાવના થઈ છે. જીવનકાળ દરમ્યાન નિવાસ જૂનાગઢમાં. રચના : ‘સુદામા ચરિત્ર’, ‘ દાણલીલા’, ‘ચાતુરીઓ’, ‘વિવાહ’, ‘મામેરૂં’, ‘ હૂંડી’, ‘હારમાળા’, ‘ઝારીનાં પદ’, અને ભક્તિ શૃંગારનાં તથા જ્ઞાનનાં પદો જેમાં ‘રાસ સહસ્રપદી’, અને ‘શૃંગારમાળા’, વગેરે રચનાઓ.

૫૭ નાનકસાહેબ (ઈ.સ.૧૭૯૪– ૧૯૦૧)

રવિ–ભાણ સંપ્રદાયના ગંગસાહેબના શિષ્ય.ભજનિક કવિ. સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના દીગસર ગામે ગરો જ્ઞાતિમાં જન્મ. વિ.સં. ૧૮૫૦ માગશર સુદ–૭, સોમવાર. પિતા : કૃષ્ણદાસ, માતા અમૃતબાઈ. પત્ની : ગૌરી, પુત્ર : ખીમદાસ. ૩૦૦ જેટલાં ભજનોની રચના.૧૦૭ વર્ષનું આયુષ્ય ભોગવીને અવસાન વિ.સં. ૧૯૫૭, આસો સુદ –૧૧.

૫૮ નારાયણદાસજી (ઈ.સ. ૧૮૨૬–૧૯૦૧) વિ.સં.૧૮૮૨ અષાડ સુદ – ૧૧.

ભજનિક સંત–કવિ. વિ.સં.૧૮૮૨ શેત્રુંજી કાંઠે ભડકલા ગામે જન્મ. બાલ્યાવસ્થામાં માતા–પિતાનું અવસાન થતાં કાકાએ ઉછેર્યા. વીસ વર્ષની વયે કનેસરા (તા. જસદણ, જિ. રાજકોટ) રહેવા ગયા. ત્યાં રામજી મંદિરની સ્થાપના કરી. પુત્ર : ધર્મદાસ, રચના : ભજનો–ગ્રંથ : ‘નારાયણ ભજન સાગર’. ગુરુ : લાલદાસજી. કેટલાક ભજન સંગ્રહોમાં નારાયણદાસજીનાં ભજનો સાથે ‘મોતીદાસ’ અને ‘ઉગમ’ એવા ગુરુનામો પણ મળે છે.

૫૯ નિરાંત (ઈ.સ.૧૭૪૭–૧૮૫૨)

જ્ઞાનમાર્ગી સંત કવિ.દેથાણ(તા.કરજણ,જિ.ભરૂચ)માં ગોહિલ રાજપુત જ્ઞાતિમાં જન્મ.પિતા ઉમેદસિંહ,માતા હેતાબા.પ્રથમ દીક્ષા કણઝટના રામાનંદી સાધુ ગોકળદાસ પાસે. ત્યારબાદ સચ્ચિદાનંદ પરિવ્રાજક દંડીસ્વામી, અમનસાહેબ વગેરેસંતો–સૂફીઓ પાસેથી નિર્ગુણ ઉપાસનાધારામાં આગળ વધેલા.એમના નામ સાથે જોડાયેલો ‘નિરાંત સંપ્રદાય’ ખૂબ જ વિસ્તર્યો છે.

૬૦ નિષ્કુલાનંદ સ્વામી (ઈ.સ. ૧૭૬૬–૧૮૪૮)

સ્વામિનારાયણ સંપ્રદાયના સંત–કવિ. ગુર્જર સુતાર જ્ઞાતિમાં શેખપાટ ગામે જન્મ. પિતા : રામજીભાઈ, માતા : અમૃતબા. પૂવાશ્રમનું નામ : લાલજી. પોતાની અનિચ્છા છતાં આધોઈ ગામના કંકુબાઈ સાથે કુટુંબના આગ્રહથી લગ્ન કર્યા. સંતાન : માધવજી, કાનજી, ઈ. ૧૮૦૪માં સહજાનંદ સ્વામી પાસે દીક્ષા. અવ. ધોલેરામાં ઈ.સ. ૧૮૪૮. રચના : ૨૩ જેટલી નાની મોટી કૃતિઓ અને ૩૦૦ જેટલાં પદો.

૬૧ નૂર સતાગર (ઈ.સ.૧૪૫૨–૧૫૧૩)
નિઝારી ઈસ્માઈલી સંત. વિશેષ માહિતી : ગુજરાતી સાહિત્યકોશ (મધ્યકાળ)
બીજા સૂફી સંત સાંઈ નૂરશા– બિલખા–નવાગામ પાસે જગ્યા.

૬૨ પદમપરી
અજ્ઞાત ભજનિક ભક્ત કવિ.

૬૩ પાલણશી
અજ્ઞાત ભજનિક ભક્ત કવિ.

૬૪ પુરુષોત્તમ
અર્વાચીન સમયના ભક્ત કવિ. પોરબંદરમાં વાંજા–દરજી જ્ઞાતિમાં જન્મ. એમના 'પુરૂષોત્તમવાણી'ગ્રંથમાં અપાયેલી ભજન રચનાઓ લોકભજનિકોમાં ખૂબ જ ગવાય છે.

૬૫ પૂનાદે
બરડા પ્રદેશના ચારણ કવયિત્રી. એમની એક પ્રભાતી ભજન રચના 'ભણતી સાં કાનજી કાળા રે... માવા મીઠી મોરલી વાળા...'(પ્રભાતીયું) અત્યંત લોકપ્રિય થઈ છે.

૬૬ પીઠો (ઈ.સ.૧૮૪૦–૧૮૮૯)
રવિ–ભાણ સંપ્રદાયના હરિજન સંત–કવિ. બાલકસાહેબના શિષ્ય. વાણવી શાખની મેઘવાળ જ્ઞાતિમાં, વિ.સં. ૧૮૯૬ માં ડેડરવા/વંથલી (જિ. જૂનાગઢ) ગામે જન્મ. એ સમયના બહારવટિયા જમિયતશાની સાથે રહીને બાર વર્ષ સુધી બહારવટું ખેડેલું, એ પછી બાલક સાહેબનો ભેટો થતાં દીક્ષા લીધી એમ કહેવાય છે. વિવાહ : ખજુરા ખાટલી ગામે. પાંચ દીકરા હતા તેમાંથી ચારની વંશ પરંપરા ચાલુ છે. રચના : ભજનો. જેમાં : યોગસાધના. ગુરુ મહિમા, બોધ–ઉપદેશ અને ભક્તિનું આલેખન. અવસાન વિ.સં.૧૯૪૫ વંથલી .

૬૭ પ્રાચીન –
આ વિભાગમાં લોકકંઠે સચવાતી આવેલી અને જેના સર્જકો કોઈ અનામી કવિઓ હશે અથવા તો અન્ય ભારતીય ભાષાઓમાં રચાયેલી પદ–ભજન–લોકાખ્યાનોના અંશો જેવી રચનાઓ જે ગુજરાતીકરણ પામીને આજ સુધી ગવાતી રહેલી અત્યંત લોકાદર પામેલી રચનાઓનો સમાવેશ કર્યો છે.

૬૮ પ્રાણનાથસ્વામી(ઈ.સ. ૧૬૧૮–૧૬૯૫)
પ્રણામી નિજાનંદ સંપ્રદાયના આદ્યસ્થાપક દેવચંદ્રજીના શિષ્ય. જ્ઞાની વિદ્વાન કવિ. જામનગરમાં લોહાણા જ્ઞાતિના કેશવજી ઠક્કર અને માતા ધનબાઈને ત્યાં જન્મ. દીક્ષા. ૧૬૩૧. જન્મનામ : મહેરાજ. દીક્ષાનામ : પ્રાણનાથ. કેટલીક રચનાઓ 'ઈન્દ્રાવતી'ને નામે. હિન્દી, ઉર્દૂ, સિંધી અને ગુજરાતી ભાષામાં મોટી સંખ્યામાં પદો–કીર્તનો ઉપરાંત 'બારમાસી' 'ષ્ડઋતુ' અને 'તારતમ સાગર/શ્રીજી મુખવાણી' ગ્રંથ. બુંદેલ ખંડના પન્ના ગામે જીવતાં સમાધિ.

૬૯ પ્રીતમ –પ્રીતમદાસ (ઈ.સ.૧૭૧૮–૧૭૯૮)
જ્ઞાનમાર્ગી ભક્ત કવિ. સૌરાષ્ટ્રના ચૂડા(રાણપુર)ગામે બારોટ જ્ઞાતિમાં પિતા પ્રતાપસિંહ અને માતા જેકુંવરબાઈને ત્યાં જન્મ.નાની ઉંમરે ગૃહત્યાગ કરી ચૂડાના રઘુનાથજીના મંદિરમાં રામાનંદી સંપ્રદાયના સંત ભાઈદાસજી પાસે સાધુ દીક્ષા લીધી.ઈ.સ.૧૭૬૧થી ચરોતરના સંદેસર ગામે નિવાસ કર્યો.અને સંપૂર્ણ જીવન ત્યાં જ ગાળ્યું.તેઓ સૂરદાસ–અંધ હતા એમ મનાય છે. હિન્દી–ગુજરાતી ભાષામાં પાંચસોથી વધુ પદો અને કેટલાક દીર્ઘ ગ્રંથોનું એમણે સર્જન કર્યું છે.

૭૦ પ્રેમસખી પ્રેમાનંદ ( ઈ.સ.૧૭૮૪–૧૮૫૫)
સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુકવિ.ગાંધર્વ–ગવૈયા જ્ઞાતિમાં જન્મ.સહજાનંદ સ્વામીના શિષ્ય.ગુરુએ એમને સંગીત વિદ્યા શીખવા બુરહાનપુર સુધી મોકલ્યા હતા.દીક્ષાનામ નિજબોધાનંદ હતું. હિન્દી–ગુજરાતી ભાષામાં આશરે ચાર હજારથી વધુ પદોની રચના.જીવનનો બહોળો સમય ગઢડા ગામે ગાળેલો.

૭૧ પ્રેમસાહેબ (ઈ.સ. ૧૭૯૨–૧૮૬૩)
રવિ–ભાણ સંપ્રદાયના સંત–કવિ. દાસી જીવણના શિષ્ય. કોટડાસાંગાણી (જિ. રાજકોટ) ગામે કડિયા જ્ઞાતિમાં વિ.સં.૧૮૪૮ પોષ વદી ૨ પિતા : પદમાજી અને માતાઃ સુંદરબાઈને ત્યાં જન્મ. પત્ની : મલુબાઈ, પુત્ર : વિશ્રામસાહેબ. બુંદશિષ્ય પરંપરા : વિશ્રામસાહેબ – માધવસાહેબ – પુરુષોત્તમદાસજી – પ્રેમવંશ ગુરુચરણદાસજી

૭૨ બાપુસાહેબ ગાયકવાડ (ઈ.સ.૧૭૭૭/૭૯–૧૮૯૯)
જ્ઞાનમાર્ગી સંતકવિ. મરાઠા રાજપુત જ્ઞાતિમાં વડોદરામાં જન્મ. ગોઠડાના ધીરાભક્તનો સંસર્ગ થતાં અધ્યાત્મસાધનાના માર્ગે, પછી નિરાંતનો **સંપર્ક અને કાવ્યો–ભજનોનું સર્જન.હિન્દુ–મુસ્લિમ એકતાના હિમાયતી સંત.અવસાન :વિ.સં.૧૮૯૯,આસો સુદ ૧૧,બુધવાર.**

૭૩ બ્રહ્માનંદ સ્વામી (ઈ.સ.૧૭૭૨–૧૮૩૨)
સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુકવિ.ચારણ–ગઢવી જ્ઞાતિમાં રાજસ્થાનના શિરોહી રાજ્યના ખાંણ ગામે જન્મ. ભૂજની વ્રજભાષા કાવ્ય પાઠશાળામાં અભ્યાસ કર્યો.ઈ.સ.૧૮૦૫માંસહજાનંદ સ્વામીના શિષ્ય થયા.જન્મ નામ લાડુદાનજી. દીક્ષાનામ રંગદાસજી હતું. હિન્દી–ગુજરાતી ભાષામાં આશરે ચાર હજાર પદોની રચના.જીવનનો અંતિમ સમય મૂળી ગામે ગાળેલો.

૭૪ ભવાનીદાસ (ઈ.સ.૧૭૭૫ આસપાસ)

ભજનિક સંત–કવિ. જોધાભકતના શિષ્ય ગુરુમહિમા, બોધ–ઉપદેશ અને ભકિત–વૈરાગ્યનાં ભજનોના રચયિતા. જન્મ : વણકર જ્ઞાતિમાં પિતા નારણ ચૌહાણ અને માતા લખમીબાઈને ત્યાં ધોળકા ગામે. ગુરુમહિમા અને જ્ઞાનવૈરાગ્યની ભજનરચનાઓ.

૭૫ ભાખર

રામગરી તથા પ્રભાતી પ્રકારનાં ભજનોના રચયિતા ભક્ત કવિ.કચ્છી સંત ભાકરશાહની રચનાઓ કદાચ ગુજરાતીકરણ પામી હોવાનો સંભવ છે. જીવન વિષયક કશીજ વિગતો પ્રાપ્ય નથી.

૭૬ ભાણદાસ ( ઈ.સ.૧૬૫૦માં હયાત )

જ્ઞાનમાર્ગી ભક્ત અને આખ્યાન કવિ. ગુરુ : કૃષ્ણપુરી.

૭૭ ભાણસાહેબ (ઈ.સ.૧૬૯૮–૧૭૫૫)

રવિ–ભાણ સંપ્રદાયના આદ્યપુરુષ. રામ કબીર પંથી સંત–કવિ. કનખિલોડ (ચરોતર પ્રદેશ) ગામે લોહાણા જ્ઞાતિમાં પિતા : કલ્યાણદાસજી ઠક્કર અને માતા : અંબાબાઈને ત્યાં જન્મ. ષષ્ટમદાસજીના શિષ્ય. રવિસાહેબના ગુરુ, ખીમસાહેબના પિતા. કમીજડા (તા. : વિરમગામ) ગામે જીવતાં સમાધિ. કબીરસાહેબની જ્ઞાનમાર્ગી સંતવાણી પરંપરાનાં ગુરુમહિમા, અધ્યાત્મબોધ, ઉપદેશ, વૈરાગ્ય અને યોગસાધના વિષયક ભજનોના રચયિતા.

૭૮ ભાલણ (ઈ.સ.૧૪૩૪–૧૫૧૪ આશરે )

આખ્યાનકવિ, પદકવિ અને સંસ્કૃતમાંથી 'કાદંબરી'નો ગુજરાતીમાં અનુવાદ કરનારા વિદ્વાન ભક્ત કવિ. કૃષ્ણભક્તિ અને રામભક્તિનાં તથા વાત્સલ્ય રસનાં શ્રેષ્ઠ પદોના રચયિતા.

૭૯ ભીમસાહેબ (ઈ.સ.૧૭૧૮–૧૮૨૫)

રવિ–ભાણ સંપ્રદાયના સંત–કવિ. ત્રિકમસાહેબના શિષ્ય. દાસી જીવણના ગુરુ. આમરણ (જિ. જામનગર) ગામે મેઘવાળના બ્રાહ્મણ (ગરૂડા) જ્ઞાતિમાં જન્મ. મોરબી પાસેના કુતાસી ગામે મોંઘીબાઈ નામે કન્યા સાથે વિવાહ. જન્મ વિ.સં. ૧૭૭૪ ચૈત્ર સુદ ૯, બુધવાર. આમરણમાં સમાધિ : વિ.સં. ૧૮૮૧ ચૈત્ર વદિ ૧૩, તા.૧૭/૦૩/૧૮૨૫ બુધવાર રચના : યોગમાર્ગી ભજનવાણી. શિષ્ય : ૧.અક્કલદાસ, ૨.દાસીજીવણ.

૮૦ ભોજલરામ (ઈ.સ.૧૭૮૫–૧૮૫૦ )

જ્ઞાની–ઉપદેશક સંતકવિ. ગિરનારી સાધુ રામેતવનના શિષ્ય. દેવકીગાલોળ (તા. જેતપુર, જિ. રાજકોટ) ગામે લેઉવા કણબી જ્ઞાતિમાં જન્મ. પિતા : કરસનદાસ, માતા : ગંગાબાઈ, અવટંકે : સાવલિયા. પોતાના બે ભાઈઓ કરમણ અને જસા સાથે અમરેલી પાસેના ચક્કરગઢ ગામે ખેતી કરવા ગયા, અને ફતેહપુર ગામ વસાવ્યું. અમરેલીના ગાયકવાડી સૂબા વિઠ્ઠલરાવને ઉપદેશ આપવા 'ચાબખા' પ્રકારનાં ભજનોની રચના કરેલી. શિષ્યો : ૧. જલારામ (વીરપુર), ૨. વાલમરામ (ગારિયાધાર), ૩. જીવણરામ (ફતેપુર). શિષ્ય જલારામને ત્યાં વીરપુર ગામે સમાધિ લીધી. રચના : 'ચેલૈયા આખ્યાન', વાર તિથિ, મહિના સરવડાં, 'ભકતમાળ' કાફી, હોરી, કક્કો બાવનાક્ષરી અને ચાબખા. સમાધિ ફતેપુર (અમરેલી)

૮૧ ભૈરવપરી

દશનામી સાધુ પરંપરામાં નાથ સંપ્રદાયની સાધના પ્રણાલી સાથે જોડાયેલા સંતકવિ.

૮૨ મછંદરનાથ (ઈ.સ.૮૦૦માં હયાત)

નાથ સંપ્રદાયના અતિ મહત્વના યોગી સિધ્ધપુરુષ. આદિનાથના શિષ્ય. ગોરખનાથના ગુરુ. જાલંધરનાથના ગુરુભાઈ.

૮૩ મામદશાનો બાલકો

અજ્ઞાત ભજનિક ધક્ત કવિ.

૮૪ મામંદ (જન્મ ઈ.સ.૧૮૮૧ અવ. – )

મુસ્લિમ સંત–કવિ. સંધી જ્ઞાતિમાં નાના લિલિયા ગામે મનુભા જાડેજાને ત્યા વિ.સં. ૧૯૩૭ ચૈત્ર સુદ ૮ સોમવારે જન્મ. પૂર્વાવસ્થામાં શિકારી, નાના લીલિયા (જિ. અમરેલી)ના સૂફી સંત ઓલિયા અશરફમિયા બાપુમિયાં (જન્મ. વિ.સં. ૧૯૧૭)ના ઉપદેશથી ભકિત ઉપાસના કરી.'મામદ મુક્તમણિ' નામે ભજનસંગ્રહ પ્રકાશિત કર્યો છે. જેમાં ચારસો જેટલી ભજન, ધોળ, પદ, રસ, કાફી, પ્રભાતિયાં પ્રકારની રચનાઓ છે.

૮૫ મીઠો ઢાઢી (ઈ.સ.૧૭૯૪–૧૮૭૨ )

લીંબડી ગામના મુસ્લિમ સંત–કવિ. વતન : લીંબડી, મુસ્લિમ ઢાઢી જ્ઞાતિમાં પિતા : સાહેબાને ત્યાં જન્મ. રચના : અધ્યાત્મ વૈરાગ્ય બોધની અને શ્રીકૃષ્ણ વિષયક બંસરી રચનાઓ તથા પદ, ગરબી, રાસ વગેરે જુદાં–જુદાં સ્વરૂપો ધરાવતાં ભજનો/કીર્તનો. રવિસાહેબનો સમકાલીન ! (રવિસાહેબ ઈ.સ.૧૭૨૭–૧૮૦૪), રવિસાહેબ ૬૭ વર્ષના થયા ત્યારે મીઠાનો જન્મ. રવિનું આયુષ્ય, ૭૭ વર્ષનું . રવિના અવસાન પછી મીઠો ૬૮ વર્ષ જીવ્યો. રવિ સાહેબનું અવસાન થયું ત્યારે મીઠાની ઉંમર ૧૦ વર્ષની હોય તો મીઠો રવિસાહેબને 'બંસરી વાગી રે,આ બનમાં..'ભજન ગાઈને યાત્રાએ જતાં પાછા વાળે એ ઘટનાનો તાળો મળતો નથી. કદાચ મીઠાના નોંધાયેલા અને સ્વીકારાયેલા સમયમાં કશી ભૂલ હોવા સંભવ છે.

૮૬ મીરાંબાઈ (ઈ.સ.૧૪૯૮–૧૫૬૫ આશરે)

પ્રેમલક્ષણા ભક્તિ પરંપરાનાં સંત કવયિત્રી.મેડતા(રાજસ્થાન)નાં રાજકુંવરી. મેવાડના રાણા ભોજરાજ સાથે વિવાહ. ઈ.સ.૧૫૨૧માં વૈધવ્ય પ્રાપ્ત થયા બાદસાધુ સંતોની સેવામાં જીવન વિતાવ્યું. વૃંદાવનમાં અને દ્વારકામાં નિવાસ.ગુજરાતી,રાજસ્થાની,હિન્દી અને વ્રજભાષામાં અનેક પદોની રચના.

૮૭ મુક્તાનંદ સ્વામી (ઈ.સ.૧૭૫૮–૧૮૩૦)

સ્વામિનારાયણ સંપ્રદાયના સંત–કવિ. અમરેલીમાં સરવરીઆ બ્રાહ્મણ આનંદરામ અને વીતરાગી રતનબાઈની પુત્રી રાધાબાઈના કૂખે જન્મ વિ.સં.૧૮૧૪. પૂર્વાશ્રમનું નામ : મુકુન્દદાસ. મૂળદાસજીના શિષ્ય શીલદાસ પાસેથી જ્ઞાનપ્રાપ્તિ કરેલી. માતપિતાના આગ્રહથી લગ્ન કર્યા પણ વૈરાગ્યભાવ પ્રબળ હોવાથી ગૃહત્યાગ. ધ્રાંગધ્રાના દ્વારકાદાસજી, વાંકાનેરના કલ્યાણદાસજી અને સરધારના તુલસીદાસજી નામના સાધુઓ પાસે રહેલા. સરધારમાં મહંતપદે હતા ત્યાં રામાનંદસ્વામીનો મેળાપ થયો અને ઈ.સ. ૧૭૮૬માં દીક્ષા લીધી. પાછળથી સહજાનંદ સ્વામીની અનન્ય નિષ્ઠાથી સેવા કરી. અવસાન : ગઢડા સ્વામિ મંદિરમાં, રચના : 'ઉદ્ધવગીતા', ' સતીગીતા', 'રુક્મિણી–વિવાહ', 'મુકુન્દ બાવની', 'અવધૂત ગીત', 'ગુરુ ચોવીશી', 'ગુણ વિભાગ' અને ૯૦૦૦ જેટલાં પદો. વિ.સં.૧૮૮૬ અષાડ વદી ૧૧ ના રોજ સ્વધામગમન.

૮૮ મૂળદાસ (ઈ.સ.૧૬૫૫–૧૭૭૯)

ભજનિક સંત–કવિ. આમોદરા (જિ. જૂનાગઢ) ગામે સોરઠિયા લુહાર જ્ઞાતિમાં કૃષ્ણજી–ગંગાબાઈને ત્યાં જન્મ.વિ. સં.૧૭૩૧ કારતક સુદ ૧૧ સોમવાર. જીવણદાસ લોહલંગરી(ગોંડલ)ના શિષ્ય. જગ્યા : અમરેલી ગામે. શિષ્યો : શીલદાસ, હાથીરામ અને જદુરામ. જ્ઞાનમાર્ગી વૈરાગ્ય પ્રેરક વાણીના રચયિતા. એ સિવાય હિન્દી ભાષામાં 'ચોવીસ ગુરુદત્તલીલા' અને કેટલાંક પદો તથા 'બારમાસી', 'હરિનામલીલા' 'ગુરુગીતા' 'સાસુવહુનો સંવાદ' સમસ્યાઓ, મર્કટીનું આખ્યાન', 'ભગવદ્‌ગીતાનો અનુવાદ' 'ભાગવત બીજો સ્કંધ' વગેરે રચનાઓ. જેમાં મહાપંથની અસરો દેખાડતી ભજનવાણી; 'ચૂંદડી', રૂપકગર્ભ પદો અત્યંત લોકપ્રિય થયાં છે. જીવતાં સમાધિ : સં. ૧૮૩૫, ચૈત્ર સુદ ૯ ને દિવસે અમરેલી મુકામે. પત્ની વેલુબાઈ અવસાન સં.૧૭૭૨ ઈ.સ.૧૭૧૬ વેલુબાઈ પાછળ ભંડારો કર્યો. પછી આશ્રમનો વહીવટ શીલદાસ નામના શિષ્યને સોંપી દ્વારકાની યાત્રાએ નીકળ્યા.

૮૯ મેકરણ ડાડા (ઈ.સ. ૧૬૬૯–૧૭૩૦)

કચ્છ પ્રદેશના સુપ્રસિધ્ધ સંત–કવિ. કાપડી પંથના સાધુ. જન્મ : વિ.સં.૧૭૨૫ . કચ્છના નાની ખોંભડી ગામે. ભટ્ટી રજપૂત હરધોળજીને ત્યાં પબાબાઈની કૂખે. મોટાભાઈ : પતોજી. ગુરુ : ગાંગોજી કાપડી. સૌરાષ્ટ્રના શરભંગઋષિના આશ્રમ (પરબ)નો ધૂણો ચેતાવ્યો. ધ્રંગ–લોડાઈ (કચ્છ) ગામે આશાપુરાનું સ્થાનક કર્યું. લીરબાઈ નામે આહિર કન્યાને દીક્ષા. ગરવા હરિજન સહિત ૧૧ ભક્તો સાથે સં. ૧૭૮૬, આસો વદ ૧૪ શનિવારના દિવસે જીવતાં સમાધિ લીધી. રચના : કચ્છી બોલીમાં ભજનવાણી, સાખીઓ.

૯૦ મોરારસાહેબ (ઈ.સ.૧૭૫૮–૧૮૪૯)

રવિ–ભાણ સંપ્રદાયના સંતકવિ. રવિ સાહેબના શિષ્ય. થરાદ (બનાસકાંઠા)માં વાઘેલા રાજપૂત જ્ઞાતિમાં જન્મ. જન્મનામ : માનસિંહજી. વૈરાગ્યભાવ જાગૃત થતાં ગૃહત્યાગ કરી રવિસાહેબ પાસે દીક્ષા. ઈ.સ. ૧૭૮૬ વિ.સં.૧૮૪૨માં ખંભાલીડા (જિ. જામનગર) ગામે ગુરુગાદીની સ્થાપના. ત્યાં જ જીવતાં સમાધિ લીધેલી. શિષ્ય : હોથી. રચનાઓ : 'બારમાસી', 'ચિંતમાણી', જ્ઞાનવૈરાગ્ય પ્રેરક કુંડળિયા અને શ્રીકૃષ્ણ, શિવ, રામ વગેરે દેવતાઓની સ્તુતિ કરતાં પદો ઉપરાંત યોગ, બોધ–ઉપદેશ, વૈરાગ્ય અને વિરહભાવ વર્ણવતાં પ્રેમલક્ષણા ભક્તિનાં ભજનો. એમાં 'પરજ' પ્રકારનાં ભજનો શ્રેષ્ઠ કોટિનાં છે. અન્ય શિષ્યો : ચરણ સાહેબ, દલુરામ, દુર્લભરામ, કરમણ, જીવાભગત ખત્રી, ધરમશી ભગત.

૯૧ રતનદાસ (ઈ.સ.૧૮૦૪માં હયાત)

રવિ–ભાણ સંપ્રદાયના સંત–કવિ. ભાણસાહેબના શિષ્ય. વાંકાનેર (જિ. રાજકોટ) ગામે રાજપૂત જ્ઞાતિમાં જન્મ. વાંકાનેરમાં 'રવિસાહેબની જગ્યા' તરીકે ઓળખાંતુ સ્થાન રતનદાસની જગ્યા હોવા સંભવ છે. હિન્દી ગુજરાતી ભાષામાં પદો–ભજનોના રચયિતા. રવિસાહેબ પોતાના શિષ્ય મોરારસાહેબને ત્યાં આપેલા વચન મુજબ સમાધિ લેવા માટે જવા નીકળ્યા ત્યારે રસ્તામાં બીમારીને કારણે વાંકાનેરમાં રતનદાસની જગ્યામાં તેમનું અવસાન થયું ત્યારબાદ તેમના દેહને ખંભાલીડા લઈ જવામાં આવેલો એવા ઉલ્લેખ મળે છે. રચના : ચેલૈયાનું ચરિત્ર/ સગાળશા આખ્યાન કેલૈયાનો શલોકો ઉપરાંત ગુરુમહિમા, આત્મજ્ઞાન, આત્મબોધ અને ઉપદેશનાં ભજનો.

૯૨ રતનબાઈ (અવ. ઈ.સ.૧૯૨૦)

કચ્છ પ્રદેશના સંત કવયિત્રી. અબડાસા તાલુકાના ભડલી ગામે ખોજા જ્ઞાતિમાં. જન્મ. સૂફી સંત ભાકરશાહ (નાડાપા ગામના સૈયદ–પીર) પાસે ગુરુ દીક્ષા લીધેલી. ગૃહસ્થ જીવનમાં એક પુત્ર થયો અને યુવાવસ્થામાં જ એનું અવસાન થતાં તીવ્ર વૈરાગ્ય. અવસાન : વિ.સં. ૧૯૭૬માં, પ્રેમલક્ષણા ભકિતનાં ભજનો, કચ્છી–ગુજરાતી ભાષામાં વૈરાગ્યનાં પદોની રચનાઓ મળે છે. તેરા (કચ્છ–અબડાસા)માં તેમની જગ્યા આવેલી છે. જગ્યામાં રતનબાઈની તથા તેમની પૌત્રી સોનલબાઈની કબરો છે.

૯૩ રણછોડ (જન્મ ઈ.સ.૧૮૦૪)

કેટલીક અત્યંત લોકપ્રિય ભજન રચનાઓ સરખા જ નામ ધરાવતા બે કવિઓને નામે ચડી જતી હોય છે. ‘ દિલમાં દીવો કરો..’ એ રચના બે જુદા જુદા કવિ ભક્ત રણછોડના નામે નોંધાઈ છે. જેમાં એક છે–ખેડા જિલ્લાના ખડાલ ગામના ખડાયતા વૈષ્ણવ કવિ.પિતા : નરસિંહદાસ મહેતા.તોરણા ગામમાં વસવાટ કરેલો. દર પૂનમે ડાકોર દર્શને જતા.એમના નામે હસ્તપ્રતોમાંથી ઈ.સ.૧૭૧૭થી ઈ.સ.૧૭૩૫માં સજાયેલી કૃતિઓ મળે છે. જ્યારે બીજા કવિ રણછોડ ઉત્તર ગુજરાતના વિજાપુર તાલુકાના આગલોડ ગામેઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિમાં પિતા અનુપમરામ જોશી અને માતા કુંવરબાઈને ત્યાં ઈ.સ. ૧૮૦૪ માં જન્મેલા.શિક્ષક હતા, ગુરુ રામચંદદાસ મહારાજ પાસે દીક્ષા લઈ ઈ.સ.૧૮૨૨માં સંસારત્યાગ કરેલો.ભજન મંડળી સ્થાપી ગામેગામ ફરતા.

૯૪ રવિસાહેબ (ઈ.સ.૧૭૨૭–૧૮૦૪)

રવિભાણ સંપ્રદાયના સ્થાપક સંત–કવિ. કબીરપંથી ભાણસાહેબના શિષ્ય. જન્મ : વીસા શ્રીમાળી વણિક જ્ઞાતિમાં મંછારામ–ઇચ્છાબાઈને ત્યાં તણછા (તા. આમોદ, જિ. ભરૂચ) ગામે વિ.સં.૧૭૮૩ મહાસુદ ૧૫ ગુરુવાર તા.૦૬/૧૨/૧૭૨૭. ઈ.સ. ૧૮૫૩માં ભાણસાહેબ પાસે દીક્ષા લીધી. શિષ્યો : મોરાર, ગંગ, લાલ, દયાળ વગેરે ૧૯ જેટલા તેજસ્વી શિષ્યો, અવસાન ઈ.સ. ૧૮૦૪માં રતનદાસની જગ્યા–વાંકાનેર ખાતે, સમાધિઃ મોરારસાહેબના ખંભાલીડા (જિ. જામનગર) ગામે. રામકબીર સંપ્રદાયની સાધના અને સિદ્ધાંતો પ્રમાણે યોગસાધના અને તત્ત્વજ્ઞાન વર્ણવતાં ભજનો તથા વૈરાગ્યજ્ઞાન, બોધ–ઉપદેશ, ગુરુમહિમા અને ભકિતશૃંગાર વર્ણવતા ગુજરાતી, હિન્દી અને હિન્દી–ગુજરાતી મિશ્ર ભાષામાં અનેક ભજનોની રચના તેમણે કરી છે. આધ્યાત્મિક અનુભૂતિના મર્મપુર્ણ આલેખનમાં અને પ્રેમની મસ્તીમાં આ સંતકવિનાં અપાર શકિત–સામર્થ્ય પ્રગટ થયાં છે. તો ‘ભાણગીતા’, ‘મનઃસંયમ’, ‘બારમાસી’, ‘બોધ ચિંતામણિ’, ‘રામગુંજાર ચિંતામણિ’, ‘ખીમ કવિ પ્રશ્નોતરી’, ‘સિદ્ધાંત–કક્કો’, ‘ગુરુમહિમા’, ઉપરાંત આરતી, કટારી, પદ, રેખતા, હોરી છપ્પા અને સાખી જેવા પ્રકારોમાં વિપુલ પ્રમાણમાં સાહિત્ય સર્જન એમણે કર્યું છે.

૯૫ રાજે (ઈ.સ.૧૬૫૦–૧૭૨૦)

પ્રેમ લક્ષણા ભક્તિ પરંપરાના જ્ઞાની કવિ.ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના કેરવાડા ગામે મોલેસલામ મુસ્લિમ જ્ઞાતિમાં જન્મ. કૃષ્ણ ચરિત્રનાં વિવિધ રાગ–ઢાળમાં અદ્‌ભુત પદો એમણે રચ્યાં છે.

૯૬ રાઠો ભગત

ભજનિક સંતકવિ.જેમના વિશે કશી જ માહિતિ ઉપલબ્ધ નથી.

૯૭ રામદે પીર (ઈ.સ.૧૩૫૧–૧૪૫૯)

રાજસ્થાનના પ્રમુખ લોકદેવતા, બાળનાથના શિષ્ય, મહાપંથના પ્રવર્તક. . રાજસ્થાન પોકરણ પાસે રામદેવરામાં સમાધિ. ‘ ચૌબીસ પ્રમાણ’ મુખ્ય રચના. ‘પ્રમાણ’ના અમુક ભાગ સ્વતંત્ર પદ, ભજન, આખ્યાન રૂપે રૂપાંતરિત થયા છે.

૯૮ રાવત રણશી (ઈ.સ.૧૪૫૦ આસપાસ)

મહાપંથના સંત–ભકત. ભજનિક કવિ ઢેલડીનગર મોરબીના રાજવી. ખીમરા કોટવાળ –દાડલદેના શિષ્ય.

૯૯ રૂખડિયો–

અજ્ઞાત ગિરનારી ભજનિક સંતકવિ.

૧૦૦ રૂપાંદે (ઈ.સ.૧૩૮૦માં હયાત)

રાજસ્થાનના ભાટી ઉગમશીના શિષ્ય સંત માલદે–રાવ મલ્લીનાથ(ઈ.સ.૧૩૨૮ અથવા ૧૩૩૧માં જન્મ)નાં પત્ની મેઘ ધારૂનાં શિષ્યા સંત કવયિત્રી સતી રૂપાંદે. ઈ.સ.૧૩૯૯માં જેમણે સજોડે જીવંત સમાધિ લીધી હતી. એમની સાથેની જેસલ–તોરલની મૈત્રી અને મેળાપના ઉલ્લેખો ધરાવતાં ભજનો મળે છે.

૧૦૧ લખમો માળી (ઈ.સ.૧૭૩૯–૧૮૧૩)

ભજનિક સંત–કવિ. રાજસ્થાન પ્રદેશના મહાપંથના અનુયાયી.જન્મ નાગોર પરગણાના ચેનાર(બડકી બસ્તી)ગામે. સંત ખિંયારામ–ખીંવણજી ભાટીના શિષ્ય. રાજસ્થાનમાં ‘લિખમા માલી’ની ભજન રચનાઓ ખૂબ જ પ્રસિદ્ધ હોવાનું નોંધાયું છે. એમની મારવાડી રચનાઓનું ગુજરાતીકરણ થયું છે. સમાધિ ઈ.સ.૧૮૪૧ વિ.સં.૧૮૬૯માં નાગોર(મારવાડ)ના અમરપુરા ગામે.

૧૦૨ લખીરામ(ઈ.સ.૧૮૦૦માં હયાત)

રવિભાણ સંપ્રદાયના હરિજન સંત કવિ.ગુરુ : મોરારશિષ્ય કરમણભગત. ઈંગોરાળા (જિ. ભાવનગર) ગામે મેઘવાળના સાધુ જ્ઞાતિમાં જન્મ. અટક : સાગઠિયા ગુરુ : કરમણભગત મેઘવાળ વાવડી ગામના .લખીરામની સમાધિ લુવારા ગામે.

૧૦૩ લીરલબાઈ–૧ (મજેવડી) (ઈ.સ.૧૬૦૦)

મહાપંથી સંત–કવયિત્રી મજેવડી (જિ. જૂનાગઢ) ગામે લુહાર જ્ઞાતિના વીરાજી આંબાજી પીઠવા નામના ભકત દેવતણખીને ત્યાં જન્મ. દેવાયત પંડિતનાં શિષ્યા : રચના : યૌગિક પરિભાષામાં ગણપતિ મહિમા તથા મહાપંથી યોગ – વૈરાગ્ય – ઉપદેશપ્રધાન ભજનવાણી. **લીળલબાઈ –૨**( ઈ.સ.૧૫૫૦ આસપાસ) મહાપંથી સંત–કવયિત્રી ભજનોમાંથી મળતા ઉલ્લેખો મુજબ ઈંદોરગઢના રાજવી કુંભારાણાનાં પત્ની. ઉગમશી ભાટીના શિષ્યા. કેટલાક ભજનિકો તેમને મીરાંના ભત્રીજી અને બુંદી કોટાના રાજા જેમલ રાઠોડની દીકરી તરીકે તથા વાસુકી લોબડિયાનાં

શિષ્યા તરીકે પણ ઓળખાવે છે. રચના : 'લીળલબાઈના સપના' તરીકે ઓળખાતી આગમવાણી–ભજનો. જેમાં–'રાઠોડુંના કુળમાં લીળલબાઈ બોલ્યા..' એવો ઉલ્લેખ મળે છે.

૧૦૪ લીરબાઈ–૩ (અવ. ઈ.સ.૧૮૭૬)

મહાપંથના સંત–કવયિત્રી. પરબના સંત દેવીદાસશિષ્ય જીવણદાસજીનાં શિષ્યા, અથવા જીવણદાસજી મારફત દેવીદાસજીનાં શિષ્યા. મોઢવાડા (તા. પોરબંદર) ગામે મેર જ્ઞાતિમાં લુણા મોઢવડિયાને ત્યાં જન્મ. માતા : લાખીબાઈ. નજીકના જ કેશવ ગામે કેશવાળા મેર વજસી સાથે પરણાવેલાં. ક્રૂર અને શિકારી સ્વભાવના પતિએ ત્રાસ આપતાં મોઢવાડા ગામે રહેતા. પરબના સંત જીવણદાસજી અને તેમનાં પત્ની સોનબાઈમાને આગ્રહ કરીને મોઢવાડા ગામે રોકી રાખી જગ્યા બાંધી આપેલી તેમના સત્સંગે દેવીદાસજીનો પરિચય થયો અને મહાપંથી દીક્ષા સ્વીકારી. ત્રણ સંતાન : પુંજો, પોતો અને પુતીબાઈ જગ્યાઓ : કેશવ, મોઢવાડા, ગોસા, કંડોરણા. કોઠડી અને સીસલી ગામોએ ઈ.સ. ૧૮૭૬, વિ.સં. ૧૯૩૨ મહા સુદ ૨ ને દિવસે કંડોરણા ગામે લીરબાઈ માતાએ જીવતાં સમાધિ લીધી. એ પછી એ ઈ.સ. ૧૮૭૮માં તેમના પુત્ર પુંજાભગતે પણ માતાની સમાતના પગથિયા નીચે સમાધિ લીધી. લીરબાઈ માતાના પંથ તરીકે ઓળખાતા તેમના અનુયાયીઓના સંપ્રદાયમાં ઝીણાં સફેદ મોતીની માળા પહેરવામાં આવે છે, નાત–જાતના ભેદભાવ વિના મહાધર્મ–નિજીયા પંથનાં સાધના–સિદ્ધાંતોને અનુસરતા ભક્તજનો દર અષાઢી બીજનો મહોત્સવ ઉજવે છે રચના : મહાપંથી ઉપદેશપ્રધાન ભજનવાણી.

૧૦૫ લોયણ (ઈ.સ.૧૭૫૦ આસપાસ)

મહાપંથના સંત–કવયિત્રી. શેલર્ષિ–શેલણશી–શીલદાસ–સાંઈ શેલાણીનાં શિષ્યા. લુહાર જ્ઞાતિમાં વીરાભગતને ત્યાં કીડી (તા. બાબરા, જિ. અમરેલી) ગામે જન્મ. આટકોટનો રાજવી લાખો સ્વાભાવે લંપટ અને વિલાસી હતો, તે લોયણના સ્વરૂપ પાછળ અંધ બનેલો. લોયણને સ્પર્શ કરવા જતાં તે કોઢિયો થયો અને લોયણના ગુરૂ શેલર્ષિની કૃપાથી પશ્ચાત્તાપના અગ્નિમાં બળતા લાખાને સારું થયું. એ વખતે લોયણે ૮૪ જેટલાં ભજનો લાખાને અને તેની રાણીને ઉદ્દેશીને ગાયેલા. ઊંચી કોટિનું તત્ત્વજ્ઞાન અને મહાપંથના સાધના–સિધ્ધાંતો વર્ણવતાં આ ભજનોમાં ઉત્તરોત્તર રીતે ક્રમશઃ સાધનાનું–માર્ગદર્શન અપાયું છે. એક પછી એક ક્રમમાં નિજિયા–પંથની ઓળખ, ગુરૂ, અને ગુરૂગમ, શિષ્યના લાયાકાત મનની શુધ્ધિ, યોગની બાર ક્રિયાઓ રહેણી અને કરણી, સહજ સાધના, બ્રહ્માંડનું અને બ્રહ્મનું રહસ્ય, વૃત્તિ, રસ, સત્સંગ, દેહ, માયા, જ્ઞાન અને ભક્તિ દ્વારા પરમતત્ત્વની પ્રાપ્તિ.. એમ વિવિધ વિષય પર જાગરણ ઉપદેશ, તત્ત્વ, સાધના, પરિચય અને પ્રેમ પ્રાપ્તિ. એ રીતે ગૂઢ–રહસ્યવાણી આલેખાઈ છે. પ્રત્યક્ષ કથન શૈલીમાં, સીધા સાદા સરળ શબ્દોમાં અપાયેલું ગહન ચિંતન આ ભજનોને ઉચ્ચ ભૂમિકાએ પહોંચાડે છે.

૧૦૬ વિશ્રામસાહેબ (ઈ.સ.૧૮૨૬ –૧૮૭૭)

રવિભાણ સંપ્રદાયના અનુયાયી. દાસીજીવણ શિષ્ય. પ્રેમસાહેબના બુંદ શિષ્ય. પિતા : પ્રેમસાહેબ (કડિયા) માતા : મલુબાઈ. જન્મ. વિ.સં. ૧૮૮૨. પત્ની : આદિબાઈ. અવસાન : વિ.સં. ૧૯૩૩ માગશર સુદી બીજ ને શુક્રવારે, બુંદ શિષ્ય : માધવરામ. જગ્યા : ગોંડલ તાલુકાના કોટડા સાંગાણી ગામે. રચના : સંતવાણી.

૧૦૭ શાદુળપીર (ઈ.સ.૧૭૫૦–૧૮૨૦)

પરબના સંત દેવીદાસજીના શિષ્ય સંત. ભજનિક કવિ. ખુમાણ શાખાની કાઠી જ્ઞાતિમાં જન્મ. આપા દાના (ઈ.સ. ૧૭૨૮–૧૮૨૨)ના સમકાલીન.પિતા : આલા ખુમાણ, ભેસાંણના. શિષ્યો : ચરણદાસજી, ગરીબદાસજી, જીવણદાસજી, માંડણભગત, રૂડા ભગત, કરમણ ભગત, ઉકરડો, વજસી, રામવાળા, માંગલબાઈ, ખીમણબાઈ વગેરે.

૧૦૮ શીલદાસ (ઈ.સ.૧૬૮૦–૧૭૭૦)

મહાપંથી સંતવાણીના સર્જક. મૂળદાસજી (અમરેલી)ના શિષ્ય. ઈ.સ. ૧૭૬૧માં મૂળદાસજીએ અમરેલીના પોતાના આશ્રમનો વહીવટ સોંપી દ્વારકાની યાત્રા કરેલી. અમરેલીના સુબાએ મૂળદાસજીને હેરાન કરેલા ત્યારે આશ્રમ–સદાવ્રતને મળતી સહાય બંધ થઈ એટલે મૂળદાસજીએ શીલદાસ સહિત તમામ શિષ્યોને વાવડી ગામે મોકલ્યા હતા, ત્યાં ઝૂંપડી બાંધી રહેતા. પાછળથી અમરેલી જગ્યામાં સમાધિ. રચના : ભજનવાણી.

૧૦૯ સદરદીન પીર (ઈ.સ.૧૪૩૦માં હયાત)

પીર સદરદીને રાવ માલદેનાં ભજનોમાં છેલ્લે થોડો ફેરફાર કરી પોતાના નામથી 'ગીનાન' તરીકે પ્રસિદ્ધ કર્યા છે. તેઓ નુર સતાગરના અનુયાયી હતા એવું જાણવા મળે છે. ઈ.સ.૧૪૩૦માં તેની નિમણૂંક ઘેલમી ઉપદેશક તરીકે થયેલી. મહાપંથના પ્રચાર–પ્રસાર સામે પોતાની રીતે એમણે ધર્મયુદ્ધ આરંભેલું અને નિજાર માર્ગી તમામ ક્રિયાઓ–સાધનાઓ–માન્યતાઓને સ્વીકારીને હિન્દુ જનસમાજને મુસ્લિમ સંસ્કૃતિ તરફ વાળવાનો પ્રયાસ કરેલો.પીર શમસુદ્દીનના પુત્ર .એમણે 'સહદેવ' તથા 'હરિશ્ચંદ્ર' નામથી ભજનોની રચના કરેલી.પીર સદરૂદીન પછીની પરંપરામાં હસન કબીરૂદીન, તેમના ભાઈ તાજદીન (જેણે પ્રહલાદ નામે રચનાઓ આપી છે. એનું અવસાન ઈ.સ.૧૪૫૨ પૂર્વે થયું) અને હસન કબીરૂ–દીનના સૌથી નાના પુત્ર ઈમામુદીન અબ્દુર રહીમ અથવા ઈમામશાહ (જ.ઈ.૧૪૫૨ અવ.ઈ. ૧૫૧૩) જે મહમદ બેગડાના સમયમાં(ઈ.૧૪૫૮–૧૫૧૧) ગુજરાતમાં આવેલા. તેમણે આ પરંપરા (નુર સતાગરના ઉપદેશ પ્રમાણેની)

ચાલુ રાખેલી, તથા સત્પંથ નામે સંપ્રદાય વિકસાવ્યો.ઈમામશાહે અમદાવાદથી આઠેક કિલોમીટર દૂર આવેલા ગિરમથા ગામે સ્થાયી વસવાટ કર્યો. જે ગામ આજે 'પીરાણા' તરીકે પ્રસિદ્ધ થયું છે.

૧૧૦ સવા ભગત (અવ. ઈ.સ.૧૯૬૧)

ભક્ત કવિ. સ્વામી ફૂલગરજીના શિષ્ય. સુરેન્દ્રનગરના જિલ્લાના પીંપળી ગામે પ્રજાપતિ કુંભાર જ્ઞાતિમાં કરસનભગત અને માતા કાશીબાને ત્યાં જન્મ. પત્ની : જમનાબાઈ, ઈ.સ. ૧૯૧૩માં સદાવ્રત શરૂ કર્યુ. ઈ.સ. ૧૯૧૬માં રામદેવપીરનું ભવ્ય મંદિર બંધાવ્યું. વિરમગામ તાલુકાના માંડલ ગામના ભકત નારી ઝબુબાએ એમનું શિષ્યત્વ સ્વીકારેલું, એમનાં પણ ભજનો મળે છે. પુત્રો : નાનજી અને હરજીવનદાસ. સવાભગતનું અવસાન : ઈ.સ. ૧૯૬૧ વૈશાખ વદી અગિયારસ. જગ્યાના ગાદીપતિ હરજીવનદાસના પુત્ર : બળદેવદાસજી.

૧૧૧ સાંઈ વલી

ગુજરાતમાં પ્રસરેલી દીન દરવેશ શાખાના મુસ્લિમ કવિ. સંભવત : ઈ.સ.૧૮૫૦માં હયાત. કચ્છના સૂફીકવિ ભાકરશાહ સાથેની તેની ચમત્કાર કથાઓ પ્રચલિત છે.

૧૧૨ સુખરામ (ઈ.સ.૧૮૭૦–૧૯૪૧)

ભજનિક સૂફી સંતકવિ.ભાવનગર જિલ્લાના સાવરકુંડલા તાલુકાના છાપરી ગામે મુસલમાન સંધી જ્ઞાતિમાં વિક્રમ સંવત ૧૯૨૬–ઈ.સ.૧૮૭૦માં સુખરામબાપુનો જનમ થયો. માત પિતાનું અવસાન થતાં ગારિયાધાર તાલુકાના ભંડારિયા ગામે રહેતા એમના મામાને ઘેર થોડો સમય રહ્યા ને પછી ભમોદરા ગામના કાઠી આપા ગોલણબાપુને ત્યાં ગાયો ચરાવવા રહ્યા.અમરેલીના વાંઝા જ્ઞાતિના ભજનિક ઓધાભગતે ગિરનારી ઓલિયા સિદ્ધ પુરૂષ બુદ્ધગરબાપુનો ભેટો કરાવ્યો. બુધગરબાપુની કૃપા દષ્ટિ થઈ ને સુખરામબાપુના અંતરમાં અજવાળું થઈ ગ્યું. ગુરુ આજ્ઞાથી પાછા ભમોદ્રા રહ્યા અને જગ્યા બાંધી લોકસેવા કરતા રહ્યા. વિ.સં.૧૯૯૭–ઈ.સ.૧૯૪૧ના અષાડ વદી ૪ ને શનિવારે સુખરામબાપુએ આ જગતમાંથી વિદાય લીધી. ને ભમોદરાની ગાદીએ તેમના મુખ્ય શિષ્ય ઉકારામબાપુ બિરાજ્યા.

૧૧૩ સામત બારોટ

ભજનિક ભક્ત કવિ.

૧૧૪ હમીરો

(૧)હરિજન ભકત–કવિ. ધણફુલિયા (જિ. જૂનાગઢ) ગામે ભંગી જ્ઞાતિમાં જન્મ.

(૨)જામનગરના ભક્ત હમીર કુંભાર શેલાણીના શિષ્ય. પરબવાવડીના સંત દેવીદાસના અનુયાયી ' સેલાનીને ચરણે બોલ્યા હમીરો મુંને લાગી લગન્યાંની લે ,પરબુંના પીરને કોઈ સમજાવ કે જો...' ભજનના રચયિતા.

૧૧૫ હરજી ભાટી(૧૭૦૧–૧૭૮૧)

રાજસ્થાની ભક્ત કવિ. રામદેવપીના સંપ્રદાયના અનુયાયી.જોધપુરના ઓસિયાં સ્ટેશન પાસે આવેલ 'પંડિત રી ઢાણી' ગામે એમનું સમાધિસ્થાન છે.રામદેવપીરની સમાધિ બાદ ૨૮૩ વરસે વિ.સં.૧૭૯૮–ઈ.સ.૧૭૪૨માં સાધુવેશે હરજીભાટીને રામદેવપીર મળેલા એવું હરજી ભાટીની રચનાઓમાં આલેખન જોવા મળે છે.

૧૧૬ હીરદાસ–હરદાસ–હરિદાસ (ઈ.સ. ૧૭૭૪માં હયાત)

મધ્યકાલીન ભકત કવિ. બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં કુતિયાણામાં જન્મ. રચના : વેદાન્ત અને ભક્તિનાં પદો તથા રામાયણ–મહાભારતના ચંદ્રાવળા.

૧૧૭ હોથી (અવ.ઈ.સ.૧૮૪૯)

રવિ ભાણ સંપ્રદાયના સંત–કવિ. મોરારસાહેબના શિષ્ય.મોરબી પાસેના નેકનામ ગામે સુમરા કોમમાં મુસ્લિમ જ્ઞાતિમાં જન્મ. પિતા : સિકંદર. અવસાન બાલંભા અને ખંભાલીડા (જિ. જામનગર–ધ્રોલ પાસે) વચ્ચે અફીણ ખાઈને. મોરારસાહેબે તે જગ્યાએ સમાધિ બનાવેલી. બાલંભાપાસે દરગાહ, પીર તરીકે પણ પૂજાય છે. રચનાઃ ભજનવાણી.

# પરિશિષ્ટ : ૨
# ગુજરાતી સંત–ભક્તિસાહિત્યના અભ્યાસ માટે અત્યંત જરૂરી સંદર્ભગ્રંથો


(૧)‘ગુજરાતના સંતકવિઓ અને બાઉલપંથ’ જયંતિલાલ આચાર્ય, ફાર્બસ સભા મુંબઈ, આ.૧,( ૧૯૭૭)

(૨)‘ભજનમીમાંસા’ ડો.નિરંજન રાજ્યગુરુ, રન્નાદે પ્રકાશન ,ગાંધી રોડ અમદાવાદ,આ–૧,(૧૯૯૦) મૂલ્ય : ૨૫.૦૦

(૩)‘મરમી સંતોનું દર્શન’ જયંતીલાલ આચાર્ય, સરદાર પટેલયુનિ.વલ્લભવિદ્યાનગર આ.૧,૧૯૯૨

(૪)‘સત કેરી વાણી’ મકરન્દ દવે, નવભારત સાહિત્ય મંદિર,જૈન દેરાસર પાસે,ગાંધી રોડ,અમદાવાદ ૩૮૦ ૦૦૧ (પૂ.મુ.૧૯૯૧) મૂલ્ય : ૬૦.૦૦

(૫)‘સોરઠી સંતવાણી’ ઝવેરચંદ મેઘાણી પ્રસાર,૧૮૮૮, આતાભાઈ એવન્યૂ,ભાવનગર ૩૬૪ ૦૦૨ ( પૂ.મુ.૧૯૯૩ )મૂલ્ય : ૩૦.૦૦

(૬)‘સંતવાણી : સત્વ અને સૌંદર્ય ’ નિરંજન રાજ્યગુરુ,મનોજ રાવલ,નાથાલાલ ગોહિલ. પ્રવીણ પ્રકાશન પ્રવીણ પુસ્તક ભંડાર,લાભ ચેમ્બર્સ,મ્યુનિ.કોર્પો.સામે , રાજકોટ ૩૬૦ ૦૦૧,(૧૯૯૪) મૂલ્ય : ૬૦.૦૦

(૭) ‘સંતવાણી : તત્વ અને તંત્ર’ સં. બળવંત જાની, પ્રકા : ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર,અભિલેખાગાર ભવન,ગુલાબ ઉદ્યાન સામે, સેકટર –૧૭,ગાંધીનગર ૩૮૨૦૧૭.૧૯૯૬ મૂલ્ય : ૧૧૦.

(૮) ‘સૌરાષ્ટ્રનું સંતસાહિત્ય’ ડો.નિરંજન રાજ્યગુરુ પ્રકા. ભો.જે.સંશોધન–અધ્યયન વિદ્યાભવન ,એચ.કે. કોલેજ કમ્પાઉન્ડ, આશ્રમ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૯ ,૨૦૦૦ મૂલ્ય : ૮૦.

(૯) ‘સંત પરંપરાવિમર્શ’ ડૉ. રાજેન્દ્રસિંહ રાયજાદા,પ્રવીણ પ્રકાશન ,પ્રવીણ પુસ્તક ભંડાર,લાભ ચેમ્બર્સ,મ્યુનિ.કોર્પો.સામે , રાજકોટ ૩૬૦ ૦૦૧(૧૯૮૯)

(૧૦)‘ભજન : મરમનો મારગ’ ડૉ. રાજેન્દ્રસિંહ રાયજાદા,પ્રવીણ પ્રકાશન ,પ્રવીણ પુસ્તક ભંડાર,લાભ ચેમ્બર્સ,મ્યુનિ.કોર્પો.સામે , રાજકોટ ૩૬૦ ૦૦૧

(૧૧) ‘ચૂંટેલાં ભજન’ સં. નરોત્તમ પલાણ,પ્રકા. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર,અભિલેખાગાર ભવન,ગુલાબ ઉદ્યાન સામે, સેકટર –૧૭,ગાંધીનગર ૩૮૨૦૧૭.(૧૯૯૬) મૂલ્ય : ૧૧૦.

(૧૨)‘સરવંગા’ નરોત્તમપલાણ, રંગદ્વાર પ્રકાશન,જી–૧૫, યુનિ.પ્લાઝા, નવરંગપુરા, અમદાવાદ, ૩૮૦ ૦૦૯, (૨૦૦૯) મૂલ્ય : ૧૦૦.

(૧૩)‘આપણી ભજનવાણી’ સં. ગંગાદાસ પ્રાગજી મહેતા,કુસુમપ્રકાશન,અમદાવાદ,૬૧–એ,નારાયણનગર સોસા.જયભિખ્ખુ માર્ગ ,પાલડી, અમદાવાદ,૩૮૦ ૦૦૭(૧૯૯૭) મૂલ્ય : ૨૪૦.

(૧૪) ‘ભજનરસ’ મકરન્દ દવે, નવભારત સાહિત્ય મંદિર,જૈન દેરાસર પાસે,ગાંધી રોડ,

અમદાવાદ ૩૮૦ ૦૦૧

(૧૫) 'સત સાહેબની સરવાણી' ડૉ.નાથાલાલ ગોહિલ, પ્રકા. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર,અભિલેખાગાર ભવન,ગુલાબ ઉદ્યાન સામે, સેકટર –૧૭,ગાંધીનગર ૩૮૨૦૧૭.

(૧૬) 'ગુજરાતમાં નાથપંથી સાધના અને સાહિત્ય' સં.ડૉ.નાથાલાલ ગોહિલ, નવભારત સાહિત્ય મંદિર,જૈન દેરાસર પાસે,ગાંધી રોડ,અમદાવાદ ૩૮૦ ૦૦૧

(૧૭) 'સંતસાહિત્ય : સંશોધન અને સમીક્ષા' ડૉ.નાથાલાલ ગોહિલ, નવભારત સાહિત્ય મંદિર,જૈન દેરાસર પાસે,ગાંધી રોડ,અમદાવાદ ૩૮૦ ૦૦૧ (૨૦૦૬) મૂલ્ય :૧૫૦.

(૧૮) 'ભજન રૂપદર્શન' ડૉ. નાથાલાલ ગોહિલ, પાર્શ્વ પબ્લિકેશન્સ , નિશાપોળ,ઝવેરીવાડ,રિલીફ રોડઅમદાવાદ,૩૮૦ ૦૦૧ (૨૦૦૩) મૂલ્ય :૨૧૦.

(૧૯) 'કથનાત્મક ભજન સાહિત્ય 'ડૉ.નાથાલાલ ગોહિલ, નવભારત સાહિત્ય મંદિર,જૈન દેરાસર પાસે,ગાંધી રોડ,અમદાવાદ ૩૮૦ ૦૦૧ (૨૦૦૭) મૂલ્ય :૨૦૦.

(૨૦)'મૂળ રે વિનાનું કાયા ઝાડવું' ડૉ. બળવંત જાની,ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.૧૯૯–૧,ગોપાલ ભુવન,પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ,૪૦૦ ૦૦૨,(૨૦૦૬) મૂલ્ય :૧૦૦.

(૨૧) ' ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ' ગ્રંથ :૨ , ખંડ :૨ (ઈ.સ.૧૬૫૦–૧૮૫૦) પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ,ગોવર્ધનભવન,આશ્રમ માર્ગ,'ટાઈમ્સ'પાછળ,નદી કિનારે, અમદાવાદ–૩૮૦ ૦૦૯. પ્રકરણ–૨૨, 'સંતકવિતાધારા' ડૉ. નિરંજન રાજ્યગુરુ ,પૃ.૨૫૨થી ૨૬૮

(૨૨)'અસ્મિતાપર્વ' વાક્ધારા : ૯(૨૦૦૬), સં. હર્ષદ ત્રિવેદી, પ્રકા : આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્ય નિધિ(જૂનાગઢ) વિક્રેતા : ગૂર્જર એજન્સી રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ,અમદાવાદ ૩૮૦ ૦૦૧.(એપ્રિલ ૨૦૦૮) મૂલ્ય :વાક્ધારા ૧થી૧૦નો સેટ–રૂા.૧૧૦૦.(જેમાં ગુજરાતી સંતસાહિત્ય વિષયક ડૉ. નિરંજન રાજ્યગુરુ, ડૉ.મનોજ રાવલ, ડૉ.નાથાલાલ ગોહિલ,ડૉ.મનસુખ સાવલિયા,ડૉ. દલપત પઢિયાર અને પ્રિ. નરોત્તમ પલાણના વ્યાખ્યાન–અભ્યાસ લેખો પ્રકાશિત થયા છે.)

# આત્માનું અનુસંધાન ધામ : આનંદ આશ્રમ ,ઘોઘાવદર

મધ્ય સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લામાં આવેલું ગોંડલ તાલુકાનું ઘોઘાવદર ગામ. જે ગોંડલથી પૂર્વ દિશામાં માત્ર સાત કિલોમિટરના અંતરે ગોંડલ આટકોટ સ્ટેટ હાઈ વે પર આવેલું છે. આ ઘોઘાવદર ગામ એટલે આપણા પ્રખ્યાત ભજનિક સંત કવિ દાસી જીવણનું ગામ.રવિભાણ સંપ્રદાયના જીવણ સાહેબ / દાસી જીવણના નામથી ગુજરાતનો કોઈ ભજનપ્રેમી અજાણ્યો ન હોય. ઘોઘાવદર ગામે સંત દાસી જીવણ સાહેબનો જન્મ આજથી બસો સાઠ વર્ષ પહેલાં ઈ.સ.૧૭૫૦ વિ.સં.૧૮૦૬માં થયેલો. આમરણના સંત ભીમસાહેબના શિષ્ય દાસીજીવણે ઘોઘાવદરમાં જ જીવતાં સમાધિ લીધેલી વિ.સં.૧૮૮૧માં દીવાળીના દિવસે. આ ભજનિક સંતકવિએ લખેલાં – ગાયેલાં સેંકડો ભજન પદો આજ સુધી લોકભજનિકો દ્વારા ગવાતાં રહ્યાં છે.

**<u>પ્રકૃતિને ખોળે, પ્રાચીન સાત્વિક ઋષિ પરંપરાની યાદ અપાવે એવા સંતયુગલની અનોખી સાધનાધારા</u>**

ઘોઘાવદર ગામથી તદ્દન નજીકમાં આવ્યો છે એક નાનકડો આશ્રમ 'આનંદ આશ્રમ'. ગોંડલથી નીકળીએ અને ઘોઘાવદર ગામ સુધી પહોંચીએ એ પહેલાં જ ગોંડલથી માત્ર સાડા છ કિલોમિટરના અંતરે રોડના કાંઠે જ દેખાય વટેમાર્ગુઓ માટેનું પાણી પરબ. માટીની નાંદમાં ભરેલું મીઠું પાણી. અને સામે જ દેખાય આનંદ આશ્રમનું નાનકડું સંકુલ. ચારેક, પતરાંના એક ઢાળિયાં જેવાં છાપરાં અને એક ગ્રંથાલય ભવનનું પાકું મકાન, આઠ દસ ફૂટ ઊંચું નાનકડું હનુમાનજીનું મંદિર અને આશ્રમનો વૃક્ષો નીચે બાંધેલા અઢારેક જેટલાં નાના મોટા ગાયો વાછરડાંઓનો પરિવાર.

સવારના પહોરમાં આશ્રમના પ્રાંગણમાં પ્રવેશતાં જ આપણી નજરે ચડે હાથમાં સાવરણો લઈને ગૌશાળામાં વાસીદું કરતાં નેવું વર્ષના બૂઝર્ગ માડી, ઘાસની ભારી માથા પર ચડાવીને લુંગી, દાઢી , જટા, માળા અને ઉઘાડે ડીલે, ઉઘાડે પગે ચાલ્યા આવતા સાધુ ફકીર જેવો એક ઓલિયો આદમી. એની નજર પડતાં જ **'આવો, આવો, આવો બાપલા...'**ના મીઠા આવકારના શબ્દો સંભળાય, ને આપણી નજરમાં બીજું દશ્ય ઉમેરાય–માથા પર છાણનો સૂંડલો ચડાવીને છાણથી લથબથ હાથ અને હસતે ચહેરે મહેમાનોને આવકારતાં એક સન્નારી. વૃક્ષો નીચે બંધાયું છે ગૌધન. ગંગા, જમના, સરયુ, ગૌરી, કાવેરી, ભક્તિ, ક્રિશ્ના, ભગવતી, ગોપી, નીલકંઠ, દેવો, શિવો અને નાનેરાં સાતેક વાછરડાંનો સમુદાય.

**<u>લૌકીક વ્યવહારો અને વિધિ–નિષેધોથી મુક્ત સેવાયજ્ઞ</u>**

વૃક્ષો નીચે ખાટલા ઉપર કે બે ચાર પ્લાસ્ટીકની ભાંગીતૂટી ખુરશીઓ ઉપર બેસીને, મીઠું પાણી પીતાં પીતાં નજર ફેરવીએ તો દેખાય દરવાજા વિનાનો આ આશ્રમ. બારણાં વિનાના નાનકડા મંદિરમાં બિરાજેલી હનુમાનજી મહારાજની હસમુખી મૂર્તિ, અને રામ લક્ષ્મણ જાનકી કાળિયો ઠાકર, રૂક્ષ્મણિની પ્રતિમાઓ સાથે પત્થરમાં કંડારાયેલું ક્ષેત્રપાત્ર નાગદેવનું પ્રાચીન શિલ્પ. સિમેન્ટની પાટ ઉપર મૂકેલું સ્ટીલનું પીપ, ચાલીશેક સ્ટીલ/એલ્યુમિનિયમની નાની મોટી બરણીઓ અને આ પીપમાંથી મફત છાશ અને રાહત ભાવનું દૂધ લઈ જવા રાહ જોઈને બેઠેલા ઘોઘાવદર ગામના ગરીબ કુટુંબોના બાળકો.

થોડી વારે સામેના છાપરામાંથી હાથમાં બે ડોલ અને પવાલું લઈને આવેલા એક અઢારેક વર્ષના અને એક સોળેક વર્ષના બે કિશોર ગાયો દોહવાની તૈયાર કરે. સામસામા બેસીને મા– દીકરો કે બેઉ ભાઈઓ કે પેલા સાધુવેશધારી પુરૂષ અને સન્નારી ગાયોને દોહીને પહેલું કામ કરે છાશ–દૂધની વહેચણીનું. અને પછી મહેમાનોને દોરી જાય સંતસાહિત્ય સંશોધન અધ્યયન ભવન ગ્રંથાલય હોલ તરફ.

લગભગ સોએક માણસો બેસી શકે એવડો હોલ, પંદરેક માણસો બેસી શકે એવું સ્ટેજ અને દિવાલોમાં રખાયેલા ખાંચામાં ગોઠવાયેલા સ્ટીલ કબાટોમાં તથા કબાટની ઉપરના માળિયાઓના ખાંચાઓમાં ગોઠવાયેલાં સાત હજારથી વધુ અમૂલ્ય અપ્રાપ્ય એવા સંદર્ભ પુસ્તકો. લોકસાહિત્ય, સંતસાહિત્ય, ચારણી – બારોટી સાહિત્ય, મધ્યકાલીન અને અર્વાચીન ગુજરાતી સાહિત્ય, વિવેચન, સંશોધન, સંપાદન કાવ્યસંગ્રહો, નવલકથા, નાટક, ઈતિહાસ, નિબંધ, ધર્મ, તત્ત્વજ્ઞાન, પુરાણ, ચરિત્ર, આર્યુવેદ અને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા વિવધ વિષયો પરના હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, કચ્છી, આદીવાસી બોલી – ભાષાઓમાં રચાયેલા સાહિત્ય સંદર્ભ ગ્રથો. જૂનાં સામયિકોની ફાઈલો અને એક કબાટ ભરીને લગભગ સાતસો જેટલી ઓડિયો કેસેટમાં ધ્વનિમુદ્રિત થયેલી લોકસંગીત–ભક્તિસંગીતની સામગ્રીઓ ધરાવતી કેસેટ લાયબ્રેરી, જેમાં જૂના સમયની સંતવાણી ભજનોની રેકોર્ડ્ઝ ઉપરાંત કેટલીક વિડિયો કેસેટ પણ જોવા મળે. આ સામગ્રીમાં સચવાયો છે ભારતીય લોકસંગીત અને ભક્તિસંગીતનો ધીરે ધીરે લૂપ્ત થતો રહેલો ભવ્ય સંસ્કાર વારસો. સાથોસાથ બસો અઢીસો વર્ષ પહેલાં દેશી હાથ બનાવટના કાગળો ઉપર, હાથની બનાવટવાળી શાહી અને રંગોથી લખાયેલી સચિત્ર, હાથે લખાયેલી અતિ મૂલ્યવાન દૂર્લભ હસ્તપ્રતો.

બે–ત્રણ રામસાગર, હારમોનિયમ, તબલાં, મંજીરાં, વિવિધ એવોર્ડ્ઝ, પારિતોષિકો, પ્રમાણપત્રો, સંતો–મહંતો, કવિઓ કલાકારોના ફોટોગ્રાફસ. અને આ બધું જોતાંની સાથે જ યાદ આવી જાય છે પૂ.મોરારીબાપુ આયોજીત અસ્મિતા પર્વનું નવમું વર્ષ. ઈ.સ.૨૦૦૬માંની સંતસાહિત્યની બે બેઠકો અને છ વ્યાખ્યાનો. એમાં બીજા દિવસની પ્રથમ બેઠકનું સંચાલન કરતા બૂઝર્ગ વડીલ શ્રી નરોત્તમ પલાણ એ બેઠકના ત્રીજા અને અંતિમ વક્તાનો પરિચય આપતાં તેને 'સવાઈ મેઘાણી' તરીકે ઓળખાવે છે. બપોરના પોણા બાર વાગ્યે સાયંકાલના સંધ્યા આરતીનાં ભજનોથી શરૂ કરીને પચાસેક મિનિટમાં આ વક્તા ગણપતિ, ગુરુમહિમા, વૈરાગ્ય ઉપદેશ, મનની મૂંઝવણ, ગુરુ શરણાગતિ, યોગાનુભૂતિ, અનહદનાદ, પ્યાલો, કટારી, હાટડી, ઝાલરી જેવાં રૂપકાત્મક ભજનો, થાળ, આરતી, સાવળ આરાધ, આગમ, પરજ, રામગરી, પ્રભાતી અને પ્રભાતિયાં જેવા પરંપરિત સંતવાણીના ભજન પ્રકારો વિશે સ–ગાન મર્મ ઉદ્ઘાટન કરતું પ્રવચન આપે છે.. પૂ.મોરારીબાપુની આંખમાંથી અશ્રુધારા વહે છે. સમગ્ર શ્રોતા વર્ગ કે જેમાં ગુજરાતભરના ખ્યાતનામ સાહિત્યકારો, કવિઓ, કલાકારો, અધ્યાપકો, વિદ્વાનો, સંગીતકાર, વિવેચકો, પત્રકારો, સંતો, મહંતો અને ભજનિકો બેઠા છે એ સૌ એક જાતની ધન્યતાની લાગણી અનુભવે છે, સૌ સ્તબ્ધ છે, નિઃશબ્દ છે, જય હો ના જય ઘોષ સાથે સંચાલક એક પણ શબ્દની ટિપ્પણ કર્યા વિના આ બેઠકને પૂર્ણ થયેલી જાહેર કરે છે.

કોણ હતો એ વક્તા ? અત્યારે આનંદ આશ્રમના પ્રાંગણમાં વાસીદું કરનારો નિરંજન રાજ્યગુરુ ? એનાં કેટકેટલાં રૂપો–સ્વરૂપો નજર સામે આવતાં જાય છે. સાહિત્યના પરિસંવાદો હોય, અધિવેશનો કે સેમિનાર હોય એમાં વિદ્વાન વક્તા તરીકે, આકાશવાણી કે દૂરદર્શનના જાહેર કાર્યક્રમોમાં તજજ્ઞ સંચાલક તરીકે અને ભજન ગાયક તરીકે, શ્રી કૃષ્ણ જન્માષ્ટમી વખતે દ્વારકાના જગતમંદિરમાંથી પ્રસારિત થતા જીવંત પ્રસારણમાં – લાઈવ કોમેન્ટ્રીમાં છેલ્લા બાર વર્ષથી ડી.ડી.૧ અને ડી.ડી.૧૧ અમદાવાદ પરથી જગતના બાવન દેશો સુધી થતા જીવંત પ્રસારણમાં કોમેન્ટ્રી આપનારા કલાકાર તરીકે, સૌ.યુનિવર્સિટીના ગુજરાતી ભવનમાં પ્રોફેસર તરીકે, એમ.એ., એમ.ફિલના વિદ્યાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન આપતા અધ્યાપક તરીકે , કે ભારતની અને જગતભરની યુનિવર્સિટીઓના ઈન્ડોલોજીના વિદ્વાનો સમક્ષ ભારતીય સંતસાહિત્ય, લોકસાહિત્ય, લોકસંગીત કે ભક્તિસંગીતના એક જાણકાર નિષ્ણાત તરીકે જેની ગણના થાય છે એવા તજજ્ઞ વિદ્વાન તરીકે આ દૂર્બળ દેહનો આદમી પંકાતો હશે ? મન ચકરાવે ચડી જાય એવી વિમાસણમાં આપણે મૂકાઈ જઈએ.

ભારતની રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી ન્યૂદિલ્હીના ગુજરાતી ભાષા સાહિત્ય એડવાઈઝરી બોર્ડના સભ્ય, ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદની મધ્યસ્થ સમિતિમાં ચૂંટાઈ આવેલા આ સદસ્ય, પ્રસારભારતી–આકાશવાણી રાજકોટ કેન્દ્રની કાર્યક્રમ માર્ગદર્શક કમિટિનો આ સભ્ય, ગુજરાતભરની યુનિવર્સિટીઓમાં ગુજરાતી ભાષા સાહિત્ય, લોકસાહિત્ય, સંતસાહિત્ય વિષયમાં પીએચડી પરીક્ષક – રેફરી તરીકે સેવાઓ આપનારો આ માણસ ? મારી સામે ચિત્રલેખાનો ઈ.સ.૨૦૦૭નો દીપોત્સવી અંક પડયો છે એમાં અત્યારના ફૂલછાબના તંત્રીશ્રી કૌશીક મહેતાનો લેખ 'સંતસાહિત્યના અલગારી સારથી' આનંદ આશ્રમની અને આ વ્યક્તિની અપ્રસિદ્ધ એવી કેટલીયે બાબતોને સચિત્ર ઉજાગર કરે છે.

ડૉ. નિરંજન રાજ્યગુરુ ગુજરાતના જાણીતા કવિ, સાહિત્યકાર, સંશોધક,લોકવિદ્યાવિદ્,લોકગાયક અને દૂરદર્શન ટી.વી.–રેડિયોના જીવંત પ્રસારણોમાં લાઈવ કોમેન્ટ્રી આપનારા તજજ્ઞ કલાકાર છે. ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે તથા પી.એચ.,ડી.ના પરીક્ષક તરીકે પણ માન્યતા ધરાવે છે. તેમના સંતસાહિત્ય, લોકસાહિત્ય, ચારણીસાહિત્ય અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સંશોધન–અભ્યાસના ફળસ્વરૂપે વીસેક જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે.જેમાં આ વિષયના સંશોધકો માટે ' **સૌરાષ્ટ્રનું સંતસાહિત્ય**', '**ભજનમીમાંસા**' , '**બીજમારગી ગુપ્ત પાટ ઉપાસના**' , '**મૂળદાસજીનાં પદો**', ' **પ્રેમસખી પ્રેમાનંદનાં શ્રેષ્ઠ પદો**' ,'**મરમ જાણે મકરન્દા**' વગેરે ગ્રંથો અનિવાર્ય ગણાયાં છે.

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાં આવેલા ઘોઘાવદર ગામના વતની શુધ્ધગાંધીવાદી,પ્રખર આર્યસમાજી, આચાર્ય સાહિત્યકાર કવિશ્રી વલ્લભભાઈ રાજ્યગુરુને ત્યાં માતા વિજ્યાબેનની કૂખે તેમનો જન્મ તા. ૨૪.૧૨.૧૯૫૪ના રોજ થયો. પ્રાથમિક શિક્ષણ ઘોઘાવદરમાં,માધ્યમિક અને સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ ગોંડલમાં મરમી કવિશ્રી મકરન્દ દવેને ત્યાં રહીને, તથા અનુસ્નાતક અને પી.એચ.,ડી.કક્ષાનો અભ્યાસ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે રહીને પૂર્ણ કર્યો. ભજનિક સંત કવિ દાસી જીવણના જીવન અને કવન વિષયે તૈયાર કરેલો મહાનિબંધ ભજનસાહિત્યના સંશોધનક્ષેત્રે અનન્ય ગણાયો છે.

રાષ્ટ્રીય કક્ષાની, માત્ર પીએચ.ડી.પદવી પ્રાપ્ત સંશોધકોને જ મળતી ડૉ. હોમી ભાભા ફેલોશિપ ગુજરાતમાં અને ગુજરાતી ભાષામાં પ્રથમવાર એમને ઈ.સ.૧૯૯૦માં મળેલી. આ સંશોધન ફેલોશિપ અન્વયે ત્રણ વર્ષ દરમ્યાન સિત્તેર હજાર કિલોમિટરનો મોટરસાઈકલ પર પ્રવાસ કરીને– સૌરાષ્ટ્ર–કચ્છનાં ગામડાંઓમાં ફરીને ૬૦ વર્ષથી મોટી ઉંમરના દેશી ભજનિકો પાસે કંઠસ્થ પરંપરામાં જળવાયેલાં સંતસાહિત્ય–લોકસાહિત્ય–ભજનોનું આશરે ૬૦૦કલાકનું ધ્વનિમુદ્રણ કરેલું.જે સામગ્રી આજે દેશ વિદેશના સંશોધકો માટે અણમોલ ખજાનારૂપ છે.

આ ઉપરાંત તેમને સાહિત્ય અકાદમી ફેલોશિપ,કવિશ્રી કાગ એવોર્ડ, શિવમ્ એવોર્ડ ,દાસી જીવણ એવોર્ડ, ભુવનેશ્વરી એવોર્ડ જેવાં અનેક સન્માનો મળ્યાં છે. ગોંડલથી સાત કિલોમિટરના અંતરે ગોંડલ–આટકોટ સ્ટેટ હાઈવે પર આવેલા **આનંદ આશ્રમ**માં સાત હજાર અપ્રાપ્ય પુસ્તકોનું સંદર્ભ ગ્રંથાલય, હસ્તપ્રતભંડાર,અને પરંપરિત ભક્તિસંગીત–લોકસંગીતનું ધ્વનિમુદ્રણ સચવાયાં છે. છેલ્લા વીશેક વર્ષથી જીવદયા અને ગૌસેવાની પ્રવૃતિઓ તથા અન્ય સેવાકાર્યો થાય છે.

આનંદ આશ્રમમાં સચવાયેલી ધ્વનિમુદ્રિત કેસેટ"સ સામગ્રી કોમ્પ્યુટરમાં ડિઝિટલ સ્વરૂપે રૂપાંતર કરવા માટે,આપણા આ વિસરાતા જતા પરંપરિત વાગ્વારસાને અને લોકસંગીત– ભક્તિસંગીતની લૂપ્ત થવાને આરે ઊભેલી વિરાસતને ભવિષ્યની પેઢી માટે કાયમી જાળવી રાખવા પ્રથમ તબક્કાના ભાગ રૂપે ૧૪૭ કેસેટ"સમાં સચવાયેલી લોકવિદ્યા–લોકસાહિત્ય–સંતવાણીની ૯૦૦ જેટલાં ભજનોની ધ્વનિમુદ્રિત સામગ્રીને કોમ્પ્યુટરમાં ડિઝિટલ સ્વરૂપે પરિવર્તિત કરવામાં આવી છે ,હજુ બાકી રહેલી કેસેટ"સમાં સચવાયેલી સામગ્રીને પરિવર્તિત કરવાની કામગીરી કરવાની છે. ભવિષ્યમાં આનંદઆશ્રમની વેબસાઈટ પરથી આ તમામ સામગ્રી જિજ્ઞાસુઓને વિના મૂલ્યે ઉપલબ્ધ થશે.

આ નાનકડી સંસ્થા–આપણા મરમી કવિશ્રી મકરન્દભાઈ દવેના સંતસાહિત્ય સંશોધન અને 'ભજન વિદ્યાપીઠ'ના અપૂર્ણ રહેલ સ્વપ્નોને અતિ મંથર છતાં મક્કમ ડગલાં ભરીને સાકાર કરવા મથી રહી છે. **સત્ નિર્વાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ,આનંદ આશ્રમ ઘોઘાવદર**માં હજુ ઘણાં કાર્યો બાકી છે, જે વડીલ શુભેચ્છકોના અનુદાનથી સાકાર થશે એવી આશા છે.સંતસાહિત્ય સંશોધન,સંપાદન,પ્રકાશન,વૃક્ષ ઉછેર,જળસંચય,વિદ્યાર્થી સહાય,પ્રાચીન ભારતીય વિદ્યાઓના પ્રચાર–પ્રસાર માટે **બેન્ક ઓફ ઈન્ડિયા ગોંડલ** શાખામાં ***'સત્ નિર્વાણ ફાઉન્ડેશન'***ના નામથી ***૩૧૧ ૫૧૦૧ ૦૦૦ ૧૦૮૯૩*** નંબરથી બેન્ક એકાઉન્ટ છે.જેમાં કોઈપણ શહેર કે બેન્કમાંથી ડાયરેકટ ૮૦ જી અનુસાર કરમુક્ત અનુદાન રકમ જમા કરાવી શકાય છે.

જ્યારે જીવદયા,ગૌસેવા,ગૌશાળા, મફત છાશ વિતરણ,વસ્ત્રદાન, અન્નદાન,પક્ષીઓને ચણ તથા અંધ અપંગ બિમારપશુ–પક્ષીઓની સારવાર જેવાં સત્કાર્યો માટે **બેન્ક ઓફ ઈન્ડિયા ગોંડલ** શાખામાં ***'આનંદ આશ્રમ ઘોઘાવદર'***ના નામથી ***૩૧૧ ૫૧૦૧ ૦૦૦ ૧૩૮૮૯*** નંબરથી બેન્ક એકાઉન્ટ ખોલવામાં આવેલ છે. જેમાં કોઈપણ શહેર કે બેન્કમાંથી ડાયરેકટ અનુદાન રકમ જમા કરાવી શકાય છે.નાનકડી પણ આદર્શ સંસ્થાને ટકાવી રાખવામાં અને વિકસિત બનાવવામાં તથા આપણા વિસરાતા જતા એક ભવ્ય સાંસ્કૃતિક વારસાનું જતન કરવા માટે સહકાર આપીને આર્થિક અનુદાનો આપીને, તમામ સ્નેહીજનો પુણ્યના અધિકારી બને એવી આકાંક્ષા અસ્થાને નથી જ.

( લેખન : પ્રા. ડૉ. રમેશ મહેતા , શારદાગ્રામ કોલેજ, માંગરોળ)

**સંત સાહિત્ય સંશોધન સંદર્ભ ગ્રંથાલય ,ગૌસેવા – ગોસંવર્ધન ગૌશાળા**

**આનંદ આશ્રમ**

**મુ. પોસ્ટ : ઘોઘાવદર તા. ગોંડલ, જિ. રાજકોટ ૩૬૦ ૩૧૧**

PHONE : 02825 - 271 582 , 271 409 . Mo. 98243 71904


**SAT NIRVAN FOUNDATION TRUST. E / 4221-RAJKOT. PAN : AAATS 8999N 28-2-1997**

**BANK OF INDIA, GONDAL**

**SAT NIRVAN FOUNDATION,GHOGHAVADAR A/c.No.311 5101 000 10893**

***ANAND ASHRAM GHOGHAVADAR A/c. No. 311 5101 000 13889***







**Dr. NIRANJAN RAJYAGURU** (M.A.,Ph.D.) **ANAND ASHRAM, GHOGHAVADAR**
**Ta. GONDAL,Dist. RAJKOT . GUJARAT (INDIA) 360 311. Mo.98243 71904**
Member, National Sahitya Akademi,New Delhi.Gujarati Language & Leterature Advisory Board.
Member, The Programme Advisory Committee,Prasar Bharati,All India Radio,Rajkot.
Member, Gujarati Sahitya Parishad,Ahmadabad,Central Committee.
Managing Trustee,Sat Nirvan Foundation Trust,Ghoghavadar.
Managing Director,Saint Leterature & Folk-Lore Research Centre,Anand Ashram,Ghoghavadar.

**Dr. NIRANJAN RAJYAGURU**

Our Tradition of Folk-Lore,Performing Folk Arts,Oral Literature-Music and Devotional Songs is very very Rich.This has helped to keep alive the spirit of our people.But One can rarely find the Singers & Performer Folk Artist in their original style with the understanding of their MARMA(Hidden Mining)

Dr. NIRANJAN RAJYAGURU is a Renowned Folk & Devotional Singer,Emient Poet, Critic,Research Scholar,Writer & expert of Indian Traditional Performing Arts. To day he is a B HIGH grade Artist in T.V. & Radio.Who has devoted his entire life after Folk Songs & Devotional Music Right from his early childhood. He had developed tremendous love for gujarati Songs.Moreover,the Almighty has blessed his with extremely sweet voice. With the result that he found recogition from young age. His name and fame increased gradually he came in to limelight not only at the state level but at National and even at International level,through Radio and T.V.

Dr. NIRANJAN has sung Hundreds of Gujarati Bhajans and Folksongs. He is a outstanding Folk Artist in Saurashtra region. He has a genuine Folk voice without any improvisation,very simple and strait singing.



Email : satnirvanfoundation@gmail.com
Website : www.anand-ashram.com & www.ramsagar.org